# ઉડતી નજરે....

## ફેબ્રુઆરી-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કે જેમાંથી – | ૮,૩૭૩ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ........ ૪૧૫ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૬૧ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ........ ૧૯ | |
| | (ગ) | સોનોગ્રાફી ........ ૫૯૫ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........ ૧૪ | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ ૩૦૬ | |
| | (છ) | અન્ય ........ ૬,૯૬૩ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૨,૨૩૩ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૮૪૩ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૫૪૭ |
| ૫. | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ........ | ૨,૮૪૨ |
| ૬. | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૬,૭૯૮ |
| ૭. | | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ | ૧,૬૩૬ |
| | | ફેબ્રુઆરી-૨૦૧૧ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | ૨૩,૨૭૨ |


## 'મંગલ મંદિર' નિયમિત અંકોમાં જાહેરાતના દર

| વિગત | કુલ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ | રૂા. ૬૦૦ | રૂા. ૨૫૦/- |
| મલ્ટી કલર | રૂા. ૪,૦૦૦ | રૂા. ૨,૫૦૦ | રૂા. ૧,૫૦૦ | – |

- આપશ્રી આપના ધંધાની જાહેરાત ભારતભરના મુખ્ય શહેરોમાંના મુખ્યત્વે કચ્છી સમાજોમાં કરાવી શકશો.
- દરેક અંકનું સૌજન્ય રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે 'સૌજન્ય'નો સ્વીકાર કરવામાં આવશે.

*મુખ્ય તંત્રી, મંગલ મંદિર,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


*નાશવંતની ઈચ્છા જ અંતઃકરણની અશુદ્ધિ છે.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | મંગળવાર, તા. ૨૦-૪-૨૦૧૧<br>સાંજે ૪.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | વયસ્ક સમિતિનો એક રંગારંગ કાર્યક્રમ. |
| • | ગુરુવાર, તા. ૨૧-૪-૨૦૧૧થી<br>શનિવાર તા. ૩૦-૪-૨૦૧૧<br>દરરોજ સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>૬ થી ૧૨ વર્ષના બાળકો માટેનો ક્રિએટિવિટી વર્કશોપ. |
| • | રવિવાર, તા. ૨૪-૪-૨૦૧૧<br>સવારના ૧૦.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>(૧) શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ સ્પર્ધા. (વય : ૧૨ વર્ષ અને ઉપરના), (૨) શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મુલજી સાવલા જનરલ નોલેજ સ્પર્ધા (વય : ૧૩ વર્ષ અને ઉપરના) |
| • | રવિવાર, તા. ૧-૫-૨૦૧૧<br>સવારના ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | ઈન્ટરનેટના માધ્યમથી ઘેરબેઠાં કામગીરી બાબતની શિબિર |
| • | સોમવાર, તા. ૨-૫-૨૦૧૧થી<br>શુક્રવાર, તા. ૬-૫-૨૦૧૧<br>દરરોજ સવારે ૯ થી ૧૧ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત ચેસ વર્કશોપ. |
| • | શનિવાર, તા. ૭-૫-૨૦૧૧<br>સવારના ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ ચેસ પ્રતિયોગિતા. |
| • | રવિવાર, તા. ૫-૬-૨૦૧૧<br>સવારના ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | પરિચય મિલન સમિતિ દ્વારા ચતુર્થ યુવા પરિચય મિલન. |

## 'મંગલ મંદિર' લવાજમ સ્વીકારવાના સ્થળો

- **અમદાવાદ** શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮
- **ગાંધીધામ** લબ્ધિ મોમાયા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી, શોપ નં.-૨૨, પ્લોટ નં.-૨૨૨, નૈતિક કોમ્પ્લેક્સ, જૈન દેરાસર રોડની બાજુમાં, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. મો. ૦૯૮૨૫૩ ૫૧૦૦૧
- **ભુજ** હરનીશ સી. મહેતા, C/o. ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, ડુંગરશી ટોકરશી વોરા માર્ગ, જી.ઈ.બી. હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, મો. ૦૯૪૨૮૫ ૬૬૬૭૦
- **ભુજ** અશ્વિન તલકશી શાહ, C/o. જૈન ટ્રાવેલ્સ, પાંજરાપોળ શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૨૭૫૯, મો. ૯૪૨૬૯ ૩૧૮૨૬
- **રાજકોટ** જિતુભાઈ છગનલાલ શાહ, "વિરાગ", ૩, મહાવીર સોસાયટી, નિર્મલા સ્કૂલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૮. ફોન : ૦૨૮૧-૨૪૭૬૩૬૦
- **વડોદરા** નીતિન નાનજી હરિયા, ૨૧, થોલાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮. ફોન : ૦૨૬૫-૨૪૩૯૭૮૪, મો. ૦૯૪૨૬૭ ૬૦૮૮૩
- **સુરત** જગદીશ રવિલાલ શાહ, ૭, શંખેશ્વર એપાર્ટમેન્ટ, સંગના સોસાયટી સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૨૨૭૯ ૮૫૨૩૯
- **ભાત બજાર, મુંબઈ** શેઠિયા ટૂર્સ, ૨૫/ડી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશવજી નાયક રોડ, ફૂવારાની સામે, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૩૬
- **ઘાટકોપર, મુંબઈ** રશ્મિન્ ખોના, સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦
- **ડોંબીવલી, મુંબઈ** રમણ શેઠિયા, વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે, સ્ટેશનની સામે, ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧. મો. ૦૯૮૧૯૭ ૨૩૬૬૩
- **ચેન્નાઈ** ભદ્રેશ વાડીલાલ શાહ, સ્વસ્તિક કલેક્શન, ૯૦/૧૭, પટની પ્લાઝા, એન.એસ. બોઝ રોડ, ચેન્નાઈ-૬૦૦ ૦૭૯. મો. ૦૯૮૪૦૧ ૩૬૦૩૭

*મને હંમેશાં રચનાત્મક વિરોધમાં જ શ્રદ્ધા રહી છે. – નારાયણ દેસાઈ*

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
પોપટલાલ નેણશી ધરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)
**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)
**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*


- તંત્રી લેખ : મહાવીર જન્મ કલ્યાણક ........ અશોક મહેતા ........ ૯
- વિધાનસભાના દ્વારેથી ........ ૧૧

*લેખ વિભાગ :*

## વિચાર-મંથન

- સત્યની શોધ અને સ્વીકાર - ૪
  પુનર્જન્મની માન્યતા અને વાસ્તવિકતા ........ મુરજી ગડા ...... ૧૭
- ઘડપણમાં યાદ નથી રહેતું, શું કરીએ? ........ દિનેશ પાંચાલા ...... ૧૯
- માનવીનો વિકાસ ........ વિક્રમ દલાલ ...... ૨૦
- વયસ્ક વિશ્રામ સ્થાન ........ શશીકાંત ઠક્કર ...... ૨૩
- નાયર ........ ડૉ. આઈ.કે. વીજળીવાલા ...... ૨૫
- ઝિંદાદિલી... (જેઓ મુશ્કેલીઓ વચ્ચે પણ અડગ છે) ........ પ્રભુલાલ સંઘવી ...... ૨૭
- છત્તીસગઢ સાથે ગુજરાતની સરખામણી ........ અમૃતલાલ નાનજી માલદે ...... ૨૮
- શું એ યોગ્ય હતું? શું આ યોગ્ય છે? ........ નવીન જે. લાલકા ...... ૨૯
- જીવનને પૂરેપૂરી રીતે માણતાં શીખો ........ પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ ...... ૩૦

## વિચાર-વિમર્શ

- કભી... ઐસા ભી હોતા હૈ? ........ વિજય શાહ ...... ૩૧
- તોખાર તડકાની તુંડમિજાજી ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૩૨
- માણસ ........ ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૩૩
- અંધશ્રદ્ધા છોડીને આપણે વિચારી શકશું? ........ શાંતિલાલ સંઘવી ...... ૩૫
- હે આત્મા! તારો પાડ માનું તેટલો ઓછો છે ........ શરદચંદ્ર શાહ 'સહસા' ...... ૩૯

## માહિતી

- કેન્દ્રીય બજેટ ........ દિનેશ મહેતા ...... ૪૧
- સૌનું માનીતું વિશિષ્ટ તીર્થ ઘંટાકર્ણ મહાવીર - મહુડી ........ ભવાનજી શિવજી નાંગલપુરવાલા ...... ૪૨
- ઈતિહાસની ભયાનક તારાજી
  જાપાનમાં ભૂકંપ - સુનામી અને પરમાણુ કટોકટી ........ દિનેશ મહેતા ...... ૪૩
- વાઈબ્રન્ટ ગુજરાતથી વાઈબ્રન્ટ વર્લ્ડ
  ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાઓનું સર્જન રોમન વિઝન સંગાથે ........ ભૂપેન્દ્ર છેડા ...... ૪૬
- ક્રિકેટ વિશ્વકપ ........ દિનેશ મહેતા ...... ૪૮

## યુદ્ધ કથા

- યાદગાર યુદ્ધકથા - ૧
  એકમેકનો વેશ લેનાર શત્રુ સ્ટીમરોનો સાગરસંગ્રામ! ........ નગેન્દ્ર વિજય ...... ૪૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## ઇતિહાસ


- હવે પશ્ચિમ કચ્છમાંય હડપ્પીય પદચિહ્ન ........ નરેશ અંતાણી ...... ૫૭
- ઈતિહાસ અને સંસ્કૃતિનું પારણું... જૂનાગઢ ........ દિનકર મહેતા ...... ૫૮


## જીવન ચરિત્ર


- નોબેલ મેળવનાર ભારતના એકમાત્ર અને એશિયાના પ્રથમ સર્જક! ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૫૯
- ગાંધીધામ સંકુલના પ્રતિભાશીલ નિર્માતા : ભાઈ પ્રતાપ ડિયાલદાસ ........ સંજય પી. ઠાકર ...... ૬૧


## તંદુરસ્તી


- એન્ઝાઈટી ડિસઓર્ડર ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૬૩


## મહિલા વિશ્વ


- રેસિપી – જૈન વાનગી માટે : મોકટેલ ........ સુરભિ નીરવ વસા ...... ૬૫


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૬૬


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૭૦
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૭૫
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૭૮
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૭૯
- 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી ........ ૮૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો જેનો સમાજે સાભાર સ્વીકાર કર્યો તેની યાદી ........ ૮૧
- 'મંગલ મંદિર' આભાર માને છે.... ........ ૮૨
- સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૮૫
- જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૬
- શબ્દ રમત-૫૯ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૭
- સુડોકુ – ૧૦૧૬ ........ હરખચંદ સાવલા ...... ૮૯
- વલોવતન ........ સંકલન : રજનીકાંત ધરમશી પારેખ ...... ૯૦
- લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........ ૯૨
- લગ્નોત્સુક યુવક-યુવતી ચતુર્થ પરિચય સંમેલન-૨૦૧૧માં ભાગ લેવા માટેનું ફોર્મ ........ ૯૭
- સમાજ દર્પણ ........ ૧૦૧
- સંસ્થા સમાચાર ........ ૧૦૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૦૯


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Print Vision,** Nr. Parimal Garden, Ambawadi, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## મહાવીર જન્મ કલ્યાણક

*– અશોક મહેતા*

ચૈત્ર સુદ તેરસ, શનિવાર તા. ૧૬-૪-૨૦૧૧ના આપણે શ્રી મહાવીર સ્વામીની ૨૫૯૩મી જન્મજયંતી ઊજવશું. એ દિવસે જૈનોના વિવિધ સંઘો પોતાને ત્યાં વરઘોડા કાઢી આ જન્મકલ્યાણક ઊજવશે.

લગભગ ૨૬૦૦ વર્ષ અગાઉ શ્રી મહાવીર સ્વામી આ દેશમાં જન્મ્યા હતા. તેઓશ્રી આજે સદેહે આપણી વચ્ચે નથી, પરંતુ તેઓશ્રીનો પ્રભાવ, આજે ૨૬૦૦ વર્ષ પછી પણ તેટલો જ છે. આજે પણ લોકો તેમને તેટલા જ સ્મરે છે અને આવતા ૨૬૦૦ વર્ષ પછી પણ તેટલા જ સ્મરતા રહેવાના.

શું હતું આ મહામાનવમાં? તેમનો પ્રભાવ આટલો વિશાળ કેમ?

આપણે તેઓશ્રીને તે સમયનાં મહાન વૈજ્ઞાનિક કહીએ તો તે બિલકુલ અજુગતું નહીં કહેવાય. જીવન કઇ રીતે જીવવું જોઇએ તેના સિદ્ધાંતો તેઓશ્રીએ તે સમયે બનાવેલ હતા. તેઓશ્રીએ એ સમયે આચરણમાં મૂકાવેલા સિદ્ધાંતો આજે પણ તેટલા જ અગત્યના અને મહત્ત્વના છે. આ મહામાનવે કઇ રીતે આટલું દીર્ઘ વિચારેલ હશે!

તેઓશ્રીની પ્રથમ વાત હતી કે ખૂબ જ સાદાઇથી રહો, જરૂરિયાત પૂરતું જ વાપરો, અપરિગ્રહ પાળો, કોઇપણ વસ્તુનો વેડફાટ ન કરો, વાતાવરણને પ્રદૂષિત ન થવા દો, વગેરે વગેરે.

તેઓશ્રીએ અનેક લોકોને પ્રેરી આ સિદ્ધાંતોનો અમલ કરાવડાવ્યો. લોકો સુખી થયા. તેઓશ્રીની આ વાત આજના સંદર્ભમાં અને આજની પરિસ્થિતિમાં પણ તેટલી જ બંધબેસતી આવે છે. માત્ર ભારત માટે નહીં પરંતુ દુનિયાના કોઇપણ દેશ માટે આ સિદ્ધાંત ઉપયોગી બને છે. આજનો વૈજ્ઞાનિક અને વિચારશીલ નાગરિક પણ આજ હકીકત સૂચવે છે. ઉપરોક્ત સિદ્ધાંતોનો અમલ ન કરનાર તેના દુષ્પરિણામો આજે પણ આપણને અનુભવ થાય એ રીતે ભોગવે છે.

તેઓશ્રીની અન્ય વાતો એ હતી કે પાણી ઉકાળીને પીઓ, રાત્રિ ભોજનથી શક્ય દૂર રહો, નિયમિત અંતરે હોજરીને આરામ આપતા રહો વગેરે વગેરે. આજનો વૈજ્ઞાનિક પણ આપણને આ હકીકતો જ સૂચવે છે.

આ અને આવા તો અનેક સિદ્ધાંતો એ સમયે મહાવીર સ્વામીએ અમલમાં મૂકાવેલ કે જેનો અમલ જૈનો આજે પણ હોંશપૂર્વક કરે છે.

આજ પ્રકારની તેઓશ્રીની અધ્યાત્મ, ચિંતન, મનન વગેરે અંગેની વાતો હતી.

દુનિયામાં અને ભારતમાં જૈનોની સંખ્યા અલ્પ પ્રમાણમાં છે. વર્ષો અગાઉ હતી તેનાથી પણ ઓછી થતી જાય છે. અન્ય તરફ આ જૈનો ખૂબજ સમર્થ નાગરિક તરીકે ઉપસી આવેલ છે. મહાજન કોમ તરીકે જાણીતા આ જૈનોનો એક સમયે ભારતમાં પ્રભાવ હતો. રાજા-મહારાજાઓ મહાજનને માન આપતા. રાજાને જરૂરિયાત પડે તો તેઓ મહાજનને યાદ કરતા અને તેમની મદદ પણ લેતા. આજે પણ ભારતભરના વિવિધ વિભાગોના આંકડા તપાસીએ તો દરેક ક્ષેત્રમાં જૈનોનો દરજ્જો અગ્રીમ આવી શકે. વ્યાપારની વાત હોય કે શિક્ષણની, અહિંસાની વાત હોય કે જીવદયાની, ભાઇચારાની વાત હોય કે શાંતિમય વાતાવરણની, દરેક ક્ષેત્રે સમગ્રતયા જૈનોના આંકડા લેવામાં આવે તો આ વાત સાબિતી સ્વરૂપે નજર સમક્ષ ઉપસી આવે.

પરંતુ એક સંગઠિત સમાજની વાત કરીએ તો જૈનોએ ન તો ભૂતકાળમાં કે ન તો આજના સમયે પણ સંગઠિત થઇ પોતાની વાતની રજૂઆત કરી હોય તેવું ભાગ્યે જ જાણવા મળશે. દિગંબર, શ્વેતાંબર, તેરાપંથી એમ વિવિધ ફાંટાઓ જ દેખાશે અને કદાચ તેથી જ આ ક્ષેત્રે તેઓનો હાથ ઊંચો રહેવા પામ્યો નથી. વ્યક્તિગત સિદ્ધિઓ અનેરી હોવા છતાં, સંગઠિત અવાજ ન હોવાના કારણે આજના માહોલમાં તેઓ પ્રભાવિત રહી શકેલ નથી. એક સક્ષમ સમૂહ અનેક સમયે નાકામિયાબ કે લાચારી ભોગવતો દૃષ્ટિગોચર થતો રહે છે. તેઓ રાજકીય વગ ઉપસાવી શકેલ નથી.

અને તેથી જ દીર્ઘદૃષ્ટિ ધરાવતા કેટલાક અગ્રીમ હરોળના જૈનોએ વિચાર-મંથન શરૂ કર્યું. આજના સમયને અનુરૂપ સંગઠિત અવાજની શું કિંમત હોઇ શકે તેની વિચારણા આદરી તેને અમલમાં મૂકવાનું વિચાર્યું.

મહાવીર કલ્યાણકના દિવસે વિવિધ સંઘો પોતાને ત્યાં વરઘોડા કાઢી એ દિવસને સારી રીતે ઊજવે છે. આ રીતે વિવિધ સંઘો

*સુખની ઈચ્છા, આશા અને ભોગ – આ ત્રણે તમામ દુઃખોનું કારણ છે.*

અલગ અલગ રીતે આ દિન ઊજવે તેના બદલે સમગ્ર અમદાવાદના દરેક ફિરકાના જૈનોના એક જ સમૂહ બનાવી, ચતુર્વિધ સમાજનું રૂપ આપી આ દિન કઇ રીત ઊજવવો તેની વિચારણા ચાલી અને તેના પરિપાક રૂપે અમદાવાદના સમગ્ર જૈનો એક છત્ર હેઠળ એકત્રિત થઇ, સંગઠિત બની, એક ભવ્ય વરઘોડો કાઢી, આ દિનની ઊજવણી કરવાની કાર્યવાહી આરંભી દેવાઇ. 'જીતો'ના અમદાવાદ ચેપ્ટરે તેની આગેવાની સ્વીકારી. તેના ઉત્સાહિત પ્રમુખ કામે લાગી ગયા. એક પછી એક સંગઠનને એકત્રિત કરતા રહ્યા, પોતાની વાત સમજાવતા રહ્યા અને સમૂહમાં આ હકીકતનો સ્વીકાર કરાવડાવીને જ જંપ્યા. સાથે સાથે, તેમની ટીમે પણ સમગ્ર જવાબદારી સ્વીકારી લીધી. ચૈત્ર સુદ તેરસને તા. ૧૬ એપ્રિલ-૨૦૧૧ ના આપણે એક સંગઠિત સમાજને મહાવીર કલ્યાણકની ઊજવણી કરતા જોઇ શકીશું. તેના પરિણામો અતિ દીર્ઘ આવશે તેમાં કોઇ જ શંકા નથી.

મહાવીરના સિદ્ધાંતોને માને તે જૈન, જન્મે નહીં પણ કર્મે બને એ જૈન.

અગર ભવિષ્યમાં આપણે આ સિદ્ધાંતોનો અમલ કરાવી શકીશું તો જૈન સંસ્કૃતિનો પ્રભાવ માત્ર ભારતભરમાં નહીં પરંતુ દુનિયાભરમાં પડતો જોઇ શકશું.

આ અવસરે અમદાવાદના અગ્રીમ જૈન વિચારવંત આગેવાનશ્રીઓને, જીતોના અમદાવાદ ચેપ્ટરના અધિકારીશ્રીઓને તથા આ ક્ષેત્રે આગળ ધપવા માંગતા અગ્રીમ નાગરિકોને 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ' ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને આ કાર્યો સફળતાથી પાર પડે તેમજ દુરોગામી પરિણામો લાવે તેવી અભિલાષા વ્યક્ત કરે છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## આતુરતાનો અંત.....

### 'મંગલ મંદિર' માસ ઓગસ્ટ, ૨૦૧૧
### "કચ્છ.... ગઈકાલ - આજ અને આવતીકાલ" વિશેષાંક તરીકે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ દ્વારા માસિક મુખપત્ર 'મંગલ મંદિર' છેલ્લા ૩૬ વર્ષથી એકધારી રીતે પ્રકાશિત થઇ રહ્યું છે. જેમાં તંત્રીમંડળ ઉપરાંત સમાજના ટ્રસ્ટ બોર્ડ, કારોબારીના સભ્યશ્રીઓ, કાર્યકર્તાઓ, હિતેચ્છુઓ તેમજ વિજ્ઞાપન-દાતાશ્રીઓનો વિશેષ સહયોગ રહ્યો છે.

'મંગલ મંદિર'નો માસ ઓગસ્ટ, ૨૦૧૧નો અંક ૪૦૦ મો હશે.

તે પ્રસંગે 'મંગલ મંદિર' માસ ઓગસ્ટ, ૨૦૧૧ 'કચ્છ..ગઇકાલ આજ અને આવતીકાલ' વિશેષાંક તરીકે બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ રીતે માસ ઓગસ્ટ, ૨૦૧૧ ના અંકમાં સમગ્ર કચ્છ જિલ્લાના તમામ વિષયો સંબંધિત માહિતી, વિવિધ લેખો, સાહિત્ય તસવીરો વગેરેની સામગ્રી પ્રસિદ્ધ કરવાનું આયોજન છે. જેમાં, સંસ્થા, સમાજો અને ઉદ્યોગગૃહો, વ્યાપાર ગૃહો વગેરે મુખ્ય વિષય તરીકે હશે.

કચ્છ..ગઇકાલ એટલે ૨૦૦૧ના ધરતીકંપ અગાઉનો સમય, આજ એટલે ભૂકંપથી અત્યારની સ્થિતિ અને આવતીકાલ એટલે હવે પછી આવનાર સમયનું ચિત્ર.

'મંગલ મંદિર'ના માનનીય તમામ લેખકશ્રીઓ, હિતેચ્છુઓને તે પ્રકારની સામગ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના સરનામે મોકલાવી આપવા નિમંત્રણ સાથે આગ્રહભરી વિનંતી છે. આ સંબંધિત અન્ય કોઇ માહિતીની આવશ્યકતા હોય તો 'મંગલ મંદિર' ના મુખ્ય તંત્રીશ્રી ના સેલ ફોન નંબર '૯૪૨૮૦૪૦૨૬૧' પર સંપર્ક થઇ શકશે.

આ વિશેષાંકમાં જાહેરાત પ્રસિદ્ધ કરવા સંબંધિત માહિતી હવે પછીના અંકમાં પ્રસારિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે 'મંગલમંદિર'ના આ અગાઉ 'મુંબઇ વિશેષાંક', 'અમદાવાદ-ગાંધીનગર વિશેષાંક' અને 'દક્ષિણ ગુજરાત વિશેષાંક' જુદા જુદા સમયે સફળતાપૂર્વક બહાર પાડવામાં આવ્યા હતા. જે અંકોમાં ઉપયોગી વિવિધ સામગ્રીઓના કારણે ઘણાં સ્થળ અને લાઇબ્રેરીઓમાં તે વિશેષાંકો આજે પણ સાચવીને રાખવામાં આવ્યા છે તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદની આ પ્રકારની પ્રવૃત્તિઓને અનેક લોકોએ બિરદાવીને તેની પ્રશંસા કરી છે.

*તંત્રીમંડળ, 'મંગલ મંદિર*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*લાલચની પૂર્તિ ક્યારેય થઈ શકતી નથી. તેથી લાલચ અને ક્ષોભ કાયમ સાથે રહે છે.*

# વિધાનસભાના દ્વારેથી....

## કચ્છ બ્રાંચ કેનાલના કાર્યનો ફરી આરંભ

## મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે રાપર ખાતે એપ્રિલ-૨૦૧૧માં ભૂમિપૂજન

નર્મદા નદીની સિંચાઈના પાણી માટેની ‘કચ્છ બ્રાંચ કેનાલ’ લગભગ ૩૬૦ કિ.મી. લંબાઈ ધરાવે છે. વર્ષ ૨૦૦૫માં કેનાલના અંદાજિત ૬૫ કિ.મી. લંબાઈના કાર્યો વિવિધ કોન્ટ્રેક્ટરોને સુપરત કરવામાં આવેલ હતા કે જેમાંના મોટાભાગના કાર્યો આજે પણ પૂર્ણતાને આરે પહોંચી શક્યા નથી.

નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે શ્રી જગદીશનની નિમણૂક થયા બાદ અને મુખ્યત્વે તો આ કાર્યો પાર પાડવા રાજકીય ઈચ્છાશક્તિ વ્યક્ત થયા બાદ, ગુજરાતભરની અન્ય કેનાલોના કાર્યોની સાથે સાથે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોમાં પણ ઝડપ આવવા લાગી છે. કચ્છની પ્રજા માટે તેને એક શુભ સમાચાર તરીકે સ્વીકારી શકાય.

ગુજરાત સરકારશ્રીના ચાલુ વર્ષના બજેટમાં કચ્છ બ્રાંચ કેનાલ માટે રૂા. ૩૫૦૦/- કરોડ અને પમ્પિંગ સ્ટેશન માટે અન્ય રૂા. ૫૫૦/- કરોડની ફાળવણી કરવામાં આવેલ છે કે જેને એક આવકારદાયક પગલાં તરીકે ગણી શકાય.

કચ્છ બ્રાંચ કેનાલ ચેનલ ૮૨ કિ.મી.થી કચ્છમાં પ્રવેશે છે.

ચેનલ ૮૨થી ૧૧૨ કિ.મી. કે જે મંજુવાસ-ફતેહગઢ વિસ્તારમાં આવેલ છે ત્યાં નવા કોન્ટ્રેક્ટરને કામ અપાઈ ગયેલ છે.

ચેનલ ૧૧૨થી ૧૨૨ કિ.મી.ના કામો જૂના કોન્ટ્રાક્ટર દ્વારા ચાલુ રખાવવામાં આવેલ છે.

ચેનલ ૧૨૨થી ૧૩૩ કિ.મી.ના કામો પણ તેના જૂના કોન્ટ્રેક્ટર દ્વારા ચાલુ રખાવવામાં આવેલ છે.

ચેનલ ૧૩૩થી ૧૯૦ કિ.મી.ની કેનાલ કે જે ભચાઉ સુધી આવે છે, તેનો કોન્ટ્રેક્ટ મેસર્સ હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કું.ને આપવામાં આવેલ છે.

ચેનલ ૧૯૦થી ૨૭૩ કિ.મી.ની કેનાલ કે જે મોખા સુધી આવે છે, તેના કોન્ટ્રેક્ટ નક્કી કરવાના બાકી છે.

ચેનલ ૨૭૩થી ૩૬૦ કિ.મી. કે જે માંડવીના મોડકૂવા સુધી આવનાર છે તેના જરૂરી સર્વે કામ પૂરા થઈ ગયા બાદ ટેન્ડર બહાર પાડવાના રહે છે.

મળતી માહિતી મુજબ વિવિધ કેનાલોના કામો કદાચ આવતા બે કે ત્રણ વર્ષ સુધીમાં પૂરા કરી શકાશે, પરંતુ પમ્પિંગ સ્ટેશનના કામોને કદાચ ૫ વર્ષ જેટલો સમય લાગી જશે. કચ્છના ખેતરોમાં નર્મદા નદીના સિંચાઈના પાણી ક્યારે પહોંચશે તેનો સાચો અને સ્પષ્ટ જવાબ હજુ સુધી અંદાજી શકાયેલ નથી.

એ દરમ્યાન કચ્છને ફાળવવામાં આવેલ વધારાના ૧.૦ M.A.F. પાણીના આયોજનો અને કાર્યો પાર પાડવા જરૂરી સર્વે કરવાનું કામ જળસિંચાઈ વિભાગ દ્વારા ‘મલ્ટી મેનટેક’ નામની કન્સલ્ટન્સી કંપનીને બાર મહિનામાં તેનો રિપોર્ટ સુપરત કરી દેવાની શરતે આજથી ૪ મહિના અગાઉ સુપરત કરવામાં આવેલ છે. એમ કહી શકાય કે હાલે ૨૦ ટકા જેટલું સર્વે કામ થઈ શકેલ છે. કન્સલ્ટન્સી કંપનીનો રિપોર્ટ આવી ગયા બાદ જ વધારાના પાણીની કેનાલોના કામો જળસિંચાઈ વિભાગ દ્વારા હાથ પર લેવામાં આવશે.

નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે શ્રી મુકેશભાઈ ઝવેરીની નિમણૂક થયા બાદ, કચ્છ બ્રાંચ કેનાલોના કાર્યો, તેના અંગે જમીન સંપાદનની પ્રક્રિયા, બાકી રહેતા પ્લાનિંગના આયોજનો, પાણી મંડળીની રચના વગેરે કાર્યો પર શ્રી મુકેશભાઈ ઝવેરીએ વિશિષ્ટ ધ્યાન આપેલ છે અને માર્ગમાં આવતી અડચણોનો નિકાલ કરવામાં તેઓશ્રી વિશેષ મદદરૂપ બની રહેલ છે.

એક વિશ્વાસપાત્ર અહેવાલ દ્વારા જાણવા મળેલ છે કે એપ્રિલ-૨૦૧૧ માં કોઈપણ સમયે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે રાપર વિભાગના કામનું ભૂમિપૂજન કરાવડાવી કચ્છ પ્રદેશના વિસ્તારની કેનાલોના કામો ધમધમાટપૂર્વક શરૂ કરવામાં આવનાર છે.

આ ઉત્સાહજનક પરિસ્થિતિના સમયે ગુજરાત રાજ્યની વિધાનસભાના ચાલુ સત્રમાં કચ્છ બ્રાંચ કેનાલને લગતી તથા સમગ્ર નર્મદા યોજનાને લગતી જે કંઈ પ્રશ્નોત્તરી કરવામાં આવેલ, તેની વિગતો અત્રે રજૂ કરવામાં આવેલ છે.

**કપરી સ્થિતિનો ધીરજથી સામનો કરો, સફળતા મળશે.**

# વિધાનસભાના દ્વારેથી

## કચ્છમાં છેલ્લા બે વર્ષમાં ચેકડેમોના ૨૩૦૬ કામો મંજૂર કરવામાં આવ્યા

કચ્છ જિલ્લામાં ૮૦:૨૦ યોજના હેઠળ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચેકડેમોના ૨૩૦૬ કામો મંજૂર કરવામાં આવેલ છે. અબડાસાના ધારાસભ્ય શ્રી જયંતીલાલ ભાનુશાલીએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીએ જણાવ્યું હતું કે, મંજૂર કરવામાં આવેલ ચેકડેમોના કામો પૈકી ૨૨૧૮ કામો પૂર્ણ થયા જેની ઉપર રૂા. ૯૩૦૬.૦૨ લાખનો ખર્ચ થયેલ છે.

## જી.કે. જનરલ હોસ્પિટલનું સંચાલન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

કચ્છ જિલ્લામાં ભુજની જી.કે. જનરલ હોસ્પિટલનું સંચાલન મેડિકલ કોલેજ ચલાવતા ટ્રસ્ટને સોંપવા સરકારે સૈદ્ધાંતિક નિર્ણય કરેલ છે પરંતુ આ હોસ્પિટલનું સંચાલન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે એમ આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું.

રાપરના ધારાસભ્ય શ્રી બાબુભાઇ શાહે પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ હોસ્પિટલને ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ રૂા. ૬,૫૩,૪૬,૦૦૦ અને ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ દરમ્યાન રૂા. ૧૦,૭૪,૮૧,૦૦૦ ની ગ્રાન્ટની રકમ ફાળવેલી છે.

---

## નર્મદા કચ્છ કેનાલમાં ઉદ્વહનની કામગીરી

(તા. ૨૫-૨-૨૦૧૧ના વિધાનસભામાં પૂછાયેલ પ્રશ્નો અને તેના પ્રાપ્ત થયેલ જવાબો)

પ્રશ્ન-૧ : તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નર્મદા યોજના અન્વયે કચ્છમાં ખેતી માટેનું પાણી પહોંચાડવાની કચ્છ બ્રાન્ચ કેનાલમાંથી પમ્પિંગ / ઉદ્વહનથી (HFT) પાણી પહોંચાડવાનું શરૂ થયું નથી તે હકીકત સાચી છે?

જવાબ : હા, જી.

પ્રશ્ન-૨ : જો હા, તો કયા કયા પમ્પિંગ સ્ટેશનો કયા કયા તબક્કે છે?

જવાબ : પમ્પિંગ સ્ટેશનના ટેન્ડર મંજૂરીના તબક્કામાં અને શક્ય તેટલી વહેલી તકે કામ શરૂ કરવામાં આવશે.

પ્રશ્ન-૩ : જો ના, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બ્રાન્ચ કેનાલમાંથી કચ્છ જિલ્લામાં કેટલું પાણી વહાવવામાં આવ્યું?

જવાબ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

## નર્મદા કેનાલની નાની કેનાલો અને સબમાઇનોર કેનાલો

(તા. ૨૫-૨-૨૦૧૧ના વિધાનસભામાં પૂછાયેલ પ્રશ્નો અને તેના પ્રાપ્ત થયેલ જવાબો)

પ્રશ્ન-૧ : તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા કેનાલની નાની કેનાલો અને સબમાઇનોર કેનાલો કેટલા કિ.મી. લંબાઇની બનાવવામાં આવી?

જવાબ-૧ : કુલ ૧૮,૮૫૫.૯૦ કિ.મી.ની કેનાલ બનાવવામાં આવેલ છે, જે પૈકી ૫૮૦ કિ.મી. છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ છે.

પ્રશ્ન-૨ : ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કિ.મી.ની આવી કેનાલોનાં કામો બાકી છે, અને

પ્રશ્ન-૩ : ઉક્ત બાકી કામો કેટલા સમયમાં પૂર્ણ થશે, અને કેટલો ખર્ચ થવાનો અંદાજ છે?

જવાબ : (૨) અને (૩) માઇનોર અને સબમાઇનોર કેનાલનું ૫૧૧૬૮ કિ.મી. અને શાખા-વિશાખા નહેરનું ૪૧૪૪ કિ.મી.નું કામ બાકી છે, જે શક્ય તેટલું ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. આ કામો માટે રૂા. ૧૩૬૬૭.૫૪ કરોડના ખર્ચનો અંદાજ છે.

## કચ્છ જિલ્લામાં સિંચાઇ માટે નર્મદાનું પાણી

**(તા. ૨૫-૨-૨૦૧૧ના અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી જયંતીલાલ ભાનુશાલીએ પૂછેલા પ્રશ્નો અને તે સંબંધિત પ્રાપ્ત થયેલા જવાબો)**

પ્રશ્ન-૧ : કચ્છ જિલ્લામાં સિંચાઇ માટે નર્મદાનું પાણી કયા કયા તાલુકામાં પૂરું પાડવાનું આયોજન કરેલ છે,

જવાબ-૧ : કચ્છ જિલ્લામાં સિંચાઇ માટે નર્મદાનું પાણી રાપર, ભચાઉ, અંજાર, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી અને ભુજ તાલુકાઓમાં પૂરું પાડવાનું આયોજન કરેલ છે.

પ્રશ્ન-૨ : આ માટે કેનાલનું કામ તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા તાલુકાઓમાં મંજૂર કરવામાં આવ્યું છે, અને તેમાંથી કેટલી કેનાલોનું કામ શરૂ કરવામાં આવ્યું છે,

જવાબ-૨ : રાપર તથા ભચાઉ તાલુકામાં કેનાલનું કામ મંજૂર કરવામાં આવ્યું છે અને તેમાંથી રાપર તાલુકામાં એક (કચ્છ) શાખા નહેરની સાં. ૧૧૨.૫ થી ૧૩૩.૫૧ કિ.મી. ના ભાગમાં (મોમાઇમારાથી નાની હમીરપર ગામ વચ્ચે) કામ શરૂ કરવામાં આવ્યું છે.

પ્રશ્ન-૩ : આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

જવાબ-૩ : આ કામગીરી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

પ્રશ્ન-૪ : કેટલા હેક્ટર જમીનને પાણી પૂરું પાડવામાં આવનાર છે?

જવાબ-૪ : કચ્છ જિલ્લાની ૧,૧૨,૭૭૮ હેક્ટર (૨,૭૮,૫૬૧ એકર) જમીનને સિંચાઇનું પાણી પૂરું પાડવાનું આયોજન છે.

---

## સરદાર સરોવર યોજના પાછળ થયેલ ખર્ચ

**(તા. ૨૫-૨-૨૦૧૧ના વિધાનસભામાં પૂછાયેલ પ્રશ્નો અને તેના પ્રાપ્ત થયેલ જવાબો)**

પ્રશ્ન-૧ : તારીખ ૩૧મી ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં સરદાર સરોવર યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

જવાબ-૧ : તા. ૩૧ મી ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં સરદાર સરોવર યોજના પાછળ કુલ રૂા. ૩૨૬૪૫.૪૯ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

પ્રશ્ન-૨ : હવે કેટલું કામ કરવાનું બાકી છે?

જવાબ-૨ : મુખ્ય બંધનું કામ ૧૨૧.૯૨ મીટરથી ઉપર કરવાનું બાકી છે. તે સિવાય શાખા નહેરો, વિશાખા, માઇનોર અને સબમાઇનોરના કામો પણ બાકી છે. આ બાકી રહેતા કામોની અંદાજિત રકમ રૂા. ૧૮,૩૬૩.૧૦ કરોડ છે.

---




*હિંમત રાખો... કંઈ નહીં થાય... તમે કાંઈ એવા લોકપ્રિય લાડીલા નથી કે તમને ભગવાન વહેલા બોલાવી લે... તમે તો બધે અળખામણા છો!! એટલે વાંધો નથી...*



*તમારી વાત જુદી છે... સોના ચાંદીના કિંમતી દાગીના ખરીદવા તમને પોસાય... અમારા જેવાને તો હવે તાંબા-પિત્તળ કે સ્ટેનલેસ સ્ટીલના દાગીના મળતા હોય તો લઈ શકાય તેમ નથી... અમારે તો પંદર રૂપિયે ડઝનવાળી કાચની બંગડી... કે દસ રૂપિયાવાળી મોતીની માળા લેવી સારી પડે!!!*



*હવે આ પોલીસ ડિપાર્ટમેન્ટ જાગૃત થાય અને ચોરીના બનાવો ઘટાડવા કઈ ચાંપતાં પગલાં લે તો સારું.... આપણે અહીં ધાડ પાડવા આવ્યાં તે પહેલાં જ કોઈ ઘરફોડૂ ચોરી કરી... બધું જ સાફ કરી ગયા છે!!!*

**પડકારોને વશ થયા વિના છેવટ લગી લડતા રહો.**

# શ્રી કચ્છી વિશ્રામગૃહ, અમદાવાદ મધ્યે શ્રી જલારામ અન્નક્ષેત્ર

## દાનની ગંગા વહેતી થઇ...
## 'મંગલ મંદિર'ના અહેવાલ અને તંત્રીલેખની વિગતનો પડઘો....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામગૃહ, રાજસ્થાન હોસ્પિટલની પાસે, શાહીબાગ, અમદાવાદ મધ્યે તા. ૧-૧૨-૨૦૧૦ થી કચ્છ બિદડા સ્થિત શ્રી એલ.ડી.શાહ (શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ, દાદર)ની આગેવાની અને શરૂઆતના રૂા. ૧૦.૦૦ લાખના માતબર અનુદાનથી 'શ્રી જલારામ અન્નક્ષેત્ર' શરૂ થઇ ગયું છે.

આ અન્નક્ષેત્રના મુખ્ય હેતુ અનુસાર કચ્છથી અમદાવાદ તબીબી સારવાર અર્થે પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ અને તેમની સંભાળ માટે શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં દર્દીની સાથે રહેનાર તેમના સગાસંબંધીઓને દિવસના ત્રણેય સમયે એટલે કે સવારના ચા-નાસ્તો અને બપોર-સાંજના ભોજન વિના મૂલ્યે આપવાની, આ યોજના હેઠળ હાલે વ્યવસ્થા કરવામાં આવી છે. દરરોજ લગભગ ૨૫ થી ૩૦ વ્યક્તિઓ આ યોજનાનો લાભ ઊઠાવી રહ્યાં છે. જેનાં માટે દરરોજ રૂા. ૨૫૦૦ થી ૩૦૦૦ જેવો ખર્ચ કરવામાં આવે છે.

આ પ્રકારની ખૂબજ જરૂરિયાતવાળી સેવાકીય પ્રવૃત્તિ નિરંતર ચાલુ રહી શકે તે માટે દાનવીર જનતાને આ યોજનામાં પોતાનો આર્થિક સહયોગ મોકલાવી આપવા 'મંગલમંદિર'ના માધ્યમથી અપીલ કરવામાં આવી રહી છે...તેનાં પરિણામ સ્વરૂપે....

★ **કચ્છ-નાના ભાડિયાના હાલે મુંબઇ નિવાસી માતુશ્રી સુશીલાબહેન ભવાનજી વાલજી રાંભિયા, હા. શ્રી ધર્મેશભાઇ ભવાનજી રાંભિયા દ્વારા રૂા, ૧,૦૮,૦૦૦/- નું અનુદાન ઉપરોક્ત યોજનામાં તા. ૧૮-૩-૨૦૧૧ ના મળ્યું છે. જેનો સમાજ સહર્ષ સાભાર સ્વીકાર કરે છે.**

★. **કચ્છ પુનડીના હાલે લાલબાગ - મુંબઇ નિવાસી માતુશ્રી જવેરબહેન કાંતિલાલ લાલજી સંઘોઇ, કિરણબહેન હિતેશ સંઘોઇ દ્વારા રૂા. ૧,૦૮,૦૦૦ નું અનુદાન ઉપરોક્ત યોજનામાં જાહેર થયું છે. (તા. ૨૫-૩-૨૦૧૧)**

*તેઓશ્રીની ઉદાર દિલની સખાવત માટે ખૂબ ખૂબ અભિનંદન*

આ અગાઉ આ યોજનામાં નીચે પ્રમાણે અન્ય અનુદાન પ્રાપ્ત થઇ ચૂક્યા છે.

૧. **રૂા. ૧,૦૮,૦૦૦ કચ્છ-નાના ભાડિયાના અને હાલે અમદાવાદ નિવાસી માતુશ્રી કંકુબહેન મગનલાલ ધનજી ગડા હ : શ્રી બંસીલાલભાઇ મગનભાઇ ગડા.**

૨. **રૂા. ૯,૦૦૦ શ્રી પરબતભાઇ શિવજીભાઇ પટેલ.**

૩. **રૂા. ૯,૦૦૦ નારાણપુરા, અમદાવાદ સ્થિત એક સદ્‌ગૃહસ્થશ્રી તરફથી તા. ૧૬-૩-૨૦૧૧**

આ રીતે દાનની ગંગા વહેતી થઇ છે....આ અભિયાનની મંજિલ લાંબી અને કઠિન પણ છે એટલે...દાનની આ વહેતી ગંગામાં સ્નાન કરીને દરેક શક્તિશાળી દાનવીર જનતા પોતાને પવિત્ર કરવાની આ અમૂલ્ય તક ચૂકશે નહીં તેવી ફરીને અપેક્ષા સાથે નમ્ર વિનંતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ, દાદર દ્વારા પાયાની ઇંટ બનીને પરેલ-મુંબઇ, શાહીબાગ-અમદાવાદ, વિજયનગર સોસાયટી ભુજ અને મસ્કા-માંડવી મધ્યે શ્રી જલારામ અન્નક્ષેત્ર શરૂ કરાવ્યાં છે.

ભુજમાં મોબાઇલ અન્નક્ષેત્ર શરૂ કરવા અને હોસ્પિટલોમાં જરૂરિયાતવાળા દર્દીઓને ટિફિન પહોંચાડવા માટે શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માનવજયોત સંસ્થાને રૂા. ૧૦.૦૦ લાખના અનુદાનની તાજેતરમાં જાહેરાત થઇ હતી.

**દાન કેટલું આપ્યું, શું આપ્યું એ ક્યારેય પણ મહત્ત્વનું નથી પરંતુ તેની પાછળની ભવ્ય ભાવના જ હંમેશાં મહત્ત્વની છે.**

આપ સૌ આવો...અમારા આ અભિયાનની મંજિલમાં આર્થિક સહયોગ આપીને...કદમ મિલાવો!

**પ્રતાપ નારાણજી દંડ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*દબાણ વિના થતું ફરજપાલન સરળતા સર્જે છે.*

વિચાર મંથન

### સત્યની શોધ અને સ્વીકાર-૪

# પુનર્જન્મની માન્યતા અને વાસ્તવિક્તા

• મુરજી ગડા •

મિડલ ઈસ્ટ કહેવાતા પશ્ચિમ એશિયામાં પાંગરેલા ત્રણેય ધર્મો (યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામ) પુનર્જન્મમાં માનતા નથી. જ્યારે ઉત્તર ભારતમાં ઉદ્‌ભવેલ ત્રણેય ધર્મ (હિંદુ, જૈન અને બૌદ્ધ) પુનર્જન્મમાં માને છે. (આની પાછળના કારણોની ચર્ચા અલગ વિષય છે.) પ્રચલિત માન્યતા પ્રમાણેનો પુનર્જન્મ શક્ય હોય અથવા ન પણ હોય, જે વાતને દુનિયાની અડધાથી વધુ પ્રજા સ્વીકારતી ન હોય તે વિષય, બીજું કંઇ નહિ તોયે, વધુ વિચાર અવશ્ય માંગી લે છે.

મોટાભાગના લોકો ધર્મને ધ્યેય તરીકે નહિ પણ સાધન તરીકે ગણે છે. એ પણ મોક્ષ મેળવવાના સાધન તરીકે નહિ બલકે વધુ સંપત્તિ અને સુખ સગવડ મેળવવાના સાધન તરીકે ગણે છે. આ હકીકત છે. એ સંપત્તિ તેઓ સાથે નથી લઇ જવાના બલકે સંતાનો માટે છોડી જવાના છે એ તેઓ જાણે છે, સમજે છે. છતાં જાણે અજાણે તેઓ સ્વીકારી રહ્યા છે કે એમનું “અમરત્વ” પુનર્જન્મ દ્વારા નહિ પણ સંતાનો દ્વારા જળવાવાનું છે. પુનર્જન્મમાં જો પૂરો વિશ્વાસ હોત તો પોતાની મોટાભાગની સંપત્તિ સત્કાર્યોમાં વાપરી, આવતા ભવનું ભાથું બાંધત. એટલું જ નહિ, પોતાના વાનપ્રસ્થાશ્રમનો સમય વધુ અર્થોપાર્જનને બદલે એમને ગમતા સત્કાર્યોમાં કરત. પ્રચલિત માન્યતા, આદર્શો અને વાસ્તવિકતા વચ્ચેના આ વિરોધાભાસને કેમ હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે?

પુનર્જન્મના સમર્થનમાં કરવામાં આવતી સૌથી પહેલી દલીલ છે કે કોઇ શ્રીમંતને ત્યાં જન્મે છે તો કોઇ ગરીબને ત્યાં. એની પાછળ પૂર્વજન્મના કર્મો સિવાય બીજું શું હોઇ શકે! ધાર્મિક વ્યાખ્યાનોમાં સંપત્તિને તુચ્છ ગણવામાં આવે છે. જ્યારે શ્રીમંતને ત્યાં જન્મવાથી જીવન સગવડિયું તો થાય પણ જાણે સાર્થક થતું હોય એવું ઉપરના વિધાનનો છૂપો અર્થ છે.

સાચો સવાલ એ છે કે ગરીબ હોય, શ્રીમંત હોય, હિન્દુ હોય કે મુસ્લિમ હોય, એમના બાળકો એમને ત્યાં ન જન્મે તો બીજા કોને ત્યાં જન્મે?

આ લેખમાળાના આગલા લેખોમાં શરીરથી સ્વતંત્ર એવા આત્માના સ્વરૂપને નકાર્યા છે. એના વિકલ્પરૂપે, સજીવોને નિર્જીવથી અલગ પાડતું તત્ત્વ જે આપણા DNAમાં અંકિત માહિતી છે, એને આપણી ચેતના કહી છે.

પુનર્જન્મ, અમરઆત્મા અને કર્મનો સિદ્ધાંત એકબીજા સાથે સંકળાયેલા છે. જો એકને પ્રચલિત માન્યતા પ્રમાણે સ્વીકારીએ તો બાકીના બેને પણ એવાજ અર્થમાં સ્વીકારવા પડે. એજ રીતે જો એકની પ્રચલિત માન્યતાના વિકલ્પને સ્વીકારીએ તો બાકીના બન્નેના વિકલ્પ પણ શોધવા પડે.

આ તર્કના આધારે આપણી ચેતના (DNAમાં અંકિત માહિતી) પેઢી દર પેઢી નવું શરીર ધારણ કરે છે, પુનર્જન્મ પામે છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણી લાઈફ ઈન્ફર્મેશન આપણા માતા-પિતામાંથી આપણામાં આવી છે અને આપણા દ્વારા આપણા બાળકોમાં ઉતરે છે. બીજે ક્યાંયથી નથી આવતી. પ્રચલિત માન્યતા પ્રમાણે જન્મનાર બાળકનો આત્મા ક્યાં જન્મ લેવો તે નક્કી કરે છે. વાસ્તવિક્તા એ છે કે નવા જન્મનો નિર્ણય જન્મ લેનારના હસ્તક નહીં પણ જન્મ આપનાર માતા-પિતા હસ્તક હોય છે.

એક કાલ્પનિક દાખલો લઇએ. દુનિયામાં દર વર્ષે ૧૦-૧૨ કરોડ માનવ બાળ જન્મે છે. માની લો કે દુનિયાના બધા પુખ્ત વયના સ્ત્રી-પુરુષ એક વર્ષ માટે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે તો મનુષ્ય તરીકે જન્મ લેવા યોગ્ય આ ૧૦-૧૨ કરોડ સંભવિત આત્મા કેવી રીતે અને ક્યાં જન્મ લેશે? આ બ્રહ્મચર્યનું વ્રત જો લાંબો સમય પાળવામાં આવે તો શું થાય? માની લો કે કોઇ નવો કાતિલ વાયરસ કે નવું રસાયણ દુનિયાના બધા પુરુષોને નપુંસક બનાવી દે. (આ સાવ અશક્ય નથી. નિષ્ણાતોનું માનવું છે કે શહેરની ચકલીઓ ઓછી થવા પાછળ આવું જ કંઇ કારણ છે.) આવા સંજોગોમાં કોઇપણ આત્મા મનુષ્ય યોનીમાં જન્મ ન લઇ શકે. બધા માટે મોક્ષ અશક્ય થઇ જાય. આ દૃષ્ટાંતથી નવા જન્મનો નિર્ણય કોને અધીન હોય છે એનો વિવાદ શમી જાય છે.

એવું કહેવામાં આવે છે કે આગલા ભવમાં કરેલ સારા કર્મોને લીધેજ આ ભવમાં મનુષ્ય અવતાર મળ્યો છે તેમજ ઉચ્ચ ધર્મ અને જ્ઞાતિ મળ્યા છે. (બધાને પોતાના ધર્મ અને જ્ઞાતિ સર્વોત્તમ લાગે છે.) આ કહેવાનો અર્થ એ થયો કે કોઇ નીચી કક્ષાનો આત્મા આપણામાં આવ્યો છે. આવી માન્યતાથી માતા-પિતાના વારસાની અવગણના થતી હોવાનું મને લાગે છે.

હવે વાત રહી કર્મના સિદ્ધાંતની. જે રીતે આપણી ચેતના આપણા સંતાનોમાં ઉતરી આવે છે એજ રીતે આપણા સારા નરસા કર્મોના ફળ પણ તેઓ ભોગવે છે. ગરીબને ત્યાં જન્મનારને શરૂઆતથી જ સંઘર્ષો કરવા પડે છે. એને દુર્ભાગ્ય ગણવું કે જીવન ઘડતરની પાઠશાળા તે દરેકના દૃષ્ટિકોણ પર આધાર રાખે છે. આ ઉપરાંત બધા પોતાના કર્મોના ફળ એક યા બીજા સ્વરૂપે આ જન્મમાં જ ભોગવે છે.

‘મંગલ મંદિર’ના જાન્યુઆરી અંકમાં શ્રી શાંતિલાલ શાહે “સત્તરમા સંસ્કાર”ની વાત કરી હતી. એમાં મુખ્યત્વે બાળકોની

*પ્રસિદ્ધિ એ આપણાં વીરતાપૂર્વક કરેલાં કાર્યોની સોડમ છે.*

તંદુરસ્તીનો આધાર માતાપિતાના જનીન પર હોવાની વાત હતી. આ લેખમાં પણ એજ વાત થઇ રહી છે. માત્ર શારીરિક-માનસિક તંદુરસ્તી જ નહિ પણ એનાથી ઘણું વધારે આપણને આપણા પૂર્વજો પાસેથી વારસામાં મળે છે. આ વારસો ઘણી પેઢીઓ દૂરનો હોઇ શકે છે.

આ નવા દૃષ્ટિબિંદુથી જોઇએ તો ચેતના, પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંત એકબીજા સાથે અવશ્ય સંકળાયેલા છે. ફરક એટલો છે કે તે શરીરથી સ્વતંત્ર એવા આત્માને લીધે નહિ પણ સજીવોની પોતાનો વંશવેલો આગળ વધારવાની મૂળભૂત કુદરતી જરૂરિયાતને લીધે છે. એટલા માટે જ તો યોગ્ય સમયે પ્રજનનતંત્રનો વિકાસ આપમેળે થાય છે.

પુનર્જન્મના સમર્થનમાં કરવામાં આવતી બીજી દલીલ છે પૂર્વજન્મની યાદ હોય એવા કહેવાતા કિસ્સાઓની. એના ખંડન માટે અલગ લેખ જોઇશે.

ઉત્ક્રાંતિવાદ અને સર્જનવાદ વચ્ચે મુખ્ય ફરક એ છે કે ઉત્ક્રાંતિવાદ પ્રમાણે સજીવોની પ્રજાતિઓ કુદરતી પરિબળોને અધીન ધીરે ધીરે વિકસી છે. જ્યારે સર્જનવાદ પ્રમાણે બધું એક સાથે એક સમયે સર્જાયું છે, સર્જવામાં આવ્યું છે. ફેબ્રુઆરીના અંકમાં ઉત્ક્રાંતિવાદ વર્ણવેલ છે જ્યારે સર્જનવાદ વિશે કેટલાક પ્રશ્નો છે એમાંથી અત્યારે એક વિશે વિચારીએ.

સર્જન માટે સર્જકની જરૂર પડે છે. સર્જક ક્યારે પણ પોતાના સર્જનની અંદર હોતો નથી. તે સર્જનની બહાર હોય છે. આ કિસ્સામાં સર્જનની બહાર એટલે માત્ર પૃથ્વીની બહાર નહી પણ અફાટ બ્રહ્માંડની બહાર હોવું જરૂરી છે. બ્રહ્માંડની બહાર શું હોઇ શકે એની હજી સુધી કોઇને કલ્પના સુદ્ધાં નથી. સર્જનવાદમાં માનતી બધી વિચારધારાઓ સર્જકને પૃથ્વી ફરતા વાદળોની ઉપર હોવાનું કહે છે. બ્રહ્માંડની સરખામણીએ પૃથ્વી એક રજકણ માત્ર છે. એનું કોઇ અગત્યનું સ્થાન નથી. આપણા સિવાય બીજા કોઇ માટે એનું કશું મહત્ત્વ નથી. વાદળોની ઉપર પાતળું વાતાવરણ છે, પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર છે અને માનવસર્જિત ઉપગ્રહો પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. ત્યાં બીજું કંઇ નથી. જો સર્જકના અસ્તિત્વને સ્વીકારીએ તો એક નવો પ્રશ્ન ઊભો થાય છે. સર્જકને કોણે સર્જ્યો? જો સર્જક સ્વયંભૂ હોય તો બ્રહ્માંડ સ્વયંભૂ કેમ ન હોઇ શકે?

અંગ્રેજી સાહિત્યની એક પરિકથા પ્રમાણે મેઘધનુષ્યને છેડે સોનાનો ચંદ્ર હોય છે. કોઇ વ્યક્તિ જ્યારે અવાસ્તવિક ખ્વાબ જોતી હોય ત્યારે તે આ કાલ્પનિક સોનાના ચરૂ પાછળ દોડી રહી છે એવું કહેવાય છે. એ ચરૂ ક્યારે પણ કોઇને મળતો નથી કારણકે તે એક પરિકલ્પના હોવા ઉપરાંત એના માટે ભૌતિક કારણો છે. મેઘધનુષ વાતાવરણમાં રચાય છે. તે ક્યાંય પણ જમીનને સ્પર્શતો નથી. અર્ધગોળ દેખાતો મેઘધનુષ વાસ્તવમાં પૂરો ગોળ છે, મતલબ એને છેડો નથી. એનો બાકીનો અડધો ભાગ પૃથ્વી આડે આવવાથી આપણને દેખાતો નથી.

મોક્ષ પામવાની માન્યતા પણ આ સોનાના ચરૂ જેવી હોઇ શકે છે. મોક્ષને જીવનનું અંતિમ ધ્યેય ગણી એ દિશામાં પ્રવૃત્ત રહેવા કરતાં પૃથ્વી પરની સજીવ-નિર્જીવ સૃષ્ટિના સારા ભવિષ્ય માટે પ્રવૃત્તિ કરવી વધુ વહેવારુ છે.

ઉત્ક્રાંતિમાં અત્યારે મનુષ્ય છેલ્લો છે પણ અંતિમ નથી. આપણાથી વધુ વિકસીત પ્રજાતિ કેવી હશે એની કલ્પના ઘણાએ કરી છે પણ ખબર કોઇને નથી. ત્રિકાળજ્ઞાની કોઇ થયું નથી અને થવું શક્ય નથી. ત્રિકાળજ્ઞાન પણ એક કલ્પનામાત્ર છે. ભવિષ્ય જાણી શકનારને ભૂતકાળની ખબર હોવી જ જોઇએ. ભૂતકાળ વિશેની ઘણી પુરાણી માન્યતાઓ ખોટી સાબિત થઇ છે, જે ત્રિકાળજ્ઞાનની ભ્રામકતા પુરવાર કરે છે.

સત્ય ક્યારેક સરળ હોય છે તો ક્યારેક અટપટું અને કડવું પણ હોય છે. લોકોને એ ગમતું ન હોવાથી એનાથી દૂર ભાગે છે. કેટલાક લોકો પોતાની ખરી ખોટી માન્યતાને એટલા પંપાળતા હોય છે કે નવો વિચાર સાંભળવા કે સમજવા માંગતા નથી. એના વિશે વિચારવાની તેમજ ગમે, તો સ્વીકારવાની વાત તો દૂર રહી. એકબીજાથી વિરોધી વિચારોનું વાંચન કરીએ તો મનોમંથનનું વલોણું થાય અને એમાંથી સત્ય ઊભરી આવે. ઘણી વિચારધારાઓ શરૂઆતમાં સંપૂર્ણ સત્ય જેવી લાગતી હોય છે. સમય જતાં એમાં ત્રુટિઓ દેખાવા લાગે છે એટલે એના વિકલ્પ શોધાય છે. એમાંથી જ નવી વિચારધારાઓ અસ્તિત્વમાં આવે છે. આર્થિક હોય, રાજકીય હોય કે ધાર્મિક હોય, કોઇપણ ક્ષેત્રની આજ સુધીની એકપણ વિચારધારા સર્વમાન્ય થઇ શકી નથી. એકમાત્ર વૈજ્ઞાનિક શોધો આધારિત ઉપકરણો સર્વત્ર સ્વીકારાઇ રહ્યા છે છતાં એની પાછળના સિદ્ધાંતોને હજીયે શંકાની નજરે જોવાય છે. અણગમતા સત્યો ક્યારે સ્વીકારતા થશું?

મારા લેખ વિશે પૂછાતા ઘણા પ્રશ્નો પ્રચલિત માન્યતાના અનુસંધાનમાં હોય છે. જ્યારે આ લેખમાળામાં પ્રચલિત માન્યતાનો વિકલ્પ રજૂ કર્યો હોવાથી આવા પ્રશ્નો અસંગત બની જાય છે. આનો એક પ્રશ્ન ચોર્યાસી લાખ યોનીમાંથી પસાર થતા આત્મા વિશે હતો. આ માન્યતાનો ઉત્ક્રાંતિવાદ સાથે મેળ ખાતો નથી તેમજ અમારી ચેતનાની વ્યાખ્યા સાથે પણ મેળ ખાતો નથી. એટલે આ પ્રશ્નને અસંગત કહી શકાય. કેટલાક પ્રશ્નોના ઉત્તર સ્પષ્ટ શબ્દોમાં આપવાથી બિનજરૂરી વિવાદ ઊભો થઇ શકે છે એટલે એવા પ્રશ્નોના ઉત્તર ટાળવા પડે છે. તેમ છતાં બધા પ્રકારના પ્રશ્નો આવકાર્ય છે. સ્પષ્ટ શબ્દોમાં નહિ, તો આડકતરી રીતે એ પ્રશ્નોના ઉત્તર પછીના લેખોમાં આવરી લેવાશે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭.*

# ઘડપણમાં યાદ નથી રહેતું શું કરીએ?

● દિનેશ પાંચાલ ●

આજના તણાવભર્યા જીવનની ભાગદોડમાં માણસ ઘણું ભૂલી જાય છે. તેમાંય વૃદ્ધાવસ્થામાં વિસ્મૃતિની તકલીફ ચરમસીમાએ પહોંચે છે. એક વૃદ્ધે ડોક્ટરને ફરિયાદ કરેલી : 'ડોક્ટર, ભૂલી જવાનું દુઃખ હવે વધતું જાય છે. બધું જ ભૂલી જવાય છે પણ કોઇએ કડવા શબ્દો કહ્યાં હોય તે કેમે કરી ભૂલી શકાતા નથી!' ડોક્ટરે જવાબ આપેલોઃ 'કાકા, આપણે ત્યાં કોઇના મરણનો પત્ર (કાળોતરી) આવે તેને આપણે સાચવી રાખતા નથી, ફાડી નાખીએ છીએ. પણ પ્રેમિકાએ પ્રેમપત્ર લખ્યો હોય તે છેવટ સુધી સાચવી રાખીએ છીએ. તે રીતે કડવા શબ્દોને કાળોતરી સમજી ચિત્તમાંથી કાઢી નાખવા... અને મીઠા શબ્દો પ્રેમપત્રોની જેમ સંઘરી રાખવા. કડવા વેણ ભૂલાતા નથી- ભૂલી જવા પડતા હોય છે....!'

વર્ષો પૂર્વે એક સોસાયટીમાં અમે ભાડેનાં મકાનમાં રહેતાં. અમારી પાડોશમાં ૮૫ વર્ષના મોંઘીમાસી રહેતા. તેમને ભૂલી જવાની મોટી તકલીફ. ઘરથી મંદિર જવા નીકળે પણ એકાએક એમને યાદ આવે- હું તાળું મારવાનું ભૂલી ગઇ છું...! તાળું એમણે માર્યું જ હોય છતાં અડધેથી પાછા આવે અને તાળું બેત્રણ વાર ખેંચીને ચેક કરે. એમને ઓળખનારા લોકો એમને કહેતા- 'માજી, ઝડપથી ના ચાલો, પડી જશો. ચિંતા ના કરો તાળું તમે માર્યું જ હશે!' એ ગભરાયેલા સ્વરે કહેતાઃ 'ભાઇ, તાળું માર્યું છે પણ હું સ્ટવ બંધ કરવાનું ભૂલી ગઇ છું. કદાચ બારીઓ બંધ કરવાની પણ રહી ગઇ લાગે છે.' થોડે આગળ જતાં સોસાયટીનું કોઇ મળે તેને પૂછે : 'ભાઇ, તને મારી બારીમાંથી આગના ભડકા જેવું કાંઇ દેખાયું હતું?' પેલી વ્યક્તિ જોડે એ સ્કૂટર પર ઘરે આવે અને જુએ કે સ્ટવ અને બારી બરાબર બંધ કર્યા છે, પછી જ એમને શાંતિ થાય.

આવો કાલ્પનિક ભય (ફિયર ફોબિયા) એક પ્રકારનો માનસિક રોગ છે. (ભૂલી જવાયું છે એ કઇ ફિલ્મ હતી પણ એક ફિલ્મમાં મહેમુદને એ પ્રકારનો રોગ થયો હતો. કોઇના લગ્ન થતાં એ જુએ અને એવી કલ્પના કરવા લાગે- ચોરીની આગથી કન્યાની સાડીનો પાલવ સળગી રહ્યો છે. તેમાંથી આખા મંડપને આગ લાગે છે. અને એ રડવા માંડે) એકવાર મોંઘી માસીને ઉપાય બતાવતાં મેં કહેલું : 'માસી, હવે બહાર નીકળો ત્યારે એક કામ કરજો. એક લિસ્ટ બનાવજો. તેમાં ઘરને તાળું મારવું..., સ્ટવ બંધ કરવો..., લાઇટ ઑફ કરવી વગેરે કામો લખવા. નીકળતી વખતે તે લિસ્ટ પ્રમાણે બધાં કામો ઠીક રીતે થઇ ગયાની ખાતરી કરી લીધા પછી લિસ્ટમાં દરેક આઇટમો પર ચોકડી મારવી. અને તે ચિઠ્ઠી સાથે લઇ જવી. માર્ગમાં તમને એકાએક શંકા જાગે તો એ ચિઠ્ઠી જોઇ લેવી. એમને ઉપાય પસંદ પડ્યો. મને પણ આનંદ થયો. પણ એક દિવસ એ સામે મળી ગયા. ખૂબ ઝડપથી ઘર તરફ જતા હતા. હું સમજી ગયો. મેં પૂછ્યું : 'માસી, આજે તમે ચિઠ્ઠી નથી બનાવી?' માસીએ કહ્યું 'ચિઠ્ઠી બનાવી હતી પણ તે ચિઠ્ઠી જ ઘરે રહી ગઇ. મેં પાછલો દરવાજો બંધ કર્યો કે નહીં તે યાદ આવતું નથી!'

માણસની વયવૃદ્ધિની સાથે વિસ્મૃતિ પણ વધતી જાય છે. (મારા પિતાજી જમતી વેળા દાંતનું ચોકઠું પહેરવાનું ભૂલી જતા. ક્યારેક કપાળે ચશ્માં ચઢાવ્યા હોય અને ચશ્માં શોધવા આખું ઘર ખોળી વળે!) વર્ષો પૂર્વે એક જાહેરાત ટીવી પર જોઇ હતી. પતિ-પત્ની એકાદ મહિના માટે હિલસ્ટેશને ગયેલાં. ત્યાં કંઇક યાદ આવી જતાં પત્ની ઉદાસ થઇ જતી. પણ પતિનો આનંદભંગ ન થાય તે માટે તે મૌન રહેતી. થયેલું એવું કે ઘરથી નીકળતી વેળા પંખો બંધ કરવાનું તે ભૂલી ગઇ હતી. એને ચિંતા હતી- એક મહિના સુધી પંખો ચાલુ રહેશે એટલે બળી જશે. પણ મહિના પછી એ આવીને ઘરનો દરવાજો ખોલે છે ત્યારે પંખો સહીસલામત ઘુમી રહેલો જુએ છે. એ પતિને આનંદથી વળગીને કહે છેઃ 'યે ફેન ભી તુમ્હારે જૈસા ડ્યૂરેબલ હૈ!' પંખાની ક્વોલિટી કેટલી ઉત્કૃષ્ટ હતી તે દર્શાવતી એ જાહેરાત હતી. એકવાર અમારા જીવનમાં પણ એવું બનેલું. અમે પ્રવાસે નીકળ્યા હતાં. રીક્ષાવાળો વહેલો આવી ગયો એથી ઉતાવળમાં લાઇટ પંખા બંધ કરવાનું ભૂલાઇ ગયું. દિલ્હી પહોંચ્યા પછી એકાએક યાદ આવ્યું. પાડોશીને ફોન કરીને સૂચના આપી કે બહાર મીટર બોક્ષમાંથી ફ્યૂઝ કાઢી લેશો.

વિસ્મૃતિનો રોગ ઘરડાંઓને જ હોય એવું હવે નથી રહ્યું. યુવાન વયના માણસો પણ ભૂલકણા હોય છે. પહેલી નજરે સાધારણ જણાતી આ નબળાઇ ક્યારેક મોટા અકસ્માતો સર્જી શકે છે. પંખા-લાઇટ તો ઠીક પણ ગેસનું બટન ચાલુ રહી ગયું તો બહુ મોટી દુર્ઘટના સર્જાઇ શકે. નોકરી ચાલુ હતી ત્યારની વાત છે. સાંજે આવતી વેળા બજારમાંથી કોઇ ચીજવસ્તુ લઇ આવવાનું કામ પત્ની સોંપતી. સાંજે આવતી વેળા હું તે અચૂક ભૂલી જતો. શરૂમાં સ્કૂટર નહોતું. સાઇકલ પર નોકરીએ જતો. અમારા એરિયામાં અનાજ દળવાની ઘંટી નહોતી. દળાવવા માટે દૂરની ફ્લોરમિલમાં દળણું લઇ જવું પડતું. નોકરીએ જતી વેળા હું દળણું ફ્લોરમિલમાં મૂકી જાઉં. સાંજે તે ઘરે લઇ જવાનું ભૂલી જતો. પત્ની યાદ અપાવે એટલે ફરીથી ઘરથી પાછો ઘંટીવાળાને ત્યાં સાઇકલ મારું. આવું વારંવાર બનતું. ઉપાયરૂપે પછી

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)

*સરકાર અને રાજધાની આ બેથી જેટલા દૂર એટલા સારા.*

# માનવીનો વિકાસ

• વિક્રમ દલાલ •

બધા જ પ્રાણીઓ માટે જન્મ - જીવન - મરણ એ કુદરતનો અફર ક્રમ છે. જન્મ વખતે પ્રાણી સભાન હોતું નથી પણ પછી ધીમે ધીમે સભાન થતું જાય છે. અન્ય પ્રાણીઓ કરતાં માનવપ્રાણીનું મગજ વધારે વિકસેલું હોવા છતાં દરેક વ્યક્તિના મગજનો વિકાસ એકસરખો થયેલો હોતો નથી. તેથી દરેક વ્યક્તિની સભાનતા પણ એકસરખી હોતી નથી. અલ્પવિકસિત મગજવાળી વ્યક્તિઓ માત્ર વૃત્તિથી જીવતી હોઈને તેમની જીવનચર્યા અન્ય પ્રાણીઓ કરતાં બહુ જુદી હોતી નથી. અલ્પવિકસિત હોઈને તેઓને "એમ કેમ?" એવો પ્રશ્ન કદી ઊઠતો જ નથી. તેઓ વડીલો, સમાજ, ધર્મગુરુઓ, રાજકારણીઓ અને પ્રચાર માધ્યમોથી દોરવાતા રહીને જીવનયાત્રા પૂરી કરે છે. માનવીના વિકાસમાં તેમનો કોઈ ફાળો હોતો નથી. દુનિયાભરમાં તેઓની બહુમતી હોઈને લોકશાહીને વરેલા દેશોમાં તેમનો મત નિર્ણાયક બને છે તે લોકશાહીની અનિવાર્ય ઊણપ છે.

વિકસિત મગજવાળી વ્યક્તિઓ જીવન અને કુદરતી ઘટનાઓ વિશે વધતેઓછે અંશે સભાન હોય છે. તેઓ અવલોકન, કુતૂહલ, ચિંતન, તર્ક અને પ્રયોગથી તારવેલા સત્ય (એટલે કે જ્ઞાન)નો ઉપયોગ કરીને માનવી સરળતાથી જીવનયાત્રાને પસાર કરી શકે તે માટેની યોજનાઓ કરે છે તથા મરણને બને તેટલું ઠેલવાની કોશિશ કરે છે. મગજના વિકાસને ઉંમર, દેખાવ, જાતિ, સંપ્રદાય, દેશ, કાળ, ભણતર, પૈસા, સત્તા કે કીર્તિ સાથે સંબંધ નથી. (ગેલીલિયોએ 'લોલકનો સિદ્ધાંત' શોધ્યો ત્યારે તેની ઉંમર માત્ર ૧૭ વર્ષની હતી.) જીવનના પ્રશ્નોનો ઉકેલ શોધવાનું કામ માનસિક સ્તરે ઋષિઓનું, સામાજિક સ્તરે સંતોનું અને ભૌતિક સ્તરે વિજ્ઞાનીઓનું છે.

જરૂરિયાત એ શોધની જનેતા છે.

પ્રાણીમાત્રની સૌથી મૂળભૂત જરૂરિયાત ખોરાક છે. લગભગ ૪૦ લાખ વર્ષ પહેલાં માનવી અસ્તિત્વમાં આવ્યો ત્યારે બીજા પ્રાણીઓની માફક નખશીખ ઉઘાડા શરીરે ખોરાકની શોધમાં ધરતી ઉપર ભટકતો હશે. જંગલમાં ભટકીને ફળ તોડી લાવતી વખતે લગભગ બધા જ માણસોના ખ્યાલમાં આવ્યું હશે કે વરસાદ પડ્યા પછીના થોડા દિવસોમાં વૃક્ષ નીચે તેના જેવું જ બીજું વૃક્ષ ઊગે છે, પરંતુ તેઓમાંથી 'બીજમાંથી વૃક્ષ ઊગે છે', તેવું અવલોકન કરનાર આપણા આદિ વડવાની બુદ્ધિ તો ગુરુત્વાકર્ષણના શોધક ન્યુટનની માફક અત્યંત તીક્ષ્ણ હશે. ખોરાક માટેની રઝળપાટ, અનિશ્ચિતતા અને જોખમ નિવારવા માટે પોતાના રહેઠાણની આસપાસ જ ફળ મળી રહે તે માટે જેણે તર્કનો ઉપયોગ કરીને બીજ વાવવાનો પ્રયોગ કર્યો એ વિજ્ઞાની જગતનો પહેલો 'ખેડૂત' અને પહેલા 'ફાર્મ હાઉસ'નો માલિક હતો. વૃક્ષ ઉગાડવા માટે વરસાદથી ભીની થયેલી જમીનમાં બીજ વાવવા સિવાય બીજું કશું કરવાનું હોતું નથી તેથી પ્રાથમિક કક્ષાની ખેતી કરવામાં એ સફળ થયો.

જીવનને સરળ બનાવવાની દિશામાં માનવીએ ભરેલા આ પહેલા ડગલાથી જીવનને વધારે ને વધારે સગવડભર્યું બનાવવાની પ્રવૃત્તિની શરૂઆત થઈ. ઍપ્લાઈડ સાયન્સની આ પ્રવૃત્તિ હજુ પણ ચાલુ છે અને માનવજાતિનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી ચાલતી રહેશે. એને કારણે તો દુનિયામાં રોજ નવી નવી વસ્તુઓ બનતી રહે છે અને બનેલી વસ્તુઓમાં સુધારા-વધારા થતા રહે છે.

જંગલમાં લાગતી આગથી ભયભીત થઈને અન્ય પ્રાણીઓની માફક દૂર ખસી જતા આદિ માનવીએ એ હકીકતનો ઉપયોગ હિંસક પ્રાણીઓને દૂર રાખવા માટે તાપણું કરીને કર્યો. આ ઉપરાંત રાત્રે પ્રકાશ અને શિયાળામાં ગરમી મેળવવા પણ અગ્નિનો ઉપયોગ કરતો થયો.

ખોરાક પછીની બીજી જરૂરિયાત પાણીની છે. નદી કે તળાવમાંથી પાણી તો મળી રહે પણ ખાસ કરીને રાત્રે પાણીની જરૂર પડે ત્યારે અંધારામાં પાણી સુધી પહોંચવામાં અગવડ અને જોખમ બંને રહે. દરેક સ્થળે મળી રહેતી માટીનો ઉપયોગ કરીને માણસે પોતાના ખોબા જેવા આકારના નાનામોટા વાસણો બનાવીને તેને અગ્નિમાં પકવીને પાણી ભરી રાખવાની યોજના કરી. આશરે ૨૦ લાખ વર્ષ પહેલાં તે ખોરાકને રાંધતો થયો.

ધીમે ધીમે પાંદડાં, ઘાસ, વેલા, વાંસ અને ડાળીઓ જેવા કુદરતી રીતે મળી શકતા પદાર્થનો ઉપયોગ કરીને તે ઝૂંપડું બનાવતો થયો અને આગળ જતાં પથ્થર અને પકવેલી ઈંટો વડે ઘર બાંધતો થયો. પીંછાં, વાળ, મરી ગયેલા પ્રાણીઓના આંતરડાં, હાડકાં, શીંગડાં અને ચામડાંનો ઉપયોગ કરીને જાતજાતની ચીજવસ્તુઓ બનાવવા માંડી. ટાઢ અને તડકાથી શરીરનું રક્ષણ કરવા માટે શરૂઆતમાં ઝાડની છાલ અને ચામડાંનો ઉપયોગ કર્યો તથા આગળ જતાં રૂ માંથી સુતર કાંતીને તેમાંથી કાપડ વણતો થયો. તેણે ઘેટાં-બકરાં, ગાય, ભેંસ, ઘોડો, હાથી, ઊંટ વગેરે પ્રાણીઓ પાળીને તેમનો ઉપયોગ કર્યો. બીજા માણસો અને પ્રાણીઓની તાકાતનો ઉપયોગ કરીને એકલા હાથે થઈ ન શકે તેવાં ભારે કામો શક્ય બનાવ્યાં. આ જ કારણથી ગુલામોની પ્રથા ઊભી થઈ. નવોઢાને 'સો પુત્રોની માતા થજે' તેવા આશીર્વાદ આપવામાં આવતા તથા 'ઝાઝા હાથ રળિયામણા'ની કહેવત પડી.

જેમ જેમ પદાર્થો અને તેના ઉપયોગની જાણકારી વધતી ગઈ તેમ તેમ સ્પેશિયાલાઈઝેશન આવતું ગયું. બાપ સંતાનોને

*જે સૌને ખુશ કરવાની વાણી બોલે છે, તેની પાસે દરિદ્રતા ક્યારેક ફરકતી જ નથી.*

પેઢી દર પેઢી પોતાના કામમાં જોતરતો હોઈને સમાન જાણકારીવાળાના સમાજ (ન્યાત) બનતા ગયા. આજે પણ કુંભાર, કડિયા, સુથાર, લુહાર, વણકર, મોચી, ડબગર, દરજી, સોની વગેરે કારીગરોના સમાજ મોજૂદ છે. આધુનિક જમાનામાં સમાન વ્યવસાયીઓના એસોસિએશનો બને છે.

**• ઔદ્યોગિક ક્રાંતિ અને પર્યાવરણ:**

૨૦ લાખ વર્ષથી અગ્નિનો ઉપયોગ કરવા છતાં છેક ૧૭૬૮માં થયેલી વરાળયંત્રની શોધથી ઉષ્મા શક્તિનું યાંત્રિક શક્તિમાં રૂપાંતર થઈ શક્યું. જગતના ઇતિહાસમાં પહેલીવાર એવું બન્યું કે માણસને નિર્જીવ પદાર્થમાંથી 'તાકાત' એટલે કે ઊર્જા મળવા માંડી. આ રીતે મળતી ઊર્જાના બે લાભ છે : એક તો તેનું પ્રમાણ સજીવોની તાકાત કરતાં ઘણું વધારે હોઈ શકે અને બીજું સજીવોની માફક તેને થાક લાગતો ન હોઈને દિવસ-રાત વણથંભી મળી શકે. આને કારણે ગૃહ ઉદ્યોગોની જગ્યાએ કારખાનાં નંખાવાની શરૂઆત થઈ. કારખાનાંને કારણે વસ્તુઓ સસ્તી, સારી અને ઝડપથી બનવા માંડી. વરાળથી ચાલતી રેલવે અને સ્ટીમરને કારણે દૂર દૂર સુધીની મુસાફરી અને માલની હેરાફેરી ઝડપથી અને સહેલાઈથી થવા માંડી. એટલું જ નહીં પરંતુ મુસાફરીની સરળતાને લીધે અન્ય પ્રદેશની પ્રજાઓ સાથે વધેલા સંપર્કને કારણે જાણકારી અને વિચારોની આપ-લે વધી અને તેના પરિણામે માનવીનું જીવન ઝડપથી બદલાવા માંડ્યું.

**• ઔદ્યોગિક ક્રાંતિના માઠા ફળ :**

દરેક વિકાસની અનિચ્છનીય બાજુ પણ હોય જ. ઔદ્યોગિક ક્રાંતિના પણ અનેક માઠાં ફળ છે પરંતુ તેમાંથી માત્ર પર્યાવરણને લાગેવળગે છે તેટલાનો જ અહીં ઉલ્લેખ કર્યો છે.

કોઈપણ વસ્તુ બનાવવા માટે જાણકારી ઉપરાંત કાચા માલ અને ઊર્જાની જરૂર પડે છે તથા વસ્તુ બનાવવાની દરેક પ્રક્રિયાને અંતે ઘન, પ્રવાહી કે વાયુ સ્વરુપે કચરો પેદા થાય છે. ખેતી કરવાથી માંડીને તે અણુભઠ્ઠીથી વીજળી બનાવવાની પ્રક્રિયામાં કે રોટલી બનાવવાથી માંડીને તે રોકેટ બનાવવાની પ્રક્રિયાને અંતે કચરો પેદા થાય છે જ. વનસ્પતિ અને પ્રાણીઓ પણ જીવતા રહેવાની પ્રક્રિયામાં કચરો પેદા કરે છે.

કારખાનું ચલાવવા માટે જોઈતી ઊર્જા વરાળયંત્ર અથવા વીજળીમાંથી મળે છે. વીજળી ઉત્પન્ન કરવા માટે જનરેટરને ફેરવવું પડે. જનરેટર ફેરવવા માટે પવનચક્કી, પાણીનો ધોધ કે વરાળયંત્રનો ઉપયોગ કરી શકાય. મોટાભાગની વીજળી વરાળયંત્રથી જનરેટરને ફેરવીને મેળવાય છે. કરોડો વર્ષો પહેલાં દટાઈ ગયેલાં વૃક્ષોમાંથી બનેલા ખનીજ કોલસો, તેલ અને ગેસ જેવા પેટ્રોલિયમ પદાર્થોને બાળીને કે અણુભઠ્ઠીમાંથી મળતી ગરમીથી પાણીની વરાળ બને છે અને તેનાથી જનરેટર ફરે છે.

પેટ્રોલિયમ પદાર્થોને બાળવાથી પેદા થયેલો કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાં પ્રસરે છે. વૃક્ષો સૂર્યપ્રકાશમાંથી મળતી ઊર્જાનો ઉપયોગ કરીને આ કાર્બન ડાયોક્સાઈડનું રાસાયણિક પ્રક્રિયાથી વિઘટન કરીને અંતે ઑક્સિજન પેદા કરે છે. તેથી વાતાવરણમાં ઑક્સિજનનું પ્રમાણ (લગભગ ૨૧%) જળવાઈ રહે છે. પ્રયોગશાળાના ધોરણે આમ કરવું શક્ય બન્યું છે પરંતુ મોટેપાયે અને પોસાઈ શકે તેટલા ખર્ચમાં આમ કરવું હજી શક્ય બન્યું નથી.

પૃથ્વીનું કદ વધારી શકાતું નથી. તેથી જેમ જેમ માણસની વસતિ વધતી ગઈ તેમ તેમ રહેઠાણો બાંધવા માટે જંગલો કાપવા પડ્યા. વરાળયંત્રની શોધ પછી તો કારખાના માટે પણ જંગલો કપાતા ગયા. આમ, એક બાજુએ કારખાનાને કારણે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધતું ગયું, બીજી બાજુએ તેનું ઑક્સિજનમાં વિઘટન કરતાં વૃક્ષોની સંખ્યા ઘટતી ગઈ અને ત્રીજી બાજુએ જનસંખ્યા ઝડપથી વધતી ગઈ.

કુદરતી રીતે બનેલી વસ્તુમાં સૂર્ય ઊર્જા વપરાય છે. માટે તે વેડફાય તો બહુ વાંધો આવતો નથી. પરંતુ માનવસર્જિત વસ્તુ વેડફાય તો તે બનાવવા માટેની ઊર્જા નકામી જાય છે. ઔદ્યોગિકીકરણને લીધે વસ્તુઓ સરળતાથી મળતી થવાને કારણે બગાડનું પ્રમાણ વધ્યું. જ્યારે કૂવા, તળાવ કે નદીએથી માથે બેડું ઊંચકીને પાણી લાવવાનું હતું ત્યારે જેટલું પાણી ઘરમાં વપરાતું હતું તેના કરતાં અનેકગણું વધારે પાણી હવે વપરાય છે. જ્યારે વીજળી નહોતી ત્યારે ઘરમાં જેટલા પ્રકાશ અને દીવાઓથી ચાલતું હતું તેના કરતાં હવે ઘણાં વધારે પ્રકાશ અને દીવાઓની જરૂર પડે છે. જ્યારે મોટર કે સ્કૂટર નહોતા ત્યારે બાજુની પોળ કે સોસાયટીમાં જવા માટે માણસ પગ વાપરતો હતો. જ્યારે મિલો નહોતી ત્યારે ઓછી જોડ કાપડથી પણ સુઘડતાથી જીવી શકાતું હતું.

**• ધરતીનું તાપમાન :**

જ્યાં સુધી સજીવોની તાકાતથી વસ્તુઓ બનતી હતી ત્યાં સુધી વસ્તુઓનું વૈવિધ્ય અને પ્રમાણ ઓછું હતું. અને લાકડાં બાળવાથી જેટલો કાર્બન ડાયોક્સાઈડ પેદા થતો તેટલાનું ઑક્સિજનમાં વિઘટન થવા માટે જંગલોમાં પૂરતાં વૃક્ષો હતાં. આમ, ૧૭૬૮ પહેલાં ઉત્પન્ન થતો કચરો બાયોડિગ્રેડેબલ અને આજના પ્રમાણમાં ઓછો હોઈને તેનાથી પ્રદૂષણની સમસ્યા ઊભી થઈ નહોતી. પણ હવે ઔદ્યોગિકીકરણને લીધે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી ગયું છે. પૂરતા વૃક્ષોના અભાવે કુદરતનું સંતુલન ખોરવાઈ ગયું છે. વાતાવરણમાં પ્રસરેલો કાર્બન ડાયોક્સાઈડ ધરતી માટે ધાબળાની ગરજ સારે છે. સૂર્યના તાપથી તપી ગયેલી ધરતી ઉપરથી પાછી ફેંકાતી ગરમીને આ ધાબળો અંતરિક્ષમાં જતો રોકે છે. તેથી ધરતી ઉપરનું તાપમાન વધે છે. આ ઘટના ભયજનક છે કારણકે તેનાથી હવામાનમાં ઘાતક ફેરફારો થાય છે. તાપમાન વધવાને કારણે પહાડ ઉપરનો બરફ પીગળવા માંડ્યો છે. એજ પ્રમાણે ઉત્તર ધ્રુવમાં રહેલો બરફ પણ ઓગળવાની શરૂઆત થઈ ચૂકી છે. વર્ષ ૨૦૦૭ના શાંતિ માટેના નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. રાજેન્દ્રકુમાર પચૌરી ચેતવે છે કે આપણે જો કાર્બન ડાયોક્સાઈડના પ્રમાણ ઉપર નિયંત્રણ નહીં રાખીએ તો ૧૦-૧૫ વર્ષમાં પર્વતો ઉપરનો એટલો બધો બરફ ઓગળી ગયો હશે કે દરિયાના પાણીની સપાટી ૪૦થી

*એવી શિખામણ ન આપો કે જે સુંદર હોય પણ જે લાભદાયક હોય એવી શીખામણ આપો.*

૧૪૦ સે.મી. જેટલી ઊંચી આવશે. અને તેથી ઘણા ટાપુઓ દરિયામાં ગરકાવ થઈ જશે તથા દરિયા કિનારાના નગરોની જમીન ઉપર દરિયાના ખારા પાણી ફરી વળશે. વળી નદીઓના પાણી ઘટી જવાથી પીવાના પાણીની તંગી ઊભી થશે અને સમગ્ર માનવજાત માટે વિનાશની ઘડી આવશે.

પ્રશ્ન ઘણો ગંભીર છે. દુનિયાના તમામ દેશોની સરકારોએ આ માટે ઉપાયો લેવા પડશે. કાયદાની વિફળતાનો આપણને અનુભવ છે તેથી માત્ર કાયદા કરવાથી નહીં પણ પ્રજાને તેની ગંભીરતા સમજાવીને તેના સહકારથી જ આ કામ થઈ શકે.

- **વ્યક્તિગત રીતે આપણે શું કરી શકીએ?**

વડીલોપાર્જિત મિલકત ઉપર તાગડધિન્ના કરતા ઉડાઉ કુટુંબની જે દશા થાય તે દશા ઊર્જા સંબંધમાં માણસજાતની થઈ છે. સમસ્યા આપણે જ ઊભી કરી છે. માટે નિરાકરણ પણ આપણે જ કરવું પડશે. જો આવતી પેઢીનું હિત જોવા જેટલી આપણામાં સંવેદનશીલતા બચી હોય તો ઊર્જા અને પાણી વેડફાય નહીં તેવું તથા બને તેટલું ઓછું લાકડું વપરાય અને વધારે વૃક્ષો ઉગાડવાનું આયોજન કરવું જોઈશે. આ માટે કરકસર અને કંજુસાઈ વચ્ચેનો ભેદ સમજવો પડશે. આપણે કાગળ ઉપર નોટો છાપીને પૈસા તો પેદા કરી શકીએ છીએ પણ ઊર્જા નહીં. પૈસા પોતે કશું જ પેદા કરી શકતું નથી તે હકીકતનું ભાન થવું જોઈએ. 'મૂર્ખાઓ જે છેલ્લે કરે છે, તે ડાહ્યાઓ પહેલાં કરે છે' તે ઉક્તિનો મર્મ સમજવો પડશે.

કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટાડવા માટે ખનીજ કોલસો, તેલ અને ગેસ જેવા પેટ્રોલિયમ પદાર્થોથી ઉત્પન્ન થતી વીજળીનો વપરાશ શક્ય હોય તેટલો ઘટાડવો પડશે. ગરમી મેળવવા માટે સૂર્ય ઊર્જાનો બને તેટલો વધારે ઉપયોગ કરવો તથા રાંધણગેસ અને પેટ્રોલમાં કરકસર કરવી જોઈશે. આ ઉપરાંત પીવા અને રસોઈ માટે વરસાદના પાણીનો સંગ્રહ અને માણસે બનાવેલી કોઈ પણ વસ્તુ વેડફાય નહીં તથા તેનો બને તેટલીવાર પુનરુપયોગ કરવો જોઈશે. શક્ય હોય ત્યાં ગોબર ગેસનો ઉપયોગ કરવો જોઈશે.

જીવવા માટે ખરેખર જરૂરી ન હોય તેવી તમામ પ્રવૃત્તિઓ બંધ કરી દેવી પડશે. મંદિર-મસ્જિદ જેવા ધર્મસ્થાનો બનાવવા અને ટકાવવા પાછળ વપરાતી ઊર્જા તથા રથયાત્રા અને તાજિયા જેવા સાંપ્રદાયિક દેખાડા, અમરનાથ કે હજની યાત્રાઓ, યજ્ઞો-હવનો અને લગ્નો તથા ડાન્સ પાર્ટીઓના ખૂની ભપકા પાછળ વેડફાતી ઊર્જા બચાવવી પડશે.

સોમવાર, તા. ૨૮-૧-૨૦૦૮ની 'સંદેશ'ની અમદાવાદ આવૃત્તિના પાના નંબર-૧૫ ઉપર છપાયેલા સમાચાર મુજબ એકલા અમદાવાદના મંદિરોની વાર્ષિક આવક લગભગ ૮૭ કરોડ રૂપિયા છે. દર વર્ષે રથયાત્રા વખતે બંદોબસ્ત માટે ૩ કરોડ રૂપિયા ખર્ચાય છે. આમ દર વર્ષે વપરાતા ૯૦ કરોડ રૂપિયા એકલા અમદાવાદમાં જ ખર્ચાય છે. આખા ભારતના બધા જ ધર્મના ધર્મસ્થાનો અને ઉત્સવોના થઈને કેટલા રૂપિયા ખરચાતા હશે? તેનાથી ભારતના કયા નાગરિકનું જીવન સુધર્યું તે વિચારવાની ઘડી આવી ગઈ છે.

*(ક્રમશઃ)*

# વયસ્ક વિશ્રામ સ્થાન

• શશીકાંત ઠક્કર •

માનવીની જિંદગીનો અંતિમ તબક્કો એટલે વૃદ્ધાવસ્થા. જ્યારે શ્રમિત જિંદગીને વિશ્રાંતિની જરૂર પડે છે, લાંબા ગાળાની જીવનની તડકી છાંયડીના ધુંધવાટ પછી હૂંફની જરૂર પડે છે. આખીયે જિંદગી જેમણે પરિવાર અને સમાજને એમના સામર્થ્યનું અર્પણ કર્યું છે તેમને સૌજન્યશીલ વર્તાવની જરૂર રહે છે. પરંતુ પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણને કારણે ઘણા કુટુંબોમાં વયસ્કોની જે રીતે સન્માનિય માવજત થવી જોઈએ એ થતી નથી. માવિત્રો સંતાનોને ક્યાંય અકારા થઈ પડે છે તે છતાં માવિત્રો કદી સંતાનોને પોતાના હૈયાથી અળગા કરતા નથી.

*કવિ તેજના શબ્દોમાં,*

*પુતર માવું ધાર થ્યા, ઈતાં થીંધલ આય ડિસોં,*
*મા પુતરેનું ધાર થઈ, ઈતા ડસોં ત વસોં.*

## • કૌટુંબિક પ્રશ્નો :

વ્યક્તિગત આરોગ્ય ક્ષેત્રે આવેલી જાગૃતિ અને તબીબી વિજ્ઞાન ક્ષેત્રે થયેલી નોંધપાત્ર પ્રગતિને કારણે સમગ્ર વિશ્વમાં વયસ્કોની આવરદા વધી છે. વસતિ વધી છે તે સાથે વ્યાપક પ્રમાણમાં સમસ્યાઓ પણ વધી છે. વસતિ વધારો અને વ્યાપક શહેરીકરણના કારણે કૌટુંબિક ઘરોની સંકડાશ વધી છે. આથી સંયુક્ત કુટુંબો સંયુક્ત રીતે ટકી શકતા નથી. ઘરની સંકડાશના પરિણામે યુવાનોને અપેક્ષિત છૂટ મળતી નથી અને વયસ્કોને નાછૂટકે મર્યાદાભંગ ચલાવી લેવી પડે છે. વયસ્કોની હાજરીમાં યુવાવર્ગે પોતાની લાગણીઓને દબાવવી પડે છે અને વયસ્કોને પોતાની મર્યાદા જળવાય તેનો આગ્રહ રહે છે. પરિણામે કુટુંબ વ્યવસ્થામાં જાણે અજાણે ખૂબજ ધીમે ધીમે બન્ને વચ્ચેનું અંતર વધતું જાય છે અને તે અરસપરસ કડવાશમાં પરિવર્તિત થાય છે. યુવાવર્ગ પોતાની નજર થોડેક અંશે વયસ્કોની માનસિકતા સમજવામાં દોડાવે અને વયસ્કો પોતાના આગ્રહો યુવાવર્ગની લાગણીઓને સમજી થોડા જતા કરે, તો ગાડું ગબડ્યા કરે. પરંતુ તેમ ન થાય ત્યાં પ્રશ્નો ઊભા થતા રહે. નાના નાના પ્રસંગોની ક્ષુલ્લક વાતોનો પણ જ્યારે ગુણાકાર થાય છે ત્યારે એકદમ વિસ્ફોટ થાય છે. વિસ્ફોટનું તાત્કાલિક કારણ વજૂદ વગરનું હોય છે. પણ આવા ઘણા નાના અને વજૂદ વિનાના કારણોનો સરવાળો વિસ્ફોટમાં પરિણમે છે.

## • સરકારી વ્યવસ્થાનો અભાવ :

વિદેશોમાં વયસ્કોની સારસંભાળ અને જીવન જરૂરિયાતો સરકાર સંભાળતી હોય છે. પણ ભારતમાં હજુ આ બાબત ખાસ વ્યવસ્થા ગોઠવાઈ નથી. છેલ્લાં થોડાં વર્ષોમાં છુટાછવાયા પ્રયત્નો થયા છે પરિણામે કેન્દ્ર દ્વારા તા. ૫-૧૨-૦૭ના લોકસભામાં “મા-બાપ અને વરિષ્ઠ નાગરિકોના નિભાવ અને કલ્યાણ માટેનો ખરડો નં. ૪૦-સી/૨૦૦૭” પસાર કરવામાં આવ્યો છે. પરંતુ તેનો આયોજનપૂર્વકનો અમલ હજુ દૂર જણાય છે. દરેક જિલ્લામાં કમસેકમ એક દોઢસો જણાને સમાવી શકે તેવા આશ્રમ શરૂ કરવાની નેમ રખાઈ છે પરંતુ હજુ તે દિશામાં કોઈ કદમ મંડાયા હોય તેમ જણાતું નથી. આ સંજોગોમાં “સરકાર ન કરે તે સમાજ કરે” એ ન્યાયે જુદા જુદા સામાજિક સંગઠનો દ્વારા વયસ્કો માટે રહેવા, જમવા અને સારવાર શુશ્રૂષા આપવા માટેના વૃદ્ધાશ્રમો પ્રકારના જુદા જુદા સંસ્થાપનો ઊભા કરવામાં આવ્યા છે કે કરાઈ રહ્યા છે પરંતુ જરૂરિયાતની દૃષ્ટિએ તે હિમશિલાની ટોચ જેટલા જ છે.

## • મૂલ્ય પરિવર્તન-આશ્રય સ્થાનની અનિવાર્યતા :

સાંપ્રત સમયમાં સામાજિક સંસ્કારોમાં વ્યાપકપણે મૂલ્યોનું પરિવર્તન આવ્યું છે. વૃદ્ધાશ્રમો/મહિલા આશ્રમોમાં એવી વ્યક્તિઓને રહેતી જોઈ છે જેમના ભાઈ કે દીકરા લક્ષ્મીમાં આળોટતા હોય, છતાં આ વયસ્કોને આશ્રય આપવામાં નિષ્ફળ ગયા હોય. કોઈક કિસ્સાઓ એવા પણ જોયા છે કે એક જમાનાથી સમૃદ્ધ કુટુંબના વયસ્કો વૃદ્ધાશ્રમમાં રહેતા હોય. આ જોઈને હૃદય દ્રવે છે, પરંતુ પરિસ્થિતિજન્ય આ રોગનો કાયમી ઉપાય મળતો નથી. આથી આ રોગથી ત્રસ્ત થયેલા વયસ્કોને તેમની છેલ્લી અવસ્થામાં જિંદગી વિતાવવામાં અનુકૂલન મળે અને કુટુંબ વિયોગનું દુઃખ ભૂલીને તેમનું જીવન થોડા ઘણા પણ આનંદમાં વીતે તેવી વ્યવસ્થા ઊભી કરવાની સમાજની ફરજ અને કર્તવ્ય બની રહે છે.

*પરિવર્તન થયું છે મૂલ્યમાં એવું કે બસ તોબા,*
*હતા જે લાખના તે તાંબિયાના તેર છે સાકી.*

આ પૂર્વભૂમિકાના સંદર્ભમાં વૃદ્ધાશ્રમોના આયોજનને “અનિવાર્ય અનિષ્ટ” તરીકે સ્વીકારીને તેને આવકારવાની અને તેમાં શક્ય તે સહયોગ આપવાની સૌની ફરજ બને છે.

## • દાનનો મહિમા :

સંપત્તિના ત્રણ ઉપયોગ હોય છે. સૌપ્રથમ ઉપયોગ ભોગ છે જે સૌ કરે છે. પોતા માટે, પોતાના કુટુંબ માટે અને જેને પોતાના ગણતા હોઈએ તેમના માટે જરૂરી સુખ સુવિધા, વાહન, મકાન વગેરે મેળવવામાં સંપત્તિનો ઉપયોગ સૌ પ્રથમ થાય છે. જે ભોગ છે અને તે સૌ શક્તિ મુજબ કરે છે. સંપત્તિનો ઉપયોગનો મધ્યમ અને સૌથી સારો માર્ગ દાન છે. આ માર્ગ આત્મકલ્યાણ અને આત્મસંતોષનો અનુભવ તો કરાવે જ છે. પરંતુ તેથી આગળ વધીને આપણી ભાવિ પેઢીને પણ પોતાના વડીલોની દાનવૃત્તિ જોઈ જાણીને તેમને પણ આ માર્ગે જવા પ્રેરે છે. આ માર્ગ સૌ કોઈ પોતાની શક્તિ મુજબ અપનાવી શકે છે.

સંપત્તિનો સૌથી છેલ્લો ઉપયોગ ત્યાગનો છે. સંપત્તિનો ત્યાગ કરી અકિંચન રહેવાનો માર્ગ માત્ર વિરક્ત લોકોજ અપનાવી શકે છે. આવો ઉપયોગ માત્ર “કોઈક જ” કરી શકે છે.

ભોગમાં ઉપયોગ સૌ કોઈ કરી શકે છે, કરે છે. ત્યાગમાં ઉપયોગ કોઈક જ કરી શકે છે પણ દાનમાં ઉપયોગ સૌ કોઈ યથાશક્તિ કરી શકે છે. દાનમાં

*જે કંઈ કરો એ અદ્‌ભુત, અલગ હોવું જોઈએ.*

ભોગ અને ત્યાગ બન્નેનો સમન્વય છે. આ અર્થમાં સંપત્તિનો સર્વોત્તમ ઉપયોગ દાન છે જે સૌએ યથાશક્તિ કરવો એ ઈષ્ટને રાજી કરવાનું પગથિયું છે. આ દાન સ્વૈચ્છિક અને વણમાગ્યું હોય તો તેનો વૈભવ અનેકગણો વધુ હોય છે અને આપનારને સંતોષનો ઓડકાર ખાવાનો આનંદ પણ અનેરો હોય છે.

*કવિ કહે છે,*

***'સમાજ હાથ લંબાવે ત્યારે તમારો ભંડાર કંઈ દૂર નથી,***
***પણ સમાજ માગે અને તમે આપો એ વાત વિવેકને મંજૂર નથી.'***

*કવિ તેજના શબ્દોમાં,*

***"શાહુકારજી વાટ સૌ સોંભરીં, ગરીભજે ઘરવટ ચીલો પણ નવે;***
***ખીરડીં તેંલાય ખંધા ભર્યા વે; પાંકડેં કે બધેલાય ખીલો પણ નવે.***

આપણે સમાજના (પાંકડ ઢોરને નહીં) પણ આપણા અનુભવસિદ્ધ વંદનીય આથમતા સૂર્ય માનવોને (બાંધવાનો ખીલો નહિ) સાચવવા અને સુખશાંતિ પ્રદાન કરવા જ્યાં અને જ્યારે આવી પ્રવૃત્તિનું આયોજન થતું હોય ત્યાં સૌએ શક્તિ મુજબ વણમાંગ્યું યોગદાન આપી આ 'અનિવાર્ય અનિષ્ટ'ને શિષ્ટતા બક્ષી સંતોષ મેળવવાનું પુણ્ય કાર્ય કરીએ એ આજની અનિવાર્યતા છે. પરમાત્મા આપણને અનેકગણું આપશે તેવી શુભાશિષ કવિના ગુઢ શબ્દોમાં મમળાવીએ.

***અંબુજ અરિ પતિ કી સુતા, તાપતિ ગલે સતહાર,***
***હાર અરૂ પતિ કામિનિ, સદા રહો તુમ દ્વાર***

***અર્થ :-*** હિમાલયની પુત્રી પાર્વતી તેના પતિ ભગવાન શંકર જેના ગળામાં સાપના હાર છે. આ સાપના દુશ્મન ગરૂડ, જેના દેવ વિષ્ણુ છે તેમની પત્ની એટલે લક્ષ્મી સદા તમારા બારણે રહો. ■

# નાયર

• ડૉ. આઇ.કે. વીજળીવાલા •

'અરે નાયર! હજુ કેટલી વાર લગાડીશ? ચાય આપને!'

'અલ્યા નાયર! તને ઑમલેટનો ઓર્ડર આપ્યાને અર્ધો કલાક થયો. હું કંઇ આખો દિવસ બેસવા નવરો છું? આવી ભંગાર સર્વિસ આપે છે તેનાં કરતાં તો બંધ કરી દે ને!'

'નાયર! મારી એક ચાય અને એક ટોસ્ટબટર, જલદી હોં!'

'અલ્યા, આપે છે કે જતો રહું?'

આ બધા અવાજો અને ઘોંઘાટ અમારી હૉસ્ટેલની કેન્ટીનનું સવારનું વાતાવરણ બતાવે છે. નાયર એ અમારી આર.એમ.ઓ. હૉસ્ટેલ તરીકે ઓળખાતી હૉસ્ટેલની કૅન્ટીનનો માલિક હતો. નેશનલ હાઇવે નંબર આઠ તરફ ખૂલતી પ્રથમ માળની બાલ્કનીમાં નાયરની આ કેન્ટીન ગોઠવવામાં આવેલી હતી. ગોદરેજનો એક કબાટ હતો જેમાં નાયર તેનો બધો જ સરસામાન રાખતો. એની બાજુમાં મૂકેલા ટેબલ પર પ્રાઇમસ રાખીને એ ચા-નાસ્તો બનાવતો. અને બે ખૂબ જ વિશાળ ટેબલ્સ અમારા બધાને બેસવા માટે વપરાતાં.

નાયરની સવાર હંમેશાં આવી જ રહેતી. અમે દોઢસો ગ્રાહકો, સામે નાયર સાવ એકલો. ઓર્ડર પણ એ લે, ચાય નાસ્તો પણ એજ બનાવે અને સર્વ પણ એણે જ કરવાનું! બધાં ધમકાવે, બૂમો પાડે, -તું- કહીને બોલાવે પણ નાયર તો એની મસ્તીમાં જ અર્ધી વાળેલી લુંગી સાથે ગીત ગણગણતો હોય. કોઇ બૂમ પાડે એટલે તરત જ '....આતા હૂં સાબ!...' એવો જવાબ હાજર જ હોય! એ પછી એ ત્યાં જાય કે નહીં એ નક્કી ન કહી શકાય પણ જવાબ તો આપી જ દે! એનો બાંધો એકદમ પાતળો. દક્ષિણ ભારતીયોને મળેલા વરદાન પ્રમાણે જ કાળું શરીર, ટૂંકા, ક્યારેય ન ઓળેલા વાળ, બકરી ચરી ગઇ હોય તેવી દાઢી, ગળામાં પહેરેલો કાળો દોરો, શર્ટનું ઉપરનું એક બટન ખુલ્લું અને અર્ધી વાળેલી કાળા તેમજ ભૂરા રંગના ચોકડાવાળી લુંગી. આ બધાનો સરવાળો કરો એટલે આબેહૂબ નાયર તૈયાર! હા! એના વ્યક્તિત્વની અદ્‌ભુત વાત એક જ હતી, એ ક્યારેય ગુસ્સે ન થતો. ક્યારેય નાયરે કોઇને વડચકું ભરી લીધું હોય તેવું મને આજ સુધી યાદ નથી.

એક દિવસ સવાર સવારમાં નાયર આવ્યો. મારી પાસેથી દસ રૂપિયા માગ્યા. પૂછ્યું તો કહે કે શક્કર ઔર ચાય-પત્તી લાના હૈ! મને નવાઇ લાગી. પણ હું ઉતાવળમાં હોવાથી વધુ કંઇ પડપૂછ કરવાનો સમય નહોતો. ત્યાર બાદ એક મહિનાની અંદર બેથી ત્રણ વખત આવું બન્યું. હવે મારી નવાઇ વધતી ચાલી.

રોજ ૧૫૦ ગ્રાહકોને સાચવીને બેઠેલા નાયરને પૈસાની જરૂર પડી જ શી રીતે શકે? એ બધા જ પૈસા ગામડે રહેલાં એનાં વૃદ્ધ માબાપ કે એવી કોઇ વ્યક્તિને મોકલી દેતો હશે? કે પછી કંઇ બીજી લત લાગી હશે? હવે પછી જો એ પૈસા માગે તો પૂછી લેવું એવું મેં મનોમન નક્કી કરી લીધું.

ચોથી વખત નાયરે પૈસા માંગ્યા ત્યારે મેં એને રોક્યો. પૂછ્યું, 'અલ્યા નાયર! હવે મને તારા પર શંકા જાય છે. તું તારા પૈસાનું કરે છે શું? તારાં માતાપિતાને મોકલી દે છે? કે પછી બીજું કંઇ?'

નાયર થોડી વાર ચૂપ થઇ ગયો. પછી કહે, 'નહીં સાહેબ! ઐસા કુછ નહીં હૈ! મેં તો બચપન સે હી અકેલા હી હૂં.'

'તો પછી એલા તારા બધા પૈસા જાય છે ક્યાં? કંઇ જુગારની લતે તો નથી ચડી ગયો ને?' આજે નાયર પાસેથી રહસ્ય જાણ્યા વિના એને જવા દેવાની મને બિલકુલ ઇચ્છા નહોતી.

છેલ્લા સવાલથી નાયર એકદમ ગંભીર થઇ ગયો. એણે ખિસ્સામાંથી એક ડાયરી કાઢી. પછી મારી સામે એ લંબાવીને કહે કે, 'દેખિયે સાહબ! આપ ખુદ હી દેખ લિજિયે!'

મેં ઉત્સુકતાથી ડાયરીનાં પાનાં ફેરવવાનું શરૂ કર્યું.

પાના નંબર એક : ફલાણા ડોક્ટરના ૧,૮૦૦ રૂપિયા લેવાના બાકી

પાના નંબર બે : ઢીંકણા ડોક્ટરના ૨,૦૦૦ રૂપિયા લેવાના બાકી!

પાનાં ફરતાં ગયાં. બાકી રકમનો આંકડો મોટો ને મોટો થતો ચાલ્યો. મેં અર્ધી ડાયરીના પાનાં ફેરવ્યાં ત્યાં સુધીમાં આ આંકડો દસ હજાર રૂપિયા વટાવી ગયો. (આ વાત ૧૯૮૩ના વરસની છે. જ્યારે મારો પગાર ફક્ત ૭૫૦/- સાતસો પચાસ રૂપિયા મહિને હતો.) મને અત્યંત નવાઇ લાગી. મારાથી પુછાઇ ગયું કે, 'અરે નાયર! તેં બધા પાસે જો આટલા બધા પૈસા બાકી રાખ્યા હોય તો તારી જરૂરિયાત વખતે માંગતો કેમ નથી? આમાંથી બે જ જણ પાસેથી તું અત્યારે અર્ધા પૈસા લઇ આવીશ તોપણ તારે એક મહિનો વાંધો નહીં આવે!'

નાયર થોડી વાર ચૂપ ઊભો રહ્યો. પછી કહે કે, 'ઇસ મેં જો નામ લિખ્ખેં હૈં, મેં ઉન સબકે પાસ ગયા થા. મગર કીસીને દિયે હી નહીં.' એટલું કહી એ નીચું જોઇને ઊભો રહી ગયો.

મેં એને ખાંડ-ચા લાવવાના દસ રૂપિયા આપ્યા. પોતાના હક્કના હજારો રૂપિયા બોલતા હોય તો પણ દસ રૂપિયા બીજા પાસેથી માગતા એને ખૂબ દુઃખ થતું જ હશે એવું એના હાવભાવ પરથી લાગતું હતું. નવાઇની વાત એ હતી કે જેમની પાસે નાયરના પૈસા બાકી હતા એ બધા ડોક્ટર્સ સ્કૂટરના પેટ્રોલના, સિનેમાની ટિકિટના કે પોસ્ટલ ચાર્જીસના પૈસા આરામથી ખર્ચી શકતા હતા. ફક્ત નાયરના પૈસા ચૂકવવા માટે જ એમની પાસે પૈસા નહોતા.

બીજા દિવસે સવારે જે ડોક્ટર પાસે નાયર સૌથી વધારે પૈસા માગતો હતો તેણે નાયર સાથે ચા મોડી આપવા બદલ ઝઘડો કર્યો. હું પણ એ વખતે કેન્ટીનમાં જ બેઠો હતો. મારાથી રહેવાયું નહીં. એ ડૉક્ટર ગયા પછી મેં નાયરને કહ્યું, 'નાયર! તું શું કરવા ચૂપ રહ્યો? કહી દેવું હતું ને કે લાવો ૨૦૦૦ રૂપિયા. પૈસા દેવામાં ઉતાવળ રાખતા હો તો તમારો ઓર્ડર પૂરો કરવાની અમને પણ ઉતાવળ રહે!'

'નહીં સાબ!' ગંભીરતાપૂર્વક વિચારીને નાયર બોલ્યો, 'બુરા તો હમે ભી બહોત લગા થા સાબ! લેકિન અગર મૈં ભી ઐસે હી ચિલ્લાતા તો ઉનમેં ઔર મુજ મેં ફર્ક હી ક્યા રહ જાતા? ઔર ઇતની છોટીસી બાત કિતની બઢ જાતી? ઔર સાબ, ઇજ્જત પાને મેં પૂરી જિંદગી ખર્ચ હો જાતી હૈં, લેકિન ગઁવાને કે લિયે સિર્ફ પાંચ મિનિટ હી કાફી હૈ! હમારે બુઝુર્ગોને તો હમેં ઐસા હી સિખાયા હૈ ઔર રહી બાત પૈસોં કી, તો વો અગર મેરે નસીબ મેં હોગે તો મિલ હી જાયેંગે! મગર મૈં ઉનકે જીતના બુરા બર્તાવ નહીં કર સકતા. કભી જરૂરત પડી તો આપ હૈ ના!' કહી એ હસી પડ્યો. આટલું બધું અપમાન ગળીને કેટલા ઓછા સમયમાં એ હસી શકતો હતો એ વાતનું મને આશ્ચર્ય થયું. હસતો હસતો એક હાથે લુંગી પકડીને એ ચાનાં વાસણો ધોવા જતો રહ્યો. એ વખતે નાયર મને જમાનાના જાણકાર કોઇ વડીલ અને સંત-જ્ઞાની જેટલો ઊંચો લાગ્યો. ભલે બધા એને તું કહીને બોલાવતા હોય પણ એ બધા કરતાં પણ એક મુઠ્ઠી ઊંચો હતો એ વગર બોલ્યે પણ એ સાબિત કરી રહ્યો હતો.

હું એને જતો જોઇ રહ્યો. ભણતર સંસ્કાર શીખવતું નથી એ વાત પર એ મહોર મારીને જતો હતો. 'ઇજ્જત કમાને મેં પૂરી જિંદગી લગ જાતી હૈ, લેકિન ગંવાને મેં સિર્ફ પાંચ હી મિનિટ!' એનાં એ વાક્યો મારા મનમાં તામ્રપત્ર પરના શબ્દોની માફક કોતરાઇ ગયાં હતાં.

ત્યારબાદ ક્યારેય નાયરને મારી પાસેથી સામેથી પૈસા નથી માગવા પડ્યા. જ્યારે જ્યારે હું કેન્ટીન જતો ત્યારે કોઇ ન હોય ત્યારે હું જ નાયરને પૂછતો કે, 'ક્યોં નાયર! કુછ કામ હૈ ક્યા?!'

***લેખકના પુસ્તક "સાઇલન્સ પ્લીઝ!"માંથી સાભાર***

# ઝિંદાદિલી......

## (જેઓ મુશ્કેલીઓ વચ્ચે પણ અડગ છે.)

• પ્રભુલાલ સંઘવી •

જીવનમાં મુસીબતો આવે પણ જેનું મનોબળ ભાંગે નહિ, એક સમસ્યામાંથી માંડ બહાર નીકળે ત્યાં બીજી સમસ્યા ઊભી રહે તો પણ ડગે નહિ અને કંટકભર્યા પથમાંથી પણ જે આગળ વધે અને પડકારોનો આનંદ ઉઠાવે એને કહેવાય ઝિંદાદિલી. બેશક મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓ વચ્ચે પણ જુસ્સો કાયમ રાખવો અઘરો છે. પણ અશક્ય નથી. આવો મળીએ એવા વીરલાઓને.

૧. અમેરિકાના પ્રમુખ અને મહાન નેતા **અબ્રાહમ લિંકન** પાસે જ્યારે કોઇ વ્યક્તિ પોતાના દુઃખના રોદણા લઇને આવતી ત્યારે લિંકન કઇ બોલતા નહિ અને પોતાના કબાટમાંથી એક સૂચિ કાઢીને એ વ્યક્તિને આપી દેતા. શું હતું એ સૂચિમાં? એ લિસ્ટ હતું અબ્રાહમની નિષ્ફળતાઓનું. અને એક નહીં પણ શ્રેણીબંધ નાકામિયાબીઓનું.

- ★ ઇ.સ. ૧૮૩૧માં વેપારમાં નિષ્ફળતા મળી.
- ★ રાજકારણમાં પ્રવેશ થયો પણ ૧૮૩૨માં વિધાનસભા ચૂંટણીમાં પરાજય મળ્યો.
- ★ ફરી વેપાર તરફ વળ્યા તેમા નાકામિયાબી હાથ લાગી.
- ★ ૧૮૩૪માં વિધાનસભામાં ચુંટાયા પણ થોડા સમયમાં પ્રેમિકાના નિધનનો ગમ ઘેરી વળ્યો.
- ★ ૧૮૩૬માં સખત બીમાર પડ્યા.
- ★ ૧૮૩૮માં સ્પીકરની ચૂંટણીમાં હાર મળી.
- ★ ૧૮૪૩ થી ૧૮૪૮ સુધી કોંગ્રેસની ચૂંટણીમાં હારની હેટ્રિક કરી. પછી સેનેટ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં પણ નિષ્ફળતા મળી.
- ★ અંતે ૧૮૬૦માં અમેરિકાના પ્રમુખ બન્યા.

*બોલો લિંકન નિષ્ફળતાથી ડગી ગયા હોત તો?*

૨. હવે વાત કરીએ **સ્ટીફન હોકિંગની.** એ મહાન ખગોળ વિજ્ઞાની છે અને પદાર્થ વિજ્ઞાનનો જ્ઞાની છે. ચંદ્ર પર વસવાટના રિહર્સલરૂપે બે વર્ષ પૂર્વે ઝીરો ગ્રેવિટી નામની 'અવકાશ પ્રવાસન' કંપનીના અવકાશયાનમાં ૩૨,૦૦૦ ફૂટની યાત્રા કરી આવ્યા છે. અમેરિકાનો સર્વોચ્ચ પ્રેસિડેન્શિયલ ફ્રીડમ એવૉર્ડ વિજેતા હોકિંગ તદ્દન અપાહીજ હાલતમાં છે અને વાચા પણ બંધ છે. હા, ૨૧ વર્ષની વયે જ હોકિંગને મોરર ન્યુરોન નામની કરોડરજ્જુ સ્નાયુ અને જ્ઞાનતંતુ પર વિપરીત અસર કરતી બીમારીએ હુમલો કર્યો. આ ખતરનાક બીમારીનું નિદાન કરનારા તબીબોએ તો કહી પણ દીધું કે સ્ટીફન બે-ચાર વર્ષ માંડ કાઢશે. પણ હોકિંગે આ ડોક્ટરોને ખોટા સાબિત કરી દીધા. આજે ભલે તે વ્હીલચેરમાં જીવે છે પણ તે જીવનનો આનંદ ઉઠાવે છે અને મગજની ગતિ તો એવી કે ભલભલા ચકરી ખાઇ જાય. વ્હીલચેરમાં બેસીને જ બ્રહ્માંડના સતત વિસ્તરણની જટિલ થીયરી તેણે જગત સમક્ષ રજૂ કરી હતી. તેની બ્લેકહૉલની થીયરીએ પણ માનવજાતને ચકરાવે ચડાવી દીધી. પેરેલાઇઝ્ડ હાલતમાં તે જેનવાઇલ્ડને પરણ્યો હતો અને હાલ તે બ્રહ્માંડની ઉત્પત્તિમાં ઈશ્વરની કોઈ ભૂમિકા નથી એવા વિવાદાસ્પદ નિવેદન બદલ ચર્ચામાં છે.

આ સૂચિમાં ઘણા નામો ઉમેરી શકાય એમ છે.

૩. પવનઊર્જાના ઉદ્યોગમાં માત્ર ભારત નહીં પણ વિશ્વસ્તરે દબદબો ધરાવતા અને કચ્છમાં પણ જેમનું ઉદ્યોગગૃહ કાર્યરત છે તે **સુઝલોન એનર્જીના તુલસી તંતી**નો કિસ્સો પણ કંઇક આવો જ છે. આ સાહસિક ઉદ્યોગપતિને અગાઉ સોળ ધંધામાં સફળતા મળી ન હતી. પણ તેઓ હિંમત હાર્યા નહીં. સોળમો ધંધો કાપડની મિલનો હતો અને અવારનવાર સર્જાતા વીજવિક્ષેપના અંધકારમાં જ તેમને વિન્ડ ઍનર્જીના વ્યવસાયનો પ્રકાશ દેખાયો અને આજે તો તેઓ પવન ઊર્જાના બાદશાહ બની ગયા.

૪. આમ તો બોલીવુડના મહાનાયક **અમિતાભ બચ્ચન**નો કેસ પણ અહીં ટાંકવા જેવો છે. ના, આ વાત ઝંઝીર ફિલ્મ પૂર્વેના તેમના સંઘર્ષની નથી. બેશક એ પહેલાં તેમણે સંઘર્ષ તો કર્યો જ હતો પણ અહીં વાત છે ૧૯૯૫ બાદના, તેમના ત્યારના નિષ્ફળતાના દોરની. ૧૯૯૬માં બિગ-બી એ મોટે ઉપાડે પોતાની કંપની એ.બી.સી.એલ.ને લૉન્ચ કરી અને બીજા જ વર્ષે 'મૃત્યુદાતા' ફિલ્મ સાથે પાંચ વર્ષના સંન્યાસ બાદ હિંદી ફિલ્મોમાં પુનરાગમન કર્યું. પણ ભૂતકાળમાં અનેક ફિલ્મોમાં યાદગાર અભિનય આપનાર અને લોકપ્રિયતાના સીમાડા ઓળંગનાર બિગ-બીના એકેય પાસાં પોબારા પડ્યા નહીં. એબીસીએલની એક પછી એક ફિલ્મો ફ્લોપ રહી અને કંપની જાણે ફડચામાં ગઇ હોય એવી હાલત થઇ. એટલું ઓછું હોય એમ પોતાનીય મૃત્યુદાતા, મેજરસાબ, હિંદુસ્તાન કી કસમ, કોહરામ, લાલ બાદશાહ સહિતની મોટાભાગની ફિલ્મોએ બોક્ષ ઓફિસ પર ધબડકો કર્યો. પણ પચાસની વય વટાવી ગયેલા અમિતાભ હિંમત હાર્યા નહીં. અને સંઘર્ષ ચાલુ રાખ્યો. ૨૦૦૦ની સાલમાં સમય પલટાયો અને એક તરફ કૌન બનેગા કરોડપતિએ જબ્બર સફળતા અપાવી. તો બીજી બાજુ 'મહોબ્બતે' ફિલ્મ સાથે બીગ બી એ રૂપેરી પરદે નવી ધમાકેદાર ઇનિંગ્સની શરૂઆત કરી.

***જીવનમાં આવતી અનેક વિટંબણાઓ અને ઝંઝાવાતોમાંથી માર્ગ કરી આગળ વધે અને તેમાંથી પણ આનંદ મેળવી શકે તેવા ઝિંદાદિલ માનવીઓના જીવનમાંથી યુવા પેઢીએ શીખ લેવી જોઇએ.***

*૧૦૦૩, અલકનંદા, નીલકંઠ વેલી, રાજાવાડી,*
*ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો. ૦૯૮૨૦૦ ૩૭૪૭૬*

*સફળતા પ્રાપ્ત કરવા માટે યોગ્ય આયોજન કરવું જરૂરી છે.*

# છત્તીસગઢ સાથે ગુજરાતની સરખામણી

• અમૃતલાલ નાનજી માલદે •

ગાંધીનગર ખાતે નવા બંધાયેલા ગાંધી મંદિરના વિશાળ સભાગૃહમાં વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં ૨૦ લાખ કરોડના ગુજરાતમાં થનારા મૂડી રોકાણના એમ.ઓ.યુ. થયાને ૨ મહિના થવા આવ્યા. પરંતુ તટસ્થ ભાવે વિચારતા શું આવા મૂડીરોકાણ માત્રથી ગુજરાતનો સાર્વત્રિક વિકાસ થઇ જશે ખરો?

આવા મૂડી રોકાણમાં ભારતના બધાં રાજયોમાં છત્તીસગઢ પ્રથમ ક્રમે મૂકાયું છે. ૨૦૦૯-૧૦ના જીડીપીના વાર્ષિક વિકાસદરની જે માહિતી પ્રસિદ્ધ થઇ છે એ મુજબ છત્તીસગઢનો વિકાસ દર એ વરસમાં અંદાજે સાડા અગિયાર ટકા હતો. માત્ર બે કરોડ આઠ લાખની જનસંખ્યા ધરાવતા એના સોળ જિલ્લામાંથી રાયપુર, દુર્ગ, કોબા, બિલાસપુર, રાયગઢ અને જાન્જગીર ચામ્પામાં જે ઉદ્યોગો સ્થાપ્યા છે અને બીજાનો નિર્ણય લેવાયો છે, એ સાકાર થતા છત્તીસગઢ થર્મલ વીજળી, સિમેન્ટ અને સ્પોન્જ લોખંડના ઉત્પાદનનું ભારતનું સૌથી મોટું ઉત્પાદક બનવાનું છે.

પણ આની સાથોસાથ ગરીબીની રેખા નીચેના કુટુંબોની સંખ્યા વધીને બમણી થઇ ગઇ છે. કારણ આ ઝડપી ઔદ્યોગિકીકરણ ખેતી હેઠળની જમીન, જંગલ અને આદિવાસી વસતિના ભોગે થઇ રહ્યું છે. ૮૧% ગામડાંને પીવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવાનું બાકી છે. પ્રસૂતિ સમયે મૃત્યુ પામતી મહિલાઓની સંખ્યા એક લાખ જન્મદીઠ ૩૩૫ જેટલી છે.

જેમ ઝડપી વધતા ઉદ્યોગોને કારણે ગુજરાતમાં નર્મદા યોજનામાં ખેતી માટે તૈયાર કરેલું પાણી ઉદ્યોગોને પાણીના ભાવે અપાઇ રહ્યું છે, એમ જ, બલકે એનાથી પણ આગળ વધીને દુર્ગ જિલ્લામાં ઉદ્યોગોને આખેઆખી શેઓનાથ નદી બાવીસ વરસના પટ્ટે એક રૂપિયાના ભાડે આપી દેવાઇ છે.

આવતા વરસોમાં આવનારા સેંકડો મોટા ઉદ્યોગો પ્રકલ્પોને પાણી ક્યાંથી મળશે એનો કોઇ જવાબ આપી શકતું નથી. **આવા વિકાસમાંથી છત્તીસગઢમાં માઓવાદી થાણાનો જન્મ થયો છે.** ગુજરાતમાં થયેલા ૨૦ લાખ કરોડના એમ.ઓ.યુ.માં ખેતીવિકાસ માટેના ખેતી આધારિત ઉદ્યોગના એમ.ઓ.યુ. માત્ર રૂા. પચ્ચીસ હજાર કરોડના થયા છે. જે કુલ થનારા રોકાણનો એક ટકો પણ નથી. આની સામે રિયલ એસ્ટેટમાં સવા બે લાખ કરોડના એમ.ઓ.યુ. થયા.

ગરીબ પાસેથી લઇને અમીરને આપવાની વિકાસ ઢબ ગમે તેટલી રૂપાળી હોય પણ એમાં ગરીબને ઝાઝું સ્થાન નથી. આમાં જમીનના માલિક ખેડૂતને મજૂર બનવાનો વારો આવશે.

*પૂરક માહિતી : 'દિવ્ય ભાસ્કર'*

*પ્રેષક : અમૃતલાલ નાનજી માલદે (દહીંસર - ભુજપુર)*

## ઘડપણમાં યાદ નથી રહેતું....

(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)

એક તરકીબ શોધી. સાઇકલની ચાવી પર રબરબેન્ડ વિંટાળી રાખું. સાંજે સાઇકલનું તાળું ખોલતી વેળા ચાવી પરનું રબરબેન્ડ યાદ અપાવે કે ફ્લોરમિલમાં દળણાની થેલી તમારી રાહ જુએ છે. એ તરકીબ લગભગ કામિયાબ નીવડી હતી. પણ એમાંય એક દિવસ મોંઘીમાસી જેવી ઘટના બની. રબરબેન્ડ જોયું પણ યાદ ન આવ્યું કે ઘરે શું મંગાવ્યું હતું? (ઘરે ફોન કરીને પૂછી શકાય એવું નહોતું. કેમકે ત્યારે ઘરે ફોન પણ નહોતો. મોબાઇલ પણ છેક હમણાં ચાલુ થયા...) વાતનું વિષયાંતર થોડું વધી ગયું નહીં...? વૃદ્ધાવસ્થાની એ પણ એક મુશ્કેલી છે. માણસ કંઇક વાત કરવા બેસે અને એવો આડે પાટે ચઢી જાય કે મૂળ વાત રહી જાય. *('કોઇએ અમસ્તુ જ પૂછ્યું કેમ છો..? એને આખી કહાણી સુણાવી દીધી....!')*

ખેર, વિસ્મૃતિ વિશ્વવ્યાપક રોગ છે. જ્યાં સુધી મેડિકલ સાયન્સ તેનો કોઇ ઉપાય શોધી ન કાઢે ત્યાં સુધી ભૂલકણાઓ જોડે સમજદારી અને સહાનુભૂતિપૂર્વક કામ પાર પાડતા રહીએ.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫.*

## ઉદારતા એ સૌજન્ય

ગુજરાત ધારાસભાની એક ચૂંટણીમાં વલ્લભીપુરના ઠાકોર સાહેબ પ્રવીણચંદ્રસિંહ ઉમેદવાર તરીકે ઊભા હતા. તેમની સામે કોંગ્રેસના ઉમેદવાર તરીકે પાળિયાદના જૈન ગૃહસ્થ કાંતિલાલ શાહ ઊભા હતા. કાંતિલાલ શાહનું ચૂંટણીના સમય દરમ્યાન દરરોજ ભોજન ઠાકોર સાહેબના રસોડે જ લેવાનું. ઠાકોર સાહેબ ક્યારેક ગેરહાજર હોય તો રાણી સાહેબ તેમને બોલાવીને જમવા બેસાડતા.

ચૂંટણીનું પરિણામ આવતાં ઠાકર સાહેબ ચૂંટાઇ આવ્યા. ઠાકર સાહેબનું વિજય સરઘસ એટલા માટે થોડો સમય અટકાવી રાખવામાં આવ્યું કે કાંતિલાલભાઇ સમયસર પહોંચી શક્યા નહીં. કાંતિલાલભાઇ આવી ગયા અને સરઘસમાં જોડાયા પછી વિજય સરઘસ કાઢવામાં આવ્યું.

*– ડો. ગંભીરસિંહ ગોહિલ*
*'પ્રબુદ્ધ જીવન' ફેબ્રુઆરી-૨૦૧૧માંથી*

આજના રાજકારણમાં સ્વપ્નમાં પણ આવું બની શકે? આટલી ઉદારતા અને સૌજન્ય હવે રાજકારણીઓમાં કલ્પી પણ ન શકાય.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*નાશવંતની ચાહના છોડવાથી અવિનાશી તત્ત્વની પ્રાપ્તિ થાય છે.*

# "શું એ યોગ્ય હતું? શું આ યોગ્ય છે?"

• નવીન જે. લાલકા •

ઘણી વખત આપણે રોજિંદા જીવનક્રમમાં કાંઇક એવું કરી નાખીએ છીએ, જે સારું છે કે ખરાબ, યોગ્ય છે કે અયોગ્ય તેની સમજ આપણને જે-તે ક્ષણે નથી થતી. પણ જો ક્યારેક નિરાંતની પળોમાં આપણે એ ઘટેલી ઘટનાઓને યાદ કરીએ ત્યારે આપણા મનમાં એ સવાલ અવશ્ય આવશે કે શું એ યોગ્ય હતું? આજે એવી કેટલીક ઘટનાઓ કે જે જોયેલી-જાણેલી કે અનુભવેલી છે તેનો ઉલ્લેખ કરવા જઇ રહ્યો છું. શક્ય છે કે આપના જીવનમાં પણ આવી કોઇક ઘટના ઘટી હશે, કોઇક એવી આવેશાત્મક ક્ષણ આવી હશે, યાદ કરજો અને વિચારવા જેવું લાગે તો વિચારજો અને કરેલ ભૂલ ફરીવાર ન થાય તેનું ધ્યાન રાખશો.

★ નાનપણમાં કોઇ હરીફાઇ કે રમતગમતમાં હારી જઇશ એવી બીકને કારણે અંચઇ (cheating) કરીને જીત મેળવી, શું એ યોગ્ય હતું?

★ આખું વર્ષ અભ્યાસમાં ધ્યાન ન આપ્યું, પરીક્ષામાં થવાશે નાપાસ, તેવી બીકે પરીક્ષાની આગલી રાત્રે કાપલીઓ તૈયાર કરીને પરીક્ષા દરમિયાન ચોરી કરીને પાસ થવા માટેનો મારો/તમારો એ અભિગમ શું યોગ્ય હતો? કે શું યોગ્ય છે?

★ કૉલેજમાં Extra classes છે તેવું કાઢ્યું બહાનું વડીલો પાસે, ને કૉલેજમાંથી ગુટલી મારી મિત્રો સાથે જઇને પિક્ચર જોયું. વડીલોના વિશ્વાસને આ રીતે ભંગ કરવો શું યોગ્ય છે?

★ વિદ્યાર્થી દ્વારા પૂછાયેલા અટપટા/અઘરા સવાલનો જવાબ ન આવડતા શિક્ષકે તેને અષ્ટમ-પષ્ટમ સમજાવીને કે ડરાવી-ધમકાવીને બેસાડી દીધો. શિક્ષકનો એ અભિગમ શું યોગ્ય હતો?

★ લાગવગ લગાડી સરકારી નોકરી મેળવી. કામચોરી કરીને પેટ ભરીને લીધી લાંચરુશવત, બાંધ્યા બંગલા, ને ખરીદી મોંઘી કાર અને મોજશોખનાં સાધનો અપાર. સરકારી કર્મચારીનો આવો અભિગમ શું યોગ્ય છે?

★ વેપાર-ધંધામાં કરી બેઇમાની. ક્યારેક ઓછું તોલ તો ક્યારેક હલકો માલ ને ઊંચા દામ, પેટ્રોલ-ડીઝલમાં કરી કેરોસીનની મિલાવટ ને કરોડો કમાયા. ને પછી મન મનાવવા ને લોકોમાં વાહ વાહ કરાવવા દીધા હજારોના દાન. શું આ યોગ્ય છે?

★ પોલીસ-વકીલ કે ન્યાયાધીશ બનીને બન્યા કાયદાના કહેવાતા રખેવાળ. સાચાને ખોટા, ને ખોટાને સાચા ઠરાવ્યા. નિર્દોષને આપી સજા ને કસુરવાર પાસેથી લીધી લાંચ. ગરીબ માટે દુશ્કર ન્યાય તે તવંગર પાસે પટાવે પૂંછ જાણે પાલતું શ્વાન. બાંધ્યો છે પાટો ન્યાયની દેવીની આંખે. ખોટું બોલાય છે ને ખોટું થાય છે ગીતા-કુરાનની સાખે. શું આ યોગ્ય છે?

★ ભણીગણીને ડોક્ટર થયા. સેવાનો ભેખ અપનાવ્યો, પણ પૈસાની લાલચને ન રોકી શક્યો. "પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ" એ સૂત્રને જીવનમંત્ર બનાવ્યો. કોઇ ગરીબ પરિવારના મોભી કે કોઇ વિધવાના એકમાત્ર સહારારૂપ પુત્રની સારવાર/ઑપરેશન પૈસાના કારણે ન કરીને તેમના સહારાને છીનવી લીધો. બોલો ડોક્ટર સાહેબ, તમારો આવો અભિગમ શું યોગ્ય છે?

★ સેવાકીય સંસ્થામાં લોકોની સવલત માટે કરાયેલા વધારાના બાંધકામ માત્ર ને માત્ર પોતાના અહંમને સંતોષવા ખાતર તોડફોડ કરાવી. આત્મસંતોષ પામવાની આ ઘેલછા શું યોગ્ય છે?

★ દેખાદેખી ને હુંસાતુંશીની ઘેલછામાં દીકરા/દીકરીના લગ્નમાં કર્યા ખર્ચ અપાર, ને દેવાના બોજ તળે થયો દુ:ખી માનવી. ખોટી વાહ વાહ માટે આ રીત શું યોગ્ય છે?

★ અપાર દુ:ખ-કષ્ટ સહન કરીને જેમણે તમને ભણાવ્યા-ગણાવ્યા. કાંઇક બનવાને કાબિલ બનાવ્યા તે મા-બાપને તમે ઘરડાઘર કે આશ્રમના દ્વાર બતાવ્યા. યુવાનોનો આ અભિગમ યોગ્ય છે? કે પછી પોતાના ભવિષ્યનો નક્શો પોતાની જાતે તૈયાર કરવાની ગણતરી છે? (યુવાનો જરૂર વિચારજો)

વિવિધ ક્ષેત્રની બાબતે યોગ્ય-અયોગ્ય વિશેની ટકોર કરી પણ રાજકરણ વિશે નહીં કારણ કે રાજકારણીઓની નથી કોઇ નાતજાત, નથી તેમને કોઇ શરમ. તેમના વિશે કોઇ ટકોર ન લખીને મારો તમારો સમય (લખવા ને વાંચવા માટે) બચાવવાનો મારો આ અભિગમ શું સાચો છે?

*૨૩૧/૨૭૬૬, સત્યમ એપાર્ટમેન્ટ,*
*સોલા રોડ, નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.*
*મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧*

*"તમે જો દસ વર્ષ મહેનત કરો તો કદાચ તમે તમારી જાતને ખુશ કરી શકો. વીસ વર્ષ મહેનત પછી કદાચ તમે પરફોર્મિંગ આર્ટિસ્ટ બની શ્રોતાઓને ખુશ કરી શકો.*

*ત્રીસ વર્ષ મહેનત કરો તો કદાચ તમે તમારા ગુરુને રીઝવી શકો.*

*પરંતુ જો તમે એક ખરા કલાકાર બનવા માંગતા હો તો તેનાથી ઘણા વધારે વર્ષો સુધી મહેનત કરવી પડે. તે પછી તમે કદાચ ભગવાનને રીઝવી શકો"*

*ઉસ્તાદ સ્વ. અલી અકબર ખાં*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*જે વ્યક્તિ ધૈર્યની સાથે પોતાની ટીકા સાંભળી લે છે, તે સમગ્ર વિશ્વને જીતી શકે છે.*

# જીવનને પૂરેપૂરી રીતે માણતાં શીખો

• પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ •

*"દુનિયા જિસે કહતે હૈ, જાદુ કા ખિલૌના હૈ,*
*મિલ જાય તો મિટ્ટી હૈ, ખો જાય તો સોના."*

આપણા સૌના જીવનની આ વાત છે. જે વસ્તુને આપણે રાત-દિવસ ઝંખતા હોઇએ છીએ, જેને પામવા માટે આપણે આકાશ-પાતાળ એક કરતા હોઇએ છીએ, તે વસ્તુ એકવાર મળી ગયા પછી આપણે મન એનું કોઇ મૂલ્ય રહેતું નથી. એ વસ્તુ જ્યાં સુધી મળતી નથી અથવા તો મળ્યા પછી ખોવાઇ જાય છે ત્યારે એનું સાચું મૂલ્ય આપણે સમજી શકતા હોઇએ છીએ. પરંતુ વિધિની વિચિત્રતા એ છે કે, ગમે તેટલી મોટી કિંમત ચૂકવવા છતાં આપણે તેને ફરીથી મેળવી શકતા નથી. એટલા માટે જ અહીં દુનિયાને એક જાદુઇ રમકડાની સાથે સરખાવવામાં આવી છે. વસ્તુ મળી જતી હોય છે તો એનું મૂલ્ય માટી સમાન બની જતું હોય છે અને ખોવાઇ જાય તો એનું મૂલ્ય સોના જેવું થઇ જતું હોય છે.

આપણા સૌના જીવનની આ એક મોટામાં મોટી કરુણ કહાની છે. એને આપણે નસીબના ખેલ પણ કહી શકીએ. જે વસ્તુની આપણે હૃદયપૂર્વક ઇચ્છા કરી હોય તે જીવનમાં જલદીથી મળતી હોતી નથી. પરંતુ જ્યારે તે મળી જાય છે ત્યારે આપણે મન એનું કોઇ મૂલ્ય રહેતું નથી. એટલા માટે જ આપણને સૌને જે કંઇ સહજ રીતે પ્રાપ્ત થયેલું છે તેનું સાચું મૂલ્ય સમજીને આપણે જીવતા શીખવું પડશે.

અત્યારે અને આ ક્ષણે આપણને જે સુખ-શાંતિ સહજ રીતે મળેલા છે તો પણ તે ખપતાં નથી અને તે જ વસ્તુ ભવિષ્યમાં આપણને મળશે એવાં સ્વપ્નાં આપણે જોતાં હોઇએ છીએ. જે આનંદ આજે આપણને ઉપલબ્ધ છે તે આપણને જોઇતો નથી, પરંતુ ભવિષ્યમાં તે મળશે એમ માની તેને શોધવા માટે કસ્તુરી મૃગની જેમ આકુળ-વ્યાકુળ થઇ આપણે આમતેમ ફરતાં હોઇએ છીએ અને છતાં તેને પામી શકતા નથી.

આ સંદર્ભમાં ખૂબ સરસ મજાની વાત કરતાં એક શાયરે કહ્યું છે કે, "હોય તે દેખાય નહીં, ના હોય તે દેખાય છે, આ જિંદગી એટલે જ માયાજાળ કહેવાય છે." અહીં જિંદગીને એક માયાજાળ સાથે સરખાવવામાં આવી છે. જે આપણી પાસે છે તે આપણને દેખાતું નથી અને જે નથી તે દેખાતું હોય છે. સંસારની આ માયાજાળમાં એટલા માટે જ આપણે અટવાયા કરતાં હોઇએ છીએ. આ વાતને ઉપરના મુક્તકમાં "જાદુ કા ખિલૌના" કહી તેની સાથે સરખાવવામાં આવે છે. બંનેમાં કહેવાની વાત તો એક જ છે કે, આજે અને આ ક્ષણે આપણને જે સુખ-શાંતિ ઉપલબ્ધ છે તેનું સાચું મૂલ્ય સમજી, તેને સોના કરતાં પણ વધુ અધિક માની જીવનને પૂરેપૂરી રીતે માણતાં શીખીએ. જીવન જીવવાની આ એક મોટામાં મોટી કળા છે.

**સાભાર : "પરિત્રાણ"**
**પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)**

## સ્મોકી માઉન્ટન

મારે મનીલા (ફિલીપાઈન્સ)ની વિખ્યાત ઝૂંપડપટ્ટી જોવી હતી. આઠ નવ માળના મકાન જેટલી ઊંચી ટેકરી પર મનીલા મહાનગરનો કચરો સતત ઠલવાતો રહે છે. મનીલાના એ વિરાટ ઉકરડા પાસેની ૬૦ હેક્ટર જમીન પર ત્રણેક હજાર કુટુંબોની લગભગ ૧૮ હજારની વસતિ કચરો ખાય, કચરો શ્વસે, કચરામય જીવન જીવે એવી પરિસ્થિતિ હતી. મનીલાનો એ ઉકરડો જોવા વિદેશી પ્રવાસીઓ જાય છે. કચરો સળગે તેનો દૂરથી ધુમાડો દેખાયા કરે તેથી એ ટેકરીનું નામ પડ્યું 'સ્મોકી માઉન્ટન.'

અહીં રહેતી વસતિ કચરાપેટી પર ગુજરાન ચલાવે છે. 'નરક'ની વ્યાખ્યા જાણવી હોય તો આ 'સ્મોકી માઉન્ટન'ની મુલાકાત લેવી. કચરાની ટ્રક આવે એટલે અહીંના ગરીબો આસપાસ વિંટળાઈ વળે. નરકના ચૂંથણા માટે પડાપડી, ગાળાગાળી, મારામારી અને હુંસાતુંસી થઈ જાય. ધાતુના કટકા, શીશીઓ, પ્લાસ્ટિકના ટુકડાઓ માટે સ્ત્રીઓ, પુરુષો અને બાળકો વચ્ચે ઝૂંટાઝૂંટ ચાલે. ભૂખ્યા બાળકો ગંદવાડામાંથી મળેલી વાનગીઓ હોંશેહોંશે ખાય. ક્યારેક દોડતી ટ્રક કે ધસમસતા બુલડોઝર નીચે બાળક કચડાઈ પણ જાય. આ બાળકો કદી નિશાળે જાય એ સાવ અસંભવ.

નૈરોબી શિક્ષણ પરિષદમાં ફિલીપાઈન્સની મિસ એલિઝાબેથે ચોક પેપર 'સ્મોકી માઉન્ટેન' પર રજૂ કરેલું. ત્યાંના બાળકોનો સર્વે રિપોર્ટ સાંભળો :

*પ્રશ્ન :* આપણને ભગવાને હાથ શા માટે આપ્યા છે?

*જવાબ :* કચરો એકઠો કરવા માટે, પૈસા પકડવા માટે, ખાવા માટે.

*પ્રશ્ન :* પગ શા માટે આપવામાં આવ્યા છે?

*જવાબ :* ટ્રકની પાછળ દોડીને કચરો ભેગો કરવા માટે.

*પ્રશ્ન :* કાન શા માટે આપવામાં આવ્યા છે?

*જવાબ :* રડવાના, ગાળાગાળીના, તિરસ્કારના શબ્દો સાંભળવા માટે.

ફિલીપાઈન્સ જેવા ગરીબ દેશને માર્કોસ જેવા સરમુખત્યારે વર્ષો સુધી ચૂસ્યે રાખ્યો. માર્કોસની પત્ની તો વળી એથી પણ ચાર આંગળ ચડે એવી નીકળી. આ બંનેનો રાક્ષસી અત્યાચાર વર્ષો સુધી ચાલતો રહ્યો.

**- ગુણવંત શાહ**
**'નવનીત સમર્પણ' જાન્યુ. ૨૦૧૦માંથી**

*ઘણા મિત્રો સવાલ પૂછે છે કે 'ક્યાં છે ગરીબાઈ? દેખાય છે ક્યાંય ગરીબી?' તો મિત્રો, દુનિયામાં નરકને પણ સારી કહેવડાવે એવી જગ્યા એક નહીં પણ અનેક છે. અરધી દુનિયા ગરીબાઈથી ગ્રસ્ત છે.*

**શાંતિલાલ સંઘવી - અમદાવાદ**

વિચાર વિમર્શ

# કભી....ઐસા ભી હોતા હૈ?

• વિજય શાહ •

એકવાર નરેન્દ્રભાઇ અનંતભાઇ સાથે તળાવ સુધારણાના કામો જોવા નીકળ્યા.

અગાઉના જમાનામાં રાજા અને પ્રધાન વેશ પલટા કરી પ્રજાના હાલ-હવાલ, સુખાકારીની જાતે જાણકારી મેળવવા નીકળતા, પણ હાલના આ યુગમાં આવી શક્યતાઓ કેટલી? ખેર, આપણને તો વાતના મુદ્દાથી મતલબ છે.

એક ઠેકાણે જૂના તળાવને મોટું કરવાનું, એના ઓવરફ્લોને નવેસરથી પથ્થરની પિચીંગ કરવાનું કામ ચાલી રહ્યું હતું. ૧૨૫-૧૫૦ જેટલા ભાઇ-બહેનો વિવિધ શ્રમના કામ કરી રહ્યા હતા. એક ઠેકાણે ઉતાવળે પથ્થરો લઇ જતા એક ભાઇને જરા થોભાવીને નરેન્દ્રભાઇએ પૂછ્યું : 'ભાઇ આ શું કામ કરી રહ્યો છો?' પેલાએ જરા ગુસ્સાથી કહ્યું : 'દેખાતું નથી? આ પથરા ઊંચકીને ત્યાં નાખવાના છે.' નરેન્દ્રભાઇએ કહ્યું : અચ્છા, જરા એ તો કહો શું મજૂરી, વળતર મળે છે આ કામમાં? પેલો ફરી તાડુક્યો : 'રોજના પચા રૂપિયા માંડ છૂટે છે. તેમાં તમે આ વાતો કરાવીને બે-ચાર રૂપિયાનું નુકસાન ના કરાવો.'

જરા ભોંઠા પડી નરેન્દ્રબાબુ આગળ ચાલ્યા. ત્યાં ચારેક જણનું ગ્રૂપ એવા જ પથ્થરો લઇ જતા હતા. નરેન્દ્રભાઇથી પૂછ્યા વગર ના રહેવાયું : 'ભાઇઓ, આ શું કરો છો?' ચારમાંના એકે જરા નિરાંતથી કહ્યું : 'શું કરીએ ભાઇ, અમે ભણેલ-ગણેલ નથી એટલે અમારે તો આવા મજૂરી કામ કર્યે જ છુટકો.' નરેન્દ્રભાઇએ તરત પૂછી નાખ્યું :'કેટલી મજૂરી મળે છે? એ ચારેમાંના બીજા એકે એટલી જ નિરાંતથી કહ્યું : 'વાંધો નથી આવતો, ઠીકથી કામ કરતા રહીએ તો દરેકને દિવસના પંચાવન-સાઠ રૂપિયા છૂટે છે.'

અનંતભાઇએ કહ્યું : 'અરે, પેલા ભાઇ આટલી ઉતાવળ કરે છે એને પચાસ માંડ મળે છે ને તમે નિરાંતે કરવા છતાં પંચાવન-સાઠ મેળવી લો છો?' પેલા ભાઇએ કહ્યું 'ભલે અમે ભણ્યા નથી પણ મને બચપણમાં સાંભળેલું યાદ છે. 'ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર.' એટલે અમે ચારે ખોટી ઉતાવળ કર્યા વગર, સમજથી આટલું કરીએ છીએ અને સુપરવાઇઝર, કોન્ટ્રાક્ટર કામ જોઇને યોગ્ય વળતર આપે છે.' ઓલા ઉતાવળીયા ભાઇ અગાઉ લાંચિયા સુપરવાઇઝરો સાથે મિલી-ભગત કરી ઓછું ને નબળું કામ કરતા છતાંય વધુ રૂપિયા મેળવી લેતા. એમની એવી શકુનિ ચાલ અહીં ફાવતી નથી એટલે બળેલા જીવથી કામ કરે તો એવી જ હાલત થાય ને!

વાહ, નાના કહેવાતા માણસોમાંય કેટલી મોટી સમજ હોય છે. અનંતભાઇ ખુશ થઇ બોલ્યા.

બન્ને મહારથીઓ આગળ વધ્યા. ત્યાં એક સ્ત્રી અને એનો પંદર-સત્તર વર્ષનો પુત્ર આનંદથી આવું જ પથ્થર ઉપાડવાનું કામ કરી રહ્યા હતા. સાથે કંઇક ગાતા હોય તેવુંય સંભળાયું.

અનંતભાઇએ પેલા છોકરાને પૂછ્યું : 'ભઇલા, આ ઉંમરે ભણવાના બદલે તું અહીં શું કરી રહ્યો છે?'

છોકરો : 'સાહેબ, હું રાત્રિ શાળામાં ભણું છું અને અહીં આ એક સરસ કામ કરવાની મને તક મળી છે. તો એ મારી મા સાથે આનંદથી કરું છું.'

અરે! નરેન્દ્રજીએ જરા મુંઝાઇને પૂછ્યું 'પથ્થરો ઉપાડીને નાખવામાં શું સરસ તક મળે ને એમાં વળી આનંદ કેવો?'

છોકરો : 'જુઓ સાહેબો, આ તળાવ સારી રીતે મોટું બની જશે તો કેટલા ઢોરો, અન્ય જાનવરો, પક્ષીઓને પાણી પીવાની સગવડ થશે, વળી એમાં વધુ પાણી સંઘરાશે એટલે જમીનમાં પાણીના તળ પણ ઊંચા આવશે, ખેડૂતોની ખેતી સુધરશે, અમારા વિસ્તારમાં સમૃદ્ધિ વધશે, આવા સરસ કામમાં હું ને મા પણ સામેલ થઇ શક્યા એ કેવા આનંદની વાત છે!'

નરેન્દ્રપ્રસાદ તો હેબતાઇ ગયા! પંદર-સત્તર વરસનો છોકરો આવું તે કેમ વિચારીને બોલી શકે? આ ત્રણે જણની વાતો સાંભળી રહેલી છોકરાની મા પણ નજીક આવીને બોલી : 'ભાઇઓ, મને મારા વડીલોએ જીવનમાં જે કાંઇ કામ કરવાનું થાય તે સમજી-વિચારીને ખુશી આનંદથી કરવાનું શીખવેલું... આ જ વાત મેં મારા જયેશીયાને શીખવી છે! એક તો અમને આવા પુણ્યકાર્યમાં સામેલ થવા મળ્યું છે ને તમને નવાઇ લાગશે કે અમને બે જણ દરેકને રોજના ૬૦થી ૭૦ રૂપિયા પણ સાથે મળી રહે છે. અપના ભી ભલા ઔર સબ કા ભી ભલા.'

હવે વધુ આગળ શું કહેવું? છતાં નરેન્દ્રજીની જેમ તમારામાંથી કોઇકને જિજ્ઞાસા થઇ હશે કે મા-દીકરો શું ગાતા હતા? વિપશ્યના શિબિરમાં ગવાતા, દુહા તેઓ ગાઇ રહ્યા હતા :

*અપને અપને કરમ કે હમ હી તો કરતા,*
*અપને સુખ ઔર દુખ કે હમ હી જિમ્મેદાર*

*મન કી જૈસી ભાવના, ફલ વૈસા હી હોય,*
*દુર્મન કા ફલ દુખદ હી, સુખદ સુમન કા હોય*

*સુખ દુઃખ આતે રહેં, જ્યોં આવેં દિન-રૈન,*
*હમ ક્યોં ખોયેં ભલા, અપને મન કા ચૈન*

*મેરે અર્જીત પુણ્ય મેં ભાગ સભીકા હોય,*
*ઈસ મંગલમય ધરમ કા લાભ સભી કો હોય.*

*ઊંઘ એવો અફાટ સાગર છે, જેમાં આપણે આપણાં બધા દુઃખ ડૂબાડી દઈ શકીએ છીએ.*

# તોખાર તડકાની તુંડમિજાજી

• ડૉ. ગિરીશ વીછીવોરા •

સૂર્યનો ગરમ પ્રકાશ તે તડકો. તડકો પરતંત્ર. સૂર્યના તાપે તપે ને તપાવે. તપન તો મોટું મન રાખી સર્વ સૃષ્ટિને ઊર્જા આપતો રહે. એને બધા સરખાં. બરફાચ્છાદિત પહાડો ને પ્રદેશો વિષુવવૃત્તના જંગલો, સહારા જેવા રણપ્રદેશો, સપાટ મેદાનો કે મહેરામણ. ઊર્જાનો બધા સદુપયોગ કરે. રવિના વેરાતા કિરણો ભુપૃષ્ઠ પર ફેલતા રહે ને તડકો ઉઘડતો રહે. શેઠ કરતાં વાણોતર ડાહ્યા કહેવત અમસ્તી નથી પડી. સવારનો કૂણો કુમળો, તડકિલો તડકો, મધ્યાહ્નનો હાકોટા - ડાકોટા કરતો, મૂછને તાવ દેતો તાનસી તડકો કે સમીસાંજે પગ વચ્ચે પુંછડી દબાવતો નરમ ઘેંસ જેવો તડકો જીવનનું એક ચક્ર — બાળપણ, યુવાની ને વાર્ધક્ય વતાવતો રહે છે. પૃથ્વીના ગોળા પર મિહિરનાં કિરણો જ્યાં સીધાં સોંસરવા પડે ત્યાં મૂછાળો મરદ બને ને ત્રાંસા યા તૃપ્ત પડે ત્યાં મિયાની મીંદડી પણ થાય. એનું પોતાનું કંઇ નહિ. બધો મદાર દિવાકર પર. જ્યાં પોતાનું કંઇ ન હોય, સ્વત્વ ન હોય, ત્યાં ઉછીનું લેનાર કે ખાનાર ઉછાંછળો જ રહે તેવું તડકાનું. ધરપકડનાં વોરંટથી સજ્જ થયેલ પોલીસ અમલદારનો રૂઆબ જેવો હોય છે તેવો જ ગ્રીષ્મના તડકાનો. ભાઇસાહેબ ગુમાનમાં જ રહે. ઉચ્ચભ્રૂ આંખ આડા કાન કરનારો ને પરપીડનવૃત્તિથી પીડિત. એના તાપથી તોબા થઇ પરસેવે રેબઝેબ થતો કોઇ એકલદોકલ આદમી મરુભૂમિમાં તડકે ને તરસે તડપતો જુએ તો હરખની હેલી ચડે ને એના પર બમણાં જોરથી વરસી પડે. તાપથી ત્રસ્ત થઇ પેલો ખમીસ ઉતારે ત્યારે એનો અહમ્ સંતોષાય ને ઓડકાર પણ ખાય.

સૃષ્ટિ બહુ જ ડાહી છે. ડહાપણથી છલોછલ ભરેલી છે. તડકાભાઇની આવી અવળચંડાઇને નજરઅંદાઝ કરી, સિફતથી પોતાનું કામ કઢાવે. પોતાના સામ્રાજ્યમાં સૃષ્ટિને તડકાની બહુ જરૂરત છે એટલે ડાહી ડમરી થઇ એને આનંદથી આવકારે ને આલિંગન પણ દઇ દે. ભોટમામા તડકાભાઇ રાજીના રેડ થઇ જાય, સૃષ્ટિ પર ફિદા થઇ એની તહેનાતમાં હાજર થાય. બસ થઇ રહ્યું. સૃષ્ટિને તો જીવનચક્ર ચલાવવું છે એટલે દરિયાના પાણીની વરાળ બનાવવાનું કહે, વન અને વગડાની વનસ્પતિને પોષણ આપવાનું કહે કે ઊભેલા પાકને પકવવાનું કે લચી પડતા ફળોમાં જીવનરસ ઉભરાવવાનું પણ કહે. સૃષ્ટિનું હરકામ તડકાભાઇ હરખાતા કરે ને સૃષ્ટિ મરકતી આંખો નચાવતી, અહીંતહીં નખરાંને જરાં છેડછાડ કરતી ભોટમામા તડકાને તડપતો જ રાખતી રહે.

સવારમાં તડકો ટેસમાં હોય. સમય સાથે તપતો જ રહે. સમૃદ્ધિ વધતી જ જાય તો કયો શાહુકાર ન હરખાય? બપોરે એના ગુમાનના ધમધાણથી ધરા ધ્રુજે. સૌ શરમાય ને નીચે મોઢે, ચૂપચાપ એને અંગીકાર કરતા રહે. ભલભલા ચંગેઝ ખાનો યા સિકંદરોનું છેવટે તો પતન જ થયું છે. તો તડકાભાઇ એમાંથી કેમ બાકાત રહે? ભાનુ ભમે, નમે, તડકો ખમે. જરાવાર જોર અજમાવતો મરણિયાં કરે, પણ માગેલું ખાનારની ભૂખ કેટલીવાર ભાંગે? અસ્તાચળે જતો આફતાબ કરગરતા ને કણસતા તડકાને જોઇ મરકતો રહે ને દયા પણ ખાતો રહે. છેવટે મોટું મન કરી, ફરી સવારે આવવાનો વાયદો કરતો વિદાય થાય કે તડકો કોઇ થાંભલીને સહારે ઊભેલો માળો, થાંભળી સરકતાં પડે ને પિંખાય તેમ ચેતનવિહિન થઇ જડ બની જાય ને જખ મારતો રહે. ભલા, મારે તેની તલવારના જમાનામાં નમાલા, નરમઘેંસ જેવા નપુંસક તડકાની કોણ પરવા કરે! ગૂંચળું વાળી ગુજરતો રહે ને વદતો પણ વહે કે વહેલી આવે વેરાવળ!

તડકો જ્યારે ભુરાયો, આખલા જેવો અલમસ્ત થઇ, સૌ સૃષ્ટિને બાનમાં રાખી પોતાની જોહુકમીની જ્વાળા ફેલાવતો હોય ત્યારે એનું શેતાની સ્વરૂપ માણવું હોય તો છાંયડાનો આશરો લેવો જોઇએ. છાંયડો એનો એક નંબરનો દુશ્મન. તડકો દાંતિયા કાઢતો છિંકોટા કરતા જાસા ચિઠ્ઠી ફેંકતો રહે પણ છાંયડાભાઇ મરક મરક હસતા પોતાના વણથમને વફાદાર રહી શીતળતા ફેલાવતા જ રહે. સૌને આસરો આપતા રહે.

શીતળ છાંયડો, ઘટાદાર વૃક્ષ, ઘટામાં ઘુસપુસ કરતા કે ટહુકતા પક્ષીઓ, હાયવોય ને હરણફાળ ભરતી ચંચળ ચબરાક ને ચતુર ખિસકોલીઓ, ફળ ખાવા કરતા વધુ બગાડતા શુક ને સુડા કર્કશ કાગડા, થડ પર વહી જતી કામઢી કીડીઓની હારની હાર ને લગાતાર બડબડાટ કરતાને ઝઘડતા મંકોડાઓની મેદની નીરખતાં હવાની લહેરખીએ જાદુ કર્યો તો માર્યા ઠાર. તડકો તગતગતો તલસતો રહે ને નેત્ર નિરાંતે વિસામો ખાય.

એકદમ આહ્‌લાદ અને આરામથી તડકીને એનું તર્પણ જોવું અને માણવું એ સંપૂર્ણ સુરક્ષિત થઇ વાઘ-દીપડાના જુલમને જોવા બરોબર છે. ધોમધખતા બપોરે તડકો ખેતરવાડીના મોલ પર એવો છવાયેલો રહે જાણે સુનામી મોજાંથી સમુદ્રનો સાથી કોઇ નવોસવો બેટ આખેઆખો આવર્તિત થઇ ગયો હોય. મરુત મૃતપ્રાય થઇ કણસતો રહે ને તડકાભાઇ પડતાને પાટુ મારતા હોય તેમ એને સાવ ચૂપ રહેવાનું કહી બે-બદામનો કરી નાખે. પાછો ભોટમામા તો ખરો જ. એને મન ખેતરના મોલ કે ઝાડપાન પર પ્રસરી તરફડિયાં ખવડાવી તડપાવું છું, હકીકતમાં 'જીસ જાલીમને તડપાયા, ઉસી પર મુજકો પ્યાર આયા' ની જેમ ખેતરનો મોલ કે ફળ સહુ એનામાંથી ઊર્જા ખેંચી તગડા થતા રહે છે. ઘણા બંધાય છે, ફળ પાકે છે ને વનસ્પતિ વધે છે. સૃષ્ટિની એ જ ખૂબી છે કે દૈત્યને પણ દેવ ગણવો ને જેની પાસે જે સારું હોય તે ગ્રહણ કરી પ્રગતિ કરવી.

ધસમસતી ટ્રેન હોય, હાલકડોલક થતી બસ હોય, ગાડું હોય કે પગપાળો પ્રવાસી

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)

*આપણો દેહ એ જ દેવાલય છે.*

# માણસ

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

અને હું મારું જ માપ કાઢવાનો નિર્ણય લઇ બેઠો.

મેડો ઊતરવા જઉં છું ત્યાં તો 'છિ છી' કરતી મીંદડી ટાળો દેતીક કોક બાકોરામાં સરકી ગઇ. મારાથી પુછાઇ ગયું, 'આમ કેમ? સવારના પહોરમાં જ આ છણકા છાકોટા?' બાકોરામાંથી અવાજ આવ્યો, 'છિઃ! ઊઠતાં વેંત મને આડો ઊતર્યો! રામ જાણે આજે એકાદ ટંક પૂરતુંય ખાવાનું મળે તો મારું નસીબ ! છિઃ!'

સાંભળ્યું ન સાંભળ્યું કરીને હું ઝટપટ મેડો ઊતરી ગયો. મનોમન હસ્યો ય ખરોઃ 'મૂર્ખ મીંદડી! જાતે આડી ઊતરી હોત તો તત્કાળ અપશુકન સમજીને શ્રીમતીજી મને પાછો બોલાવી લેત. એની વાત તો એક બાજુએ રહી, ને ઊલટી અવળી વળગે છે!'

હું આગળ વધવા મથતો હતો, પણ રહી રહીને એ બિલાડી જાણે મારા પગ વચ્ચે અડબડિયાં ખાતી, લથડતી, છીંકોટા મારતી, નહોર ભરતી, વિકરાળ હિંસક મુદ્રામાં મોં ફાડીને જીભ લબલબાવતી મારો પીછો કરી રહી હતી. પાછું વાળીને જોઉં તો કશું જ દેખાય નહિ, ને જરીક ડગલું માંડું ત્યાં તો છીંકોટા જ છીંકોટા!

પણ હું તો રહ્યો માણસ. દાંત કચકચાવીને આગળ ચાલતો જ રહ્યો. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ મને પરસેવો વળ્યો. ચોમેર બિલાડીઓ જ બિલાડીઓ ફેલાતી જતી દેખાઇ! ઝાડ પર જાણે કે ફળ નહિ, ફક્ત બિલાડીઓ લટકતી હતી. રસ્તા ઉપર વાહનોને બદલે બિલાડીઓ દોડતી હતી. રસ્તા ઉપર ડામર ક્યાં પાથર્યો હતો? એ તો કરોડો બિલાડીનાં બલિદાન પામેલા દેહ ધરબીને રચાયેલો રંગમંચ હતો. અને પેલાં ખેતર? એ હરિયાળી તો ભ્રાંતિ માત્ર હતી. ના, એક એક ચાસમાં છોડવા નહિ, બિલાડીઓ રોપાયેલી હતી.

સૂરજ માથે આવ્યો, ત્યારે જરીક કળ વળી. છીંકોટા સંભળાતા ઓછા થયા અને ધીરે ધીરે સૌને દેખાય છે એવી સૃષ્ટિ મારાં ચર્મચક્ષુઓને પણ દૃષ્ટિગોચર થવા માંડી. મેં ખાતરી કરી જોવા મારા શરીર સામું ધારી ધારીને જોયું અને મને સંતોષ થયો કે મારું એકેય અંગ પડી ગયું નહોતું. મને ખાતરી થઇ કે હું માણસ જ છું અને ભારે આત્મવિશ્વાસપૂર્વક હું ધરણી ધ્રૂજવતો આગળ વધ્યો.

પણ ત્યાં વળી બીજી એક દુર્ઘટના બની. ત્રાડ પાડતું એક કૂતરું મને જોઇને ઊધું ઘાલીને નાઠું. નાઠું તો એવું નાઠું કે સામેથી ધસમસ ધસી આવતા મહાકાય ખટારા નીચે કચડાઇને મરણતોલ ઘાયલ થઇ ગયું. એની રક્તઝરતી કાયાને તરફડતી જોઇને અનુકંપાવશ મારાથી ચીસ પડાઇ ગઇઃ

'અરેરે! તું આટલો સમજદાર જીવ થઇને ખટારા નીચે કેમ જઇ પડ્યો?'

'મરતાં લગી નહિ છોડે મને?' એ ઘૂરક્યું, 'મારું મોત બગાડવા માંગે છે?'

અને ડચકારા ખાતી જીભે જીવનનો છેલ્લો શ્વાસ તાણીને માંડ માંડ એ બોલ્યું, 'તો સાંભળ ! તારા કરડવાથી હડકવા ઊપડે ને મરું, એ કરતાં આ ક્ષણિક વેદના સહન કરી લઇને ખટારા નીચે પડતું મૂકી મરી જવું શું ખોટું?'

એટલું કહીને એ પરમગતિને પામ્યું. એની ફાટી ગયેલી આંખોમાં મારું પ્રતિબિંબ છલકાતું બંધ થયું. મેં મનોમન આશ્વાસન માન્યું કે ચાલો, બિચારા પામર જીવનો એક ફેરો એમ કરતાંય પૂરો તો થયો!

મનોમન નામસ્મરણ કરતો હું આગળ ચાલ્યો. શ્વાન મૃત્યુનો વિષાદ ઓછો થાય, એ પહેલાં વળી બીજો એક પ્રસંગ બની ગયો. કોક ધર્માત્માએ રસ્તાના કિનારે એક ચબૂતરું બંધાવેલું હતું. ચબૂતરાથી એકાદ રાશ-વા છેટો હોઇશ, ત્યાં તો ફરુરુરુ ફટ્ કરતું આખું આકાશ ઉપાડીને પંખીટોળું ઊડી ગયું. મેં કેટલુંય સમજાવી જોયું. કેટલીય કાકલૂદી કરી જોઇ, પણ એ પક્ષીવૃંદ મારી વિનવણીની લગાર સરખીયે પરવા કર્યા વિના આઘે આઘે પાંખો ફફડાવતું ચાલ્યું ગયું. જતાં જતાં એક હોલો ભોળાભાવે બોલતો ગયો : 'તારી નજરે ચડેલું ધાન ખાવું, એ કરતાં તો નકોરડા ઉપવાસ કરીને પ્રાણ ત્યાગી દેવા વધારે શ્રેયસ્કર છે. તું તો માણસ છે ને?'

'માણસ? હા, હું છું તો જાણે માણસ જ!' મેં ઊંડા અફસોસ સાથે નિસાસો મૂક્યો.

દૂર દૂર ક્ષિતિજના પાલવ પાછળ લપાઇ ગયેલાં એ પંખેરુઓ સામે તાકી રહેલ હું અનાયાસ જ બોલી ઊઠ્યો, 'શું માણસ હોવું એ ગુનો છે?'

અને અચાનક ખેતરની વાડ ઠેકીને શીંગડાં ઉલાળતો એક વૃદ્ધ વૃષભ મારાથી ભડકીને દૂર ભાગતો બોલ્યો : 'ના, બળદ હોવું એ ગુનો છે.' એટલું કહીને એ ઘરડો ઢાંસ બળદ ખોડંગાતી ચાલે અમદાવાદ ભણી જતા રોડ ઉપર પલાયન કરી ગયો. એની સૂજી ગયેલી કાંધ, ગળી ગયેલી, પિયા ભરેલી આંખો, બગાઇઓના સતત બણબણાટથી બહેરા થઇ ગયેલા કાન અને છાણ વગેરેથી ખરડાયેલ અસ્થિપિંજરાવશેષ કાયા તરફ જોઇને મારાથી કહેવાઇ ગયું, 'ભાઇ વૃષરાજ! આ ખેતર છોડીને ક્યાં ચાલ્યા?'

*સંસારના દરેક જીવ પ્રત્યે દયાભાવ રાખો.*

'કતલખાને!' એ પાછું વળ્યા વિના જ બોલ્યો : 'તું જીવતો ને જીવતો ભરખી જાય એ કરતાં મૃત અવસ્થામાં જ તારા ઉદરમાં પડવું ઓછું કષ્ટદાયક હશે. મેં સાંભળ્યું છે કે માણસની નજર જેની ઉપર પડે એનું ભાવિ નક્કી જ થઇ જાય છે. માણસ એને જીવતું કે મરેલું ભોગવીને જ જંપે છે.'

અને મારી તરફથી કશીય સ્પષ્ટતા સાંભળવાનો લગાર સરખોય વિવેક દર્શાવ્યા વગર તેઓશ્રી એમણે નક્કી કરેલી દિશામાં પ્રયાણ કરી ગયા.

ઊંચી ડોક કરીને માર્ગસ્થિત વૃક્ષનો યથેષ્ટ આહાર કરી રહેલ ઊંટ મને જોતાંવેંત ચીસ પાડી ઊઠ્યુંઃ 'દોસ્ત, મારે આપઘાત કરવો છે. જરાક મને વૃક્ષની કોઇ ઊંચી ડાળી તળે લટકાવી દો ને! ભગવાન તમારું ભલું કરશે!'

મેં આશ્ચર્યચકિત થઇને પૂછ્યું : 'મિત્રવર્ય! જીવન-સમાપ્તિ કયા કારણથી ઇચ્છો છો?'

'મને ઇશ્વરે એટલું કહીને મોકલેલો કે માણસ નજરે પડે તો આપઘાત કરીને પણ જીવનયજ્ઞની પૂર્ણાહુતિ કરી દેજે. આપ માણસ છો ને?'

એના પ્રશ્નનો કશોય જવાબ આપ્યા વગર હું ભાંગેલ હૈયે આગળ વધ્યો. ત્યાં રસ્તાની વચ્ચોવચ્ચ એક સાપ સમાધિ લગાવીને બેઠો હતો. વાડમાંથી નોળિયો આવે એની રાહ જોઇ રહ્યો હતો. મેં સદ્‌ભાવપૂર્વક એને ચેતવ્યોઃ 'સર્પરાજ, જુઓ પેલો નોળિયો! શીઘ્ર દરપ્રવેશ કરો!'

'એ નોળિયાની જ રાહ જોઉં છું. અત્યાર સુધી એ મને પહોંચી શકતો હતો. એને મારું ઝેર ચડતું નહોતું, આજે મને ખાતરી થઇ ચૂકી છે કે મારા એક જ ડંખમાત્રથી એના પ્રાણ નીકળી જશે.'

'એ કેવી રીતે?' મેં અજ્ઞાન પ્રદર્શિત કર્યું.

'મને વરદાન છે કે માણસને જોવા માત્રથી મારું ઝેર અને દંશ વૃદ્ધિગત થશે, તમે છો તો માણસ જ ને?'

નિરુત્તર થઇને હું પાછો ફર્યો ત્યારે સૂરજ ડૂબી ગયો હતો. અંધકારમાં હું કોઇ માનવ આકૃતિ સાથે અથડાયો. એણે માણસ જેવો અવાજ કાઢીને પૂછ્યું, 'કોણ છો?'

'માણસ છું.'

'માણસ છો! બાપ રે!!' એણે ચીસ પાડી : મેં ચંદ્રના આ અજવાસમાં એના મોં સામું જોઇને હસવા પ્રયત્ન કર્યો. એ મારા સંસર્ગથી મુક્ત થઇ મને એકલો ના છોડી દે એવું કશુંક મને ગમતું હતું, પણ એણે મારી ઇચ્છા ઓળખવાનો લગીરે પ્રયત્ન ન કર્યો.

'કેમ આટલા બધા અકળાઇ ગયા? તમે માણસ નથી?'

'તમે માણસ હો, તો હું ખરેખર માણસ નથી જ. તમારાથી હું માત્ર આકૃતિ સિવાય ઘણી બાબતોમાં જુદો છું.'

'કેવી રીતે?' મેં શંકા વ્યક્ત કરી.

'તમે તો એક વાર સ્ટેશનથી તમારા ઘર લગી મને તમારો સામાન ઊંચકાવેલો. ખરું ને?' એણે ભૂતકાળનો એક પ્રસંગ સંભાળ્યો.

'ખરી વાત! અને તેથી સાબિત થાય છે કે તમે માણસ છો!'

'ના ! તમે મને શું કામ ઉલ્લુ બનાવો છો?'

'ઉલ્લુ તો ઘુવડનો પર્યાય છે.'

'માણસ કરતાં ઘુવડ શું ખોટું? એક ઘુવડ કદી બીજા ઘુવડ પાસે પોતાનો ભાર ઉઠાવરાવે છે ખરું?'

એના પ્રશ્નનો જવાબ નહિ સૂઝતાં હું ચૂપચાપ મારા ઘર ભણી ચાલી નીકળ્યો. મુશ્કેલી ફક્ત એટલી હતી કે હું ધાર્યા કરતાં ખૂબ આગળ નીકળી ગયો હતો અને તેથી માણસ જેવો માણસ પણ મારાથી છેટો ફરતો થઇ ગયો હતો..!

કોણ જાણે એને વિશ્વાસ કેળવવા સારું મારે કેટલાં ડગ પાછાં ભરવાનાં થશે!

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ ૧૩૨, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*

## તોખાર તડકાની તુંડમિજાજી

**(અનુસંધાન : પાના નં.-૩૨ ઉપરથી ચાલુ)**

હોય સૌ એના ત્રાસે વલવલે. કોઇના કમોતથી અરેરાટી પણ ફેલાઇ જાય. હરામી તડકાને એની શું પડી છે? તડકાને નાથવા એના કેરને કાબૂમાં લેવા મનુષ્યે ઉપાયો તો યોજ્યા જ છે. અંગરખાની ચાપ ને વીંજણાથી શરૂ થયેલ એ યાત્રા વાતાનુકૂલ સુધી પહોંચી છે. તડકો મૂછમાં હસે છે. વાતાનુકૂલ વાહન કે ભવન ભલે અંદર ઠંડક વર્તાવે, ગરમીને તો બહાર ફેંકે, ગરમીને તડકાને-હજમ ઓછું જ કરી શકે છે.' તડકાનું શું બગડ્યું? વાતાનુકૂલિત વાહનો કે જગ્યાઓમાંથી જાકારો પામેલ ગરમી બહારનાને વધુ રંજાડે. મરકે પણ ખરી.

તડકાભાઇનું બધું જ ખરાબ છે એવું નથી. આમેય ઉપર ટપક ખરાબ દેખાતું એ સારું જ કરતો રહે છે. હા, થોડો ત્રાસ થાય. તે તો દુઃખ ભોગવો તો જ સુખની કિંમત થાય એવું છે. ઠંડાંપ્રદેશો, બરફની જ્યાં બોલબાલા છે ત્યાંના મસ્ત લોકો તડકાને ઓવારણાં લઇ આવકારે છે. કેવો વહાલ વરસાવે છે. કેવા હરખપદુડા થઇ એની સાથે છાનગપતિયાં કરતા રહે છે. ઠંડાં પ્રદેશોનો નામ ખાતરનો ઉનાળો, જ્યાં તડકાભાઇ તડકીલા થઇ ડગુમગુ થતા દેખાયા કે જોઇ લો મજા. ટોળાનાં ટોળાં રીતસર હડી કાઢી બહાર મેદાનમાં કે દરિયા કિનારે પહોંચી જાય. તડકાથી તપવા ને ભેટવા કપડાં ફેંકી દિગંબર થઇ એને આખેઆખો ઓઢી લઇ છબછબિયાં કરતાં રહે. સહેજે આટલો માનમરતબો મળે તો કોણ પોરસાઇ ન જાય? ફેરફૂદરડી ફરતો તડકો બધાને ફેરવતો રહે, ને આનંદ ઉત્સવનું વાતાવરણ જામતું જાય.

તડકો એકજ છે. ગમા ને અણગમા સાપેક્ષ છે. ઓછીવત્તી માત્રા ગમા અણગમાના મૂળમાં છે. જે વસ્તુ મબલખ મળતી હોય તેની કિંમત નગણ્ય ને નકામીમાં પણ ખપે. અછતમાં ઓછપ સમજાય ને કિંમત અંકાય. છત ને અછત સિક્કાની બે બાજુ છે. પોતાના બે રૂપ જોતો તડકો ખુદ મરકતો રહે છે. વદતો પણ રહે છે. ભાઇ હું તો દિનકરનો ઓશિંગણ, હજુરિયો છું, તમારી દષ્ટિમાં દળદર ભર્યું પડ્યું હોય એમાં મારો શો વાંક ગુનો?

*૫૦/૪, રામસદન, બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા, મુંબઇ-૪૦૦ ૦૧૯.*

*જે પરિસ્થિતિ અનુસાર બદલાતો નથી તેણે નુકસાન વેઠવું પડે છે.*

# અંધશ્રદ્ધા છોડીને આપણે વિચારી શકશું?

• શાંતિલાલ સંઘવી •

ચમત્કાર!

આપણી પ્રજાને ચમત્કારમાં ભારે રસ. ચમત્કારનું નામ પડે કે ટોળાંનાં ટોળાં ચમત્કાર જોવા ઉમટે. ભગવાન કરતાં પણ ચમત્કારમાં વધારે શ્રદ્ધા. દૂધી કે રીંગણ કાપતાં અંદર કોઇ આકાર જેવું લાગે તો દૂધીને રીંગણને પગે લાગે! કોઇ 'બાબા' કશીક ભસ્મ આપે જે લેવાથી મનોકામના પૂર્ણ થાય એવી અફવા સાંભળે તો લોકો 'બાબા'ના ચરણે આળોટવા લાગે. સર્વત્ર આટલી અંધશ્રદ્ધા.

પરંતુ ખરેખરા ચમત્કાર કોને કહેવાય એની સમજ ઓછી. પ્રથમ ગાંધીની વાત કરીએ. ગાંધી પાસે અનેક સાથીઓ. બધાના વિચાર અને માન્યતા જુદા. સરદાર, જવાહર, મહાદેવ, મશરુવાળા, ક્રિપલાની, રાજેન્દ્રપ્રસાદ, માલવિયાજી, મોતીલાલ નહેરુ, લોકમાન્ય ટિળક, દેશબંધુ દાસ, રાજગોપાલાચારી અને બીજા સેંકડો. આ સૌની મતિ જુદી. પરંતુ જેમ સૂર્યની ગ્રહમાળામાં બધા ગ્રહો સૂર્યની આસપાસ જ ફરે છે, સૂર્યને છોડીને ચાલી જતા નથી તેમ ગાંધીના સાથીઓ ગમે તેટલા મતભેદ ગાંધી સાથે હોય તો પણ ગાંધીને છોડી જતા નથી. આને કહેવાય ચમત્કાર.

મહાદેવભાઇ ગાંધીની ઝીણામાં ઝીણી પ્રવૃત્તિ અને શબ્દની નોંધ રાખે. લોકો જેટલી ઝડપથી બોલે તેટલી ઝડપથી મહાદેવભાઇ લખી લે. મહાદેવભાઇ ક્યારે સૂતા- ક્યારે ઊઠતા-ક્યારે નહાતા- ક્યારે ખાતા- ક્યારે આરામ કરતા એની કોઇને સમજ ન પડતી કારણ કે તેઓ હંમેશાં full time available રહેતા. હંમેશાં હાજર. કોઇ પ્રશ્નના જવાબમાં ગાંધીજી શું બોલશે તેની ખબર ગાંધીજીના બોલ્યા પહેલાં જ મહાદેવભાઇને ખબર પડી જાય અને બોલ્યા પહેલાં જ શબ્દો નોંધાઇ જાય. આને ચમત્કાર ન કહેવાય તો શું કહેવાય?

કિશોરલાલ મશરુવાળાએ ગાંધીજીના લગભગ તમામ વિષયો પરના પ્રમાણભૂત વિચારોનું એક પુસ્તક 'ગાંધી વિચાર દોહન' તૈયાર કર્યું. ગાંધીજી તેનો એકેએક શબ્દ વાંચી ગયા. એક પણ શબ્દમાં ફેરફાર સૂચવી શક્યા નહીં. કોઇ માણસના બધા વિચારોને પૂર્ણપણે જાણી લેવા એ ચમત્કાર નથી તો શું છે?

અને વિનોબાજીની તો વાત જ નિરાલી. વર્ષો સુધી આશ્રમમાં રહ્યા. આશ્રમવાસીઓને માત્ર એટલી જ ખબર કે આશ્રમમાં એક મૂંગો-બહેરો-જાડા કાચના ચશ્માવાળો-દાઢીવાળો એક બાવો વસે છે! કમાલ કહેવાય. કોઇપણ નિર્ણય કરતી વખતે ગાંધીજી પ્રથમ વિનોબાની સલાહ લે. કોઇ માણસ ગાંધીને ધાર્મિક કે આધ્યાત્મિક વિષય પર પ્રશ્ન પૂછે અને ગાંધી તેને સંતોષજનક ખુલાસો ન આપી શકે તો તે પ્રશ્નકર્તાને વિનોબા પાસે મોકલી આપે.

વિનોબાનો સ્વભાવ ભારે ટિખળી. એને લાગે કે પ્રશ્નકર્તા ખરી જિજ્ઞાસાથી પૂછે છે તો સવિસ્તર જવાબ આપે. પ્રશ્નકર્તાને પૂરો સંતોષ થાય ત્યાં સુધી ધીરજથી સમય આપે. પણ એને લાગે કે માત્ર કુતૂહલ કે જ્ઞાનપ્રદર્શન ખાતર પૂછે છે તો તેને રવાનો કરી દે. જગતના નવ ધર્મોનું જ્ઞાન જે-તે ધર્મોના પ્રખર ધર્માચાર્યો કરતાં પણ તે ધર્મોનું વિનોબાનું જ્ઞાન વધારે. પંડિત હોય કે મુલ્લા હોય કે પાદરી હોય બધા વિનોબા પાસે જાણે વિદ્યાર્થી. જેમ નાનકડું તંદુરસ્ત બાળક માતાના દૂધનું એકેએક ટીપું પચાવી જાય તેમ વિનોબા તમામ શાસ્ત્રોના એકેએક અક્ષરને પચાવી ગયેલા. ઉપરાંત એકપણ ટ્યુશન રાખ્યા વગર જગતની વીસ ભાષાનું જ્ઞાન. જ્યાં જાય ત્યાં તેમની સ્થાનિક ભાષામાં વાત કરી શકે. આનાથી મોટો ચમત્કાર બીજો કયો હોઇ શકે?

નાનપણમાં ચોરી કરતો મોહન, માંસાહારનો સ્વાદ લેતો મોહન, ડરપોક મોહન, ભણવામાં ઠોઠ મોહન, શરૂમાં પત્ની પ્રત્યે આસક્ત મોહન, વકીલાત કરતી વખતે જીભ તોતડાય અને ટાંટિયા ધ્રુજે એવો મોહન. પડતાં-આખડતાં-ઠોકર ખાતાં એકએક પગથિયું ચડતાં ચડતાં, કોઇપણ દેવીદેવતાની મદદ વગર, મહાત્મા કેવી રીતે બની ગયો એ વાત ભેજાનું કચુંબર કર્યા પછી પણ ન સમજાય એવો ચમત્કાર છે. રંભાએ કહેલું "જો જો ને! મારો મોનિયો એક દિવસ આખી દુનિયામાં નામ કાઢશે!" (જગતની શ્રેષ્ઠ ભવિષ્યવાણી)

માત્ર એકજ નાટક 'સત્યવાદી હરિશ્ચંદ્ર' જોઇને સત્યનો મહિમા શીખી જનાર. ડર લાગે તો રામનામ લેવું એવું રંભાનું માત્ર એક જ વાક્ય થકી જીવનભર રામ નામને સમર્પિત થવું. માત્ર એક જ પુસ્તક 'અન ટુ ધ લાસ્ટ' વાંચીને જીવન પરિવર્તન કરવું. માત્ર એક જ પુસ્તક 'કિંગ્ડમ ઓફ ગોડ ઇઝ વિધિન યુ' વાંચીને બધી જ જાહોજલાલી અને પ્રતિષ્ઠાને છોડીને ફકીર બની જવું અને બીજા જ દિવસથી શ્રમપ્રધાન જીવન જીવવાનું શરૂ કરી દેવું.

આના કરતાં મોટો ચમત્કાર બીજો કોઇ હોઇ જ ન શકે.

થોડી વિજ્ઞાનની વાત કરીએ. વિજ્ઞાને જે પ્રગતિ કરી છે તે તો ક્ષણે ક્ષણનો ચમત્કાર જ છે. એની વાત કરતાં તો ગ્રંથ નહીં પણ ગ્રંથો લખવા પડે- અનેક ગ્રંથો લખાયા છે.

કરોડો અબજ માણસો આજ સુધીમાં આવીને ગયા. કરોડો અબજ માણસો આવશે ને જશે. કોઇ કહેતાં કોઇના આંગળાની છાપ બીજા માણસના આંગળાની છાપને ૧૦૦ ટકા મળતી આવતી નથી. ભગવાને આવી અને આટલી ડિઝાઇન ક્યાંથી અને કેવી રીતે સર્જી હશે? કરોડો અબજ માણસોમાં કોઇનો ચહેરો ૧૦૦ ટકા બીજા માણસના ચહેરાને મળતો આવતો નથી. આટલી ડિઝાઇન ભગવાને ક્યાંથી કાઢી?

હવે ઘણા રોગ પૃથ્વી પરથી નાબૂદ કરી શકાયા છે. વૃદ્ધો હવે વધારે જીવે છે. બાળકો નાની ઉંમરમાં મરી જતા તેની સંખ્યા હવે ઘટી છે. આયુષ્ય લંબાયું છે. ૭૫-૮૦ વર્ષના લોકો સક્રિય જોવા મળે છે. આખે આખું અવયવ એકના શરીરમાંથી કાઢીને બીજાના શરીરમાં રોપી શકાય છે. આકાશ માર્ગે સફર થઇ શકે છે. પાણીની અંદર સફર થઇ શકે છે. હજારો માઇલ દૂરની વ્યક્તિ સાથે બે-ત્રણ સેકંડમાં વાત થઇ શકે છે. ટચૂકડા રમકડાં જેવા સેલફોનથી ધાર્યા પણ ન હોય- કલ્પના પણ ન કરી શકાય એવાં કામો થઇ રહ્યા છે. અવકાશમાં કરોડો અબજ માઇલ સુધી નિરીક્ષણ કરી શકાય છે. અવકાશમાં સફર કરી શકાય છે. અવકાશમાં અન્ય ગ્રહો સુધી અવકાશયાન જઇને માહિતી મોકલી શકે છે. (મજાલ છે કોઇ શનિ-મંગળ-ગુરુ-શુક્રની કે જરાક પણ આડા ફાટે?) એનેસ્થેસિયા થકી પીડા વગરની વાઢકાપ થઇ શકે છે. ઘરમાં બેસીને આખી દુનિયા જોઇ શકાય છે. આવી તો બીજી સેંકડો - હા જી, સેંકડો - બાબતોનો ઉલ્લેખ થઇ શકે.

આવા એક એકથી ચડે એવા, વિચાર કરતાં મગજ બહેર મારી જાય એવા, ચમત્કારો વિજ્ઞાન થકી રોજે રોજ સર્જાતા જ જાય છે, કોની કેટલી નોંધ કરવી?

હવે આપણે જાતે જ વિચારીએ કે ક્યા ચમત્કાર સાચા? કહેવાતા ધાર્મિક ચમત્કારો સાચા કે આ લખાણમાં જેની જીક્ર કરી છે તેવા ચમત્કારો સાચા. અંધશ્રદ્ધા છોડીને તથા પૂર્વગ્રહો અને માન્યતાઓ છોડીને વિચાર કરવા જોઇએ.

*આરએચ/ર, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

***નોંધ :** લેખકશ્રીએ માત્ર મનુષ્યના બીબાની વાત કરેલ છે પરંતુ આપણને ગાય, ભેંસ, બકરી, કૂતરા, બિલાડા, વગેરેનો પણ અનુભવ છે. કોઈપણ કૂતરાના એકના એક બીબા નહીં મળે. ધારીને જોશો તો દરેકે દરેક બીબું અલગ. એવું જ ગાય, ભેંસ, બકરી, વગેરેનું નિરીક્ષણ કરતાં પણ ખ્યાલ આવશે. કદાચ મચ્છર, જીવાણું કે માછલીઓમાં પણ તેવું બની શકે. છે ને કુદરતની કમાલ! લેખકશ્રીના હિસાબે આનાથી મોટો ચમત્કાર બીજો શો હોઈ શકે?*

*– મુખ્યતંત્રી.*

# હે આત્મા! તારો પાડ માનું તેટલો ઓછો છે.

• શરદચંદ્ર શાહ 'સહસા' •

હે આત્મા! આજે ખૂબ જ મોડે મોડે મને ભાન આવ્યું છે તારી શહાદતની, તારી શહીદીની સરાહના કરવાનું. મેં અબુધ આટઆટલા વર્ષો અણસમજમાં કાઢી નાખ્યા. તારી શહાદતનો ખ્યાલ મને વહેલો કેમ ન આવ્યો?

જ્યારથી હું જન્મ લઇ, આઝાદ થઇ પૃથ્વી પર આવ્યો તેજ ક્ષણથી તેં મારા માટે કારાવાસ વેઠી લીધી. તું આત્મા થઇ મારી અંદર જ રહ્યો.

હું જગતના ભોગ ભોગવતો રહ્યો અને તું મૂક મોઢે કેદ ભોગવતો રહ્યો. હું દુનિયાના અજવાળા, સહસ્રરશ્મિના કિરણોને ચંદ્રની રશ્મિને, ચંદ્રની શીતળતાને, તારાઓની ચાદરને માણતો રહ્યો અને તું મૂક મોઢે, મૂક હૈયે, કેદ ભોગવતો જ રહ્યો. તેં જરા સરખો ઊંહકારો પણ ન કર્યો? તને રવિના કિરણો, ચંદ્રની ચાંદની, તારાઓની ચાદર માણવાની ક્યારેય ખેવના ન થઇ? કે પછી તે દૃઢ નિશ્ચય કરેલો કે :-

*"ઇસકો હી જીના કહતે હૈં તો યૂં હી જી લેંગે, ઊફ ના કરેંગે, લબ સી લેંગે, આંસુ પી લેંગે!!!"*

(આ જ અગર જીવન કહેવાય છે તો આવી જ રીતે જીવી લઇશ. હું હોઠ બંધ રાખીશ, એક હરફ પણ ઉચ્ચારીશ નહીં, આંસુ પી જઇશ).

મને અબુધને જરા પણ અણસારો ન આવ્યો કે હું સ્વાતંત્ર્ય માણું છું, દુનિયાના અજવાળા-અંધારા જોઇ શકું છું તે તારે જ કારણે. તને કેદમાં રાખીને. તું સહેજ પણ ગુસ્સો બતાવી મારા ખોળિયામાંથી બહાર નીકળી ગયો હોત તો મારું તો અસ્તિત્વ જ નેસ્તનાબૂદ થઇ ગયું હોત. પણ વાહ રે તારી મહાનતા!!! મને બહાર આઝાદ રહેવા દેવા તેં મારા ખોળિયાની કેદ નજરઅંદાજ કરી!!!

તેં કેટકેટલી યાતનાઓ મારા અંદર રહીને સહી હશે તેની કલ્પના કે વર્ણન તો હું ક્યારેય કરી શકું તેમ નથી. તું કેટકેટલી વિટંબણાઓમાંથી પસાર થયો હોઇશ તે સમજવા હવે હું કોશિશ કરું છું.

તેં કદાચ અંદર વલોપાત કર્યો પણ હોય કે કદાચ એકાદ નાનો શો ઊંહકારો કાઢ્યો પણ હોય પણ મારા બધિર કાન પર તે કદી પણ અથડાયું નથી. આનંદ પ્રમાદમાં મેં એ તરફ ધ્યાન જ દીધું નહીં.

હવે મને તારી અપાર વિટંબણાઓની પ્રતીતિ થવા લાગી છે. તને જીવતા દોજખમાંથી મુક્તિ અપાવવા હવે હું કૃતનિશ્ચય બન્યો છું, કટીબદ્ધ થયો છું. તને હવે આ જીવતા દોજખમાંથી બહાર કાઢીને જ જંપીશ.

મને દુઃખ તો એ વાતનું રહેશે કે તને સ્વતંત્ર જોવા હું જીવતો નહીં રહું. તારા ચહેરા પરનો સ્વાતંત્ર્યનો આનંદ હું કલ્પી શકીશ, માત્ર નજરે જોવા નહીં પામું.

તારા, મારા પરના, અગણ્ય ઉપકારો હું વર્ણવી શકું તેમ નથી. હું લાચાર છું. મારું પૃથ્વી પરનું અસ્તિત્વ જ તારે કારણે છે. મારા માટેનો તારો અકલ્પ્ય ભોગ હવે મને સમજાય છે પણ ખૂબ જ મોડો મોડો.

તેથી હે આત્મા! તને કોટિ કોટિ વંદન. હવે હું રજા લઇશ. તારી સ્વતંત્ર રીતે ઊડી જવાની કલ્પના માત્ર જ હું કરી શકીશ.

મારા પછી મારા માટે પ્રાર્થના સભા યોજાશે. દુઃખની વાત તો એ છે કે મારી જ પ્રાર્થના સભામાં મારી જ ગેરહાજરી વર્તાશે. ફોટાથી કામ ચલાવવું પડશે.

હે અમર આત્મા! મારી ભૂલચૂકોને તું ઉદાર દિલથી માફ કરજે. તને વર્ષો સુધી અંદર કાળકોટડીમાં કેદ કરી રાખવાની ભૂલ અક્ષમ્ય તો છે જ પણ તું તેને ક્ષમ્ય ગણજે. અલવિદા.

*'વહાલા મારા હૈયામાં રહેજે,*
*ભૂલું ત્યાં તું ટોકતો.....'*

*૨૯, શારદા કોલોની,*
*થર્ડ સ્ટેજ, ફોર્થ બ્લોક, ૭મો બી મેઇન રોડ,*
*સર્વેશ્વર નગર, બેંગ્લોર-૫૬૦ ૦૭૯.*

## મહર્ષિ દયાનંદ સરસ્વતી

મહર્ષિ દયાનંદ સરસ્વતીના બારામાં મારું મંતવ્ય છે કે તેઓ હિન્દુસ્તાનના આધુનિક ઋષિઓ, સુધારકો તથા શ્રેષ્ઠ પુરુષોમાંના એક હતા. તેઓનું બ્રહ્મચર્ય, વિચારસ્વાતંત્ર્ય, બધા પ્રત્યે પ્રેમ, કાર્ય કુશળતા, ઇત્યાદિ સદ્‌ગુણો લોકોને મંત્રમુગ્ધ કરતા હતા. તેઓના જીવનનો પ્રભાવ હિન્દુસ્તાન પર બહુ પડ્યો છે.

હું જેમ જેમ વિચાર કરું છું તેમ તેમ મને મહર્ષિજીનો દર્શાવેલ માર્ગ સ્પષ્ટ દેખાય છે. બ્રિટિશ રાજ્ય આવ્યા પછી જનતા સાથે સીધો સંપર્ક રાખવાનો માર્ગ મહર્ષિજીએ શોધી કાઢ્યો, તે બદલ તેઓ અને આર્યસમાજ યશના અધિકારી છે. મહર્ષિ દયાનંદ તથા આર્યસમાજે સમાજમાં નવચેતના આણી છે.

હિન્દુ સમાજની કુરીતિઓ, સડાઓને દૂર કરવાનો સુંદર પ્રયત્ન તેમણે કરેલ છે. સ્વદેશી, રાષ્ટ્રભાષા શિક્ષણ, સ્ત્રીશિક્ષણ, બાળલગ્ન વિરોધ, વિધવા વિવાહ, દલિતોદ્ધાર જેવી અવિસ્મરણીય એવી રાષ્ટ્રની મહાન સેવા કરી છે. મને આર્યસમાજ અત્યંત પ્રિય છે. મહર્ષિ દયાનંદના આ પવિત્ર તથા દેશોપકારી કાર્યનું ક્યારેય અપમાન થશે તો તેને હું મહાપાપ ગણીશ.

*— ગાંધીજી*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*ઘરમાં એકબીજાના વિચારોનું સન્માન કરતા રહો.*

માહિતી

# કેન્દ્રીય બજેટ

• દિનેશ મહેતા •

આપણને કહેવામાં આવે છે કે, ભારતનું આર્થિક તંત્ર સુધારા પર છે અને પ્રતિવર્ષ તે માર્ગે આગળ વધી રહ્યું છે. અત્યારે ભારત દેશ આર્થિક વિકાસ અને મોંઘવારી બન્નેનો એક સાથે અનુભવ કરી રહ્યું છે. સરકાર સામે ખાધ લાલ બત્તી સમાન છે. બીજી તરફ વૈશ્વિક મંદી બધાને સતાવી રહી છે. આવા સંજોગોમાં સમતોલ બજેટ શક્ય હોતું નથી. બજેટની સીધી કે આડકતરી અસર પ્રવર્તમાન મોંઘવારી પર થતી હોય છે. કોઇપણ બજેટની અસર સામાન્ય પ્રજા પર અવળી રીતે ના થાય તે ખાસ જોવાનું હોય છે. અગર કરવેરા વધારા વિનાનું બજેટ આવે તો ખાધ દરેકને પરેશાન કરી નાખે છે અને જો જુદા જુદા વેરાની દરખાસ્ત થાય તો પ્રજાની કમર ભાંગી નાખે છે. હકીકતમાં સરકાર પબ્લિક સેક્ટર કંપનીઓ પાસેથી આવક ઊભી કરી શકે પરંતુ સરકારના ખર્ચા જ એટલા હોય છે કે ગમે તેટલી આવક ઓછી પડે છે. આવી સ્થિતિમાં સરકારે કરકસરના પગલાં લેવા જોઇએ. આ સંજોગોમાં અંદાજપત્ર-બજેટ અંગે પ્રાથમિક વિગત જાણીએ.

- **બજેટ :**

નાણાંકીય વર્ષ એટલે કે ૧લી એપ્રિલથી ૩૧ માર્ચના વર્ષ દરમિયાન સરકારી આવક-જાવકની રજૂઆત એટલે અંદાજપત્ર. સામાન્ય રીતે આ અંદાજપત્ર ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહમાં સંસદમાં નાણાંપ્રધાન દ્વારા રજૂ થાય છે.

- **રેવેન્યુ બજેટ :**

રેવેન્યુ એટલે મહેસૂલ. આ વિષયના બજેટમાં વેરા વગેરેથી સરકારને થતી આવક અને તેનાં ખર્ચની વિગત દર્શાવવામાં આવે છે. મહેસૂલને ટેક્સ અને ટેક્સ સિવાયના વિભાગમાં જણાવાય છે. ઇન્કમટેક્ષ, કોર્પોરેટ ટેક્સ, કસ્ટમ ડ્યુટી, એક્સાઇઝ વગેરેમાંથી સરકારને આવક થતી હોય છે જ્યારે લોન, વ્યાજ, રોકાણ પરનું ડિવિડંડ, ફી અથવા જુદા જુદા ચાર્જિસ વગેરેનો સમાવેશ થતો હોય છે.

- **પ્રત્યક્ષ વેરા :**

વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેથી લેવામાં આવતા વેરા વગેરેનો પ્રત્યક્ષ વેરામાં સમાવેશ થાય છે.

- **પરોક્ષ વેરા :**

ગ્રાહકો જ્યારે કોઇ ચીજ-વસ્તુઓ કે સેવા મેળવે છે ત્યારે તેના દ્વારા પરોક્ષ વેરા ચૂકવે છે.

- **યોજનાકીય અને બિનયોજનાકીય ખર્ચ :**

સામાન્ય રીતે આયોજન પંચ સાથે ચર્ચા-વિચારણા બાદ નક્કી કરવામાં આવતા ખર્ચ એ યોજનાકીય ખર્ચ છે. જ્યારે વ્યાજની ચૂકવણી, સબસિડી, સરકારી કર્મચારીઓના પગાર, ભથ્થાં, ગ્રાન્ટ, સામાજિક સેવાઓમાં થતા ખર્ચને બિન યોજનાકીય ખર્ચ ગણવામાં આવે છે.

- **કેપિટલ બજેટ :**

કેપીટલ બજેટમાં મૂડી પરની આવક અને ચૂકવણીનો સમાવેશ થાય છે. નાના પાયાની બચતો, પ્રોવિડન્ટ ફંડ વગેરે તેનાં ભાગરૂપ હોય છે. જ્યારે જમીન, મકાન, મશીનરી તેમજ ઉપકરણોની ખરીદી માટે ચૂકવણીઓ વગેરે કેપિટલ ચૂકવણીમાં સામેલ હોય છે.

- **ફિસ્કલ પોલિસી :**

અર્થતંત્ર માટે આ અગત્યની બાબત છે. આર્થિક પ્રવૃત્તિઓના અનુસંધાનમાં સરકારના ખર્ચ તથા વેરાના માળખામાં જે ફેરફાર થતા હોય છે તેનો ફિસ્કલ પોલિસીમાં સમાવેશ થાય છે. અર્થતંત્રમાં સમયાંતરે ઉદભવતી જરૂરિયાતો મુજબ તેમાં ફેરફાર કરવામાં આવે છે.

- **ફાઇનાન્સિયલ :**

સંસદ એક વર્ષના સમય માટે ફાઇનાન્સ બિલને મંજૂરી આપે છે. ત્યારબાદ તે ફાઇનાન્સ એક્ટનું રૂપ ધારણ કરે છે. નવા વેરા દાખલ કરવા અથવા તેમાં ફેરફાર કરવાની દરખાસ્ત જેવી બાબતોનો આ બિલમાં સમાવેશ કરવામાં આવે છે.

- **રાજકોષીય ખાધ :**

સરકારના કુલ ખર્ચ અને આવક વચ્ચેના અંતરને રાજકોષીય ખાધ કહેવામાં આવે છે. ખર્ચને પહોંચી વળવા માટે કેટલા ભંડોળની આવશ્યકતા છે તેનો અંદાજ રાજકોષીય ખાધથી મળે છે.

- **કન્ટિન્જન્સી ફંડ :**

અણધાર્યા અથવા તાકીદના ખર્ચને માટે આ ફંડ રાખવામાં આવે છે. સંસદની મંજૂરી બાકી હોય એવા ખર્ચ માટે પણ તેનો ઉપયોગ થાય છે. આ ફંડમાંથી જેટલી રકમ વાપરવામાં આવે છે એટલી રકમ બાદમાં તેમાં ઉમેરવામાં આવતી હોય છે.

- **કન્ઝ્યુમર પ્રાઇઝ ઇન્ડેક્સ :**

ગ્રાહક વપરાશની ચીજવસ્તુઓને આવરી લેતા ભાવાંક એટલે કન્ઝ્યુમર પ્રાઇઝ ઇન્ડેક્સ.

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર,*
*ચીફ જસ્ટીસના બંગલા પાસે, જજીસ બંગલા રોડ,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

*જીવન એક રંગભૂમિ છે. તેને શ્રેષ્ઠ રીતે ભજવીએ.*

# સૌનું માનીતું વિશિષ્ટ તીર્થ ઘંટાકર્ણ મહાવીર-મહુડી!

• ભવાનજી શિવજી નાંગલપુરવાલા •

અમદાવાદથી વાયા લોદરા ગાંધીનગરના માર્ગે ૬૫ કિલોમીટર અને વાયા કલોલ થઈને ૭૯ કિલોમીટરના અંતરે સુપ્રસિદ્ધ મહુડી તીર્થ આવેલ છે. સેંકડો વરસ પહેલાં અસલ મહુડી ગામમાં શ્રીપદમપ્રભસ્વામીનું જિનાલય હતું. પરંતુ સાબરમતીના પ્રચંડ પૂરના લીધે નાશ પામેલા અસલ મહુડી ગામમાં યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીની પ્રેરણાથી વિક્રમ ૧૯૭૪ના માગશર સુદ-૬ના દિવસે શ્રી પદ્મપ્રભસ્વામી, શ્રી આદીશ્વર સ્વામી તેમજ ચંદ્રપ્રભસ્વામીની પ્રતિષ્ઠા કરી નૂતન જિનાલયનું નિર્માણ કરવામાં આવ્યું. ત્યારબાદ વિક્રમ સંવત ૨૦૨૪માં સુરીશ્વરજીની નિશ્રામાં ૨૭ જિનાલયથી સુશોભિત એવા ભવ્ય દેરાસરનું નિર્માણ કરવામાં આવ્યું.

હવે શ્રી ઘંટાકર્ણ વીરના ભવ્ય ઈતિહાસ તરફ નજર ફેરવીએ. ૧૦૮ ગ્રંથના પ્રણેતા શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ અજ્ઞાન, વહેમ અને અંધશ્રદ્ધા વગેરે અનિષ્ટ તત્ત્વોથી જૈન તેમજ જૈનેતરોને મુક્ત કરવાના શુભમ આશયથી સમ્યગ દષ્ટિધારક દેવશ્રી ઘંટાકર્ણવીરને ઉપાસના દ્વારા સાક્ષાત કરી ભક્તજનોને સહાયભૂત થવા વચનબદ્ધ કર્યા અને મહુડી તીર્થમાં મૂળ સ્થાનકે શ્રી ઘંટાકર્ણ મહાવીરની સ્થાપના કરી. ત્યારથી ભક્તજનો ઘંટાકર્ણ મહાવીરના દર્શનાર્થે આવવા લાગ્યા અને ભક્તજનોનાં વિઘ્નો દૂર થવા લાગ્યા. ભાવિકોને માનસિક શાંતિનો અનુભવ થતો ગયો.

વિક્રમ સંવત ૧૯૮૦ના માગશર સુદ-૩ ના રોજ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલયની જમણી બાજુએ ફરીથી નૂતન મંદિર શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. આચાર્ય શ્રી સુબોધસાગર સૂરીશ્વરજી, આચાર્ય શ્રી મનોહર કીર્તિસાગર સૂરીશ્વરજી તેમજ આચાર્ય શ્રી પદ્મસાગર સૂરીશ્વરજીના શિષ્ય પંન્યાસપ્રવર શ્રી અરુણોદય સાગર મહારાજશ્રીજીની નિશ્રામાં ફરી એકવાર વિક્રમ સંવત ૨૦૫૭માં મંદિરનો જીર્ણોદ્ધાર કરી ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. દર વરસે વદ-૧૪ (કાળી ચૌદસ)ના દિવસે શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવના જમણા પગના અંગૂઠે તેમજ કપાળમાં કેસરપૂજા કરવામાં આવે છે. આ પ્રસંગે મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ, બેંગ્લોર, અમદાવાદ વગેરે ભારતના અનેક શહેરોમાંથી તેમજ વિદેશમાંથી અમેરિકા, કેનેડા, આફ્રિકા, બ્રિટન વગેરે દેશોમાંથી ભક્તજનો શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવના દર્શન પૂજનનો લાભ લેવા ખાસ મહુડી આવે છે. લાખોની સંખ્યામાં ભક્તજનો આવતા હોવાથી મહુડી તીર્થના કમ્પાઉન્ડમાં ખાસ વિશાળ મંડપ બાંધવામાં આવે છે. આ ઉપરાંત ક્લોઝસર્કિટ ટી.વી. દ્વારા સમગ્ર વિધિનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે. આનાથી બધાજ ભક્તજનો શાંતિથી દર્શન પૂજનનો લાભ લઈ શકે છે. મહુડી તીર્થની અનેક વિશેષતામાં એમ કહી શકાય કે મહુડી જૈનોનું તીર્થ હોવા છતાં તમામ ધર્મના અને જ્ઞાતિના લોકો મહુડી તીર્થની જાત્રા કરવા ખાસ આવે છે. ઘંટાકર્ણ મહાવીરના દર્શન કરી સુખડીનો થાળ ધરાવી આનંદ અને ધન્યતાનો અનુભવ કરે છે. મહુડી તીર્થ તમામ કોમના ભક્તજનોને, પોતાનું જ તીર્થ લાગે છે.

મહુડી તીર્થની બીજી વિશેષતા એ છે કે વરસોથી સુખડીના પ્રસાદની ક્વોલિટી એકધારી જાળવી રાખવામાં આવી છે. ગમે ત્યારે તમે દર્શનાર્થે આવો ત્યારે ગરમાગરમ સુખડીનો પ્રસાદ બનતો જ હોય છે. તીર્થમાં દાખલ થતાંની સાથે જ ચોખ્ખા ઘીની સુખડીની સુગંધનો અનુભવ થાય છે. દરરોજ હજારોની સંખ્યામાં ભક્તજનો આવતા હોવાથી તેને અનુલક્ષીને સૌ ભક્તજનો શાંતિથી બેસીને સુખડીના પ્રસાદનો આસ્વાદ માણી શકે તે હેતુથી વિશાળ તેમજ અદ્યતન સગવડતા ધરાવતું પ્રસાદગૃહ ખાસ બનાવવામાં આવેલ છે, રસપ્રદ વાત એ છે કે સુખડીનો પ્રસાદ કમ્પાઉન્ડની બહાર લઈ જઈ શકાતો નથી. આ નિયમનું તમામ યાત્રાળુઓ ભક્તજનો સ્વેચ્છાએ પ્રામાણિકતાથી ચુસ્ત રીતે પાલન કરે છે.

મહુડી તીર્થ વિશે વિશેષ સુંદર જાણવાલાયક વાત એ છે કે ઘંટાકર્ણના નામ સાથે એક વાત જોડાયેલી છે. ભારતભરનાં તીર્થમાં કદાચ મહુડી તીર્થમાં વિશિષ્ટ કહી શકાય તેવો ત્રણ ટન વજનનો ઘંટ ઊંચે સ્તંભ પર મૂકવામાં આવેલ છે છતાં સીડી પર ખૂબ જ ધ્યાનથી ઉપર ચડવું પડે છે. સીડી પર ચડીને ઘંટ વગાડતાંની સાથેજ એક અદ્‌ભુત આનંદનો અનુભવ થાય છે. ઘંટ વગાડવાથી પવિત્ર ધ્વનિના તરંગો ઉત્પન્ન થાય છે. તેનાથી વાતાવરણ શુદ્ધ થાય છે. ઘંટનાદથી વિઘ્નો દૂર થાય છે અને પરમ શાંતિનો અનુભવ થાય છે.

ભક્તજનો આ ઘંટ વગાડીને અનેરો આનંદ મેળવે છે. ઘંટનાદ પાંચ કિલોમીટર સુધી એનો અવાજ સારી રીતે સંભળાય છે. વિક્રમ સંવત ૧૯૮૩માં પૂજ્ય આચાર્ય શ્રી અજિતસાગર સૂરીશ્વરજીએ એની પ્રતિષ્ઠા કરાવેલ છે. એટલે ગુરુમંદિરનું નિર્માણ કરાવી તેમાં મહુડી તીર્થના સ્થાપક એવા શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની પ્રતિષ્ઠા કરાવી છે.

આમ મહુડી તીર્થમાં દર્શનાર્થે આવતા યાત્રાળુઓને શ્રી પદ્મપ્રભસ્વામી, શ્રી ઘંટાકર્ણ વીરદેવ તેમજ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના દર્શનનો લાભ મળે છે. જૈનો અને જૈનો સિવાય અસંખ્ય યાત્રાળુઓ દરરોજ શ્રી ઘંટાકર્ણ મહાવીરનાં દર્શન કરવા આવે છે.

યાત્રાળુઓની સંખ્યાને ધ્યાનમાં લઈને આધુનિક સુવિધા ધરાવતી ધર્મશાળા તેમજ ભોજન શાળાની ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે. અમદાવાદથી એસ.ટી. બસ દ્વારા પણ મહુડી જઈ શકાય છે. આ એક વિશિષ્ટ કહી શકાય તેવું મહાન તીર્થ છે. દર વરસે લાખો યાત્રાળુઓ ઘંટાકર્ણ મહાવીરના દર્શન કરે છે અને દર્શન કરી પરમ શાંતિનો અનુભવ કરે છે.

*સાંતાક્રુઝ, મુંબઈ-૪૦૦ ૦૫૫.*
*ફોન : (૦૨૨) ૨૬૧૨૫૬૫૮*

*પરમાત્માએ તમને બે હાથ કોઈને તમાચો મારવા નહિ, પણ કોક પડેલાને ઊંચકી લેવા માટે આપ્યા છે.*

# ઇતિહાસની ભયાનક તારાજી
# જાપાનમાં ભૂકંપ-સુનામી અને પરમાણુ કટોકટી

• દિનેશ મહેતા •

જાપાનમાં તા. ૧૧-૩-૨૦૧૧ના રોજ ૮.૯ મેગ્નિટ્યુડની તીવ્રતા ધરાવતા શક્તિશાળી ભૂકંપ અને તેનાથી ઉદ્‌ભવેલ લગભગ ૩૩ ફૂટના સુનામીએ અને તેના પરિણામે અણુ રિએક્ટરમાં વિસ્ફોટે અકલ્પનીય વિનાશ વેર્યો છે. આ ભૂકંપ-સુનામીના કારણથી ઉત્તરપૂર્વ જાપાનમાં સેંકડોની સંખ્યામાં કાર, જહાજો અને મકાનોના કાટમાળ પાણીમાં તણાઇ ગયા હતા. હજારોની સંખ્યામાં લોકોના મોત નિપજ્યાં છે. મૃત્યુ આંક ૩૦થી ૪૦ હજાર હોવાનો ભય છે. ભૂકંપની સૌથી માઠી અસર સેંડાઇ નામના શહેરને થઇ હતી. જ્યાં સેંકડો લોકો કાટમાળ હેઠળ ફસાયા હતા. ઉત્તર જાપાનના કાંઠા વિસ્તારમાં તો પેસેન્જરો સાથેની ચાર ટ્રેનો લાપત્તા બની ગઇ હતી. અન્ય તમામ વિસ્તારોમાં મોટાપાયે ખુવારી અને નુકસાનના અહેવાલો છે. ટોકિયો સહિત અનેક શહેરોમાં અલગ અને લાપત્તા થઇ ગયેલા લોકોની સંખ્યા મોટા પ્રમાણમાં બહાર આવી છે. બીજી તરફ સુનામીના તાંડવથી તોતિંગ જહાજો કાગળની હોડીની માફક અહીંતહીં ફંગોળાયા, મોટી મોટી ઇમારતો રમકડાંની જેમ પાણીમાં તણાઇ અને અનેક ઉદ્યોગ યુનિટો, રિફાઇનરીઓમાં આગના બનાવોથી અબજો ડોલરનું નુકસાન થયું છે. એમ કહેવાય છે કે જાપાનમાં ૧૪૦ વર્ષમાં સૌથી વિનાશક આ ધરતીકંપ-સુનામી છે. આ ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે તેની અસર ૩૦૦ કિલોમીટરથી પણ દૂરના વિસ્તારોમાં વરતાઇ હતી. સમગ્ર વિશ્વનું ધ્યાન કેન્દ્રિત કરનાર જાપાનના આ ભૂકંપે દરેકના જીવ અદ્ધર કરી નાખે તેવા અનેક દશ્યો સર્જ્યા છે. સેન્ડાઇના એક વિસ્તારમાં આ ભૂકંપથી એક આખો ઓવરબ્રિજ જમીનમાંથી પાયા સહિત ઊખડી ગયો હતો અને તે સમયે આ પુલ પરથી પસાર થતાં અનેક વાહનો તુટી પડતાં કાટમાળમાં દટાઇ ગયા હતા. આ શક્તિશાળી ભૂકંપ બાદ જાપાનના ૧૧ પરમાણુ મથકો આપોઆપ બંધ થઇ ગયા હતા.

• **સુનામી :**

સુનામીનું સર્જન કેવી રીતે થાય છે તે જાણવું રસપ્રદ છે. ધરતીની એક વિશાળ પ્લેટ બીજી એવી પ્લેટ નીચે સરકતાં પ્રચંડ દબાણ સર્જાય છે અને જેને પરિણામે અત્યંત વિશાળ માત્રામાં પોપડા ધસી પડે છે. આ બધા પોપડા દરિયાના પેટાળમાં ખૂબ તાકાતથી પછડાય છે અને જેનાં કારણે પાણી ચોમેર ધકેલાતું હોવાથી સુનામી સર્જાય છે. દરિયાકાંઠે પાણી છીછરું હોવાથી દરિયાના મોજાં પ્રચંડ ઊંચાઇ પકડીને ચારે તરફ વિનાશ સર્જે છે. આ રીતે જાપાનમાં ભૂકંપ બાદ મોટા પાયે સુનામીનું સર્જન થયું અને તેનાં પરિણામે ભયાનક તારાજી સર્જાઇ.

જાપાનમાં પ્રથમ ત્રણ દિવસો દરમિયાન ભૂકંપના કુલ ૧૪૦ આફ્ટરશોક પણ નોંધાયા હતા. તેનાં પરિણામે અનેક શહેરી વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ઊભી થઇ, વીજળી પુરવઠો બંધ રહ્યો અને જરૂરી ચીજવસ્તુઓની ગંભીર અછત સર્જાઇ. સ્થાનિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ પણ સમગ્ર રીતે ખોરવાઇ ગઇ. ઘણાં વિસ્તારોમાં અંધારપટ છવાયેલો રહ્યો, વીજળી અને ગેસ કનેકશન સાવચેતીના પગલાં રૂપે કાપી નાખવામાં આવ્યા. મોબાઇલ અને સંદેશા વ્યવહારના તમામ સાધનોની સેવા બંધ થઇ ગઇ. ટ્રાન્સપોર્ટ, રેલવે, વિમાની મથકોની સેવાઓ બંધ થઇ ગઇ. ઉદ્યોગગૃહો, પરમાણુ કેન્દ્રો, રિફાઇનરીમાં સંખ્યાબંધ આગના બનાવો બન્યા. ચારે તરફ જળ પ્રલય નજરે પડ્યો હતો અને લાખો લોકોને સ્થળાંતર કરવું પડ્યું.

• **પરમાણુ રિએક્ટર :**

જાપાનમાં ભૂકંપના આ અતિ તીવ્ર આંચકાના બીજા દિવસથી ફુકુશિયા નામના અણુ વીજમથકમાં પ્રચંડ વિસ્ફોટો થતાં રહ્યાં. અણુમથકમાં કટોકટી સર્જાતાં અગાઉ કુલ ત્રણ લાખ લોકોનું સ્થળાંતર કરાવાયું હતું. ત્યારબાદ બે લાખથી વધુ લોકોને અન્યત્ર ખસેડાયા હતા. અગર આ પરમાણુ રિએક્ટર પૂરેપૂરા ઓગળી જાય તો સમગ્ર જીવસૃષ્ટિ માટે ખતરારૂપ યુરેનિયમ અને અન્ય કિરણોત્સર્ગ વાતાવરણમાં ફેલાવવા માંડે તેવી પૂરી શક્યતા રહેલી છે. આ રીતે, હીરોશિમા પછી સૌથી વધુ પ્રમાણમાં કિરણોત્સર્ગનો ભય ઊભો થયો હતો. ફુકુશિયા ન્યુક્લિયર પ્લાન્ટમાં વિસ્ફોટથી મેલ્ટ ડાઉનનું જોખમ વધી ગયું હતું અને તેનાં પરિણામે હજુ વધારે વિસ્ફોટોનો ભય સતત સેવાઇ રહ્યો છે. જે વિસ્ફોટો થયા, તેની માત્રા ખૂબજ તેજ હતી. આવા ભયાનક ધડાકાનો અવાજ ૪૦ કિલોમીટર દૂરથી પણ સાંભળવા મળતો હતો. આ પરમાણુ મથકના બે અને ચાર નંબરના રિએક્ટરોમાં વિસ્ફોટ અને ફ્યુઅલ ટેન્કમાં આગ ફાટી નીકળતા પરમાણુ કટોકટી વધુ ગંભીર બની છે.

પરમાણુ મથકે આગના કારણે ગરમી પકડી રહેલા રિએક્ટરોને ઠંડાં રાખવા તેમજ ફ્યુઅલ રોડ ગરમીના કારણે પીગળી ના જાય તે માટે હેલિકોપ્ટરો દ્વારા રિએક્ટરો પર પાણી ઠાલવવામાં આવ્યું હતું. ફ્યુઅલ રોડ સંપૂર્ણપણે ઓગળી જાય તો રેડિયેશનથી ભયંકર વિનાશ સર્જાઇ શકે છે.

તે સાથે આસપાસના વિસ્તારોમાં રેડિયો એક્ટિવ પદાર્થોના પ્રમાણમાં ચિંતાજનક વધારો થઇ રહ્યો છે. જાપાનના પાટનગર ટોકિયોમાં રેડિએશનના પ્રમાણમાં થઇ રહેલા વધારાને પગલે નાસભાગ

*કોઈ એક ઊંચા આસન પર બેસવાથી કાંઈ ગૌરવ વધતું નથી. ગૌરવ ગુણોને કારણે આવે છે.*

મચી ગઇ હતી. અનેક લોકો શહેર છોડીને ભાગી રહ્યા હતા. અનેક દેશોએ પોતાના નાગરિકોને સ્વદેશ પરત ફરવા સગવડ ઊભી કરી છે. જાપાન સરકારે પરમાણુ કટોકટીને અટકાવવા કુલિંગ માટેના ઉપકરણોની મદદ કરવા અમેરિકા જેવા દેશોને વિનંતી કરી છે. ભૂકંપ-સુનામી અને પરમાણુ કટોકટીના કારણે જાપાન બીજા વિશ્વયુદ્ધ પછીની સૌથી ભયાનક સ્થિતિનો સામનો કરી રહ્યું છે. જાપાનની આ કટોકટી અને હિરોશીમા અને નાગાસાકી પર અમેરિકાએ ઝીંકેલા પરમાણુ બોમ્બથી સર્જાયેલી આપત્તિ વચ્ચે આમ ઘણું સામ્ય જણાય છે.

અમેરિકાએ ૬-૮-૧૯૪૫ના રોજ હિરોશીમા પર પહેલો પરમાણુ બોમ્બ ઝીંકતા ૭૦ હજાર લોકો મૃત્યુ પામ્યા હતા. ત્રણ દિવસ પછી નાગાસાકી પર બીજો અણુબોમ્બ ફેંકાતા ૮૦ હજાર લોકો મૃત્યુ પામ્યા હતા. તેવી જ રીતે જાપાનમાં હાલના ભૂકંપ-સુનામીમાં પણ ૪૦ હજારથી વધુ લોકોના મૃત્યુની ભીતિ છે.

જાપાનની હાલની કટોકટીમાંથી ભારત જેવા દેશોએ પદાર્થપાઠ લઈને ભાવિ પરમાણુ મથકો માટે સુરક્ષાના પૂરતા પગલાં લેવા પડશે. ભારતમાં ૨૦ અણુ ઊર્જા મથકો છે અને અન્ય પાંચનું કામકાજ ચાલુ છે.

- **અર્થતંત્ર પર અસર :**

જાપાનની સાચી પરિસ્થિતિનો તાગ મેળવવા હજુ થોડો સમય લાગશે. આમ છતાં જે નુકસાની બહાર આવી છે તેનાં કરતાં અનેકગણી વધુ હોઇ શકે છે. કુદરતી પ્રકોપ આગળ સૌ લાચાર છે. વિશ્વમાં ચોમેરથી જાપાનને સહાય પહોંચાડાશે તેમા શંકાને સ્થાન નથી. કુદરતે જાપાનમાં વેરેલો વિનાશ અતિ આઘાતજનક છે. ઔદ્યોગિક ક્ષેત્રે જાપાન વિશ્વમાં એક મજબૂત સ્પર્ધક છે. હાલના તબક્કે જાપાન આ સ્પર્ધામાંથી કુદરતી રીતે દૂર થશે અને તેનાં પરિણામે વૈશ્વિક જરૂરિયાતો ભારત અને ચીન જેવા દેશો પૂરી પાડશે. ભારતના બજારોમાં ચડઉતર ભલે થતી હોય પરંતુ વિદેશી રોકાણકારો માટે ભારત સિવાય હાલે બીજો કોઇ ભરોસાપાત્ર દેશ રહ્યો નથી તે હકીકત છે. નોંધનીય છે કે ભારતની કુલ નિકાસમાં જાપાનનો ફાળો માત્ર બે ટકા જેટલો જ છે. એટલે નિકાસની દૃષ્ટિએ ભારતને મોટો ફરક પડશે નહીં.

વિશ્વના દેશોમાં ત્રીજા નંબરના સૌથી મોટા અર્થતંત્રવાળા જાપાનને ૨૦૧૦ના સમયગાળામાં આર્થિક ભીંસ અને રાજકીય અનિશ્ચિતતા સર્જાયા બાદ તાજેતરમાં સર્જાયેલી આ કુદરતી હોનારતના કારણે જાપાનના અર્થતંત્ર પર ખૂબજ માઠી અસર થાય તે સ્વભાવિક છે. ભૂકંપ અને સુનામીના કારણે બેહાલ બનેલા જાપાનની ઓટો ઈન્ડસ્ટ્રી પર ગંભીર અસર થવાની પૂરી શક્યતા છે.

હકીકતમાં જાપાનમાં ભૂકંપના ઝટકા સહન કરી શકે તે રીતે તૈયાર થતી ઇમારતોના કારણે જાનહાનિનું પ્રમાણ તો પણ ઓછું જોવા મળશે. વિશ્વમાં બાંધકામને લગતા સૌથી કડક કાયદા ધરાવતા દેશોમાં જાપાનનો પણ સમાવેશ થાય છે. ઘણાં વર્ષોથી જાપાન ભૂકંપ અને સુનામી સામે ટકી શકે તેવી ટેકનોલોજી વિકસાવવા અને તેનાં અમલ માટે અબજો ડોલરનો ખર્ચ કરે છે. જાપાનમાં ૧૯૨૩માં આવેલાં ૭.૯ ની તીવ્રતાવાળા ભૂકંપના કારણે ૧.૪૦ લાખ લોકોના મોત નિપજ્યાં હતા. એ રીતે ૮.૯ની તીવ્રતાવાળા ભૂકંપના કારણે હજુ મોટી જાનહાનિ થઇ હોત. જાપાનને હચમચાવી નાખનારા આ અતિ વિનાશક ભૂકંપ-સુનામીએ પૃથ્વીની ધરી પર પણ અસર કરી છે અને જાપાનના એક ટાપુને તેના અસલ સ્થાનેથી ખસેડી દીધો છે. આ ભયાવહ ભૂકંપ-સુનામીએ વેરેલા વિનાશથી લાખો લોકો બેઘર બની ગયા છે. રાહતની કામગીરી માટે જાપાન સરકારે ૭૦ હજાર સૈનિકોને કામે લગાડ્યા છે.

જાપાનની વસતિ અંદાજે ૧૩ કરોડ જેટલી છે. જાપાનના સુકાબા ઈબારીકામાં આવેલી ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ સિસ્મોલોજી એન્ડ અર્થક્વેક એન્જિનિયરિંગ વિશ્વ વિખ્યાત છે.

કેટલીક બાબતોમાં જાપાન જેવા દેશો પાસેથી વિશ્વના અન્ય દેશોએ બોધ લેવા જેવો છે. ચીન, ભારત કે પાકિસ્તાન જેવા દેશોમાં આનાથી ઓછી તીવ્રતાવાળા ભૂકંપથી પણ વધુ તબાહી થતી હોય છે. જાપાનમાં તાજેતરની સુનામીના કારણે મૃત્યુ આંક ઊંચો છે. માત્ર ભૂકંપ હોય તો જાનહાનિનું પ્રમાણ નહિવત જેવું હોય. તેનું કારણ એ છે કે કુદરતી આફતોનો સામનો કરવા અગાઉથી તૈયારી અને ગુણવત્તા. ભારત જેવા દેશોમાં ભ્રષ્ટાચારને લીધે મકાનોના નિર્માણકાર્યમાં નિયમોનું ભાગ્યેજ પાલન થાય છે.

અપાર વૈજ્ઞાનિક પ્રગતિ છતાં કોઈપણ ભયંકર કુદરતી આપત્તિ સામે આપણને ખ્યાલ આવે છે કે આપણે કેટલાં સલામત છીએ. આવા પ્રસંગોએ આપણને પ્રતીતિ થાય છે કે વિરાટ પ્રકૃતિની સામે આપણે કેટલા વામણા છીએ અને વિશ્વમાં કેટલુંય અનિશ્ચિત છે, જે કુદરત પર આધારિત છે.

એક અંદાજ મુજબ, જાપાનમાં પાંચ હજારથી વધુ ગુજરાતીઓ રહે છે. જાપાનનો ઐતિહાસિક સમયથી ગુજરાત સાથેનો વેપાર-વાણિજ્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં હિસ્સેદાર રહ્યો છે. ૨૦૦૧માં ગુજરાત-કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપમાં જાપાનની પ્રજાએ ગુજરાતીઓને સ્વજન ગણીને અમૂલ્ય મદદ પહોંચાડી હતી. જાપાનમાં થયેલી ભારે જાનહાનિ અને તબાહી અંગે ગુજરાત વિધાનસભામાં પણ એક શોકપ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

જાપાન પર આવી પડેલ આ ઘેરા સંકટના સમયે ત્યાંના પરિવારો પ્રત્યે આપણી સહાનુભૂતિ અને સહભાગિતા વ્યક્ત કરીએ તેમજ બનતી સહાય અને મદદ કરીએ. હોનારતમાં ભોગ બનેલા નાગરિકો પ્રત્યે સદ્‌ભાવના વ્યક્ત કરીએ અને મૃત્યુ પામેલા દિવંગત નાગરિકોના આત્માની શાંતિ માટે પરમાત્માને પ્રાર્થના કરીએ.

*વક્તને હમકો યે સમજાયા હૈ,*
*જિંદગી મૌત હૈ ઔર કુછ નહીં.*
*હર ઘડી ધૂપમેં હી ચલના હૈ,*
*સાયા ભી હમારા સહારા નહીં.*

*પરોપકાર બદલ પુરસ્કારની અપેક્ષા રાખવી નહિ.*

## વિનાશક ભૂકંપ અને સુનામી

| *તારીખ* | *સ્થળ* | *સ્કેલ-તીવ્રતા* | *લોકોના મૃત્યુઆંક (અંદાજ)* |
|---|---|---|---|
| ૩૧-૧-૧૯૦૬ | કોલંબિયા | ૮.૮ | ૧૦૦૦ જેટલાં |
| ૨૧-૫-૧૯૬૦ | ચીલી | ૯.૫ | ૧૬૦૦થી વધુ |
| ૨૭-૩-૧૯૬૪ | અમેરિકાના અલાસ્કા | ૮.૯ | જાન-માલનું મોટું નુકસાન |
| ૨૭-૭-૧૯૭૬ | ચીનના તાનસાનમાં | ૮.૫ | ૫૫૦૦૦ |
| ૨૦-૬-૧૯૯૦ | ઈરાન | ૭.૪ | ૪૦,૦૦૦ |
| ૩૦-૯-૧૯૯૨ | ભારતના લાતુર | ૬.૨ | ૯૭૪૮ |
| ૧૬-૧-૧૯૯૫ | જાપાન | ૬.૯ | ૫૫૩૦ |
| ૧૭-૮-૧૯૯૯ | તૂર્કી | ૭.૬ | ૧૭,૧૧૮ |
| ૨૬-૧-૨૦૦૧ | ભારતના ગુજરાત-કચ્છ | ૭.૭ | ૨૦,૦૨૩ |
| ૨૬-૧૨-૨૦૦૩ | ઈરાન | ૬.૬ | ૩૧,૦૦૦ |
| ૨૬-૧૨-૨૦૦૪ | ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ પાસેના વિસ્તાર. (ભૂકંપના કારણે સુનામી ત્રાટકતાં ભારત સહિત અન્ય દેશો) | ૯.૧ | ૨,૨૦,૦૦૦ |
| ૨૮-૩-૨૦૦૫ | ઈન્ડોનેશિયા | ૮.૫ | જાન-માલનું મોટું નુકસાન |
| ૮-૧૦-૨૦૦૫ | પાકિસ્તાન | ૭.૬ | ૮૦,૩૬૧ |
| ૧૭-૭-૨૦૦૬ | ઈન્ડોનેશિયા | ૭.૭ | ૧૦૦૦ |
| ૧૨-૫-૨૦૦૮ | ચીનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તાર | ૮.૦ | ૭૦,૦૦૦ |
| ૧૨-૧-૨૦૧૦ | હૈતી | ૭.૦ | ૨,૨૦,૫૭૦ |
| ૨૭-૨-૨૦૧૦ | દક્ષિણ-ચીલી | ૮.૮ | ૩૦૦ અને મોટું નુકસાન |
| ૧૧-૩-૨૦૦૧ | જાપાન | ૮.૯ | ૪૦,૦૦૦ |

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર, ચીફ જસ્ટીસના બંગલા પાસે,*
*જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

## સૌએ લેવા જેવું પંચશીલ

૧. સૌંદર્ય, સંપત્તિ અને સરસ્વતીનું પ્રદર્શન ઓછું કરીએ.
૨. સૌંદર્ય, સંપત્તિ અને સત્તાને પચાવતાં શીખીએ.
૩. સમાજનું ૠણ અદા કરવાની ભાવના ઉજાગર કરીએ.
૪. શક્ય હોય તો એકેક વિદ્યાર્થી દત્તક લઈએ.
૫. શક્ય હોય તો એકેક વિધવા-નિરાધારને મદદ કરીએ.

*શશીકાંત ઠક્કર - માધાપર, કચ્છ*

# વાઇબ્રન્ટ ગુજરાતથી વાઇબ્રન્ટ વર્લ્ડ

## ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાઓનું સર્જન રોમન વિઝન સંગાથે....

• ભૂપેન્દ્ર છેડા •

સ્વર્ણિમ ગુજરાત પ્રસંગે દિલથી વાત કરવાનું મન થાય છે. ગુજરાત એક રોલ મોડેલ છે આખી દુનિયા માટે. શ્રી નરેન્દ્ર મોદીએ એકલે હાથે જેને રાજ્યમાંથી તાકાતવર રાજ્ય બનાવ્યું છે. આજે ગુજરાત ઇલેક્ટ્રિકસિટીનું પાવર હબ બન્યું છે. એક સમયે બહારથી વિદ્યુત લેવી પડતી હતી તેને સ્થાને ગુજરાતથી બીજા રાજ્યોમાં વિદ્યુત સપ્લાય થાય છે. જે અડગ મનોબળ, ઝીણી નજર, કોઠાસૂઝ, શ્રી નરેન્દ્ર મોદીને છે; તેનાથી ગુજરાત ગતિશીલ રાજ્ય બન્યું છે. ગુજરાતનો ઉત્તરોત્તર વિકાસક્રમ ચાલુ જ છે. જે બીજા રાજ્યોએ શ્રી નરેન્દ્ર મોદી પાસેથી શીખવાની જરૂર છે.

ગુજરાત ફક્ત બિઝનેસ અને ઉદ્યોગપતિઓ માટે આગળ પડતો નથી પણ એણે "મહાત્મા ગાંધી જેવા અહિંસાનું શસ્ત્ર" આખી દુનિયાને આપ્યું. સરદાર પટેલ, શ્યામકિશન વર્મા, મોરારજી દેસાઇ, વિક્રમ સારાભાઇ, ત્રિભોવનદાસ, દાદાભાઇ નવરોજી, ધીરુભાઇ અંબાણી, એલ. એન્ડ ટી.ના ચેરમને શ્રી અનિલ નાયક, નર્મદ, ઝવેરચંદ મેઘાણી, ઠક્કરબાપા જેવા અનેક અમૂલ્ય રત્નો ગુજરાતમાંથી સર્જાયા છે. જેના થકી ૧૨૦ કરોડ ભારતની વસતિ આઝાદીનો અને પ્રગતિનો આનંદ માણી રહી છે.

ગુજરાતીઓ સૌથી વધુ પૈસા ઉભા કરી શકે છે, મેળવી શકે છે. ગુજરાતીઓ સૌથી મોટા રોકાણકારો છે અને સૌથી મોટા સંપત્તિ સર્જકો છે. રોકાણકારોને પણ પૂરો વિશ્વાસ છે કે ગુજરાતીઓ દ્વારા પ્રમોટ કરાયેલ કંપનીમાંથી શેરહોલ્ડરને સતત સારું વળતર મળતું જ રહે છે. દસ ટોપ આઈ.પી.ઓ. માંથી પાંચ આઈ.પી.ઓ. ગુજરાતીઓ દ્વારા પ્રમોટ કરાયેલ છે.

'ફોર્બ્સ' મેગેઝીનના મત પ્રમાણે દુનિયાના ટોપ ૪૦ ધનકુબેરોમાંથી ૯ ગુજરાતીઓ મોખરે છે. મુકેશ અંબાણી (આર.આઇ.એલ), અનિલ અંબાણી (આર.પી.એલ), અઝીમ પ્રેમજી (વિપ્રો), ગૌતમ અદાણી (અદાણી પોર્ટ), દિલીપ સંઘવી (સનફાર્મા), સાયરસભાઇ પુનાવાલા (સીરમ ઇન્સ્ટિટ્યૂટ), ઉદય કોટક (કોટક મહેન્દ્રા), તુલસીભાઇ તાંતી (વિન્ડ પાવર), હેમંત શાહ (આકૃતિ) તેમજ ભારતની ઉત્તમ વેપારી પ્રજા, જૈન, કચ્છી, મેમણ, વાણિયા, ખોજા, બોરા પણ ગુજરાતી જ બોલે છે. તેમજ એન્કર, આરતી ગ્રૂપ, અમર સન્સ, વી ટ્રાન્સ, મારુ, ગંગર, સુંદરમ, બેન્ઝર, શીતલ, પ્રમાણિક, યુરો, સેજલ ગ્લાસ, સતરા, શાહ ગ્રૂપ, નેપ્ચ્યુન વગેરે ગ્રૂપ પણ ગુજરાતીઓના જ છે અને ભારતના ટોપ ૨૫ ધનવાનોમાંથી ૧૦ ગુજરાતીઓ છે.

ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ કોઇ વ્યક્તિએ સારા કાર્ય માટે ચળવળ કરી છે, જે આગળ જઇને એ મોટા આંદોલનોમાં ફેરવાઇ ગઇ છે તેને સફળતા મળીને જ રહી છે. જેવી રીતે અંગ્રેજોની ગુલામીથી મુક્તિ મેળવવા માટે મહાત્મા ગાંધીએ અહિંસાની ચળવળ ઉપાડી ને આગળ જઇને આખા ભારતમાં મોટા પાયે આંદોલનમાં ફેરવાઇ ગઇ ને સૌએ મળીને સ્વતંત્ર ભારત મેળવ્યું છે.

ભારત અવકાશ ક્ષેત્રમાં શોધખોળ માટે સૌ પ્રથમ "જીઓ સ્પાર્શિયલ ટેકનોલોજી પાર્ક" ગુજરાતમાં સ્થાપી રહ્યું છે. નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાય ઇકોનોમિક રિસર્ચના મતે સુરત ભારતનું ધનાઢ્ય શહેર છે. સુરતની સરેરાશ આવક ૪.૫ લાખ વાર્ષિક છે. તેમજ આખી દુનિયામાં જે પણ હીરા વેચાય છે તેમાંના ૮૦ ટકા, સુરતની ૧૦ હજાર ફેક્ટરીમાં પોલીશ થાય છે.

ઔદ્યોગિક ક્ષેત્રમાં ગુજરાત આગળ વધી રહ્યું છે. તેમાં રિલાયન્સે દુનિયાની મોટામાં મોટી ઓઇલ રિફાઇનરી જામનગરમાં સ્થાપી છે. ડેનિમ મેન્યુફેક્ચરિંગ કરવામાં અમદાવાદની અરવિંદ મિલનો દુનિયામાં ત્રીજો નંબર આવે છે. ભારતની ૪૦ ટકા ફાર્મસી ઇન્ડસ્ટ્રી ગુજરાતમાં છે. છેલ્લા ૧૨ વર્ષથી ગુજરાતનો જી.ડી.પી. ગ્રોથ ૧૨ ટકા રહ્યો છે.

૫ કરોડ ગુજરાતની પ્રજા જે ૫ ટકા ભારતની વસતિનો ભાગ છે અને ભારતની ફક્ત ૬ ટકા જમીન પર રહે છે તેમજ ભારતની માલમત્તાનો ૩૦ ટકા ભાગ ગુજરાતીઓનો છે.

ભારતની નિકાસમાં ૧૬ ટકા અને ૧૭ ટકા જી.ડી.પી.માં ભાગ ગુજરાતીઓનો જ છે. ભારત દુનિયાના વિક્સિત દેશોની સમાનતામાં આવી ગયું છે. જેનો યશ ગુજરાતી સમાજને જાય છે.

નરેન્દ્ર મોદી કહે છે કે "અમે આ સુવર્ણ સમયમાં વિકાસની ટોચ પર પહોંચ્યા છીએ અને એક નવા શિખરને સર કરવા તૈયાર છીએ." ગુજરાત સ્વર્ણિમ ગુજરાત ત્યારેજ કહેવાશે જ્યારે દરેક નાગરિક ગુજરાતને સ્વર્ણિમ બનાવવાનો સંકલ્પ કરી ભારતને સુપર પાવર તરફ લઇ જશે.

શ્રી નરેન્દ્ર મોદીની ગુજરાતને વિકસાવવું, તેનો ગ્રોથ કરવો અને ગુજરાતમાંથી ગરીબી હટાવવાની મહેનત રંગ લાવી રહી છે. તેમનું ગુજરાતમાંથી ગરીબી દૂર કરવાના વચન પ્રત્યે કોઇ શંકા નથી અને

*શીખવાની એક ઉત્તમ રીત છે, સવાલ પૂછવો અને પછી ધીરજપૂર્વક તેનો જવાબ સાંભળવો.*

ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બનશે જ્યાં ગરીબી નહીં હોય અને ૧૦૦ ટકા સાક્ષરતા હશે.

એમના આ સપનાને સાકાર કરવા માટે રોમન વિઝન પણ કટીબદ્ધ છે. તે માટે ગુજરાતનાં જે ૧૮૦૦૦ ગામડાંઓ છે તે દરેક ગામડાંનું પ્રતિનિધિત્વ કરવા માટે રોમન દુનિયામાં ૧ લાખથી વધુ વસતિવાળા ૫૦૦૦ શહેરોમાં "રોમન ભારતીય સેન્ટરો" તૈયાર કરી રહ્યું છે. જેમાં ગુજરાતના ગામડાંનું પ્રતિનિધિત્વ દુનિયાભરમાં થશે.

જેમને જીવનમાં આગળ વધવાની પ્રબળ ઇચ્છા છે એ લોકો જો બ્રહ્મમુહુર્તે ઊઠી, સારું વાંચન કરે અને એક લક્ષ પર કામ કરવાની રીત સમજી લે, તો એમની પ્રગતિ થાય છે એ જો તમે માનતા હો તો ચોક્કસ અમને મળો. સમજો કે ગુજરાતી માણસની પ્રગતિ કેવી રીતે થઇ શકશે અને કેવી રીતે સમાજને સમૃદ્ધ બનાવી શકાશે. ઇચ્છુકોને "રોમન એન્ટરપ્રિન્યોર એમ.બી.એ."ની ટ્રેનિંગ ફ્રી આપવામાં આવશે.

આપણું સ્વર્ણિમ વાઇબ્રન્ટ ગુજરાત હોવા છતાં પણ ઘણાં ગુજરાતી ફેમિલી ગરીબી રેખાથી નીચે જીવી રહ્યા છે. વર્તમાન નારકીય પરિસ્થિતિઓને ભવિષ્યના સ્વર્ગીય વાતાવરણમાં બદલવા માટે ચિંતન જ માત્ર એક કેન્દ્રબિંદુ છે, જેના પર વ્યક્તિની દિશા, પ્રતિભા, ક્રિયા, સ્થિતિ તથા પ્રગતિનો પૂરેપૂરો આધાર રહેલો છે. રોમન વિઝન એની ચિંતનની ધારને નીચેની દિશામાં જતી રોકીને એને શ્રેષ્ઠતાની દિશામાં વાળે છે. જેનાથી એ પોતે સ્તર, સ્વરૂપ અને પરિસ્થિતિઓને બદલવામાં સમર્થ થઇ શકે છે.

પાણીના ટીપાં અલગ રહે તો એમનું ગૌરવ જળવાતું નથી. હવાનો એક સપાટો એમને સુકવી નાખે છે. પરંતુ જ્યારે તે ભેગાં મળીને એક વિશાળ જળાશયનું રૂપ ધારણ કરે છે ત્યારે એમની સમર્થતા અને વ્યાપકતા ખૂબજ વધી જાય છે. આ તથ્ય સમજી રોમન વિઝન સમગ્ર ગુજરાતીઓને એકતાના સૂત્રમાં બાંધવાનું સાહસ કરે છે. સંકુચિત સ્વાર્થપરાયણતા અને પોતાના મતલબથી મતલબ રાખનારી ક્ષુદ્રતા કોઇપણ ક્ષેત્રમાં નહીં ચાલે. 'વસુધૈવ કુટુંબકમ'નો આદર્શ હવે સમાજવાદ, સમૂહવાદ, સંગઠન તથા એકીકરણના સ્વરૂપમાં અમલી બનશે. આખું વિશ્વ એક રાષ્ટ્ર બનશે. શુભ આશયવાળી સંકલ્પશીલ વ્યક્તિઓ એક થઇને કાર્ય કરે છે ત્યારે સ્થિતિ બદલાયા વગર નથી રહેતી. આપણે સંપૂર્ણ મનોબળ એકઠું કરીને આપણી તથા આપણાથી સંબંધિત વ્યક્તિઓની વિચારશૈલીમાં એવું પ્રખર પરિવર્તન રજૂ કરીએ જેની આભાથી અંધકાર દૂર થઇ જાય અને ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાઓ પ્રકાશિત થઇ ઊઠે.

ગુજરાતીઓજ વિશ્વને સુખ શાંતિ અને સમૃદ્ધિરૂપી દિવ્યતાની ભેટ આપી શકે. આપણે નસીબદાર છીએ કે આપણે ગુજરાતી છીએ. કારણકે આપણા ભાઇઓ વિશ્વભરમાં પથરાયેલા છે. બેઝ તૈયાર છે, બસ જરૂર છે એક વિચારથી કામ શરૂ કરવાની. પ્રબળ શ્રદ્ધા રાખી સપના જુઓ અને તે સપના હકીકત બનવા સર્જાયેલા છે એ વિશ્વાસ રાખી યુવાનોને આહ્વાન કરીએ છીએ "Be a Part of India Becoming Superpower at Global Level." આથી એક કરોડ ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં ફેલાઇ જાય ત્યાં એક લાખ વિદેશીઓની વચ્ચે સો ગુજરાતીઓ જઇને વ્યવસાય કરે અને એ વ્યવસાયને જોરે સમાજના નીચલા સ્તરને વિકાસ તરફ દોરી જશે. એક સંગઠન બનાવો. ખરેખર ભગવાને જે ધ્યેયથી આપણને જન્મ આપ્યો છે એ સાચા અર્થમાં સફળ થશે.

*રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી કહે છે કે...*

૨૧મી સદીમાં ભારતના યુવાનો, મુખ્ય તાકાત બનશે.

ઝૂંપડપટ્ટીમાં રહેતા તમામને કરોડપતિ બનતા જોવાનું સ્વપ્ન છે.

તો વિચારો આપણા ગુજરાતીઓ કયા સ્થાને હોવા જોઇએ? ■

## ક્રિકેટ વિશ્વકપ

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

વિશ્વકપ રમે છે. વિશ્વકપમાં તે સૌથી વધુ રન ધરાવનાર ખેલાડી છે. ઉપરાંત વન-ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર પણ સચિન છે.

વિશ્વકપનો રેકોર્ડ તપાસીએ, તો, ઇંગ્લેન્ડ ૧૯૭૯, ૧૯૮૭ અને ૧૯૯૨ની ફાઇનલમાં હાર્યું હતું અને ક્યારેય વિશ્વકપ જીતી શક્યું નથી.

જ્યારે સાઉથ આફ્રિકા ૧૯૯૨ અને ૧૯૯૯ માં સેમી ફાઇનલમાં હાર્યું હતું. વેસ્ટઇન્ડીઝ ૧૯૭૫ અને ૧૯૭૯માં ચેમ્પિયન થયું હતું અને ૧૯૮૩માં રનરઅપ સુધી રહ્યું હતું. ઝિમ્બાબ્વે ૧૯૯૯, ૨૦૦૩માં સુપર સિક્સમાં પહોંચી શક્યું હતું. બીજી તરફ, ઓસ્ટ્રેલિયા ૧૯૮૭, ૧૯૯૯, ૨૦૦૩ અને ૨૦૦૭ માં ચેમ્પિયન બન્યું હતું અને શ્રીલંકા ૧૯૯૬માં ચેમ્પિયન અને ૨૦૦૭માં ફાઇનલિસ્ટમાં હતું. પાકિસ્તાન ટીમ ૧૯૯૨માં ચેમ્પિયન બની હતી. જ્યારે ન્યૂઝીલેન્ડ ટીમ ૧૯૭૫, ૧૯૭૯, ૧૯૯૨, ૧૯૯૯ અને ૨૦૦૭ માં સેમિફાઇનલિસ્ટમાં આવી હતી.

ક્રિકેટ વિશ્વકપ એક એવો જંગ છે કે જેમાં દરેક ટીમની પ્રતિષ્ઠા સાથે સાથે અનેક આશા-અરમાનો હોય છે. જેમ જેમ આ જંગ આગળ વધતો જાય છે તેમ હોટ ફેવરિટની દિશા બદલાતી જોવા મળે છે. એટલે વિશ્વકપમાં અપસેટ સર્જવાની પુરતી સંભાવના છે. "જીતેગા ભારત..." એ સૌ કોઇ બોલે છે. જીત સૌને ગમે છે પરંતુ આવી વૈશ્વિક જીત માટે અથાગ પરિશ્રમ, એકાગ્રતા અને સર્વાંગી રણનીતિની જરૂર હોય છે એ વાત સ્વભાવિક રીતે ધ્યાનમાં રાખવાની આવશ્યકતા છે.

આ સ્થિતિમાં ભારતીય ક્રિકેટ ટીમને શુભેચ્છા સહ ઓલ ધ બેસ્ટ!

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર,*
*ચીફ જસ્ટીસના બંગલા પાસે,*
*જજીસ બંગલા રોડ, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

*જીવનમાં સાદગી સ્વાભિમાનને જગાડે છે.*

# ક્રિકેટ વિશ્વકપ

• દિનેશ મહેતા •

ક્રિકેટ વર્લ્ડ કપ-૨૦૧૧ના ઉદ્‌ઘાટન સમારંભનું તા. ૧૭-૨-૨૦૧૧ ના રોજ ઢાકામાં શાનદાર રીતે આયોજન થયું. દસમાં વર્લ્ડકપમાં કુલ ૪૯ મેચો તા. ૧૯-૨-૨૦૧૧ થી તા. ૨-૪-૨૦૧૧ દરમિયાન એટલે કે કુલ ૪૩ દિવસોમાં કુલ ૧૩ સ્ટેડિયમોમાં આ બધી મેચોનું આયોજન છે. જેમાં સૌથી વધુ આઠ સ્ટેડિયમો ભારતના, ત્રણ સ્ટેડિયમો શ્રીલંકાના અને બે સ્ટેડિયમ બાંગ્લાદેશના છે. ભારતમાં કલકત્તા, નવી દિલ્હી, ચેન્નાઇ, મોહાલી, નાગપુર, બેંગ્લોર, મુંબઇ અને અમદાવાદના સ્ટેડિયમોમાં વર્લ્ડકપની મેચો રમાશે.

વર્લ્ડકપનો ઇતિહાસ જોતાં, સૌથી વધુ મેચોનું આયોજન ૨૦૦૩ ના સમયે વર્લ્ડકપમાં કુલ ૫૪ મેચોનું કરવામાં આવ્યું હતું. પરંતુ મેચ બાવન જ રમાઇ હતી. બિનસલામતીના કારણે બે મેચ રમાઇ ન હતી. નવમા વર્લ્ડકપ, ૨૦૦૭માં કુલ ૫૧ મેચો રમાઇ હતી. પ્રથમ બે વર્લ્ડકપમાં ફક્ત પંદર-પંદર મેચો રમાઇ હતી.

વેસ્ટ ઇન્ડિઝ જેવી જોરદાર ટીમને પછાડીને ૧૯૮૩માં ભારતની ટીમે કપીલદેવની કેપ્ટનશિપ નીચે વર્લ્ડકપ જીત્યો હતો ત્યારપછી ચેમ્પિયન બન્યું નથી. આ વખતે ભારતની ટીમને ચેમ્પિયન થવા માટે હોટ ફેવરિટ ગણવામાં આવે છે. આમ છતાં, ભારતની ટીમ માટે ચેમ્પિયન થવું આસાન કાર્ય નથી. ૨જી એપ્રિલના દિવસે ફાઇનલમાં જે થશે તેની આગાહી કરવાનું અત્યારે સહેલું નથી. ભારતની ટીમ વર્લ્ડ કપ જીતે તેવો ફિવર ચારે તરફ છે પરંતુ આખરે તો આ રમત છે. કોઇપણ સમયે, કાંઇપણ થઇ શકે છે. અત્યાર સુધીની મેચો આ વાતની સાક્ષીરૂપ છે.

૧૯૮૩ એટલે કે ત્રીજા વિશ્વકપમાં ભારત વિશ્વ ચેમ્પિયન થયું અને કપીલદેવની કેપ્ટનશિપે ભારત માટે ગૌરવ હાંસલ કર્યું. ત્યારબાદ તો ક્રિકેટ મેચોનો ઇતિહાસ બદલાતો ગયો છે. ૧૯૮૭માં ચોથા વર્લ્ડકપ વખતે ભારત સેમી ફાઇનલ સુધી પહોંચ્યુ અને ત્યાંજ હાર થઇ હતી. તે વખતે પણ ભારતીય ટીમના કેપ્ટન કપીલ દેવ હતા. ૧૯૯૨ના વિશ્વકપ વખતે ભારતની ટીમ પ્રથમ રાઉન્ડમાં જ બહાર ફેંકાઇ ગઇ હતી. તે વખતે અઝહરુદ્દીનની કેપ્ટનશિપ હતી. ફરીને, ૧૯૯૬માં અઝહરુદ્દીનની કેપ્ટનશિપ નીચે ભારત સેમીફાઇનલ સુધી જ પહોંચી શક્યું હતું. ૧૯૯૯માં પણ અઝહરુદ્દીનની કપ્તાની નીચે સુપર સિક્સમાંથી ભારત બહાર ફેંકાઇ ગયું. તેવી રીતે, ૨૦૦૩ના વર્લ્ડકપમાં કપ્તાન સૌરવ ગાંગુલીના નેજા હેઠળ ભારતીય ટીમ ફાઇનલ સુધી પહોંચી હતી પરંતુ ઓસ્ટ્રેલિયાની મજબૂત ટીમ સામે ૧૨૫ રનથી હાર્યું હતું. નવમા વિશ્વકપ વખતે ભારતીય ટીમના કેપ્ટન હતા રાહુલ દ્રવિડ. પરંતુ તે વખતે પણ પ્રથમ રાઉન્ડમાં જ ભારત બહાર ફેંકાઇ ગયું.

આ રીતે, ભારતીય ટીમના ઇતિહાસમાં નિષ્ફળતા વધારે અને સફળતા ઓછી છે. આ બધા વિશ્વકપની રમતોમાં ભારતીય ટીમ ચાર વખત પ્રથમ રાઉન્ડમાં, બે વખત સેમી ફાઇનલમાં અને એક વખત ફાઇનલમાં હાર્યું છે. જ્યારે એક વખત સુપર સિક્સમાંથી ભારતની ટીમ બહાર થઇ હતી. માત્ર ૧૯૮૩માં ભારત વર્લ્ડકપ જીત્યું હતું. આમ, આ રમતમાં હારજીતને પચાવવાનું કામ મુશ્કેલ હોય છે. એક વસ્તુ ચોક્કસ રીતે કહી શકાય કે, ભારતીય ક્રિકેટરસિકો કોઇપણ બે દેશની ફાઇનલ મેચ સંપૂર્ણ એકાગ્રતાપૂર્વક અને ખેલદિલીપૂર્વક માણતા હોય છે. આમ છતાં, ઊભા થતા કોઇપણ સંજોગોમાં ક્રિકેટ રસિકોએ જરૂરી સંયમ જાળવવો અગત્યનો છે. અન્ય રમતોની જેમ ક્રિકેટની રમતમાં પણ ધારી લીધેલી ઘટના ન પણ બને અને તેવી રીતે ન ધારેલું બની શકે છે.

આઇ.સી.સી.એ આ વખતે વર્લ્ડકપના ચેમ્પિયનને નક્કી કરવા જે ફોરમેટ તૈયાર કર્યું છે તે પ્રમાણે ૧૪ ટીમોને બે ગ્રૂપમાં વહેંચી છે. જેમાં ગ્રૂપ ‘એ’ માં ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન, શ્રીલંકા, ન્યુઝીલેન્ડ, ઝિમ્બાબ્વે, કેનેડા અને કેન્યા છે. જ્યારે ગ્રૂપ ‘બી’માં ભારત, સાઉથ આફ્રિકા, ઇંગ્લેન્ડ, વેસ્ટ ઇન્ડિઝ, બાંગ્લાદેશ, નેધરલેન્ડ અને આયર્લેન્ડ છે. આ ફોર્મેટ મુજબ, ગ્રૂપ ‘એ’ની ટીમને તેના ગ્રૂપની અન્ય છ ટીમ જોડે એક-એક ગ્રૂપ મેચ; તેવી રીતે ગ્રૂપ ‘બી’ની ટીમને તેની અન્ય છ ટીમ જોડે એક-એક મેચ રમવાની હોય છે. પ્રત્યેક વિજય બદલ તેનાં પોઇન્ટ અપાય છે અને મેચ અનિર્ણીત રહે, તો બન્ને ટીમોને સમાન પોઇન્ટ મળે છે. જ્યારે હારનાર ટીમને શૂન્ય પોઇન્ટ અપાય છે. ગ્રૂપમાં પ્રથમ ચાર રહેનારી એટલે કે બન્ને ગ્રૂપની ટોપ ચાર-ચાર ટીમ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશતી હોય છે.

નોંધનીય છે કે ૧૯૮૭, ૧૯૯૯, ૨૦૦૩ અને ૨૦૦૭ માં એમ ચાર વખત વિશ્વ ચેમ્પિયન બની ચૂકેલી ઓસ્ટ્રેલિયાની જેમ સાઉથ આફ્રિકા પણ ફેવરિટ કક્ષામાં છે. બીજી તરફ ભારત, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, સાઉથ આફ્રિકા, ઇંગ્લેન્ડની ટીમો ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશીને ચેમ્પિયન બનવાની પૂરતી ક્ષમતા ધરાવે છે.

ભારતીય ટીમમાં સચિન તેંડુલકર છઠ્ઠીવાર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૭ ઉપર)**

*આપણે ત્યાં સુધી જ સજ્જન હોઇએ છીએ, જ્યાં સુધી દુર્જન બનવાની આપણને તક મળી નથી હોતી.*

યુદ્ધ કથા

યાદગાર યુદ્ધકથા – ૧

# એકમેકનો વેશ લેનાર શત્રુ સ્ટીમરોનો સાગરસંગ્રામ!

• નગેન્દ્ર વિજય •

*માનવજાતે તેના બીજા મિલેનિયમના છેલ્લા સૈકામાં પહેલી વખત ઉપરાઉપરી બે વિશ્વયુદ્ધો જોયાં તે ઐતિહાસિક બીના હતી. માનવજાતે એ ભીષણ યુદ્ધોમાં અબજો ડોલરનું નુકસાન વેઠયું હતું. સંભવ છે કે વૈશ્વિકીકરણના નવા ઈન્ટરનેટના યુગમાં કદાચ ઇતિહાસનું પુનરાવર્તન કદી થાય નહીં.*

*આ સંસ્કરણ પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધે જોયેલાં સાત અપ્રતીમ સાહસોનું છે... જે અહીં સત્યકથા તરીકે રજૂ કરવામાં આવશે.*

*– મુખ્યતંત્રી*

***એક બ્રિટીશ સ્ટીમરે પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન એક જર્મન સ્ટીમરનો વેશ ધારણ કર્યો અને તે જર્મન સ્ટીમરે વળી પોતાનાં રૂપરંગ બદલીને એ જ બ્રિટીશ સ્ટીમર જેવાં બનાવ્યાં! આ સામસામી નકલ અંગે સામસામા કેપ્ટનોને તો સ્વપ્નેય ખ્યાલ ન હતો. બન્યું પણ એવું કે અફાટ પથરાયેલા ઍટલાન્ટિક મહાસાગરમાં બન્ને લડાયક સ્ટીમરોને બાય ચાન્સ એકમેકનો ભેટો થયો- અને ત્યારે ખેલાયું ગેરસમજનું અને ગોલંદાજીનું અજબ તોપયુદ્ધ!***

પ્રસંગ છે વીસમી સદીના આરંભનો, માટે સમજી લો કે દૂરના ભૂતકાળમાં પહોંચી ગયા છીએ.

'ટાઇટેનિક' સ્ટીમરે એપ્રિલ ૧૪, ૧૯૧૨ ના રોજ લીધેલી જળસમાધિને એ વખતે માંડ સવા બે વર્ષ જેટલો સમય વીત્યો હતો. આ ભયંકર હોનારતને લોકો હજી ભૂલ્યા ન હતા. પંદરસો જણા અત્યંત કરુણ રીતે જેમાં માર્યા ગયા એ ગોઝારા બનાવની યાદ ઘડીકમાં ભૂંસાય કેમ? બીજી તરફ અમેરિકાના ન્યૂયોર્ક અને બ્રિટનના લિવરપૂલ વચ્ચે પેસેન્જર સ્ટીમરોનો ટ્રાફિક તો હંમેશ મુજબ ચાલ્યા કરતો હતો. વિમાની મુસાફરીનો યુગ શરૂ ન થયો હોય એ જમાનામાં ફક્ત સમુદ્રી માર્ગે ઍટલાન્ટિક પાર જવું શક્ય હતું. પરિણામે રખે બીજી હોનારત થાય એવો ડર લાગવા છતાં સ્ટીમરનો પ્રવાસ ખેડ્યા વગર આરો ન હતો.

ઓગસ્ટ ૪, ૧૯૧૪ના રોજ સૂર્યાસ્ત પછીનો સમય હતો. બ્રિટનની આલિશાન સ્ટીમર 'કાર્મેનિયા' આશરે ૮૦૦ પેસેન્જરો સાથે ઍટલાન્ટિક મહાસાગર પર યુરોપ તરફ હંકારી રહી હતી. અમેરિકાનું ન્યૂયોર્ક બંદર છોડ્યા બાદ તેના પ્રવાસનો એ ચોથો દિવસ હતો. બ્રિટનના લિવરપૂલ બંદરે પહોંચતા બીજા ત્રણ દિવસ લાગવાના હતા.

'કાર્મેનિયા' સાચે જ આલિશાન સ્ટીમર હતી. પૂરા ૬૫૦ ફીટ લાંબી અને વજનમાં તો ૨૦,૦૦૦ ટનની! ત્રણ રાક્ષસી પ્રોપેલરને ફેરવતાં ત્રણ વરાળ એન્જિનો કુલ ૨૧,૦૦૦ હોર્સપાવર જેટલી શક્તિ પેદા કરતા હતા. તોતિંગ સ્ટીમર તેમના સયુંક્ત બળે કલાકના ૩૩ કિલોમીટરના વેગે હંકારી શકતી હતી. સ્ટીમરમાં આઠસો પેસેન્જરો માટે સેંકડો કેબિનો ઉપરાંત ડાઇનિંગ હોલ, લાઇબ્રેરી, કલબ હાઉસ, સિનેમા થિએટર વગેરે સગવડો પણ એટએટલી કે સ્ટીમર એક તરતી નગરી લાગે. આ જહાજનું બાંધકામ ૧૯૦૫ માં કરવામાં આવ્યું હતું.

સહેજ અંધારું જામ્યું કે તરત આખી સ્ટીમર રોશની વડે ઝગમગવા માંડી. વાતાવરણમાં સહેજ ઠંડી ફેલાતાં તૂતક પરના મુસાફરો અંદર ગયા. ઍટલાન્ટિક મહાસાગર એકદમ શાંત હતો. હવામાન સ્વચ્છ હતું. ધુમ્મસનું તો નામોનિશાન પણ નહિ. ઓગસ્ટમાં પેલી લાબ્રાડોરના ઠંડા સમુદ્રી પ્રવાહની બધી હિમશીલાઓ પીગળી ચૂકી હોય, માટે એ વાતે પણ નિરાંત!

આઠેક વાગ્યે સૌ મુસાફરો ભોજન લેવામાં મશગૂલ બન્યા. 'કાર્મેનિયા'નો અંગ્રેજ કપ્તાન જેમ્સ બાર એક પછી એક ટેબલની વિઝિટ લેતો સૌને ખબર અંતર પૂછવા લાગ્યો. ચિંતાતુર જણાતા લગભગ દરેક મુસાફરે તેને સામો પ્રશ્ન એ જ પૂછ્યો કે યુરોપમાં યુદ્ધ ફાટી નીકળ્યાના કશા સમાચાર આવ્યા?

કોઇ સામાન્ય યુદ્ધ નહિ, પણ વિશ્વયુદ્ધ ફાટી નીકળે એવા ભણકારા ખરેખર વાગતા હતા. અમેરિકાથી 'કાર્મેનિયા' હંકારી એ દિવસે એટલે કે પહેલી ઓગસ્ટે જર્મનીના સમ્રાટ વિલ્હેમ કૈઝરે રશિયા સામે યુદ્ધ જાહેર કર્યું હતું. એ પછી ત્રીજી ઓગસ્ટે જર્મનીએ ફ્રાન્સને પણ લડવા માટે પડકાર ફેંક્યો હતો. યુરોપના એકાદ ત્રીજા દેશને જર્મની છંછેડે એટલી જ વાર હતી. બ્રિટન ત્યાર પછી જર્મનીને પાંસરું કરવા મેદાને પડ્યા વગર રહે નહિ. બ્રિટનના પગલે તેનું દોસ્ત અમેરિકા પણ કદાચ યુદ્ધમાં ઝંપલાવે અને જો અમેરિકાના જિગરી દેશો તેમાં વારાફરતી સામેલ થાય તો સામાન્ય યુદ્ધ ને બદલે ખેલાય વિશ્વયુદ્ધ! ઇતિહાસનું પહેલું એવું યુદ્ધ કે જે સમગ્ર વિશ્વને આવરી લે!

કેપ્ટન જેમ્સ બાર તેના મુસાફરોને ધરપત આપતો ગયો કે ખોટી ફિકર કરતા નહિ. વિશ્વયુદ્ધનો ખ્યાલ તો મનમાં પણ લાવતા નહિ. આ જાતનો ખ્યાલ કેપ્ટનના મનમાં જરાય ન હતો. દુનિયાના ૨૫-૩૦ દેશો સામટા લડે એવું યુદ્ધ કલ્પી પણ શકાય ખરું?

*પસ્તાવાની આગમાં બધી જ ભૂલો ભસ્મ થઈ જાય છે.*

રાત્રિના અગિયાર વાગ્યા. મુસાફરોને ગૂડ બાય કરી જેમ્સ બાર ‘કાર્મેનિયા’ના બ્રિજ (કન્ટ્રોલ રૂમ) પર ગયો, જ્યાં તેના મદદનીશ અફસરો ફરજ બજાવતા હતા. બ્રિજના પારદર્શક કાચવાળા મોટા કન્ટ્રોલ રૂમનો દરવાજો ખોલતા પહેલાં કઠેરા પાસે તે અમસ્તો જ થોભ્યો અને સમુદ્ર તરફ નજર કરી. અંધકારમાં લગભગ બે કિલોમીટર છેટે એક યુદ્ધજહાજની લાઇટો તેણે દીઠી. ‘કાર્મેનિયા’ની બિલકુલ સમાંતર તે હંકારી રહ્યું હતું. વેગ પણ સરખો હતો. લાઇટોના આધારે તેનું કદ તથા આકાર જોતાં કેપ્ટન પામી ગયો કે તે બ્રિટીશ નૌકાદળનું યુદ્ધજહાજ ‘બ્રિસ્ટોલ’ હતું. સહેજવાર માટે તેણે કેબિનના અફસરો તરફ જોયું અને પાછી સમુદ્ર તરફ નજર માંડી તો યુદ્ધજહાજ ત્યાં ન હતું!

કેપ્ટનના પગ ત્યાં જ થંભી ગયા. આંખો ખેંચીને ક્યાંય સુધી જોતો રહ્યો. એકાએક શું બન્યું? યુદ્ધજહાજ ગયું ક્યાં? બ્લેકઆઉટ જેવા અંધારામાં કશું દેખાતું ન હતું. વર્ષોનો અનુભવી સાગરખેડુ કેપ્ટન તરત સાવધાન બન્યો. કન્ટ્રોલ રૂમનો દરવાજો ખોલી બ્રિજના અફસરોને તેણે હુકમ આપ્યો : ‘ઝડપ ઘટાડો! અડધી સ્પીડે આગળ વધો!’

થોડી સેકન્ડો પછી આકાશમાં ચંદ્ર આડેના વાદળો ખસ્યાં. ચાંદનીનું રૂપેરી અજવાળું સમુદ્ર પર છવાયું ત્યારે સામેનું દ્રશ્ય જોતાં કેપ્ટન જેમ્સ બાર ચોંકી પડ્યો! ‘બ્રિસ્ટોલ’ પૂરવેગે ‘કાર્મેનિયા’ તરફ ધસી આવતું હતું! મોરા વડે કપાતા શાંત પાણીના મોજાં બન્ને તરફ ફેલાતાં હતાં.

કેપ્ટન તરત કંટ્રોલ રૂમમાં દોડ્યો. ‘બ્રિસ્ટોલ’ ને ચેતવવા તેણે સિગ્નલ આપતું સાયરન વગાડ્યું. સિગ્નલનો અર્થ હતો : તમે ખોટી દિશામાં હંકારી રહ્યા છો! માર્ગ બદલો! સાયરનનો અવાજ સખત બુલંદ હતો. ઍટલાન્ટિક મહાસાગરના શાંત વાતાવરણમાં તે અવાજ ‘બ્રિસ્ટોલ’ના સુકાનીને અચૂક સંભળાવો જોઇએ. આમ છતાં જાણે કશી દરકાર ન હોય એ રીતે યુદ્ધજહાજ એકધારા વેગે નજીક આવતું રહ્યું. છેલ્લી ઘડીએ તેણે અચાનક મોરો ફેરવ્યો અને પડખું ‘કાર્મેનિયા’ની સમાંતર રહે એમ ગોઠવાતું સાવ પાસે આવ્યું. લાઇટ વડે હવે તેણે ‘કાર્મેનિયા’ને વૉર્નિંગનું સિગ્નલ આપ્યું ‘બ્રિટને યુદ્ધ જાહેર કર્યું છે. સ્ટીમરમાં અંધારપટ રાખો. વાયરલેસ પણ વાપરતા નહિ.’

વૉર્નિંગ આપીને ‘બ્રિસ્ટોલ’ અંધારામાં પાછું દૂર જતું રહ્યું. આ તરફ કેપ્ટન જેમ્સ બાર અને તેના અફસરો દિગ્મૂઢ નજરે એકબીજાને જોતા રહી ગયા. બ્રિટને યુદ્ધ જાહેર કર્યું એટલે સમજવાનું કે વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હતું. ઑસ્ટ્રિયા-હંગેરી, રશિયા, જર્મની, સર્બિયા, ફ્રાન્સ, બેલ્જિયમ વગેરે દેશોના યુદ્ધમાં બ્રિટને ઝંપલાવ્યા પછી બાકી શું રહ્યું?

કેપ્ટન બારે ‘કાર્મેનિયા’ પર બધી લાઇટો બંધ કરવાનો હુકમ ફરમાવ્યો અને રેડિયો ટ્રાન્સમીટર પણ સ્વિચ-ઑફ કરી દેવા સૂચના આપી. સુકાનીને વાંકાચૂંકા સર્પાકાર માર્ગે હંકારવાનું જણાવ્યા બાદ એ હાથમાં ટોર્ચ પકડીને નીચેના મજલે પોતાની કેબિન તરફ ગયો, જ્યાં પોલાદી તિજોરી હતી. ડબલ ચાવી લાગુ પાડીને તેણે જાડા કાગળનું એક સીલબંધ કવર બહાર કાઢ્યું. કવર પર ટાઇપ કરેલું લખાણ હતું : ‘યુદ્ધ શરૂ થયાના સમાચાર ન મળે ત્યાં સુધી ખોલવું નહિ.’

સમાચાર મળી ચૂક્યા હતા, એટલે કેપ્ટને કવરનું સીલ તોડી અંદરનો કાગળ વાંચ્યો. લેખિત સૂચના તેણે ધારેલી એ જ હતી. બંદરે પહોંચ્યા બાદ તરત ‘કાર્મેનિયા’ને તેણે બ્રિટીશ નૌકાદળના હવાલે કરી દેવાની હતી. પેસેન્જર સ્ટીમરનો ત્યાર પછી દરિયાઇ યુદ્ધમાં શી રીતે ઉપયોગ કરવો તે નૌકાદળ જાણે!

ઉપયોગ તો લડાયક જહાજ તરીકે કરવાનો હતો! ઉતારૂ સ્ટીમર અને લડાયક જહાજ વચ્ચે આખરે તોપ સિવાય બીજો મોટો ફરક શો? સ્ટીમરને આત્મરક્ષણ માટે જાડું બખ્તર ન હોય એટલું સાચું, છતાં નિર્દોષ ઘેટાં જેવા દેખાવ રાખીને હિંસક વરુની જેમ તે પોતાના દુશ્મન પર આક્રમણ કરી શકે એ પણ શું જેવો તેવો લાભ? વિશ્વયુદ્ધ એકાએક ફાટી નીકળ્યું હતું, માટે બ્રિટીશ નૌકાદળ પાસે આમેય નવાં યુદ્ધજહાજો તાત્કાલિક બાંધવા જેટલો સમય રહ્યો ન હતો. હવે છેલ્લી ઘડીએ શક્ય એટલી પેસેન્જર સ્ટીમરોને શસ્ત્રસજ્જ કર્યા વગર ચાલે તેમ ન હતું.

ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં બીજા ત્રણ દિવસ હંકારીને ‘કાર્મેનિયા’ ઓગસ્ટ ૭, ૧૯૧૪ ના રોજ સવારે ૮.૦૦ વાગ્યે બ્રિટનના લિવરપૂલ બંદરે પહોંચી. ઇજનેરોનો મોટો કાફલો ત્યાં રાહ જોતો તૈયાર હતો. રંગારાઓ પણ હતા. સ્ટીમરના આઠસો પેસેન્જરોને માલસામાન સાથે બહાર નીકળતાં એકાદ કલાક લાગ્યો. ઇજનેરો અને રંગારા ત્યાર પછી સામટા મંડી પડ્યા. ઉપરનો લાલ ભાગ સિલેટિયા કલરે રંગી નાખવામાં આવ્યો, કારણ કે લાલ રંગ કુનરાડ નામની બ્રિટીશ જહાજી કંપનીના સિમ્બોલ જેવો હતો. એ જ રીતે ભૂંગળા પરના લાલ પટ્ટાને થપેડા મારી દેવામાં આવ્યા. ઇજનેરોએ ચોતરફ ઘૂમી શકતી તોપ ફીટ કરવા માટે પોલાદ કાપીને આગલા તથા પાછલા તૂતક પર યોગ્ય માપના ખાંચા બનાવ્યા. તોપો કુલ આઠ હતી. દરેકના નાળચાનો વ્યાસ ૧૨૦ મીલીમીટર (૧૨ સેન્ટિમીટર) હતો અને તેના ગોળા ૮.૫ કિલોમીટર છેટે સુધી પહોંચી શકતા હતા.

બ્રિટીશ નૌકાદળે સાત દિવસમાં તો ‘કાર્મેનિયા’ને તોપગોળાના ભંડાર સહિત શસ્ત્રસજ્જ કરી નાખી. સ્ટીમરની કાયાપલટનું બધું કામ તેણે ઓગસ્ટ ૧૪, ૧૯૧૪ સુધીમાં આટોપી લીધું.

હવે ‘કાર્મેનિયા’ પેસેન્જર સ્ટીમરને બદલે લડાયક જહાજ ગણાય અને તેણે યુદ્ધના દાવપેચ ખેલવા પડે, માટે તેનો કપ્તાન પણ કુનરાડ જહાજી કંપનીને બદલે બ્રિટીશ નૌકાદળનો અફસર હોવો જોઇએ. પરિણામે કેપ્ટન નિયોલ ગ્રાન્ટ નામના ૪૫ વર્ષના નૌકાઅફસરને ‘કાર્મેનિયા’નો ચાર્જ સોંપવાનું નક્કી કરવામાં આવ્યું. અગાઉ તેણે અનેક યુદ્ધજહાજોમાં સેવા આપી હતી. પચ્ચીસ વર્ષનો તેને અનુભવ હતો. આમ છતાં મહાકાય સ્ટીમરનું તેણે ક્યારેય સંચાલન કર્યું ન હતું. વળી ‘કાર્મેનિયા’ તેના માટે સાવ અજાણી સ્ટીમર હતી, એટલે નૌકાદળે કેપ્ટન જેમ્સ બારને તેના સલાહકાર તરીકે નીમ્યો.

*કોઈપણ વ્યક્તિને સાચા અર્થમાં પારખવી હોય તો તેને સત્તાસ્થાને બેસાડી દો.*

આ જાતનો નીચલો હોદ્દો કેપ્ટન બારને કેમ ગમે? 'કાર્મેનિયા'નો મૂળ કપ્તાન તો એ હતો. વિના દોષે હવે શું તેણે પોતાના કરતાં પંદર વર્ષ નાના કેપ્ટન નિયોલ ગ્રાન્ટને લશ્કરી સલામ મારવાની? અલબત્ત, દેશને ખાતર નવો હોદ્દો તેણે સ્વીકારી લીધો, છતાં તેનો મોભો જળવાય એ માટે નૌકાદળે પોતે તેને યુદ્ધ પૂરતો કમાન્ડરનો હોદ્દો આપ્યો.

લિવરપૂલ બંદરમાં 'કાર્મેનિયા' એ ત્રણ દિવસ પછી લંગર ઉપાડ્યું. બ્રિટન નજીક આયર્લેન્ડના પશ્ચિમ કાંઠે આશરે સવા લાખ ચોરસ કિલોમીટરના સમુદ્રમાં તેણે પેટ્રોલિંગ કરવાનું હતું અને ત્યાં પસાર થતા દુશ્મન જહાજો અંગે બ્રિટીશ નૌકાદળના હેડક્વાર્ટરને જાસૂસી રિપોર્ટ મોકલવાનો હતો. વાયરલેસ સંદેશા તેણે માત્ર સાંકેતિક ભાષામાં પ્રસારિત કરવાના હતા. દરિયાઇ યુદ્ધમાં તેને સામી છાતીએ લડવા માટે તો ન ધકેલી શકાય, કેમ કે વધુ પડતા મોટા કદને લીધે તેને દુશ્મન તોપ જોતજોતામાં વીંધી નાખે. કોઇ વ્યાપારી જહાજને તેણે આંતરી લેવાનું હોય તો વાત જુદી હતી.

'કાર્મેનિયા' છેવટે નક્કી કરેલા જળવિસ્તારમાં પહોંચી અને ત્યાં પેટ્રોલિંગ આરંભી દીધું. ઇંગ્લિશ ખાડીના સાંકડા માર્ગ પર તો બ્રિટીશ નૌકાદળે કડક પહેરો ગોઠવ્યો હતો, એટલે જર્મની માટે એ રસ્તો બંધ હતો. જર્મન યુદ્ધજહાજો અને માલવાહક જહાજો બ્રિટન ફરતે લાંબો ચકરાવો મારી આયર્લેન્ડની પશ્ચિમે નીકળીને એટલાન્ટિક મહાસાગરમાં જતાં હતાં. જર્મનીને યુદ્ધનો શસ્ત્રસંરજામ દક્ષિણ અમેરિકી દેશોમાંથી મળતો હોવાનો કારણે એ તરફ જહાજોની અવરજવર ચાલુ જ હતી.

ચારેક દિવસ વીત્યા. ઓગસ્ટ ૧૯, ૧૯૧૪ ની સાંજે 'કાર્મેનિયા'ને બ્રિટીશ નૌકાદળનો સાંકેતિક મેસેજ વાયરલેસ પર મળ્યો. કેપ્ટન નિયોલ ગ્રાન્ટે કોડબૂકના આધારે તેને ઉકેલ્યો. ટૂંકા સંદેશામાં માત્ર એક સૂચના હતી :'પેટ્રોલિંગની જગ્યા છોડી બર્મ્યુડા ટાપુ તરફ પૂરઝડપે આગળ વધો!'

બ્રિટીશ નૌકાદળે અચાનક શા માટે આવું ફરમાન આપ્યું?' બર્મ્યુડા પહોંચીને શું કરવું એ પણ સંદેશામાં જણાવ્યું ન હતું. કેપ્ટન ગ્રાન્ટ જરા મૂંઝવણમાં પડ્યો. બર્મ્યુડા ગયા પછી અથવા તો માર્ગમાં કદાચ સૂચનાનો બીજો સંદેશો પ્રાપ્ત થાય એમ ધારી તેણે લાંબો પ્રવાસ શરૂ કરાવ્યો. બર્મ્યુડા ટાપુ બ્રિટીશ માલિકીનો જ હતો, જ્યાં 'કાર્મેનિયા'ને નવું બળતણ મળી રહેવાનું હતું.

આ તોપસજ્જ સ્ટીમરને જુદું મિશન સોંપાયું તે વગર કારણે નહિ. બ્રિટીશ નૌકાદળે અગમચેતીનો દાવ ખેલ્યો હતો. વાત એમ બનેલી કે યુદ્ધ શરૂ થયું તેના થોડા દિવસ પહેલાં 'કેપ ટ્રફાલ્ગર' નામની જર્મન સ્ટીમર દક્ષિણ અમેરીકી દેશ આર્જેન્ટિના જવા નીકળી હતી. ઇંગ્લીશ ચેનલ ઓળંગતી વખતે માર્ગમાં તેણે બ્રિટનના સાઉધમ્પ્ટન બંદરે થોડોક સમય રોકાણ કર્યું હતું. 'કેપ ટ્રફાલ્ગર' નો દાઢીવાળો કેપ્ટન ફ્રિટ્ઝ લેન્જરહાન્સ ત્યારે ગોદી પરના અંગ્રેજો સમક્ષ એમ બોલી પડેલો કે તેની સ્ટીમરમાં તોપો ગોઠવવાનું અડધું કામ પતી ગયું હતું. જર્મન એન્જિનિયરો ધરી પર ફરી શકતું રીંગના આકારનું પ્લેટફોર્મ ફીટ કરી ચૂક્યા હતા. હવે તોપોને એ પ્લેટફોર્મ સાથે જડી લેવાય એટલી જ વાર હતી.

કેપ્ટન લેન્જરહાન્સ માત્ર વાતવાતમાં આવું બોલી ગયો, પરંતુ બ્રિટીશ નૌકાદળને ચેતી જવા માટે કારણ મળી ગયું. મધદરિયે બાકીનું અડધું કામ પૂરૂં કરવાનો પ્લાન ઘડીને 'કેપ ટ્રફાલ્ગર' માનો કે તોપો સાથે જ પ્રવાસે નીકળી હોય તો આફત! સમગ્ર એટલાન્ટિક મહાસાગરમાં બ્રિટનનાં વ્યાપારી જહાજો માટે તે જોખમરૂપ બને! શક્ય હોય તો 'કેપ ટ્રફાલ્ગર' ને તોપસજ્જ કરાય એ પહેલાં જ તેને સમુદ્રના તળિયે પહોંચાડી દેવામાં ડહાપણ હતું. યુદ્ધમાં આમેય પહેલો ઘા શૂરાનો! 'કેપ ટ્રફાલ્ગર' ને એ જીવલેણ ઘા 'કાર્મેનિયા' પોતાની તોપો વડે મારી શકે, છતાં બ્રિટીશ નૌકાદળે પોતાના સાંકેતિક વાયરલેસ મેસેજમાં કેપ્ટન નિયોલ ગ્રાન્ટને હજી એવો હુકમ આપ્યો ન હતો. 'કેપ ટ્રફાલ્ગર' અંગે કશું જણાવ્યું ન હતું. 'કાર્મેનિયા'ને ફક્ત બરમ્યુડા તરફ જ હંકારી જવા માટે આદેશ મોકલ્યો હતો.

'કેપ ટ્રફાલ્ગર'માં સાચે જ તોપો સંતાડેલી હતી? ના, બ્રિટીશ નૌકાદળનો એ ડર ખોટો હતો. આ જર્મન સ્ટીમરે માત્ર પેસેન્જરો સાથે આર્જેન્ટિનાનો પ્રવાસ ખેડ્યો હતો અને તે દેશના બ્યુએનોસ એરિસ બંદરે ગયા પછી ત્યાંના બીજા મુસાફરોને તેણે જર્મની લાવવાના હતા. આર્જેન્ટિનામાં મૂળ જર્મન એવા લોકોની સંખ્યા ઘણી હતી. પારકા મુલકમાં વસી ગયા છતાં જર્મની પ્રત્યે તેમનો રાષ્ટ્રપ્રેમ જેવો ને તેવો હતો. અમુક લોકોને તો વર્ષે બે વર્ષે જર્મની ગયા વગર ચેન પડતું નહિં.

બ્યુએનોસ એરિસના બંદરમાં 'કેપ ટ્રફાલ્ગરે' ઓગસ્ટ ૨, ૧૯૧૪ ના રોજ લંગર નાખ્યું. બે દિવસ પછી બ્રિટન અને જર્મની વચ્ચે યુદ્ધનો આરંભ થયો, એટલે કેપ્ટન ફ્રિટ્ઝ લેન્જરહાન્સ મૂંઝવણમાં પડ્યો કે હવે જર્મનીનો વળતો પ્રવાસ કેમ ખેડવો? મજલ લાંબી હતી અને માર્ગમાં શિકારી બ્રિટીશ યુદ્ધજહાજોનો ક્યાંક ને ક્યાંક ભેટો થવો નક્કી હતો. ખુલ્લા સમુદ્ર તરફ હંકારી સામે ચાલીને જોખમ નોતરવા કરતાં બ્યુએનોસ એરિસના સલામત બારામાં પડી રહેવું જોઇએ, પરંતુ એ પણ ક્યાં સુધી? કોઇ સામાન્ય યુદ્ધનો નહિ, પણ વિશ્વયુદ્ધનો આરંભ થયો હતો. શી ખબર તે કેટલો વખત ચાલે!

શું કરવું તેનો નિર્ણય જાતે લેવાને બદલે કેપ્ટન લેન્જરહાઉસ જર્મન નૌકાદળની સૂચના માટે રાહ જોવા લાગ્યો. બીજે જ દિવસે નૌકાદળનો સાંકેતિક વાયરલેસ સંદેશો આવ્યો : 'યુદ્ધ માટે કામ ન લાગે તેવા નાવિકોને બ્યુએનોસ એરિસમાં ઉતારી દો અને ત્યાંના જે પણ સ્થાનિક જર્મનો જન્મભૂમિ વતી લડવા તૈયાર હોય તેમને જર્મની પહોંચાડવા વળતી સફર શરૂ કરો!'

આ હુકમના પગલે કેપ્ટન ફ્રિટઝ લેન્જરહાન્સે 'કેપ ટ્રફાલ્ગર' ના લગભગ ૧૫૦ જર્મન નાવિકોને છૂટા કરી દેવા પડ્યા. રસોઇયાનો અને વેઇટરનો પણ તેમાં સમાવેશ થતો હતો. ઊતારૂ સ્ટીમર માટે તેઓ અનિવાર્ય ગણાય, પરંતુ 'કેપ ટ્રફાલ્ગરે' હવે મુખ્યત્વે જર્મન સ્વયંસેવકોને જર્મનીના બંદર હેમ્બુર્ગ

*લડાયક જુસ્સો જાળવો, સફળતા જરૂર મળશે.*

સુધી પહોંચાડવાનું કાર્ય બજાવવાનું હતું. લહેજતદાર ભોજન એ સ્વયંસેવકો માટે રાંધવાની જરૂર ન હતી.

પ્રવાસ શરૂ થાય એ પહેલાં એક મુસીબત અણધારી રીતે ટપકી પડી. આર્જેન્ટિનાની ફોજના કેટલાક અફસરો 'કેપ ટ્રફાલ્ગર'ના ચેકિંગ માટે આવ્યા. સ્ટીમરમાં બધે ફરી વળ્યા અને ક્યાંય શસ્ત્રો સંતાડેલાં છે કે કેમ એ તપાસી લીધું. વિશ્વયુદ્ધમાં આર્જેન્ટિનાને ભાગ લેવો ન હતો. બિલકુલ તટસ્થ રહેવું હતું. આથી બે પૈકી એકેય પક્ષનાં શસ્ત્રસજ્જ જહાજોને તે પોતાના બંદરમાં આશરો ન આપી શકે અને બીજી કશી મદદ પણ કરી શકે નહિ. આર્જેન્ટિનાની સરકાર એટલી હદ સુધી તટસ્થ રહી કે તેણે 'કેપ ટ્રફાલ્ગર' માં બળતણના કોલસાનો નવો પુરવઠો સુદ્ધાં ભરી ન આપ્યો. કેપ્ટન લેન્જરહાન્સ પાસે અનામત રહેલો કોલસો લાંબા પ્રવાસ માટે પૂરતો ન હતો.

કેપ્ટને પોતાની મુસીબત જણાવતો સંદેશો જર્મન નૌકાદળને મોકલ્યો. થોડા કલાકે જવાબમાં સૂચના મળી કે સ્ટીમરે આર્જેન્ટિનાની સહેજ ઉત્તર-પૂર્વે આવેલા ઉરૂગ્વેના બંદર મોન્ટેવિડિયો પહોંચવું, જ્યાં વસતા જર્મન નાગરિકોએ 'કેપ ટ્રફાલ્ગર' માટે કોલસાનો અમુક જથ્થો ખરીદીને રાખ્યો હતો. એ પછી સ્ટીમરે દક્ષિણ ઍટલાન્ટિક માં ત્રિનિદાદ ટાપુ કાંઠે પડાવ નાંખવો અને બીજી સૂચના ન અપાય ત્યાં સુધી ખસવું નહિ.

ઓગસ્ટ ૧૦, ૧૯૧૪ ની વહેલી સાંજે 'કેપ ટ્રફાલ્ગરે' બ્યુએનોસ એરિસના બારામાં લંગર ઉપાડ્યું. પૂર્વ તરફ હંકારીને ઉરૂગ્વેના મોન્ટેવિડિયો બંદરમાં પ્રવેશી. થોડા દિવસ રાહ જોયા પછી કોલસાનો જરૂરી પુરવઠો મળ્યો ખરો. 'કેપ ટ્રફાલ્ગરે' પોતાના ફાલકામાં તે સપ્લાય ભરી લીધા પછી વધુ ઉત્તર-પૂર્વ તરફના ત્રિનિદાદ ટાપુનો માર્ગ પકડ્યો.

આ ત્રિનિદાદ એટલે કેરિબિયન સમુદ્રના વેસ્ટ ઇન્ડિઝનો પેલો વિખ્યાત ટાપુ નહિ, પણ માત્ર અઢી કિલોમીટર પહોળો અને પાંચ કિલોમીટર લાંબો સાવ જુદો ટાપુ કે જે સામાન્ય રીતે ભેંકાર રહેતો હતો. દરિયાઇ ધોરીમાર્ગ કરતાં તે ખાસ્સો દૂર હોવાને કારણે માત્ર જર્મન પુરવઠા જહાજો પોતાનાં યુદ્ધજહાજોને નવાં શસ્ત્રો, દારૂગોળો અને બળતણ આપવા માટે ત્રિનિદાદને 'મિટિંગ પોઇન્ટ' તરીકે વાપરતા હતા.

મોન્ટેવિડિયોની બહાર નીકળીને 'કેપ ટ્રફાલ્ગર' પોતાનાં આગલાં બે ભૂંગળાં દ્વારા ધુમાડો ઓકતી ખુલ્લા સમુદ્ર તરફ આગળ વધી. મધરાતનું વાતાવરણ તદ્દન અંધારિયું હતું. કેપ્ટન લેન્જરહાન્સે આખી સ્ટીમરમાં પણ સદંતર બ્લેકઆઉટ કરી નાખ્યો હતો. બ્રિજની કેબિનમાં એ પોતે કાન પર વાયરલેસ હેડફોન માંડીને બેઠો હતો, કેમ કે આવા સંજોગોમાં દુશ્મન યુદ્ધજહાજની હાજરી તેના રેડિઓ વાર્તાલાપો ઝીલ્યા સિવાય બીજી રીતે જાણી શકાય નહિ. મધરાત પછી ૩.૦૦ વાગ્યે કેપ્ટન લેન્જરહાન્સને 'ગ્લાસગો' નામની એક બ્રિટીશ મનવારનો સાંકેતિક વાર્તાલાપ સંભળાયો અને રેડિઓમોજાંની શક્તિ જોતાં એ પામી ગયો કે મનવાર બહુ છેટે હંકારતી ન હતી. અંતર માંડ પચ્ચીસેક કિલોમીટર જણાતું હતું.

કેપ્ટને તરત 'કેપ ટ્રફાલ્ગર'નો માર્ગ બદલવાનું નક્કી કર્યું. મોન્ટેવિડિયોથી તે ઉત્તર-પૂર્વમાં ત્રિનિદાદ તરફ હંકારે તો ૩,૩૨૫ કિલોમીટરનો પ્રવાસ ખેડવાનો થાય, પરંતુ તેણે વધુ લાંબો રસ્તો પકડવામાં ડહાપણ માન્યું. ઉત્તરને બદલે પૂર્વમાં હંકારીને દક્ષિણ અમેરિકા કરતાં શક્ય એટલા દૂર જતા રહેવું વધારે યોગ્ય હતું, જેથી કાંઠા નજીક હંકારતા દુશ્મન યુદ્ધજહાજો તેને સામાં મળે નહિ. ઍટલાન્ટિકમાં ખાસ્સા પૂર્વ તરફ ગયા પછી કેપ્ટન લેન્જરહાન્સે બાકીનો પ્રવાસ ઉત્તર તરફ આગળ ચલાવવાનો હતો.

'કેપ ટ્રફાલ્ગરે' દિશા બદલી. કિનારાથી છેટે જતા રહેવા માટે તે પૂર્વ તરફ હંકારી, પણ કેપ્ટન લેન્જરહાન્સનું બેડ લક કે બ્રિટીશ મનવારોના રેડિઓ વાર્તાલાપો તેને એ રસ્તે પણ વખતોવખત સંભળાતા હતા. રાત્રિના ઘેરા અંધકારમાં તો જાણે બ્લેકઆઉટના અને રેડિઓ સાયલેન્સના પ્રતાપે છૂપા રહી શકાય, પરંતુ દિવસે આવડી મોટી સ્ટીમરનું અસ્તિત્વ કેમ છૂપાવવું? 'કેપ ટ્રફાલ્ગર' તદ્દન નિઃશસ્ત્ર હતી. કોઇ શસ્ત્રસજ્જ વળાવિયા મનવારનું રક્ષણ ન હોવાને લીધે નિઃસહાય પણ હતી. બિલાડીના સકંજામાં આવતા કબૂતરની જેમ બ્રિટીશ યુદ્ધજહાજો તેને ઘડીભરમાં પીંખી નાખે!

કેપ્ટનને અચાનક તુક્કો સૂઝ્યો : બ્રિટીશ યુદ્ધજહાજોનો છડેચોક સામનો કરવો ભલે અશક્ય, પરંતુ તેમને છેતરી શકાય કે નહિ? બ્રિટનનું નૌકાદળ 'કેપ ટ્રફાલ્ગર'ને સારી રીતે ઓળખતું હતું. ક્ષિતિજે નજરે ચડતી તેની આકૃતિને પણ તરત ઓળખી કઢાય, કેમ કે સામાન્ય પેસેન્જર સ્ટીમરને બે ભૂંગળાં હોય ત્યારે 'કેપ ટ્રફાલ્ગરને' ને ત્રણ હતાં. પછવાડેનું ત્રીજું ભૂંગળું જો કાઢી નાખ્યું હોય તો સ્ટીમરનો દેખાવ સદંતર જુદો બને! આમેય તે ભૂંગળાનો ઝાઝો ઉપયોગ ન હતો. બોઇલર સાથે તેનું જોડાણ કરેલું ન હતું. કેબિનોની, રસોડાની અને જનરેટરોની ગરમ હવાને બહાર ફેંકવા માટેના વેન્ટિલેટર તરીકે જ એ કામ આપતું હતું. નકામી હવા તો ભૂંગળાને નાબૂદ કરાયા પછી બાકી રહેતા ખુલ્લા મોઢા વાટે નીકળી જાય એમ હતી, એટલે પ્રેક્ટિકલ રીતે કશી તકલીફ પડે નહિ.

'કેપ ટ્રફાલ્ગર'નો દેખાવ બદલાયા પછી તે કોના જેવો લાગે? આ સવાલ કેપ્ટન લેન્જરહાન્સે પોતાના અફસરોને પૂછ્યો ત્યારે સૌનો જવાબ એકસરખો મળ્યો : બ્રિટનની એકાદ સ્ટીમર જેવો લાગે! કેપ્ટને બીજો સવાલ પૂછ્યોઃ કઇ સ્ટીમર? ફરી વખત એકસરખો જવાબ મળ્યો : બ્રિટનની કુનરાડ નામની જહાજી કંપનીએ બંધાવેલી પેસેન્જર સ્ટીમર જેવો - દાખલા તરીકે 'કેરોનિયા' અથવા 'ફ્રોન્કોનિયા' અગર તો 'કાર્મેનિયા'...

'કાર્મેનિયા'! લેન્જરહાન્સના કાન એકદમ સરવા થયા. કોઇકના મોઢે એ નામ તેણે થોડા વખત પહેલાં જ સાંભળ્યું હતું. કોણે વાત કરી હતી? અહીં સ્ટીમરમાં એકાદ જર્મન સ્વયંસેવકે તેને 'કાર્મેનિયા' અંગે જણાવ્યું હતું. બ્રિટનની એ સ્ટીમરમાં મુસાફરોને અપાતા સ્વાદિષ્ટ ભોજનનાં વખાણ કર્યા હતા. ડો. હાન્સ બ્રાઉનહોલ્ઝ નામના એ જર્મનને તેણે બોલાવ્યો અને 'કાર્મેનિયા' વિશે બારીક

*બાળકો એવા નાયાબ મોતી છે, જેમને બજારમાંથી ખરીદી શકાતા નથી.*

પૂછપરછ કરી. ખાસ તો ‘કાર્મેનિયા’ના દેખાવનું વર્ણન આપવા જણાવ્યું. ડોક્ટરે રજેરજનું વર્ણન કર્યું એટલું જ નહિ, પણ અગાઉ તે સ્ટીમરમાં પ્રવાસ કરતી વખતે તેણે લીધેલા સંખ્યાબંધ ફોટા લેન્જરહાઉસને બતાવ્યા.

મામલો ફીટ! કેપ્ટને જોયું કે ‘કાર્મેનિયા’ અને ‘કેપ ટ્રફાલ્ગર’ વચ્ચે દેખાવનો બહુ મોટો તફાવત ન હતો. બેયનું વજન સરખું (૨૦,૦૦૦ ટન) હતું. લંબાઇમાં ‘કાર્મેનિયા’ ૬૫૦ ફીટની, તો ‘કેપ ટ્રફાલ્ગર’ ૬૮૦ ફીટ લાંબી હતી. બેઉના તૂતક પર આગળપાછળ બે કૂવાસ્થંભો ખોડેલા હતા, જેમની સાથે અનેક દોરડાં બાંધવામાં આવ્યા હતાં. ઊડીને આંખે વળગે એવો તફાવત માત્ર ભૂંગળાંનો હતો. ‘કાર્મેનિયા’ને બે ભૂંગળાં હતાં, જ્યારે ‘કેપ ટ્રફાલ્ગર’ને ત્રણ હતા. બ્રિજના આકારમાંય જો કે સહેજ ફરક જણાતો હતો. બ્રિટીશ સ્ટીમરનું બ્રિજ તેનાં બન્ને પડખાં સુધી લંબાય એટલું પહોળું હતું અને ‘કેપ ટ્રફાલ્ગર’ના બ્રિજનો ફ્રન્ટ-પોઝ દૂર રહીને જોતાં માચિસની ડબ્બી જેવો લાગતો હતો. સામેથી ‘કેપ ટ્રફાલ્ગર’ આવતી હોય તો જર્મન સ્ટીમર તરીકે ઓળખાયા વગર રહે નહિ.

મધદરિયે જર્મન સ્ટીમરને ‘મેકઅપ’ કરવો એ સહેલી વાત ન હતી. ચિત્રમાં આપણને સ્ટીમરનું ભૂંગળું સામાન્ય લાગે, પણ હકીકતે એટલું ગંજાવર હોય કે પાંચેક માળની ઇમારતને ઝાંખી પાડી દે. ‘કેપ ટ્રફાલ્ગર’નું ભૂંગળું જો કે બહુ મોટું ન હતું. ઊંચાઇમાં ૪૦ ફીટનું હતું. આમ છતાં તેને બનાવવા માટે ૮ મીલીમીટર જાડું પોલાદ વપરાયું હતું. તૂતક પર તે અડીખમ ગોઠવાયેલું રહે એટલા ખાતર પોલાદના આઠ કેબલો તેને બાંધવામાં આવ્યા હતા. લેન્જરહાન્સ મૂંઝાયો કે ટનના હિસાબે વજનદાર એવા માળખાને અકબંધ નીચે કેમ ઉતારવું? ‘કેપ ટ્રફાલ્ગર’માં એટલું વજન ખમી શકતી ક્રેન પણ ન હતી. આથી તેણે જુદો નુસ્ખો અજમાવ્યો. ઊંચા ભૂંગળા પર અગ્નિશિખા વડે આઠ ઊભા ચીરા પડાવ્યા અને પછી જાણે કેળાની છાલ કાઢવાની હોય એમ દરેક ચીરિયું ગરગડી વડે નીચે ઉતરાવ્યું!

ત્રીજું ભૂંગળું નાબૂદ થયું, એટલે ‘કેપ ટ્રફાલ્ગર’નો દેખાવ લગભગ ‘કાર્મેનિયા’ જેવો બન્યો. સાઇડ પોઝમાં તો બિલકુલ એવો જ લાગતો હતો. એ પછી સાંકડા બ્રિજને સ્ટીમરના બેય પડખાં સુધીનો પહોળો બનાવવાનું કામ શરૂ થયું. આ માટે કેપ્ટને જાડા કેનવાસ પર કાચની બારીનાં તેમજ કઠેરાનાં માત્ર પેઇન્ટિંગ્સ દોરાવ્યાં. લાકડાની ફ્રેમ કેનવાસના આવા બે ટુકડાને મઢી અસલ બ્રિજની ડાબી તથા જમણી બાજુ ફીટ કરી દેવાયા, એટલે તે કામ પણ થયું પૂરું! કુનરાડ જહાજી કંપની ભૂંગળા માટે પોતાના ટ્રેડમાર્ક જેવા કાળા અને લાલ રંગો અમુક રીતે વાપરતી હતી. કેપ્ટને ત્રણેય ભૂંગળાનો રંગ એ જાતનો કરાવ્યો. આ રીતે ‘કેપ ટ્રફાલ્ગર’ ત્રિનિદાદ તરફ જેમ આગળ વધતી રહી એમ તેનો દેખાવ વધુ ને વધુ બદલાતો ગયો. કેપ્ટન લેન્જરહાન્સે વળી બ્રિટનના કુનરાડ જહાજી કંપનીના ધ્વજ પણ બનાવડાવ્યા! અલબત્ત, જરૂર પડે ત્યારે જ તેમને ફરકાવવાના હતા.

આ સ્ટીમરે વેશપલટો કર્યો તેના દિવસો પહેલાં બહુ મહત્વપૂર્ણ ઘટના બની. જર્મન નૌકાદળે આફ્રિકાના પશ્ચિમ કાંઠે પેટ્રોલિંગ કરતી પોતાની ગનબોટ ‘એબર’ને વાયરલેસ દ્વારા કોડ લેન્ગ્વેજમાં સૂચના મોકલી : ત્રિનિદાદ તરફ હંકારો અને ‘કેપ ટ્રફાલ્ગર’ને તોપસજ્જ કરી તેનો ચાર્જ સંભાળી લો!

‘એબર’ ના કેપ્ટન જુલિયસ વિર્થે તરત ગનબોટ હંકારી મૂકી. દરમ્યાન થયું એવું કે જર્મન નૌકાદળનો સંદેશો બ્રિટનના જાસૂસીમથકે તેના વાયરલેસ પર ઝૂલ્યો. સાંકેતિક મેસેજનો અર્થ તો બરાબર ન સમજાયો, પણ એકાદ મોટા હુમલા માટે જર્મન નૌકાકાફલો ત્રિનિદાદમાં એકઠો થતો હોય એવું તેને ચોક્કસ લાગ્યું. દક્ષિણ અમેરિકાના પૂર્વ કિનારા નજીક હંકારતાં બ્રિટનનાં માલવાહક જહાજો પર જ હુમલો કરાય એવું પણ નક્કી જણાતું હતું.

બ્રિટીશન સરકાર યુદ્ધ માટેનો સરંજામ બનાવવા તે વખતે બ્રાઝિલનું કાચું લોખંડ અને બીજો માલ પુષ્કળ જથ્થામાં આયાત કરતી હતી. પરિણામે તેનાં માલવાહક જહાજોને અધરસ્તે ફૂંકી મારી જર્મનો તે પુરવઠો કાપી નાખવા તત્પર હતા. બ્રાઝિલના રીઓ દ’ જાનેઇરો બંદરે આવ-જા કરનારાં માલવાહક જહાજોને રક્ષણ આપવા કેટલીક બ્રિટીશ મનવારો આમ તો ચોવીસ કલાક પહેરો ભરતી હતી, પણ હવે જો દુશ્મન સાથે પકડદાવ ખેલવાનો હોય તો એ બધી મનવારોને કોલસાનો, દારૂગોળાનો અને ખાધાખોરાકીનો નવો સપ્લાય પહોંચાડવો જોઇએ.

આ કામ હવે બર્મ્યુડા પહોંચેલી ‘કાર્મેનિયા’ ને સોંપવામાં આવ્યું. બર્મ્યુડાથી તેને વધુ ૧,૯૦૦ કિલોમીટર છેટે બ્રિટીશ હકૂમતના વેસ્ટ ઇન્ડિઝ તરફ હંકારવાનો આદેશ મળ્યો, જ્યાંથી પુરવઠો મેળવ્યા બાદ તેણે દક્ષિણ ઍટલાન્ટિકમાં જવાનું હતું. ‘કાર્મેનિયા’ એ ઓગસ્ટ ૨૯, ૧૯૧૪ ના રોજ સફર શરૂ કરી, ચારેક દિવસે તે વેસ્ટ ઇન્ડિઝ પહોંચી; સ્પટેમ્બર ૨, ૧૯૧૪ ની સાંજે પાછી ઍટલાન્ટિક તરફ આગળ વધી અને ત્યાં વારાફરતી દરેક બ્રિટીશ મનવારને જરૂરી પુરવઠો સુપરત કરી દીધો. ‘કાર્મેનિયા’ આઠ તોપો વડે સજ્જ હોવા છતાં તેણે પુરવઠા જહાજનું કેટરિંગ જેવું કામ બજાવવું પડે એ તેના કેપ્ટન નિયોલ ગ્રાન્ટને અને કેપ્ટન જેમ્સ બારને ન ગમ્યું, છતાં યુદ્ધ વખતે જે કાર્ય સોંપાય તે મહત્વનું ગણી સ્વીકારવું રહ્યું.

બેઉ કપ્તાનોને ખરેખર મહત્ત્વનું જણાય એવું કાર્ય આખરે તેમને બ્રિટીશ નૌકાદળે સોંપ્યું પણ ખરું. સપ્ટેમ્બર ૧૧, ૧૯૧૪ની રાત્રે ૧૦.૦૦ વાગ્યે મેસેજ આવ્યો- ‘ત્રિનિદાદની દિશામાં જાવ અને ત્યાં દુશ્મન મનવારો દેખાય કે તરત આપણા યુદ્ધજહાજ ‘બ્રિસ્ટોલ’ને વાયરલેસ રેડિઓ દ્વારા ખબર આપો!’

આ કામ મહત્વનું હતું કે પછી મોતના જડબામાં ‘કાર્મેનિયા’ને સામે ચાલી ધકેલવા જેવું હતું? ઉતારૂ સ્ટીમરને શસ્ત્રસજ્જ મનવારોની શોધમાં મોકલાય જ કેમ? વાત સાચી કે સ્ટીમર પોતે ૧૨૦ મીલીમીટરના (૪.૭”ના) વ્યાસવાળી આઠ તોપો વડે સજ્જ હતી, પરંતુ એ તોપોના ગોળા ૮.૫ કિલોમીટર છેટે પહોંચી શકતા હતા. બીજી

*વર્તમાનમાં જીવો એ જ તમારું મેડિટેશન છે.*

તરફ ઘણીખરી જર્મન મનવારોમાં વધુ લાંબી રેન્જવાળી તોપો હતી. તાત્પર્ય એ થાય કે સામસામા યુદ્ધમાં 'કાર્મેનિયા' દુશ્મન મનવારોને ઘા મારી શકે એ પહેલાં તેમના પ્રહારો તેણે વેઠવા રહ્યા! ખાસ કરીને દુશ્મન મનવારો જો 'કાર્મેનિયા'ને તેની પ્રહારમર્યાદા જેટલી નજીક આવવા ન દે તો પૂરેપૂરી મુસીબત!

આ મુદ્દો 'કાર્મેનિયા' ના નવા કેપ્ટન નિયોલ ગ્રાન્ટને બહુ સિરિયસ લાગ્યો. સલાહકાર કેપ્ટન જેમ્સ બારના મતે પણ એવાત ગંભીર હતી. આમેય સ્ટીમરનું કદ સામાન્ય યુદ્ધજહાજ કરતાં બમણું મોટું હતું, એટલે શત્રુને નિશાન તાકવાનો પહેલો લાગ ન મળે તે જોવું રહ્યું. કોને ખબર કેમ, પણ બેય કેપ્ટનોને અચાનક સરખી તરકીબ સૂઝી. બન્નેના વિચારોમાં ગજબનો યોગાનુયોગ જામ્યો. 'કાર્મેનિયા'ને જર્મન સ્ટીમર 'કેપ ટ્રફાલ્ગર' જેવો વેશ પહેરાવ્યો હોય તો? ત્રિનિદાદ ખાતે દુશ્મન મનવારોને એ વેશપલટા દ્વારા છેતરી શકાય કે નહિ?

વિશ્વયુદ્ધનો આરંભ થતા પહેલાં 'કેપ ટ્રફાલ્ગર' આર્જેન્ટિના પહોંચી હોવાનું અંગ્રેજ કપ્તાનો જાણતા હતા. યુદ્ધ ફાટી નીકળ્યા બાદ છટકી શકી હોય એ માનવા જેવું ન હતું. અત્યારે દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગરમાં જ ક્યાંક છૂપાવાનો આશરો શોધતી હોય તો કહેવાય નહિ- અને દેખીતી વાત કે તેના માટે બેસ્ટ જગ્યા એટલે ત્રિનિદાદ! વહેલીમોડી એ ત્યાં જરૂર પહોંચે, પણ તેના પહેલાં જો નકલી વેશધારી 'કાર્મેનિયા' પોતે ત્રિનિદાદ પહોંચી જાય તો જર્મન મનવારો તેને 'કેપ ટ્રફાલ્ગર' સમજી લે! આ સંજોગોમાં 'કાર્મેનિયા' દુશ્મનની હિલચાલનું સલામત રીતે અવલોકન કરી યુદ્ધજહાજ 'બ્રિસ્ટોલ' ને પોતાનો જાસૂસી રિપોર્ટ મોકલી શકે તેમ હતી. લાગ મળે તો સામટી આઠ તોપો વડે જર્મન મનવારો પર ઓચિંતો હુમલો પણ કરી શકે તેમ હતી. તદ્દન નજીક ગયા પછી ધાર્યું નિશાન લેવામાં તકલીફ પણ શી?

કેપ્ટન નિયોલ ગ્રાન્ટને તથા કેપ્ટન જેમ્સ બારને સૂઝેલી યુક્તિ અફલાતૂન હતી, પણ તેમને એ ન સૂઝ્યું કે 'કેપ ટ્રફાલ્ગર' તેમના પહેલાં ત્રિનિદાદ પહોંચી ચૂકી હોય તો શું બને? આ ખ્યાલ તેમના મગજમાં આવ્યો જ નહિ! ત્રિનિદાદની દિશામાં પ્રવાસ શરૂ થયા પછી બેય કેપ્ટનો તરત 'કાર્મેનિયા'નો દેખાવ બદલવાના કામે લાગી ગયા. મુખ્ય ફેરફાર ભૂંગળાં અંગે કરવાનો હતો. વિશ્વયુદ્ધના થોડા દિવસ અગાઉ 'કેપ ટ્રફાલ્ગર' બ્રિટનના સાઉથમ્પ્ટન બંદરની મુલાકાત લીધી હતી, એટલે તેને કુલ ત્રણ ભૂંગળાં હોવાનું તેઓ જાણતા હતા. 'કાર્મેનિયા'ને બે ભૂંગળાં હતાં, પરિણામે ત્રીજું બનાવવું રહ્યું.

મધદરિયે પોલાદના જાડા પતરાનું આશરે પચાસ ફીટ ઊંચું બાંધકામ કરવું જરાય શક્ય ન હતું. સ્ટીમરમાં ન એવું પતરું હતું કે ન તેને પીપડાના આકારે વાળવા માટેનાં યાંત્રિક સાધનો હતાં. માત્ર દેખાવ પૂરતું માળખું રચીને સંતોષ માનવો પડે તેમ હતો. કેપ્ટન નિયોલ ગ્રાન્ટે તૂતક પરનાં અમુક લાકડાનું ફિટિંગ ઉખેડાવ્યું, નાવિકોએ તેમના વડે અંગ્રેજી V આકારની ગંજાવર ફ્રેમ તૈયાર કરી અને પછી તે ફ્રેમ પર કેનાવાસ મઢી લેવામાં આવ્યું. 'કાર્મેનિયા'ના ભૂંગળા નં. ૨ પાછળ ચોક્કસ અંતરે તે માળખાને ટટ્ટાર ગોઠવ્યા બાદ નાવિકોએ તેને બરાબર જકડાયેલું રાખવા માટે બધી તરફ કેબલો બાંધ્યા. મારીમચડીને તેમણે કામચલાઉ તાયફો એ રીતે ખડો કરી દીધો. આકાર ભૂંગળા જેવો ગોળ ન થયો તેનો વાંધો નહિ. દૂરથી તેનો સાઇડ પૉઝ અને ફ્રન્ટ પૉઝ જોતી દુશ્મન મનવારોની દ્રષ્ટિએ ભૂંગળાનો આભાસ ખડો થાય એટલે પત્યું!

નાવિકો ત્યાર પછી કલરકામમાં પરોવાયા અને દરેક ભૂંગળાનો રંગ 'કેપ ટ્રફાલ્ગર' નાં ત્રણેય ભૂંગળાંને મળતો આવે તે પ્રકારનો કરી નાખ્યો. સિલેટિયા, લાલ અને કાળા રંગનો બ્રિજ અતિશય પહોળો એટલે કે જર્મન સ્ટીમર કરતાં જુદો ન જણાય એ માટે તેના ડાબા-જમણા હિસ્સા પર અમુક હદ સુધી ઝાંખા આસમાની પેઇન્ટના થપેડા મારી દીધા. 'કાર્મેનિયા'ના બેય પડખે ચીતરેલું તેનું નામ ભૂંસી નાંખવામાં આવ્યું. કેપ્ટન નિયોલ ગ્રાન્ટે કૂવાસ્થંભ પર ફરકાવવા માટેના જર્મની ધ્વજ પણ તૈયાર કરાવ્યા, પરંતુ તત્પુરતા વીંટેલા રાખ્યા. 'કેપ ટ્રફાલ્ગર'ની આબેહૂબ નકલ તેણે એ જ રીતે કરી કે જે 'કેપ ટ્રફાલ્ગર'ના કેપ્ટન ફ્રિટ્ઝ લેન્જરહાન્સે 'કાર્મેનિયા'ની નકલ મારતી વખતે કરી હતી! નવાઇ એ કે સામસામા બેય દુશ્મન કેપ્ટનો એકબીજાની નકલબાજી અંગે અજાણ હતા! મહત્ત્વની બે તારીખો જરા પાછી નોંધી લઈએ : ત્રિનિદાદ જવા માટે 'કાર્મેનિયા' એ સપ્ટેમ્બર ૧૧, ૧૯૧૪ ના રોજ સફર આરંભી, તો 'કેપ ટ્રફાલ્ગર' તેના ઘણા દિવસ પહેલાં ઓગસ્ટ ૨૨, ૧૯૧૪ ની મધરાતે ઉરૂગ્વે દેશનું મોન્ટેવિડિયો બંદર છોડ્યું હતું. લાંબો માર્ગ પકડીને બરાબર છઠ્ઠે દિવસે બપોરે 'કેપ ટ્રફાલ્ગર' ત્રિનિદાદ પહોંચી ત્યારે પેલી જર્મન ગનબોટ 'એબર'નો કપ્તાન જુલિયસ વિર્થ તેની રાહ જોતો હતો વિર્થે તરત 'એબર'ની ૧૦૫ મીલીમીટરના વ્યાસવાળી બે તોપો અને છ મશીનગનો કાઢી 'કેપ ટ્રફાલ્ગર'ના તૂતક પર ફીટ કરવાનો નાવિકોને હૂકમ આપ્યો. બન્ને મોટી તોપોના ગોળા ૯.૫ કિલોમીટર છેટેના જહાજને વીંધી શકે તેમ હતા. બીજી તરફ 'બ્રિસ્ટોલ' જેવાં બ્રિટીશ યુદ્ધજહાજોની તોપો મીનીમમ ૭ કિલોમીટર જેટલી રેન્જવાળી હતી.

પરંતુ એમાં શી ચિંતા? 'કેપ ટ્રફાલ્ગર' હવે ક્યાં જર્મન સ્ટીમર હતી? બ્રિટનની 'કાર્મેનિયા'નો વેશ તેણે પહેર્યો હતો. 'બ્રિસ્ટોલ' કે બીજું એકેય બ્રિટીશ યુદ્ધજહાજ તેના પર તોપમારો ચલાવવાનું સ્વપ્ને પણ વિચારે? આ સંજોગોમાં 'કેપ ટ્રફાલ્ગર' સલામત રીતે એવા યુદ્ધજહાજની નજીક સરકીને અંતે લાગ મળે ત્યારે તેના પર ઓચિંતો જીવલેણ હુમલો કરી શકે તેમ હતી.

તોપો ગોઠવાયા પછી જર્મન નૌકાદળના આદેશ મુજબ 'કેપ ટ્રફાલ્ગર'નું સુકાની પદ કેપ્ટન જુલિયસ વિર્થે સંભાળી લીધું. કેપ્ટન ફ્રિટ્ઝ લેન્જરહાન્સ પોતાના સરસામાન ભેગો 'એલેનોર વૂરમેન' નામના પુરવઠા જહાજ પર જતો રહ્યો. ત્રિનિદાદના કાંઠે એ જહાજ લાંગર્યું હતું. અને બીજાં પુરવઠા જહાજો પણ હતાં. અગાઉ નોંધ્યું તેમ દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગરમાં ફરજ બજાવતી જર્મન મનવારો

*બહાનું એટલે સફાઈપૂર્વક કરેલું અસત્ય. – જોન્સન સ્વિફ્ટ*

કોલસા જેવો પુરવઠો લેવા માટે વખતોવખત ત્રિનિદાદ આવતી હતી.

દિવસો વીત્યા. કેપ્ટન વિર્થ 'કેપ ટ્રફાલ્ગર'ને ખુલ્લા સમુદ્ર તરફ હંકારી જતો હતો. નાવિકો ત્યાં ફાયરિંગની પ્રેક્ટિસ કરતા હતા, કેમ કે તોપો નવી બેસાડેલી હતી. ત્રિનિદાદથી વહેલી બપોરે નીકળી પડવાનો અને મોડી સાંજે પાછા ફરવાનો ક્રમ ઘણો વખત ચાલ્યો. સપ્ટેમ્બર ૧૪, ૧૯૧૪ ના દિવસે પણ એમજ કરવાનું હતું. છતાં સ્ટીમરને લાંબા રાઉન્ડ માટે હંકારી જવાનો સમય થાય એ પહેલાં અણધારી ઘટના બની.

સવારના ૧૧.૦૦ વાગ્યા હતા. ત્રિનિદાદ ટાપુની એકમાત્ર ટેકરીની ઓથ પાછળ 'કેપ ટ્રફાલ્ગર' અડધી ઢંકાયેલી પડી હતી. બ્રિજ પરના કેપ્ટન જુલિયસ વિર્થે ઉત્તર દિશામાં ક્ષિતિજ પાસે ધુમાડો દીઠો. થોડી વારે એક સ્ટીમરનો ધૂંધળો આકાર સ્પષ્ટ થવા લાગ્યો. વાંકોચૂંકો માર્ગ આંકીને તે વેગપૂર્વક ટાપુ તરફ આવતી હતી. વિર્થ એકદમ સાવધાન બન્યો. નાવિકોને પણ તરત લંગર ઉપાડવાનો હુકમ આપી તેણે ખબરદાર કર્યા. ઍટલાન્ટિક મહાસાગરમાં આટલે દૂરના જર્મન અડ્ડા તરફ અજાણી સ્ટીમર આવતી દેખાય ત્યારે સૌએ ચેતવું રહ્યું.

સ્ટીમર હજી ઓળખાતી ન હતી, એટલે યુદ્ધ માટે તૈયાર રહેવા 'કેપ ટ્રફાલ્ગર' પોતે ટાપુની ઓથ છોડીને બહાર નીકળી. દૂરબીન વડે નજર માંડતો કેપ્ટન વિર્થ મનોમન વિચારતો રહ્યો : આ સ્ટીમર કઇ? અને ઘડીવાર પછી તેને જવાબ પણ મળી ગયો : કોઇ બીજી નહિ, પણ 'કેપ ફિનિસ્ટર' કે જે 'કેપ ટ્રફાલ્ગર'ની જોડકી સ્ટીમર હતી. બન્નેની ડિઝાઇન સરખી હતી અને દેખાવ કોપી-ટુ-કોપી સરખો હતો. સહેજ ત્રાંસમાં ગોઠવાયેલાં ત્રણ ભૂંગળાં, આગળપાછળ બે કૂવાસ્થંભ, પ્રમાણમાં ઓછો પહોળો બ્રિજ, અણીદાર ઘાટીલો મોરો વગેરે બધું સરખું!

બિલકુલ એ જ વખતે 'કાર્મેનિયા'ના બ્રિજ પર કેપ્ટન નિયોલ ગ્રાન્ટ પોતાના દૂરબીન વડે ટાપુ તરફ નજર માંડી રહ્યો હતો. ટાપુની આડશ પાછળ રહેલી સ્ટીમર જેવી પૂરેપૂરી બહાર નીકળી કે તરત કેપ્ટન દ્વિધામાં પડ્યો. આ સ્ટીમર કઇ? આકાર બધી રીતે 'કાર્મેનિયા' જેવો હતો. 'કાર્મેનિયા' ની જેમ તેને બે ભૂંગળાં હતાં. બ્રિજ ખાસ્સો પહોળો હતો. કૂવાસ્થંભ પણ બે હતા. એ તો ઠીક, હા, બ્રિટનનો અથવા તો કુનરાડનો ધ્વજ તેના કૂવાસ્થંભ પર ફરકતો ન હતો, પણ એ તો કદાચ એટલા માટે કે દુશ્મનના અડ્ડા પાસે હંકારતી વખતે તેનો અંગ્રેજ કેપ્ટન સ્ટીમરની અસલિયત છાની રાખવા માગતો હતો. આ સ્ટીમર 'કાર્મેનિયા'ની જોડકી બહેન 'કેરોનિયા' હતી? કે પછી 'ફ્રાન્કોનિયા' હતી? જે હોય તે, પણ બ્રિટીશ હતી!

નિશ્ચિત બનેલા કેપ્ટન નિયોલ ગ્રાન્ટે પોતાના નાવિકોને ધ્વજ લહેરાવવાનો આદેશ ફરમાવ્યો. નાવિકો જરા મૂંઝાયા કે કયો ધ્વજ? બ્રિટનનો કે જર્મનીનો? 'કાર્મેનિયા' એ ધારણ કરેલો વેશ જર્મન સ્ટીમરનો હતો. ત્રિનિદાદ ટાપુ પણ જર્મનનીનો અડ્ડો હતો. આથી ખરું જોતાં ધ્વજ તો જર્મનીનો લહેરાવવો જોઇએ. પરંતુ અંગ્રેજ કપ્તાન દેખાવના આધારે 'કાર્મેનિયા'ને રખે 'કેપ ટ્રફાલ્ગર' સમજી લે એ બીકે નિયોલ ગ્રાન્ટે બ્રિટીશ ધ્વજ ફરકતો કરવાની સૂચના આપી.

આ બાજુ 'કેપ ટ્રફાલ્ગર'ના કેપ્ટન જુલિયસ વિર્થને પણ ડર પેઠો કે સામી આવતી 'કેપ ફિનિસ્ટર'નો જર્મન કપ્તાન તેની સ્ટીમરને વેશપલટાના પાપે ક્યાંક શત્રુ દેશની 'કાર્મેનિયા' ન સમજી બેસે! 'કેપ ટ્રફાલ્ગર'નું ત્રીજું ભૂંગળું ગાયબ હતું, માટે સામેવાળા કપ્તાનને ગેરસમજ થવાનો ચાન્સ હતો. વિર્થે તેને સમયસર પોતાની સ્ટીમરનો પરિચય આપી દેવા કૂવાસ્થંભનો જર્મન ધ્વજ લહેરાવ્યો.

વિર્થના નસીબે ત્યાં જ તેને દગો આપ્યો. વાત એમ બની કે સમુદ્રનો પવન લગભગ પડી ગયો હતો. વાતાવરણ શાંત હતું. આથી બેય સ્ટીમરો જે દિશામાં હંકારે તેની વિરુદ્ધ દિશામાં તેમના ધ્વજ લહેરાતા હતા. 'કાર્મેનિયા' પોતાનો મોરો 'કેપ ટ્રફાલ્ગર' તરફ રાખીને ઉત્તર-ટુ-દક્ષિણ આવતી હતી. કૂવાસ્થંભ પાછળ ફરકતો તેનો ધ્વજ કેપ્ટન વિર્થને બરાબર દેખાતો ન હતો. 'કેપ ટ્રફાલ્ગર'નો પ્રવાસમાર્ગ આડી લીટીમાં પૂર્વ-ટુ-પશ્ચિમ હતો. પડખું 'કાર્મેનિયા' તરફ હતું, માટે તેના આડા ફરકતા જર્મન ધ્વજને તો 'કાર્મેનિયા'ના અંગ્રેજ કેપ્ટન નિયોલ ગ્રાન્ટે દૂરબીન વડે બરાબર દીઠો! ધ્વજની ડિઝાઇન જોતાવેંત તેને ધ્રાસ્કો પડ્યો. 'કાર્મેનિયા'ની સ્પીડ વધારવાનો તેણે હુકમ આપ્યો. તોપચી ટુકડીને ગોલંદાજી શરૂ કરવા જણાવ્યું.

કેપ્ટન જુલિયસ વિર્થ તો હજી પણ 'કાર્મેનિયા'ને જર્મન સ્ટીમર માનતો હતો. 'કાર્મેનિયા'ની તોપો અચાનક ગરજવા માંડી અને પછી તીક્ષ્ણ કિકિયારી બોલાવતા ગોળા 'કેપ ટ્રફાલ્ગર'ની ચોતરફ જળસપાટી પર ખાબક્યા ત્યારે એને ભાન થયું કે પોતે જર્મન ધારેલી સ્ટીમર અસલમાં બ્રિટીશ હતી! એક ગોળો તો 'કેપ ટ્રફાલ્ગર' ના મોરા કરતા માત્ર દસ ફીટ આગળ પડ્યો. વિર્થના તોપચીઓ દુશ્મનને વળતો જવાબ આપે તે પહેલાં વારાફરતી બે ગોળાનો પ્રહાર 'કેપ ટ્રફાલ્ગર'ના તૂતક પર થયો. વિસ્ફોટ સાથે જોતજોતામાં આગ ફાટી નીકળી અને નકલી બ્રિજનાં લાકડાં તથા કેનવાસ ભડકે બળવાં લાગ્યાં! ધુમાડાના એવા ગોટા ફેલાયા કે હુમલાખોર 'કાર્મેનિયા'ને જોવાનું પણ જર્મન તોપચીઓ માટે અઘરું બન્યું. આથી બ્રિજ પરના કેપ્ટન વિર્થે તેમને ક્યાં નિશાન લેવું તેનું માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું. 'કાર્મેનિયા'ને અકબંધ જપ્ત કરી શકાય એ માટે તેના પડખા નહિ, તૂતક અને બ્રિજ પર તે ગોળા ઝીંકવા માગતો હતો.

'કાર્મેનિયા' ને પહેલો માર એ રીતે જ પડ્યો. સાડા દસ સેન્ટિમીટરના વ્યાસનો પ્રથમ જર્મન ગોળો તેને ટપી ક્યાંય દૂર જતો રહ્યો, પણ બીજા ગોળાના ધડાકાએ તેના બ્રિજનો કેટલોક ભાગ તારાજ કરી નાખ્યો. બારીના કાચ તૂટ્યા. લાકડાના બાંધકામનો ખુરદો નીકળતાં તેનાં ખપાટિયાં ચોતરફ ઊડ્યાં. બ્રિજના કંટ્રોલ રૂમમાં અમુક યંત્રસામગ્રીનો દાટ વળી ગયો. આ જોરદાર ધડાકા વચ્ચે પણ કેપ્ટન ગ્રાન્ટ અને કેપ્ટન બાર કશા ગંભીર જખમ વિના સલામત રહી શક્યા એ મોટું આશ્ચર્ય! થોડી સેકન્ડો પછી ત્રીજા ગોળાના પ્રહારે 'કાર્મેનિયા'ની આઠ પૈકી એક તોપની તોપચી ટુકડીને ખતમ કરી નાખી! એ તોપ પણ નકામી બની.

*અતિ જ્ઞાન કરતાં અલ્પ જ્ઞાનમાં સલામતી છે. – સેમ્યુઅલ બટલર*

આ યુદ્ધ અજબ પ્રકારનું હતું. યુદ્ધજહાજોને બદલે પેસેન્જર સ્ટીમરો એકમેક સામે ગોલંદાજી કરી રહી હતી! બેયનો જુસ્સો અને ગુસ્સો જો કે યુદ્ધજહાજો કરતાં સહેજ પણ કમ ન હતો. દાવપેચનોય ખેલ જીવસટોસટની રીતે જામ્યો હતો. વિર્થે આસાનીપૂર્વક નિશાન બની શકતું 'કેપ ટ્રફાલ્ગર'નું આડું પડખું 'કાર્મેનિયા' તરફ ઉઘાડું ન રહે એ માટે સ્ટીમરનો મોરો ઉત્તરમાં વાળ્યો. 'કાર્મેનિયા'ની જ દિશામાં પૂરપાટ હંકારવાનું શરૂ કર્યું.

મરણિયો બનેલો વિર્થ બીજું કરે પણ શું? દુશ્મન સ્ટીમર પોતાની સાત તોપો વડે 'કેપ ટ્રફાલ્ગર'ને ફટકા પર ફટકા માર્યે જતી હતી, જેમનો સામો જવાબ ફક્ત બે તોપો ફોડીને આપવાનો થતો હતો. 'કેપ ટ્રફાલ્ગર'ની છ ભારે મશીનગનો તો સાવ મૂંગી પડી રહેલી, કારણ કે તેમનો ઘા સાડા પાંચ કિલોમીટર છેટે પહોંચે નહિ- જે અંતર હાલ બન્ને સ્ટીમરો વચ્ચે હતું. વિર્થે નક્કી કર્યું કે ઝડપભેર 'કાર્મેનિયા'ની નજીક પહોંચવું અને પછી મશીનગનના ધૂંઆધાર ફાયરિંગ વડે તેના ખુલ્લા તૂતક પરના દરેક તોપચીને વીંધી નાખવો! બ્રિટનની એ પેસેન્જર સ્ટીમરના બીજા સામાન્ય નાવિકો તો અટપટી તોપનું સંચાલન કરી શકવાના ન હતા.

અંતર ઘટવા લાગ્યું. બેય સ્ટીમરો જાણે સામસામી ટકરાવા માગતી હોય તેમ એકમેક તરફ પૂરવેગે આગળ વધી. ચાર, ત્રણ અને ત્યારબાદ ફક્ત બે કિલોમીટરનું અંતર બાકી રહ્યું. એ પછી માત્ર એક કિલોમીટરનું ! વિર્થે પોતાનો જુગારી દાવ એ જ વખતે શરૂ કર્યો. 'કેપ ટ્રફાલ્ગર'ના તોપચી જવાનોને તેણે હવે મશીનગનો સંભાળી લેવા જણાવ્યું.

--અને ત્યાં 'કાર્મેનિયા' એ અચાનક પોતાની જમણી તરફ વળાંક લીધો. 'કેપ ટ્રફાલ્ગર'નું પોણા સાતસો ફીટ લાંબું પડખું તેની સમક્ષ છતું થયું કે તરત 'કાર્મેનિયા'ની સાતેય તોપો સામટી ધણધણી ઊઠી! કર્ણભેદી અવાજ સાથે આગનો લબકારો ફેંકતી દરેક તોપે ૧૨ સેન્ટિમીટરના વ્યાસનો અકેક ગોળો ઓકી કાઢ્યો. ઉપરાઉપરી ધડાકા થયા અને તે સાથે 'કેપ ટ્રફાલ્ગર'ને પડખામાં મરણતોલ ફટકા વાગ્યા! આટલા ટૂંકા અંતરે થયેલા પ્રહારની વિનાશકતાનું શું પૂછવું? ઊતારુ સ્ટીમરનું પોલાદ વળી યુદ્ધજહાજ જેવું બખ્તરિયું ન હતું, એટલે તેમાં અઘોરીની ગુફા જેવડાં બાકોરાં પડી જતાં વાર ન લાગી. સમુદ્રનું પાણી ધોધરૂપે અંદર ધસી જવા માંડ્યું!

આ દ્રશ્ય કિનારા નજીક લાંગરેલા પુરવઠા જહાજ 'એલેનોર વૂરમાન' પરનો કેપ્ટન લેન્જરહાન્સ ફાટી આંખે જોતો રહ્યો. જીવ કરતાં પણ વહાલી તેની સ્ટીમર એક પડખે નમી રહી હતી. થોડીવાર પછી તો જહાજનો મોરો આગળ તરફ ઝુકવા લાગ્યો.

દાઝે ભરાયેલા જર્મન તોપચીઓ પોતાના સમ્રાટ વિલ્હેમ કૈઝરના નામે રણહાક પોકારી 'કાર્મેનિયા' પર મશીનગનો વડે બુલેટો વરસાવતા હતા. જવાબમાં બ્રિટીશ સ્ટીમરે પાછી તોપગર્જના કરી. વારાફરતી સાત ગોળા છૂટ્યા. એક ગોળો 'કેપ ટ્રફાલ્ગર'ના બ્રિજને વાગ્યો, જ્યાં કેપ્ટન વિર્થ ખડે પગે રહીને હજી પોતાની તોપચી ટુકડીને પાઇપરૂપી ઇન્ટરકોમ દ્વારા હુકમો આપતો હતો. વિસ્ફોટ થયો કે તરત બ્રિજ પરનો સુકાની માર્યો ગયો અને વિર્થ પોતે ઘવાયો. ઘાયલ હોવા છતાં સુકાનનું વ્હીલ વિર્થે સંભાળી લીધું. થોડીવાર પછી જો કે સુકાનનું નિયંત્રણ કરવાનો પણ અર્થ ન રહ્યો. સમુદ્રજળ જહાજમાં ધોધરૂપે ભરાવાને લીધે 'કેપ ટ્રફાલ્ગર'નો મોરો એટલો નમ્યો કે સુકાન અને પ્રોપેલર સહિતનો પાછલો હિસ્સો પાણીની બહાર નીકળી આવ્યો.

'કેપ ટ્રફાલ્ગર'ની જળસમાધિ હવે નક્કી હતી. કેપ્ટન જુલિયસ વિર્થે બધા જર્મન સ્વયંસેવકોને તથા નાવિકોને સ્ટીમર તજી દેવાનું છેલ્લું ફરમાન આપ્યું. નાવિકોએ લાઇફબોટ નીચે ઉતારી. સ્ટીમર કદાચ વહેલી ડૂબે એમ ધારી કેટલાક જણા પરબારા સમુદ્રમાં કૂદી પડ્યા. સૌની મદદે જવા આમેય કેપ્ટન લેન્જરહાન્સ તેના પુરવઠા જહાજ 'એલેનોર વુરમાન'ને એ તરફ શક્ય એટલી ઝડપે હંકારી રહ્યો હતો. લેન્જરહાન્સની આંખો ભીની હતી. પ્રિય સ્ટીમર પોતાની નજર તેના માટે સામે દયાજનક મોતને ભેટે એ દ્રશ્ય અસહ્ય હતું.

સ્ટીમરની અડધી કાયા જળસપાટી નીચે ડૂબી. કેપ્ટન જુલિયસ વિર્થે હજી સુકાનનું વ્હીલ પકડી રાખ્યું હતું. જિંદગી કરતાં જવાબદારીને વધુ મહત્ત્વ આપતો કેપ્ટન પોતાની સ્ટીમરને તજી દેવા તૈયાર ન હતો. 'કેપ ટ્રફાલ્ગર' સાથે જ આખરે તેણે જળસમાધિ લીધી.

આ તરફ કુલ ૮૦ તોપગોળાના પ્રહારો વડે ઘવાયેલી 'કાર્મેનિયા' પાછી વેસ્ટ ઇન્ડિઝની દિશામાં હંકારી. અડધા કલાકની અંદર જે બન્યું તે હજી તો કેપ્ટન જેમ્સ બારને તથા કેપ્ટન નિયોલ ગ્રાન્ટને સાચું પણ લાગતું ન હતું. બન્ને જણા આશ્ચર્યચકિત્ હતા. નસીબના ખેલ ન્યારા હોય તે ખરું, પણ અહીં તો નસીબે અજબ ખેલ દાખવીને હદ કરી નાખી હતી. બ્રિટન પાસે અને જર્મની પાસે અનેક પેસેન્જર સ્ટીમરો હતી, જેમાં ફક્ત બે સ્ટીમરોએ વેશપલટો કર્યો — અને વેશ પહેર્યો વળી એકમેકનો! લાખો ચોરસ કિલોમીટરનું ક્ષેત્રફળ ધરાવતા અફાટ મહાસાગરોમાં એકાદ ટપકાં જેવડા અજાણ્યા ટાપુ તરફ જવાનું પણ એક જ સમયે તેમને સૂઝ્યું એ બીજી નવાઇ! દરિયાઇ યુદ્ધ છેવટે એ નકલખોર સ્ટીમરો વચ્ચે જ ખેલાયું એ ત્રીજું આશ્ચર્ય! સૌથી મોટું અચરજ તો એ કે જગતમાં આટઆટલા યોગાનુયોગ સામટાં ન બને, છતાં અહીં બન્યા! ■

## ઇતિહાસ અને સંસ્કૃતિનું પારણું જૂનાગઢ

(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)

હદ સુધી સુરક્ષિત હતું. ભારતીય ઇતિહાસમાં તેનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે.

આ લેખમાં પણ સુદર્શન તળાવ અંગે માહિતી આપવામાં આવી છે. અતિશય વર્ષાને કારણે સુદર્શન તળાવની પાળ પુનઃ તૂટી ગઇ. આ બનાવ ઇ.સ. ૪૫૫-૪૫૬માં બન્યો. આ સમયે સ્કંદગુપ્તનો સુબો પર્ણદત્ત અહીંની વ્યવસ્થા સંભાળતો હતો. સ્કંદગુપ્તના આદેશથી પર્ણદત્તના પુત્રે સુદર્શનની પાળનું સમારકામ કરાવી આપેલું. સ્કંદગુપ્ત વિષ્ણુભક્ત હતો. તેના સમયમાં ઇ.સ. ૪૫૭-૪૫૮ના વર્ષમાં તળાવની પાળે વિષ્ણુનું મંદિર પણ બાંધવામાં આવેલું. સંસ્કૃત ભાષા અને બ્રાહ્મીમાં લખાયેલો આ લેખ પદ્યનું ઉત્તમ ઉદાહરણ છે.

જૂનાગઢમાં આવેલો આ શૈલલેખ આપણા ઇતિહાસ અને સંસ્કૃતિનો અમૂલ્ય દસ્તાવેજ છે. ભારતીય ઇતિહાસના પ્રારંભનો આ લેખ આપણા ઇતિહાસ અને સંસ્કૃતિનું પારણું જ છે ને!

*૧૯/૨૩-ડી, શ્રી હરિપાર્ક, પારસ બંગલા,*
*ઓધવશ્રુતિ પાસે, મુંદ્રા રિલોકેશન સાઇટ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

ઇતિહાસ

# હવે પશ્ચિમ કચ્છમાંય હડપ્પીય પદચિહ્ન

• નરેશ અંતાણી •

કચ્છના વાગડ વિસ્તારના ધોળાવીરા સહિત અનેક સ્થાનો અને પચ્છમના કુરન પછી હવે પશ્ચિમ કચ્છમાંય હડપ્પીય વસાહતીઓના પદચિહ્ન સંભળાઇ રહ્યા છે. નખત્રાણા તાલુકાના નેત્રા (માતાજીના)થી ચાર કિલોમીટરના અંતરે સ્થિત ખીરસરાની સીમમાં હાલે દરરોજ સવાર પડતાં જ પુરાતત્ત્વિય અધિકારીઓ અને સ્થાનિક શ્રમજીવીઓ ગઢવાડી વિસ્તારમાં હડપ્પીય સંસ્કૃતિની ખોજમાં લાગી જાય છે.

ધોળાવીરા અને કુરન પછી કચ્છની સૌથી મોટી હડપ્પીય વસાહત શોધી શકાઇ હોવાનો આનંદ જેમના ચહેરા પર સ્પષ્ટ જોઇ શકાય છે તેવા ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણની વડોદરા કચેરીના અધિક્ષક અને ખીરસરા ઉત્ખનન કાર્યના ઇન્ચાર્જ ડો. જિતેન્દ્રનાથે છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા ઉત્ખનન કાર્યની વિગતો આપી હતી.

ખીરસરાની ભૂમિમાં હડપ્પીય નગર હોવાના અણસાર તો છેક ૭૦ ના દાયકામાં જ આવી ગયા હતા. કેમકે કચ્છના જાણીતા કવિ નારાયણ જોશી 'કારાયલ'ને શાળાના એક પ્રવાસ દરમિયાન હડપ્પીય મુદ્રા મળી આવી હતી જે કચ્છ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરાઇ છે. આ પછી છેક ૨૦૧૦ ડિસેમ્બર માસથી ભારત સરકારના પુરાતત્ત્વિય સર્વેક્ષણ વિભાગે ઉત્ખનન કાર્યનો આરંભ કર્યો. હજુ ત્રણ-ચાર વર્ષ ચાલનારા આ કાર્યના આરંભે જ મોટી વસાહત હોવાના અણસારો મળી રહ્યા છે. ડૉ. જિતેન્દ્રનાથે આપેલી વિગતો અનુસાર અહીં ધરબાયેલું નગર પણ ધોળાવીરાની માફક જ ત્રણ સ્તરનું છે. જેમાં ઉપલા સ્તરમાં શ્રીમંત વર્ગ, મધ્યમમાં મધ્યમ વર્ગ અને છેલ્લે શ્રમિક વર્ગ નિવાસ કરતો હશે એવું અનુમાન છે.

અહીં મળી આવેલા નગરના અવશેષોમાં આયોજનબદ્ધ રીતે ચણાયેલી મકાનની દીવાલો પીળા રંગના પથ્થરની છે. સાતથી આઠ ફૂટની હારબંધ દીવાલો સુધીનું કરાયેલું ઉત્ખનનકાર્ય જોતા જ પ્રથમ નજરે જ ભવ્ય સંસ્કૃતિનો અહેસાસ જોનારને થાય છે. ઉત્ખનન દરમ્યાન વિવિધ આભૂષણો અને તેમાં ઉપયોગમાં લેવાતા મોતી મોટી સંખ્યામાં મળી આવ્યા છે. અહીંથી મળી આવેલા અનેક અશ્મિઓને પૂનાની લેબોરેટરીમાં મોકલી અપાયા છે. જેના પૃથક્કરણ પછી એ સમયે કેવા પ્રાણીઓ અહીં વિચરતા હતા તેની પણ જાણકારી મળી શકશે.

ડો. જિતેન્દ્રનાથ ઉપરાંત સિનિયર ડ્રાફ્ટમેન નરેન્દ્ર સોની સાથે ૭૦ જેટલા શ્રમજીવીઓની અથાગ મહેનતથી શોધી કઢાયેલા નગરમાં સૌથી મોટી અને મહત્ત્વની શોધ કઇ? એવા પ્રશ્નમાં ડો. નાથે અહીંથી મળી આવેલા 'વેર હાઉસ' અનાજ સંગ્રહવાનો કોઠાર એ આ સ્થળની 'યુનિક' શોધ ગણાવી હતી. પુરાતત્ત્વ વિષયના અભ્યાસીઓ માટે પ્રયોગશાળા સમાન આ વસાહતના સ્થાને વડોદરા અને પૂનાના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ અર્થે આવી ગયા હોવાની વિગતો પણ તેમણે આપી હતી.

ચાલુ મહિનાના અંતે ખીરસરા સાઇટનું ઉત્ખનનકાર્ય બંધ કરાશે અને આગામી શિયાળાની સીઝનમાં તેનું કાર્ય પુનઃ હાથ ધરાશે. ભારત સરકાર દ્વારા પ્રતિવર્ષ ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં તે કાર્ય સંપન્ન કરાશે.

આપણા પ્રાચીન વારસાને ઉજાગર કરતા આ કાર્યને નીરખવા સમજવા આવવા ઇચ્છતા સંશોધકો અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની પૂર્ણ તૈયારી બતાવતા ડો. જિતેન્દ્રનાથે ખીરસરાની સ્થાનિક પ્રજા અને કચ્છનાં વહીવટી તંત્રની પ્રશંસા કરતાં તેમને લાઇટ-પાણી, ટેલિફોન જેવી પ્રાથમિક સુવિધાઓ તંત્ર દ્વારા સંતોષકારક રીતે મળી રહી હોવાની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રવાસન નકશામાં દેશના એક મહત્ત્વના કેન્દ્ર તરીકે ઉપસી રહેલા આ સીમાવર્તી જિલ્લાનો પ્રવાસ ઉદ્યોગ વધુ વિકસે એ માટે કચ્છના ધોળાવીરા, કુરન અને ખીરસરા સહિતની તમામ હડપ્પીય વસાહતો પ્રત્યે પ્રવાસીઓ આકર્ષાય એ માટેની પ્રાથમિક સુવિધાઓ પણ સ્થાનિક ઉપલબ્ધ કરાવાય એ જરૂરી હોવાનું પુરાતત્ત્વિય રસિકો ઇચ્છે છે.

હડપ્પીય નગરના ઉત્ખનનકાર્યથી ધમધમતા તાલુકાના ખીરસરા ગામની સીમમાં ઉત્ખનનકાર્યના આરંભમાં જ ધારી સફળતા મળતાં પુરાતત્ત્વરસિકો ઉત્સાહિત બન્યા છે. અહીં આવતા સંશોધકો, વિદ્યાર્થીઓ તથા પુરાતત્ત્વરસિકો માટે અન્ય વસાહતોની માફક અહીં પણ પોટરીયાર્ડ તૈયાર કરાયો છે જે હંગામી સંગ્રહાલયની ગરજ સારે છે.

આપણા પૂર્વજોની સ્મૃતિઓ સાચવતી આ વસાહતમાંથી મળી આવેલા માટીના વાસણો (પોટરી) મજબૂત અનાજ ભરવાની કોઠીના નમૂનાઓ આ પોટરી યાર્ડમાં રખાયા છે. આ નમૂનાઓ અખંડ હશે ત્યારે કેવા હશે? તેનું કુતૂહલ જોતાં જ જરૂર થાય છે. તે સમયનાં કામની ચોકસાઇ વગેરે અભ્યાસનો વિષય છે.

અહીંથી મળેલા અશ્મિઓ, મોતીઓ, નાની મોટી સાઇઝના શંખ અને છીપલા પણ અહીં પ્રદર્શિત છે. શંખમાંથી બનતી અવનવી બંગડીઓ, ધાતુના આભૂષણોના નમૂનાઓ વગેરે પણ આ પોટરીયાર્ડનું આકર્ષણ છે.

અહીંની મકાન બાંધણી, ઓરડાના માળખાં, તત્કાલીન ગઢના ચાર ખૂણાઓ પણ ઉત્ખનન દરમ્યાન મળી આવ્યા છે. અહીંથી ગોળ પીલર અને બેઝ પણ મળી આવ્યા છે. વધુ ઉત્ખનન પછી અહીંની આયોજનબદ્ધ નગર રચના અને તત્કાલીન લોકજીવનની વધુ જાણકારી મળવાની પણ સંભાવના છે.

*'ભૂમા નિકેતન',*
*૨૨/બી, શિવમ્ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રીંગરોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨*

*અનુકરણ એટલે આપઘાત. – એમરસન*

# ઇતિહાસ અને સંસ્કૃતિનું પારણું...જૂનાગઢ

● દિનકર મહેતા ●

ગુજરાતનું પ્રાચીનતમ શહેર જૂનાગઢ અનેક ઐતિહાસિક અને સાંસ્કૃતિ આશ્ચર્યજનક હકીક્તોનું સંગ્રહાલય છે. એટલું જ નહિ, અહીંથી સંસ્કૃતિ પાંગરી પણ છે અને તેથી જૂનાગઢને ઇતિહાસ અને સંસ્કૃતિનું પારણું કહેવાનું મન થાય છે. આ શહેરમાં ઇતિહાસ અને સંસ્કૃતિના અનેક પાસાં છે. લેખના થોડા પાના નહિ, થોડાં પુસ્તકો પણ તેને પૂરું વર્ણવવા સક્ષમ નથી. આ શહેરનું નામ 'જૂનાગઢ' કેમ પડ્યું? શું અહીં પહેલાં 'જૂનો' ગઢ હશે જેનું સમયાંતરે 'જૂનાગઢ' થઇ ગયું. 'જૂના' શબ્દ માટે સંસ્કૃત ભાષામાં 'જિર્ણ' શબ્દ છે. તો જૂનાગઢ એટલે 'જિર્ણ દૂર્ગ' હોઇ શકે. 'જિર્ણ દૂર્ગ' શબ્દનો ઉલ્લેખ એક પ્રાચીન અભિલેખમાં છે જ. આ દૂર્ગના અન્ય નામો જેવાં કે ઉગ્રસેન દૂર્ગ, રૈવતક વગેરે પણ ચર્ચામાં છે. પરંતુ એ ચર્ચા લાંબી હોઇ તેનું અહીં પૂર્ણ વિરામ મૂકીએ.

અહીં પુરાતત્ત્વ છે. રાજકીય અને સામાજિક ઇતિહાસ છે. સંસ્કૃતિ છે, ધર્મ છે. અદ્‌ભુત કહી શકાય તેવા કુદરતી તત્ત્વો, પહાડો, જંગલો, નદીઓ, ઝરણાં અને પશુ સંપત્તિ છે.

વર્ષો પહેલાં વિખ્યાત પુરાતત્ત્વવિદ ડૉ. સાંકળિયા, જૂનાગઢ આવ્યા ત્યારે તેમણે ઉપરકોટમાં આવેલ અડીકડી વાવની ભેખડમાંથી પાષાણયુગના આદિ માનવનું પાષાણ ઓજાર શોધી કાઢ્યું હતું. હજારો વર્ષ પૂર્વે આદિ માનવ આ ભૂમિ પર વિચરતો હતો!

જૂનાગઢને બે કિલ્લા છે. એક જૂનાગઢ શહેરને ફરતો અને બીજો ઉપરકોટ. શહેરને ફરતા કિલ્લામાં સતત ફેરફાર થતા રહ્યા હોવાથી તેનું મૂળ સ્વરૂપ જાળવી શકાયું નથી. જ્યારે ઉપરકોટ થોડા ફેરફાર અને નુકસાન છતાં તેનું મૂળ સ્વરૂપ જાળવી શક્યો છે.

ઉપરકોટની વાત કરતાં પહેલાં ગિરનારની ગોદમાં રહેલા ઇતિહાસના દસ્તાવેજ સમ અભિલેખોની વાત કરી લઇએ. આ અભિલેખ સામાન્યતઃ 'અશોકનો શિલાલેખ' તરીકે લોકોમાં જાણીતો છે. હકીકતે એક જ શિલા પર ફક્ત અશોક જ નહિ પણ અન્ય બે પરાક્રમી રાજા રુદ્રદામન અને સ્કંદગુપ્તના લેખો પણ ત્યાં જ કોતરાયા છે.

મહાન સમ્રાટ અશોક મૌર્યનું રાજ્યારોહણ ઇ.સ. પૂર્વે ૨૭૩ માં થયું હતું. બૌદ્ધ ધર્મના પ્રાચીન સાહિત્ય પ્રમાણે તેનું શાસન સાડત્રીસ વર્ષ રહ્યું હતું. તેના શાસનનો અંત ઇ.સ. પૂર્વે ૨૩૬માં આવ્યો. તેના જીવનના આ વર્ષો દરમ્યાન તેણે કેટલાય યુદ્ધો કર્યા હતા અને વિજય પણ મેળવ્યો હતો. પણ કલિંગના મહાસંગ્રામ પછી વિનાશના બિહામણા દૃશ્યથી તેનું હૃદય દ્રવી ઊઠ્યું. પશ્ચાતાપના અજંપાએ તેને ધર્મ અને શાંતિના માર્ગે ચાલવા વિવશ કર્યો. દિન રાત મનોમંથન પછી તેને ભગવાન તથાગતનો ઉપદેશ પથ પ્રદર્શક બન્યો. પરિણામે તેણે યુદ્ધની વિજય યાત્રા નહી પણ ધર્મયાત્રા કાઢવાનો આદેશ આપ્યો. આ આદેશો ખડકમાં કોતરાવવામાં આવ્યા જેથી આવનારી પેઢીને વર્ષો સુધી શાંતિ અને અહિંસાનો સંદેશ મળ્યા કરે. સમ્રાટ અશોકની આ ચૌદ 'ધર્માજ્ઞા' આજે પણ શાંતિ અને અહિંસાની પ્રેરણા આપી રહી છે.

આ એક જ શિલા પર બીજો લેખ મહાક્ષત્રપ રુદ્રદામાનો છે. શિલા પર ઉપરની બાજુએ પશ્ચિમ ખૂણામાં લગભગ વીસ લીટીઓમાં આ લેખ ઉત્કીર્ણ છે. ટોલેમીની ભૂગોળમાં જણાવ્યા પ્રમાણે ક્ષત્રપોની રાજધાની ઉજ્જૈનમાં હતી. રુદ્રદામા ચાષ્ટનનો પૌત્ર અને જયદામાનો પુત્ર હતો. તે એક બહાદુર, પ્રતાપી અને પ્રજાપ્રિય રાજા હતો. તેના રાજ્ય વિસ્તારની માહિતી તેના કન્હેરીના અભિલેખમાંથી પ્રાપ્ત થાય છે. તેનું રાજ્ય આકર, અવન્તી, અનુપ, અપરાંત, સૌરાષ્ટ્ર, આનર્ત અને માહિસ્મતી સુધી હતું. તે મહાન યોદ્ધા હોવા ઉપરાંત કલાપ્રિય રાજવી હતો. શસ્ત્રો સિવાય અન્ય વિદ્યામાં પણ તે પારંગત હતો. આ શૈલલેખ પરથી તેના જીવનના વિવિધ પાસા અંગે ઉપયોગી માહિતી મળે છે. તેને મહાક્ષત્રપનું બિરુદ ઇ.સ. ૧૪૦ પછી મળ્યું હશે તેમ તેના અભિલેખ પરથી ફલિત થાય છે. આ શૈલલેખ શક સંવત ૭૨ એટલે કે ૧૫૦-૧૫૧માં લખાયો છે.

લેખની ભાષા સંસ્કૃત છે અને લિપિ બ્રાહ્મી છે. શુદ્ધ સંસ્કૃતના ગદ્યનો આ લેખ ભાષાની દૃષ્ટિએ ઉત્તમ નમૂનો છે. અભિલેખની મુખ્ય બાબત ગિરનાર પર્વતની તળેટીમાં આવેલ પ્રાચીન તળાવ સુદર્શન અંગે છે. અતિવૃષ્ટિને કારણે સુદર્શન તળાવ તૂટી ગયું. તેનું પુનઃ સંસ્કરણ રુદ્રદામનના આદેશથી કરવામાં આવ્યું. લેખમાં સુદર્શન તળાવનો ઇતિહાસ સમયની તવારીખ સાથે આપેલો છે.

આ શિલા પર ત્રીજો લેખ મહાપ્રતાપી સ્કંદગુપ્તનો છે. રુદ્રદામનના લેખની બાજુમાં આ લેખ કોતરાયેલો છે. ક્ષત્રપોના શાસનના અંત પછી પશ્ચિમ ભારતમાં રાજકીય સ્થિતિ ડામાડોળ હતી. જાણે કે રાજ્ય શાસનનો શૂન્યાવકાશ સર્જાયો હતો. આ સ્થિતિનો લાભ લઇ હુણોએ સતત હુમલા ચાલુ રાખ્યા. હુણોનો પ્રતિકાર ભારતીય શાસકો માટે પડકાર બની ચૂક્યો હતો ત્યારે આ અપ્રતિમ શૌર્ય દાખવનાર સ્કંદગુપ્તે હુણોને સીમા પર જ રોકાવાની ફરજ પાડી હતી. લેખમાં જણાવ્યા મુજબ રાજકીય રીતે ગુપ્ત સામ્રાજ્ય તેની છેલ્લી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૬ ઉપર)**

*હું માનવી માનવ થાઉં તો ઘણું. – સુંદરમ્*

**જીવન ચરિત્ર**

૧૫૦મી જન્મજયંતી (૧૮૬૧-૨૦૧૧) સાર્ધ શતાબ્દી અવસર

નોબેલ મેળવનાર ભારતના એકમાત્ર અને એશિયાના પ્રથમ સર્જક!

# ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર

● ભરત'કુમાર' પ્રા. ઠાકર ●

*જન્મ : ૭મી મે, ૧૮૬૧*

*નિધન : ૭મી ઓગસ્ટ, ૧૯૪૧*

તમને જો કોઇ 'રવીન્દ્રનાથ બેનરજી' વિશે કંઇ પૂછે તો કદાચ આ નામ જલ્દી મગજમાં ન બેસે; પણ તેની સાથે ટાગોર અટક જોડો તો કંઇ પૂછવાપણું ન રહે! ૨૦૧૧નું વર્ષ વિવિધ સાહિત્યસર્જકોની શતાબ્દીઓ અને સાર્ધ શતાબ્દીઓથી ભરપૂર છે. તેમાંનું એક નામ એટલે રવીન્દ્રનાથ ટાગોર! ચાલુ વર્ષે અને આ મહિને (અર્થાત્ ૭મી મે, ૨૦૧૧ના) આવતી 'સુવર્ણ શતાબ્દી' પ્રસંગે આપણે રાષ્ટ્રના સાંસ્કૃતિક ઐક્યના યશોગાયકને યાદ કરીએ....

### ● બહુમુખી પ્રતિભાશાળી વિશ્વસર્જક:

બંગાળી રહસ્યવાદી કવિ રવીન્દ્રનાથ બંગાળ કે ભારતના ન રહેતાં વિશ્વકવિ બની ગયા હતા. સાહિત્ય, કળા અને શિક્ષણ ત્રણેયમાં એમનું પ્રદાન મૂલ્યવાન અને ચીરકાલીન બન્યું છે. તેઓ કવિ ઉપરાંત નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર, નાટ્યકાર, સંગીતકાર, ચિત્રકાર, પત્રકાર, કેળવણીકાર, વક્તા, અભિનેતા અને જીવનજિજ્ઞાસુ ફિલસૂફ પણ હતા.

ભારતની એક સાંસ્કૃતિક સંપદા અને સંસ્થા સમાન રવીન્દ્રનાથનો જન્મ આજથી બરાબર દોઢસો વર્ષ પહેલાં ૭મી મે, ૧૮૬૧ના કલકત્તા ખાતે માતા શારદામણિદેવી અને પિતા દેવેન્દ્રનાથ દ્વારકાનાથ ટાગોર (૧૮૧૭-૧૯૦૫) ને ત્યાં થયો હતો. આમ તો એમના પૂર્વજોની મૂળ અટક 'બેનરજી' હતી. પણ બ્રિટિશ અમલ દરમ્યાન તેમના પરિવારને 'ઠાકુર'નો ઇલકાબ મળ્યો હતો. તેમાંથી અંગ્રેજી અપભ્રંશ 'ટાગોર' પ્રચલિત અને સ્થાપિત થઇ ગયો.

ટાગોર કુટુંબમાં વિવિધ બુદ્ધિપ્રતિભાનાં ઝરણાં જોવા મળતાં હતાં. ભાઇઓમાં ચિંતક દ્વિજેન્દ્રનાથ (૧૮૪૦-૧૯૨૬), પ્રથમ આઇસીએસ ભારતીય સત્યેન્દ્રનાથ (૧૮૪૨-૧૯૨૩), કલાકાર જ્યોતીન્દ્રનાથ (૧૮૪૯-૧૯૨૫), બે ચિત્રકાર ભત્રીજાઓમાં ગગનેન્દ્રનાથ (૧૮૬૭-૧૯૩૮), અવનિન્દ્રનાથ (૧૮૭૧-૧૯૫૧) વગેરેનો સમાવેશ થાય છે. વાંચન લેખનના શોખ અને નિરીક્ષણશક્તિ થકી કુમારાવસ્થાથી જ રવીન્દ્રની સર્જક પ્રતિભા ખીલતી ગઇ હતી.

રવીન્દ્રનાથ ટાગોરને ગુજરાત (અને તેમાં સવિશેષ અમદાવાદ) સાથે નિકટતાનો નાતો રહ્યો હતો. જીવનકાળ દરમ્યાન સાતેક વખત ગુજરાતની મુલાકાતે આવેલા. મોટા ભાઇ સત્યેન્દ્રનાથ ટાગોર અમદાવાદમાં જિલ્લા ન્યાયાધીશ હતા અને શાહીબાગ ખાતેનો મોતીશાહી મહેલ (વર્તમાને સરદાર પટેલ સંગ્રહાલય) એમનું નિવાસ સ્થાન હતું. ૧૮૭૮માં પ્રથમ વખત આવેલા યુવાન રવીન્દ્રનાથ અહીં છ મહિના રહેલા અને વિખ્યાત વાર્તા 'ક્ષુધિત પાષાણ' ના પ્રારંભિક પ્રકરણો આલેખ્યાં હતાં.

### ● શાંતિ નિકેતન - વિશ્વભારતી :

અમદાવાદ નિવાસ પછી સપ્ટેમ્બર, ૧૮૭૮માં તેઓ કાયદાના અભ્યાસ માટે ઇંગ્લેન્ડ ગયા. પણ ત્યાંનું શિક્ષણ સંતોષપ્રદ ન જણાતાં એક વર્ષમાં ભારત પાછા આવ્યા. ૯મી ડિસેમ્બર, ૧૮૮૩ના એમના લગ્ન મૃણાલિનીદેવી (૧૮૭૩-૧૯૦૨) સાથે થયા. દરમ્યાન એમના પ્રથમ પરિપક્વ કાવ્યસંચય 'માનસી' (૧૮૯૦) પછી કવિ તરીકે તેમનું નામ બંગાળમાં બહુ જાણીતું થયું. ૧૮૯૧માં પિતાની જાગીર સંભાળવા શહઝાદપુર અને સિયાલદાહ (હાલે બાંગલાદેશ)માં એક દાયકો રહ્યા. ત્યાંના દરિદ્ર ગ્રામજનો પ્રત્યેની સહાનુભૂતિ એમનાં લખાણોમાં ઉપસી છે.

ત્યાંથી પરત ફરી ૧૯૦૧માં રવીન્દ્રજીએ બોલપુરમાં નિસર્ગના ખોળે બ્રહ્મચર્યાશ્રમ નામે એક શિક્ષણસંસ્થા સ્થાપી. આગળ જતાં ભારતીય ગુરુકુળ પરંપરાનું આ વિશિષ્ટ વિદ્યાસંકુલ 'શાંતિ નિકેતન'ના નામે ઓળખાયું. પૂર્વ-પશ્ચિમ શ્રેષ્ઠતાના સમન્વય રૂપ શિક્ષાદીક્ષા આપવાનો અહીં અભિગમ હતો. ૨૪મી ડિસેમ્બર, ૧૯૨૧ના અહીં યુનિવર્સિટી કક્ષાની 'વિશ્વભારતી વિદ્યાપીઠ'ની સ્થાપના થઇ. તેની સાથે શ્રીનિકેતન નામે સંસ્થા પણ જોડાયેલી છે.

મહારાષ્ટ્રના વિનોબા ભાવે (૧૮૯૫-૧૯૮૨) અને ગુજરાતના ભોગીલાલ ગાંધી (૧૯૧૧-૨૦૦૧)ની જેમ બંગાળના રવીન્દ્રનાથ ટાગોર પણ 'વિશ્વ માનવના ઉપાસક' રહ્યા હતા. સંસ્થાનો મુદ્રાલેખ પણ તેને અનુરૂપ હતો : યત્ર વિશ્વમ્ ભવતિ એકનીડમ્ (જ્યાં વિશ્વ એક માળો બને છે)! સી.એફ. એન્ડ્રુઝ (૧૮૭૧-૧૯૪૦), ક્ષિતિમોહન સેન (૧૮૮૦-૧૯૬૦), નંદલાલ બોઝ (૧૮૮૨-૧૯૬૬) જેવાં અનેક જાણીતાં નામો આ સંસ્થા સાથે સંકળાયેલા છે. રવીન્દ્રનાથની સાર્ધ શતાબ્દી સાથે આ વર્ષે જેમની જન્મ શતાબ્દી આવી રહી છે એવા ગુજરાતના કવિવર ઉમાશંકર જોશી (૧૯૧૧-૮૮) વિશ્વભારતીના ઉપકુલપતિ પદે (૧૯૭૮-૮૨) સ્થાન પામ્યા હતા.

### ● નોબેલ પ્રાઇઝનું વૈશ્વિક સન્માન :

મૂળ બંગાળી 'ગીતાંજલિ' ૧૯૧૦માં રચાઇ હતી. તેમાં પરમતત્વને પ્રાર્થના છે. ૭મી મે, ૧૯૧૨ના લંડન જતાં તેમણે તેનો અંગ્રેજી અનુવાદ કરેલો. બ્રિટિશ ચિત્રકાર સર વિલિયમ રોથેન્સ્ટેઇન (૧૮૭૨-૧૯૪૫) ને તે

*અરાજકતા, એ સરમુખત્યારશાહી સ્થાપવાનું પહેલું પગલું છે. – નેપોલિયન બોનાપાર્ટ*

જોવા મળતાં તેમણે ટાગોરની ઓળખાણ પ્રસિદ્ધ સર્જક ડબલ્યુ.બી. યીટ્સ (૧૮૬૫-૧૯૩૯) સાથે કરાવી. તે પછી યીટ્સની પ્રસ્તાવના સાથે અંગ્રેજી 'ગીતાંજલિ'નું ત્યાં જ પુસ્તકાકારે પ્રકાશન થયું અને ૧૯૧૩માં તો તેને નોબેલ ઇનામ પણ મળ્યું!

તે સાથે જ ટાગોરનું નામ ભારતમાં અને દુનિયાભરમાં ખૂબ જાણીતું થયું. માત્ર સાહિત્ય નહિ, કોઇ પણ ક્ષેત્રના કોઇ ભારતીયને મળેલું આ પ્રથમ નોબેલ ઇનામ હતું. એટલું જ નહિ, નોબેલ મેળવનાર એશિયા ખંડના તેઓ પહેલા સાહિત્યકાર બન્યા હતા! ત્યારબાદ દેશ વિદેશની અનેક ભાષામાં 'ગીતાંજલિ'ના અનુવાદો પ્રસિદ્ધ થયા. રવીન્દ્રનાથને નોબેલ પારિતોષિક ૨૮મી જાન્યુઆરી, ૧૯૧૪ના બંગાળના ગવર્નર લોર્ડ કારમાઇકલ (૧૮૫૯-૧૯૨૬) દ્વારા ખાસ સમારંભમાં એનાયત કરાયું હતું. નોબેલના વૈશ્વિક સન્માનના પગલે ૧૯૧૫માં બ્રિટિશ સરકારે પણ ટાગોરને 'સર' (નાઇટહૂડ)ના ખિતાબથી સન્માનિત કરેલા. પણ જલિયાંવાલા હત્યાકાંડ (૧૯૧૯) થી વ્યથિત થઇ તે પરત કરેલો.

જો કે ટાગોરને મળેલો અમૂલ્ય નોબેલ ચંદ્રક પણ આપણે સાચવી શક્યા નહિ. ૨૦૦૪માં વિશ્વભારતીના ટાગોર સંગ્રહાલયમાંથી તે ચોરાઇ જવાની ખેદભરી ઘટના બની. તે પછી ભારતની વિનંતી પરથી સ્વિડિશ એકેડેમીએ તેની પ્રતિકૃતિ બનાવી આપતાં ૨૦૦૫ની ટાગોર જયંતીના તે ફરી ગોઠવી દેવાયો છે.

**● ગીત, સંગીત અને ચિત્ર :**

ટાગોરે સાહિત્યસર્જન ઉપરાંત જીવનમાં ઘણું દેશાટન પણ કર્યું. ખાસ તો નોબેલપ્રાપ્તિ પછી કવિવરની વિદેશયાત્રાઓ શરૂ થઇ. જાપાન, અમેરિકા, ઇરાન, રશિયા વગેરે દેશોની સફર કરી, જુલાઇ, ૧૯૩૦માં જર્મનીયાત્રા વખતે વૈજ્ઞાનિક અને તત્ત્વવેત્તા આલ્બર્ટ આઇન્સ્ટાઇન (૧૮૭૯-૧૯૫૫) સાથે વાર્તાલાપ થયેલો. વિદેશ સફરો વખતે એમનાં પ્રવચનો પણ યોજાતાં. ઑક્સફર્ડમાં આપેલ હિબર્ટ વ્યાખ્યાનમાળા (૧૯૩૦) ખૂબ વખણાઇ હતી.

બૌદ્ધિક પ્રતિભાની સાથે આધ્યાત્મિક વિચારોનો એક ઊંડો પ્રવાહ રવીન્દ્રનાથની ભીતર વહી રહ્યો હતો, જેની ઝાંખી 'સંધ્યાસંગીત' અને 'પ્રભાત સંગીત' કાવ્ય સંગ્રહોમાં જોવા મળે છે. વિદ્યાપતિ (૧૩૮૦-૧૪૬૦), ચંડીદાસ (૧૫મી સદી), નિમાઇ ઉર્ફે ચૈતન્ય મહાપ્રભુ (૧૪૮૬-૧૫૩૩) જેવા બંગાળના વૈષ્ણવ કવિઓની પ્રેરણા અને અસર તળે તેમણે 'ભાનુસિંહ'ના ઉપનામે આ કવિઓની શૈલીમાં પદો રચેલાં. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ કબીર (૧૩૯૮-૧૫૧૮)નાં પદોનો અંગ્રેજી અનુવાદ 'વન હન્ડ્રેડ પોએમ્સ ઓફ કબીર' (૧૯૧૫) છે!

પિતા, પત્ની અને સંતાનોના અવસાન પછી ટાગોરે શ્રેષ્ઠ ઊર્મિકાવ્યો સર્જ્યાં છે. એમનાં ગીતોમાં ઊંડી સંવેદનશીલતા, તાજગી અને સુંદરતા વર્તાય છે. ભારત-બાંગલાદેશનાં રાષ્ટ્રગીતો 'જન ગણ મન' અને 'આમાર સોનાર બાંગલા' તેમની રચનાઓ છે. તો, શ્રીલંકાનું રાષ્ટ્રગીત પણ તેમના જ પ્રસિદ્ધ કાવ્ય આધારિત છે. આત્મવિશ્વાસ સાથે ધ્યેય તરફ કૂચ ચાલુ રાખવી તેના પડઘા આ પ્રસિદ્ધ પંક્તિઓમાં પડે છે....

*તારી હાક સુણીને ન આવે કોઇ,*
*તો તું એકલો જાને રે....*

ભારતીય સંગીત અને ચિત્રકળામાં પણ એમનું યોગદાન અપૂર્વ રહ્યું છે. ૧૯૩૦ના અરસામાં ૭૦ વર્ષની વયે ટાગોરે ચિત્રો દોરવાનું શરૂ કર્યું અને ચિત્રકળામાં નવોન્મેષો પ્રયોજી આધુનિકતાનાં મંડાણ કર્યાં હતા. તેમની અદ્‌ભુત ચિત્રકારીનાં પ્રદર્શનો પેરિસ, લંડન, ન્યૂયોર્ક વગેરે મહાનગરોમાં યોજાયેલાં. સંગીતમાં એમણે સ્થાપિત કરેલી પરંપરા આજે 'રવીન્દ્ર સંગીત' નામે ઓળખાય છે. એક સંગીતજ્ઞાતા તરીકે પોતાનાં સેંકડો ગીતોને તેમણે સ્વરબદ્ધ કર્યાં તેમ નાટકોનું મંચન પણ જાતે જ કરેલું!

**● સાંસ્કૃતિક યુગના છડીદાર :**

એમના સમૃદ્ધ અને વિપુલ સાહિત્ય સર્જનમાં ત્રણ હજારથી વધુ કાવ્યો અને ગીતો, ચાલીસ જેટલાં નાટકો, ચાલીસ જેટલાં તત્ત્વજ્ઞાન અને એકસો જેટલાં કાવ્ય/નવલકથાનાં પુસ્તકો, સંખ્યાબંધ ટૂંકી વાર્તાઓ, નિબંધોનો સમાવેશ થાય છે. એમની કેટલીક કૃતિઓનાં નાટ્ય અને ફિલ્મ રૂપાંતરો પણ થયાં છે. 'નૌકા ડૂબી' પરથી 'ઘૂંઘટ' (૧૯૬૦), 'કાબૂલીવાલા' (૧૯૬૧ અને 'સમાપ્તિ' પરથી 'ઉપહાર' (૧૯૭૧) હિન્દી ફિલ્મો બની છે.

ભગ્ન હૃદય, વાલ્મીકિ પ્રતિભા (બંને ૧૮૭૯), નિર્ઝરેર સ્વપ્નભંગ (૧૮૮૧), ચિત્રાંગદા (૧૮૮૨), નૈવેદ્ય (૧૮૯૧), ચૈતાલિ (૧૮૯૬), ગોરા (૧૯૧૦), ડાકઘર / ધ પોસ્ટઓફિસ, અચલાયતન (બંને ૧૯૧૨), ગાર્ડનર (૧૯૧૩), ગીતિમાલ્યા (૧૯૧૪), ક્ષુધિત પાષાણ/ધ હંગ્રી સ્ટોન્સ, ફ્રૂટ ગેધરિંગ, ઘરે બાહિરે (ત્રણે ૧૯૧૬), નેશનાલિઝમ (૧૯૧૭), ધ ફ્યુજિટિવ (૧૯૨૧), બ્રોકન ટાઇસ (૧૯૨૫), ધ રિલિજિયન ઓફ મેન (૧૯૩૧), કાલમૃગયા જેવી ઉત્કૃષ્ટ સાહિત્યકૃતિઓ આપી છે.

ભારતભૂમિની વિશ્વવંદ્ય વિભૂતિઓમાં ગુજરાતના ગાંધી અને બંગાળના ટાગોરનું સ્થાન અદ્વિતીય રહ્યું છે. રાષ્ટ્રપિતા ગાંધીજીને 'મહાત્મા'નું બિરુદ ટાગોરે આપેલું. ૧૯૧૫ના ફ્રેન્ચ નોબેલ સાહિત્યકાર રોમાં રોલાં (૧૮૬૬-૧૯૪૪) ટાગોર-ગાંધીને ભારતની બે મહાન સરિતાઓ ગંગા-યમુના સાથે સરખાવે છે! ટાગોર શતાબ્દી (૭-૫-૧૯૬૧) ના ૧૫ પૈસા અને વિશ્વભારતી સુવર્ણજયંતી (૨૪-૧૨-૧૯૭૧)ના ૨૦ પૈસા મૂલ્યની ખાસ ટપાલ-ટિકિટો ભારતે પ્રસિદ્ધ કરી છે.

રવીન્દ્રનાથે સમાંતરે કલમ, પીંછી અને વાદ્યની ઉત્કૃષ્ટ ત્રિવેણી વહાવી છે! તેઓ નૂતન ભારતના સાંસ્કૃતિક યુગના છડીદાર હતા. યુગકવિ ટાગોરે ૭મી ઓગસ્ટ, ૧૯૪૧ (ગુરુપૂર્ણિમા)ના કલકત્તા ખાતે દેહ છોડ્યો. વિશ્વભારતી અને સાહિત્ય વારસા દ્વારા તેઓ અમર બની ગયા છે. રવીન્દ્રનાથની કવિતા દુ:ખથી ડરવાની વાત કરતી નથી, પણ તે દ્વારા સહનશીલતા કેળવવાની શીખ આપે છે. આપણે પણ તે પ્રાર્થનાના સ્મરણ સાથે સાર્ધ શતાબ્દીએ ભાવવંદના કરીએ......

***વિપત્તિથી કરો રક્ષા, ન એવી પ્રાર્થના મારી;***
***વિપત્તિથી ડરું ના હું કદી, એ પ્રાર્થના મારી.***

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*અનુભવ એટલે જેના ઉપર બાંધકામ કરવાનું હોય એવી કમાન. – હેન્રી એડમ્સ*

# ગાંધીધામ સંકુલના પ્રતિભાશીલ નિર્માતા : ભાઇ પ્રતાપ ડિયાલદાસ

• સંજય પી. ઠાકર •

આપણાં સ્વાતંત્ર્ય-સેનાની અને આજથી છ દાયકા પહેલાં સિંધથી નિરાશ્રિત થઇને ભારત આવેલી સિંધી પ્રજાને વસાવવા માટે આદિપુર-ગાંધીધામ નામનાં બે જોડિયા નગરો વસાવવાનો તથા કંડલા બદરને કરાંચીની અવેજીમાં વિકસાવવાનો પુરુષાર્થ જે વ્યક્તિએ કર્યો તે પ્રતાપરાય ડિયાલદાસ નૈનવાણી, જેમને લોકો આદર અને પ્રેમભાવથી 'ભાઇ' કહીને સંબોધતા તે ભાઇ પ્રતાપનો જન્મ ૧૩મી એપ્રિલ, ૧૯૦૮ના રોજ સિંધના હૈદ્રાબાદ શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ ડિયાલદાસ અને માતાનું નામ ખુશાલીબહેન. પિતાજીનો કાપડ, બાંધકામ તથા વિવિધ મશીનરીને લગતો ધીકતો ધંધો હતો. નાનપણમાં પ્રતાપના શાળેય અભ્યાસ દરમિયાન પિતાજીનું અવસાન થયું અને ત્યારબાદ કોલેજકાળ દરમિયાન મોટાભાઇ નારાયણદાસની પણ છત્રછાયા ગુમાવી. ઘર અને ધંધાની એવી જવાબદારી એમના શિરે આવી પડી કે પ્રતાપ સ્નાતક થઇ શક્યા નહીં અને હૈદ્રાબાદની નેશનલ કોલેજમાંથી ઇન્ટર પાસ કરીને ધંધાની લગામ પોતાના હાથમાં લીધી. સાથે સાથે ઘેર રહીને વિવિધ વિષયોનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો હતો.

ભાઇ પ્રતાપમાં નામ તેવા ગુણ હતા. તેઓ દૃઢ મનોબળ, તેજસ્વી અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા. ધંધામાં સારી બરકત હતી તેમ સમાજસુધાર તથા દેશસેવા માટે છૂટા હાથે દાન પણ કરતા. ભારતના સ્વાતંત્ર્ય જંગ દરમિયાન ભૂગર્ભ ક્રાંતિકારીઓ માટે તેમનાં ઘરના દ્વાર ખુલ્લા રહેતા. દ્વિતીય વિશ્વયુદ્ધ (૧૯૩૯-૪૫) શરૂ થવાના થોડાક દિવસો અગાઉ ભાઇ પ્રતાપ વિશ્વની સફરે નીકળ્યા હતા. આ દરમિયાન અનેક રાજકારણી નેતાઓ, સાહિત્યકારો, વિદ્વાનો અને કલાકારોના સંપર્કમાં આવ્યા. હિન્દુસ્તાન પરત આવ્યા બાદ પ્રો. એન.આર. મલકાણીની સાથે રહીને કેટલોક સમય તેમણે સેવાગ્રામમાં ગાળ્યો હતો. ત્યાં ગાંધીજીના પરિચયમાં આવ્યા અને ભાઇ પ્રતાપને દેશસેવાનો રંગ લાગ્યો. ગાંધીજીએ એમની કાર્યદક્ષતા અને રચનાત્મક સેવાભાવ જોઇને તેમને સિંધ રાષ્ટ્રભાષા સમિતિના પ્રમુખ તરીકે નીમ્યા. પ્રો. મલકાણીના જેલવાસ દરમિયાન તેમણે હરિજન સેવા સંઘના પ્રમુખપદે પણ કાર્ય કર્યું. ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલન સમયે ક્રિપલાણીજીની સૂચના અનુસાર ભૂગર્ભમાં રહીને પણ સ્વાતંત્ર્ય સેનાનીઓને આર્થિક સહાય પૂરી પાડી હતી. હૈદ્રાબાદનું તેમનું નિવાસ સ્થાન 'મૈત્રી' રાજકીય નેતાઓ માટે મુખ્ય કેન્દ્ર બની ગયું હતું.

૧૯૪૭માં હિંદુસ્તાનના ભાગલા બાદ સિંધમાંથી સિંધી પ્રજાને હિજરત કરવાની પીડા સહન કરવી પડી. સિંધી પ્રજા ભારત આવી અને પુર્નવસવાટ માટેના પ્રયત્નો કરવા લાગી. ભાઇને સિંધી પ્રજાના પુનર્વસનની ચિંતા કોરી ખાતી હતી. દાદાભાઇ નવરોજીના વંશજ ડૉ. મહેરબાનુની સલાહ માની સિંધી પ્રજાને કચ્છમાં વસાવવા માટે તેમણે નિર્ણય લીધો. એ પાછળ કચ્છ અને સિંધ વચ્ચેના સંબંધો, કલા તથા સાંસ્કૃતિક બાબતો તેમજ ભાષાની સમાનતા મુખ્ય પરિબળો હતા. તેઓ કચ્છના મહારાવશ્રી વિજયરાજજીને તથા ગાંધીજીને મળ્યા અને સિંધી પ્રજાના પુનઃવસવાટ માટે અંજાર અને કંડલા વચ્ચેની વેરાન ભૂમિની માંગણી કરી. દરિયાદિલ મહારાવશ્રીએ ભૂમિ આપી અને મીઠો આવકાર આપ્યો.

આદિપુર-ગાંધીધામ નગરોના નિર્માણ સંબંધે ભાઇ પ્રતાપે અઢી કરોડ રૂપિયાની મૂડી રોકીને સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન (એસ.આર.સી.)ની રચના કરી, જેનાં એક-એક હજાર રૂપિયાના મૂલ્યવાળા પચ્ચીસ હજાર શેર બહાર પાડ્યા. આચાર્ય જે.બી. ક્રિપલાણી આ નિગમના પ્રથમ ચેરમેન તથા ભાઇ પ્રતાપ મેનેજિંગ ડિરેક્ટર હતા.

૧૨મી ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ દિલ્હીથી ભાઇ પ્રતાપ ગાંધીજીના અસ્થિફૂલ લઇ આવ્યા અને અમુક અંશ કંડલાના અરબી સમુદ્રની ખાડીમાં વિસર્જિત કર્યા. મહાત્મા ગાંધીની યાદમાં નવા બંધાનાર શહેરનું નામ 'ગાંધીધામ' રાખવામાં આવ્યું. નગર નિર્માણની જે સ્થળેથી શરૂઆત કરવામાં આવી, તે સ્થળને 'આદિપુર' નામ મળ્યું. કારણકે આદિ એટલે પ્રારંભ. સંકુલનું નિર્માણ ઝડપી ગતિએ થવા માંડ્યું. અને એમ વિવિધ અને વિશિષ્ટ નામધારી વસાહતો અને દુકાનો ઊભી થવા માંડી. નગરવાસીઓને સરળ હપ્તાઓમાં લોન આપીને સામે ચાલીને મકાનો દુકાનો આપ્યા. લોન માટે વળી ૧૯૫૧માં ૧૭મી ઓગસ્ટે ગાંધીધામ કો-ઓપરેટિવ બેંકની સ્થાપના કરી. નગર નિર્માણ માટે ભારત સરકાર પાસેથી પણ લોન મેળવી. હાયર-કમ-પરચેઝ યોજના પણ દાખલ કરી. ગાંધીધામની રચના થઇ ત્યારથી આ પંચરંગી વસાહત-સંકુલને સાંસ્કૃતિક વિશ્વવિદ્યાલયનું કેન્દ્ર બનાવવાનું ભાઇ પ્રતાપનું સ્વપ્ન સાકાર થઇ રહ્યું છે. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો પાયો મજબૂત બનાવી મૈત્રી મંડળની સ્થાપના કરી. ગાંધીધામની વસતિ સિંધી ભાષામાં તેમને 'અછો અને અદો' તરીકે બિરદાવતી હતી.

વિશિષ્ટ બાંધકામ શૈલીવાળાં નિર્વાસિતેશ્વર શિવમંદિર તથા ગાંધી સમાધિ ભાઇ પ્રતાપે અંગત રસ લઇને આદિપુરમાં તૈયાર કરાવ્યા હતાં. અંજારમાં ૧૯૫૬માં ધરતીકંપ થયો ત્યારે બેઘર બની ગયેલા લોકોના પુનર્વસવાટ માટે ખૂબ ઓછા સમયમાં ભાઇએ ૨૦૦ મકાનોનું નિર્માણ આદિપુરમાં કરાવ્યું હતું.

ગાંધીધામ-આદિપુર નગરના અને કંડલા બંદરના નિર્માણથી ભાઇની ખ્યાતિ ચોતરફ ફેલાઇ હતી. પં. નહેરુ અને અન્ય રાજકીય

*આપણો પ્રેમ માત્ર પરિવાર પૂરતો સીમિત ન થઈ જાય તે ચિંતાનો વિષય છે. – મોરારિબાપુ.*

અગ્રણીઓ સાથે તેમને ઘણા સારા સંબંધો હતા. અમુક લોકોને તેઓ કણાની જેમ ખૂંચવા માંડ્યા અને કાવાદાવા કરીને તેમની છબી ખરડવાના પ્રયત્નો કરવામાં આવ્યા. વીજળીની મશીનરી ગેરકાયદે ખાનગી પાર્ટીને વેચી નાખવાના એક કેસમાં ૧૯૬૦માં તેમને પાંચ વર્ષની કેદ થઇ. ભાઇનું મન ભાંગી પડ્યું. ભાઇ બીમાર પડી ગયા. એટલે સજા દરમિયાન કાં તો પૅરોલ પર રહેતા અથવા ચોકી પહેરા હેઠળ દવાખાનામાં. આ દરમિયાન અરુણા અસફઅલીના પ્રયત્નોને પગલે ભાઇની નિર્દોષતા પ્રકાશમાં આવતા તત્કાલીન ગર્વનર શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે ભાઇને બાઇજ્જત મુક્ત કરાવ્યા તો ખરા, પણ 'રેકર્ડ' પર તેમને માફી મળી હોવાની વાત આવી હતી.

૧૯૬૩માં જેલમાંથી મુક્ત થઇને ગાંધીધામ આવ્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ૧૯૬૪માં ભાઇને હૃદયરોગનો હુમલો આવ્યો અને સારવાર માટે લંડન લઇ જવામાં આવ્યા. સાડા ત્રણ વર્ષ લંડન અને જિબ્રાલ્ટરના નર્સિંગ હોમમાં ગાળ્યાં અને છેવટે ૨૯મી ઓગસ્ટ, ૧૯૬૭ના તેમણે સદાયને માટે આંખો મીંચી દીધી ત્યારે તેમની ઉંમર માત્ર ૫૬ વર્ષ હતી. તેમના પાર્થિવ દેહને મુંબઇ થઇને આદિપુર લાવવામાં આવ્યો અને ૧લી સપ્ટેમ્બર, ૧૯૬૭ના ગાંધીજીની સમાધિની બરાબર સામે જ નટ મંદિરમાં સાંજે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. તે સ્થળે ભાઇની નાની સમાધિ ઊભી કરવામાં આવી હતી. એ સમાધિના નવનિર્માણ પછી 'ભાઇ પ્રતાપઘાટ' નામ આપી ૧૧મી માર્ચ ૨૦૦૮ના લોકાર્પણ કરાયું છે. એસ.આર.સી.એ ૪૭ લાખના ખર્ચે તેનું પુનઃનિર્માણ કર્યું છે. કુંદનલાલભાઇ ધોળકિયાએ એમને ગાંધીધામ-આદિપુરના પ્રતિભાશીલ વિશ્વકર્મા તરીકે બિરદાવ્યા છે. ખરેજ તેઓ વિસ્થાપિતોના વિશ્વકર્મ બની રહ્યા હતા!

ગાંધીધામ શહેરમાં ભાઇ પ્રતાપની સ્મૃતિમાં પૂર્ણ કદની પ્રતિમા પણ મૂકવામાં આવી છે.

***લેખક સંજય ઠાકરના 'કચ્છની શતાબ્દી પ્રતિભાઓ' પુસ્તકમાંથી સાભાર***

## ડૉ. વિક્રમ સારાભાઇ અને રેવ. ડૉ. પીટર બર્નાર્ડ પરેરા

ડૉ. વિક્રમ સારાભાઇએ સ્પેસ રીસર્ચ સેન્ટર તરીકે ચુંબકીય વિષુવવૃત્તિની નજીક આવેલુ થુમ્બા સ્થાન પસંદ કર્યું. પરંતુ ત્યાં એક પ્રાચીન ખ્રિસ્તી દેવળ તેમજ બિશપનું ઘર આવતું હોવાથી તે સ્થળે થોડી તોડફોડ કરવી પડે એમ હતી. આ પ્રશ્ને વિક્રમભાઇ ૧૯૬૨માં ત્રિવેન્દ્રમ ગયા અને રેવ. ડો. પીટર બર્નાર્ડ પરેરાને મળીને નિખાલસ રીતે પોતાની વાત રજૂ કરી. શનિવારનો દિવસ હોવાથી ખ્રિસ્તી ધર્મગુરુએ તેમને રવિવારે ચર્ચમાં આવવાનું જણાવ્યું. રવિવારે ચર્ચમાં સેંકડો શ્રદ્ધાળુ ખ્રિસ્તીઓ સવારની પ્રાર્થના માટે હાજર હતા. ડૉ. પરેરાની ખુરશીની બાજુની ખુરશીમાં વિક્રમભાઇ બેઠા. પ્રાર્થના થઇ. ડૉ. પરેરાએ ધાર્મિક પ્રવચન કર્યું. પ્રવચન સમાપ્ત કરતાં ડૉ. પીટર બર્નાર્ડ પરેરાએ ત્યાં બેઠેલા ખ્રિસ્તી સમુદાયને પ્રશ્ન કર્યો :

"આજે આપણી વચ્ચે એક સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક એક પ્રસ્તાવ લઇને આવ્યા છે. તેમની ઇચ્છા માનવ કલ્યાણ માટે અવકાશ સંશોધન અભિયાન શરૂ કરવાની છે અને તેમ કરવામાં આપણા આ ચર્ચની પવિત્ર ભૂમિનું ખોદકામ કરવું પડે તેમ છે. હું તમોને હંમેશાં કહેતો આવ્યો છું કે વિજ્ઞાન અને અધ્યાત્મ એકજ સિક્કાની બે બાજુઓ છે. ઉપરાંત મહાત્મા ગાંધીની જેમ મારી બાજુમાં બેઠેલ ડૉ. વિક્રમભાઇ પણ ધર્મના મર્મરૂપ આધ્યાત્મ અને માનવસેવાને વરેલા છે. મારા આત્મજનો! તમારો આ બાબતમાં શો મત છે? શું આપણે ઇશ્વરના ધામરૂપ આ દેવળ વૈજ્ઞાનિક મિશન માટે આપણા મહેમાનને ભેટ આપી શકીએ?"

ક્ષણ બે ક્ષણ વાતાવરણમાં શાંતિ છવાઇ ગઇ. પણ પછી તરત માનવ સમૂહમાંથી એકી અવાજે સ્વર ગુંજી ઊઠ્યો "આમીન" (તથાસ્તુ)

ડૉ. અબ્દુલ કલામ સાહેબ લખે છે કે આજે હવે ત્યાં દેવળ રહ્યું નથી પણ ત્યાં એક ખુશ્બુદાર વિજ્ઞાનપુષ્પ ખીલી ઊઠ્યું છે.

***"નયા માર્ગ", ૧૬-૨-૧૧ના અંકમાંથી***

*મિત્રો, આ જગાએ બીજા કોઇ અન્ય ધર્મ સ્થળ હોત અને પરેરા સાહેબની જગાએ કોઇ અન્ય ધર્મગુરુ હોત અને ત્યાં એકઠા થયેલા લોકોની જગાએ અન્ય કોઇ શ્રદ્ધાળુ સમુદાય હોત તો આ જ જવાબ મળત કે બીજો જવાબ મળત?*

**શાંતિલાલ સંઘવી - અમદાવાદ**

## ભારતની આઝાદી અગાઉના મહામૂલ્ય કચ્છ ગેઝેટ્સ સી.ડી. સ્વરૂપે

જે સદ્‌ગૃહસ્થોને ઐતિહાસિક અને જૂની વિગતોનો અભ્યાસ કરવાની ઇચ્છા હોય તેવા રસ ધરાવનાર સજ્જનો માટે શ્રી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદે એક યોગ્ય વ્યવસ્થા ગોઠવેલ છે.

કચ્છના અપ્રાપ્ય મહામૂલા અને ઐતિહાસિક ગેઝેટસના ૫૦ વોલ્યુમ કે જેના દરેક વોલ્યુમના અંદાજિત ૩૦૦ પાના હોય, તેને એક સી.ડી. સ્વરૂપે સંગ્રહી, આ વારસો જાળવી રાખેલ છે. આ ગેઝેટસ ઇ.સ. ૧૮૭૭થી ૧૯૫૫ સુધીના સમયગાળા દરમિયાનના છે.

જેઓને પણ આ વિગતમાં રસ હોય અને લગભગ ૧૭,૦૦૦ થી ૧૮,૦૦૦ પાનામાં સંગ્રહાયેલ હકીકતોનો અભ્યાસ કરવાની ઇચ્છા હોય તેઓને આ સી.ડી. માત્ર રૂા. ૧૦૦/- ની કિંમતે વિતરણ કરવામાં આવનાર છે.

આ પ્રકારની સી.ડી. મેળવવા ઇચ્છનારે રૂા.૧૦૦/- અને બહારગામથી મંગાવનારે વધારાના રૂા. ૫/-પોસ્ટલ ચાર્જ નીચેના સરનામે મોકલાવીને સી.ડી. મેળવી શકે છે.

**શ્રી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**
C/o. શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઇસ્કૂલ સામે,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨,
૨૬૫૭૭૪૬૮, ૨૬૫૭૯૪૬૮

***પ્રતાપ નારાણજી દંડ***
***સેક્રેટરી,***
***કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ***

*માત્ર કર્મકાંડમાં વ્યસ્ત થવું અને માનવીની સંવેદનાનો જરાપણ સ્પર્શ ન કરવો એ ધર્મ નથી, ધતિંગ છે. - મોરારિબાપુ*

તંદુરસ્તી

# એન્ઝાઇટી ડિસઓર્ડર (Anxiety Disorder)

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

• **કેસ સ્ટડી :**

૪૨ વર્ષના નરેન્દ્રને (નામ બદલ્યું છે) એકાદ વર્ષથી શરીરમાં દુઃખાવો રહેતો હતો. શરીરમાં કળતર થતી હતી. કોઇક વખત ખભામાં દુઃખાવો રહેતો હતો. ત્યાંથી ગરદનમાં દુઃખાવો થતો તથા કમરમાં દુઃખાવો રહેતો હતો. માથું પણ થોડું થોડું દુઃખતું હતું તથા ઘણી વખત માથું ભારી થઇ જતું હતું. દુઃખાવો શરીરના એક ભાગમાં ન રહેતા અલગ અલગ સમયે અલગ અલગ ભાગમાં રહેતો હતો. (fleeting pain) શરૂઆતમાં બામ કે મલમ ઘસવાથી દુઃખાવામાં રાહત થતી હતી. છએક મહિનાથી દુઃખાવાનું પ્રમાણ વધ્યું હતું તથા બામ લગાડવાથી રાહત મળતી ન હતી.

શરીરમાં નબળાઇ રહેતી હતી. થોડુંક ચાલવાથી કે થોડુંક કામ કરવાથી થાક લાગતો હતો.

છ એક મહિનાથી હાથપગમાં ઝણઝણાટી થતી હતી. હાથ સૂઇ જતા હતા એવું લાગતું હતું.

નરેન્દ્રને અંદરથી શરીર ગરમ લાગતું હતું. તાવ જેવું લાગતું હતું. શરીરનું ઉષ્ણતામાન થર્મોમીટરમાં નોરમલ આવતું હતું.

ભૂખ ઓછી થઇ ગઇ હતી. મનથી ખાવાની ઇચ્છા ન થતી. જમવું જોઇએ એટલે કમને પરાણે નરેન્દ્ર જમી લેતો હતો.

ઊંઘ ઓછી થઇ ગઇ હતી. ઊંઘ મોડેથી આવતી. ઘણી વખત શરૂઆતમાં ઊંઘ આવી જતી પરંતુ વચ્ચે ઊંઘ ઊડી જતી હતી અને પછી બે-ત્રણ કલાક ઊંઘ ન આવતી. વહેલી સવારે કે પરોઢિયે ઊંઘ આવતી. આથી સવારના ઊઠવામાં મોડું થઇ જતું. દુઃખાવો રાત્રે વધી જતો.

ફેમિલી ડોક્ટરને બતાડ્યું. શારીરિક વૈદકીય તપાસ નોરમલ આવી. લોહી, પેશાબ, સંડાસની તપાસ કરાવી. બધું નોરમલ આવ્યું. ડાયાબિટીસ માટેની તપાસ નોરમલ આવી. ગરદનના તથા પીઠના મણકાના એક્સ-રે કરાવ્યા. રિપોર્ટ નોરમલ આવ્યા. દર્દ ઓછું કરવાની દવાઓથી તાત્પુરતી રાહત મળતી.

હાડકાના સ્પેશિયાલિસ્ટ ડોક્ટરનો (Orthopaedic Surgeon) અભિપ્રાય લીધો. સરવાઇકલ સ્પોન્ડીલોસીસનું (Cervical Spondylosis) નિદાન થયું. ફિઝિયોથેરાપી તથા કસરત શરૂ કરી. દુઃખાવામાં થોડીક રાહત મળી. બીજા લક્ષણોમાં રાહત ન મળી.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઇ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્નાની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઇ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


આ દરમ્યાન એક ધંધાકીય હિતેચ્છુએ નરેન્દ્રને કહ્યું કે મને પણ શરીરમાં દુઃખાવો રહેતો હતો તથા એક ભાગમાં ન રહેતા અલગ અલગ ભાગમાં થતો હતો જે મનોચિકિત્સકની સારવારથી દૂર થયેલ. અત્યારે મને કોઇ તકલીફ નથી તથા દવાઓ પણ બંધ છે. નરેન્દ્રને થયું કે મને સાચે જ શરીરમાં દુઃખાવો થાય છે. હું મનમાં દુઃખાવાની કલ્પના નથી કરતો. શારીરિક દુઃખાવાને લીધે જ મને ઊંઘ નથી આવતી, ભૂખ નથી લાગતી. શારીરિક દુઃખાવાનું યોગ્ય નિદાન થશે તથા યોગ્ય સારવાર થશે એટલે બધું બરોબર થઇ જશે. મન અને શારીરિક લક્ષણો જોડે શું સંબંધ?

ન્યુરોલોજિસ્ટને બતાડ્યું. એમ.આર.આઇ. (MRI) સ્કેન મણકાનું તથા મગજનું કરાવ્યું. રિપોર્ટ નોરમલ આવ્યા. સારવારથી નજીવી રાહત મળી. નરેન્દ્ર તથા પત્નીને થયું કે મનોચિકિત્સકનો અભિપ્રાય લઇએ. લેખકને કન્સલ્ટ કર્યા. ઊંડાણમાં કેસ સ્ટડી કરી. શરીરના લક્ષણો જોડે મનના લક્ષણો વિશે જાણકારી મેળવી.

નરેન્દ્ર બેચેન રહેતો હતો. અસ્વસ્થ રહેતો હતો. નાની નાની નજીવી બાબતોમાં ગુસ્સે થઇ જતો હતો જે એના સ્વભાવથી વિરુદ્ધ હતું. ધંધામાં મન ઓછું લાગતું હતું. ધંધામાં ભૂલો થતી હતી. ધંધામાં ધ્યાન કેન્દ્રિત કરી શકતો ન હતો. ભવિષ્યની ચિંતા રહેતી હતી. ધંધાનું શું થશે? કેમ થશે? એ ચિંતા નરેન્દ્રને સતત સતાવતી હતી. (પત્ની તથા ધંધાકીય ભાગીદાર પાસેથી માહિતી મળી કે ધંધાની આ ચિંતાનું કોઇ કારણ નથી. આ ચિંતા અયોગ્ય છે. છેલ્લા પાંચ વર્ષમાં ધંધાની પ્રગતિ ખૂબ જ સારી થઇ છે.)

નરેન્દ્રને ઊંઘની તકલીફ ઘણા વખતની હતી. શરીરના દુઃખાવા તથા કળતરથી પહેલાથી હતી. મન અસ્વસ્થ રહેવાથી ભૂખ ઓછી લાગતી હતી. (જમવાની ઇચ્છા થતી ન હતી. પરંતુ નરેન્દ્ર પૂરું જમી લેતો હતો.)

• **નરેન્દ્રના કિસ્સામાં મનની બીમારી તરફ લઇ જનારા પરિબળો : (Predisposing factors)**

૧. **વ્યક્તિત્વ** : નરેન્દ્રનું વ્યક્તિત્વ

*હૃદય વિશાળ હોવું એ સદ્‌ગુણ છે પણ પહોળું થવું એ બીમારી છે.*

ચિંતાવાળુ હતું. રાઇનો પર્વત બનાવીને ચિંતા કર્યે રાખવાની આદતવાળો છે. નાની બાબતોની મોટી ચિંતા નરેન્દ્ર કરતો હતો. દીકરો મિત્રો જોડે બહાર ગયો હોય તો જ્યાં સુધી ઘરે પાછો ન ફરે ત્યાં સુધી દર પંદર મિનિટે મોબાઇલ પર ફોન કરતો. આથી દીકરાની હાલત શું થશે એ નરેન્દ્ર વિચારતો નહીં. આ વ્યક્તિત્વને લીધે નજીવા પ્રસંગોથી નરેન્દ્ર પર સ્ટ્રેસ આવતો. (Anxious Personality) આ સ્ટ્રેસની અસર નરેન્દ્રના શરીર પર થતી હતી તથા આવા પ્રસંગોને લીધે બીમારીનું પ્રમાણ વધી જતું હતું.

૨. **કામ, કામ અને કામ** (**Workoholic**): નરેન્દ્ર સતત ધંધાની પ્રવૃત્તિ તથા એજ વિચારોમાં ખોવાયેલો રહેતો. એના જીવનમાં મનોરંજનની કોઇપણ પ્રવૃત્તિમાં રસ ન હતો. ધંધાની પ્રવૃત્તિમાં નરેન્દ્રની દુનિયા સમાઇ જતી હતી. આથી મનની શાંતિ એને મળતી ન હતી.

૩. બે-એક વર્ષ પહેલાં નરેન્દ્રએ પોતાના એક મિત્રને મોટી રકમ લોન તરીકે ઉછીની આપી હતી. મિત્રે એ વખતે વિશ્વાસથી બે મહિનામાં પૈસા પાછા આપવાની વાત કરી હતી. મિત્ર પૈસા આપવાની આનાકાની કરતો હતો. વાયદાઓ કરતો. પૈસા ન મળવાથી ધંધામાં પૈસાની ખેંચ પડતી હતી તથા નરેન્દ્રનું સ્ટ્રેસનું પ્રમાણ વધી ગયું હતું.

૪. દોઢેક વર્ષથી ધંધાકીય સ્પર્ધા વધી હતી. આ સમયમાં એના જ ધંધાકીય ક્ષેત્રમાં આઠ નવી કંપનીઓ આવી હતી. સંવેદનશીલ, ચિંતાવાળા નરેન્દ્રના મન પર આની નકારાત્મક અસર થઇ હતી તથા સ્ટ્રેસનું પ્રમાણ વધી ગયું હતું.

૫. ત્રણેક મહિના પહેલાં નરેન્દ્રના મમ્મીની તબિયત અચાનક બગડેલ. હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા ત્યારે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા હતા. નરેન્દ્રનો જીવ અદ્ધર થઇ ગયેલ. મમ્મી નરેન્દ્ર જોડે જ રહેતા હતા તથા એમના સંબંધો ઉષ્માભર્યા હતા. કેન્સરનું નિદાન થયેલ. આ ઘટના પછી નરેન્દ્રની તબિયત વધારે બગડેલ. દુઃખાવાનું પ્રમાણ વધી ગયેલ. ચીડિયાપણું વધી ગયેલ.

- **નિદાન :**

નરેન્દ્રનો કેસ જનરલાઇઝડ એન્ઝાઇટી ડિસઓર્ડર (Generalised Anxiety Disorder (GAD)) છે. જેમાં શારીરિક લક્ષણો હોય છે સાથે સાથે મનના લક્ષણો પણ હોય છે. મનના લક્ષણો પ્રત્યે યોગ્ય ધ્યાન આપવાથી તથા પ્રાથમિક્તા આપવાથી યોગ્ય નિદાન થઇ શકે છે.

જનરલાઇઝડ એન્ઝાઇટી ડિસઓર્ડર (GAD) મનની બીમારી છે. આ બીમારીમાં મનના અવયવોમાં (મગજમાં આવેલા પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, થેલામસ, હાઇપોથેલામસ, એમીગડેલા, હિપોકેમ્પસ) રચના, કદમાં ફેરફાર થાય છે. જેથી રસાયણોના પ્રમાણમાં ફેરફાર થાય છે અને આ અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચે છે. જેને લીધે શરીરના તથા મનના લક્ષણો ઉત્પન્ન થાય છે. શરીરના અવયવોમાં ફેરફાર ન થતા હોવાથી શારીરિક તથા લેબોરેટરી તપાસ નોરમલ આવે છે.

- **સારવાર :**

૧. **દવાઓ** :- દવાઓ દ્વારા મનના અવયવોમાં થયેલા ફેરફાર પૂર્વવત નોરમલ કરાય છે. કદ, રચના, રસાયણોમાં થતા ફેરફારો નોરમલ થતાં મનના કાર્યો નોરમલ થાય છે. આથી નરેન્દ્રના કેસમાં બીમારીના લક્ષણો (શરીરના તથા મનના લક્ષણો) કાબૂમાં આવ્યા. નરેન્દ્રને ધીમે ધીમે સારું લાગવા માંડ્યું. દર્દનાશક દવાઓ આપ્યા વગર દુઃખાવો શરૂઆતમાં ઓછો થયો તથા નાબૂદ થયો. ચીડિયાપણું નીકળી ગયું. ધંધામાં ધ્યાન કેન્દ્રિત થવા લાગ્યું.

૨. **કાઉન્સેલિંગ :**

કાઉન્સેલિંગની પદ્ધતિઓ દ્વારા નરેન્દ્રનું વલણ/અભિગમ બદલવા માટેની સારવાર કરી. બનતી ઘટનાઓ પર આપણો કાબૂ નથી હોતો. બનતી ઘટના/પ્રસંગોને મનથી સ્વીકારી એમનો યોગ્ય પ્રતિકાર કરવાની શક્તિ કેવી રીતે વિકસાવવી એ વિશે વૈજ્ઞાનિક ચર્ચા કરી (Stress Management). પ્રસંગો પ્રત્યેનો નકારાત્મક અભિગમ તથા નકારાત્મક લાગણી સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે તથા બીમારીનું કારણ બને છે કે બીમારીનું પ્રમાણ વધારે છે.

૩. **માનસિક શિથિલતા** (**Mental Relaxation**) : માનસિક શિથિલતા મેળવવા માટે યોગ, વિપશ્યના, મેડિટેશન, શવાસન વગેરે અનેક પદ્ધતિઓમાંથી એક અનુકૂળ પદ્ધતિ અપનાવવા નરેન્દ્રને સલાહ આપી. નરેન્દ્રે યોગની પદ્ધતિ અપનાવી, યોગના વર્ગોમાં નિયમિત રૂપે જવા લાગ્યો.

૪. **જીવનશૈલીમાં ફેરફાર** : રવિવાર તથા રજાના દિવસે નરેન્દ્ર મનની શાંતિ માટે પત્ની તથા બાળકો સાથે બહાર ફરવા જવા લાગ્યો. બે મહિનામાં એક નાટક તથા એક પિકનિક પર જઇ આવ્યા. (છેલ્લા પાંચ વર્ષોમાં નરેન્દ્રએ એક પણ નાટક જોયું ન હતું કે પિકનિક પર ગયો ન હતો) નાટક કે સિનેમા થિયેટરમાં જોવા જવાનું, દરિયા કિનારે કે પિકનિક પર જવાનું, નૈસર્ગિક વાતાવરણમાં મોજમઝા મેળવવાની વગેરે કાર્યક્રમોનું નિયમિત રીતે આયોજન કરવાનું નરેન્દ્રએ વચન આપ્યું.

ઉપરોક્ત સારવારથી ત્રણ મહિનામાં તો નરેન્દ્ર પૂર્વવત નોરમલ થયો. શરીરમાં દુઃખાવો બિલકુલ ન હતો. નબળાઇ ન હતી. કામમાં સ્ફૂર્તિ રહેતી હતી.

નરેન્દ્રે ધંધાકીય હિતેચ્છુનો આભાર માન્યો કે એણે યોગ્ય માર્ગદર્શન આપ્યું.

- **જનરલાઇઝડ એન્ઝાઇટી ડિસઓર્ડર** (**Generalised Anxiety Disorder, GAD**) :

આંતરરાષ્ટ્રીય વૈધકીય વર્ગીકરણની

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૫ ઉપર)

*દવાનું બિલ ચૂકવવા કરતાં સામયિકનું લવાજમ ચૂકવવું સારું!*

મહિલા વિશ્વ

# રેસિપી – જૈન વાનગી માટે

• સુરભિ નીરવ વસા •

## મોકટેલ

"મોકટેલ" બધી જ સીઝનમાં દરેકનું ફેવરિટ છે પરંતુ ખાસ તો ઉનાળાની ગરમીમાં જો આવા રંગબેરંગી ઠંડાં પીણાનો ગ્લાસ મળી જાય તો મજા પડી જાય!!

"મોકટેલ" એટલે ૨ થી ૩ ફ્રુટના જ્યુસનું કોમ્બિનેશન. જ્યારે "કોકટેલ" એ હાર્ડ ડ્રિંક્સનું કોમ્બિનેશન છે.

મોકટેલ બનાવતી વખતે તેમાં ખાટા તથા પાણીવાળા ફળોની સાથે સોડા, આઇસક્રીમ, ક્રીમ વગેરેનું કોમ્બિનેશન કરવામાં આવે છે. પરંતુ કેળાં-ચીકુ જેવા મીઠા તથા માવાવાળા ફળનો ઓછો ઉપયોગ થાય છે. મોકટેલ જેટલું ચીલ્ડ સર્વ કરવામાં આવે તેટલી તેની લિજ્જત વધારે આવે છે.

આજે હું તમને અલગ-અલગ કોમ્બિનેશનના મોકટેલની રેસિપી આપી રહી છું.

### ૧. પીંક લેડી :

*સામગ્રી :* ૮-૧૦ નંગ પ્લમ, ૧ મોટો બાઉલ (વાટકાથી મોટો) (આશરે ૩૦૦ થી ૪૦૦ ગ્રામ) કલિંગડના ટુકડા, ૨૦૦ મીલી સોડા વોટર, ૧/૨ ટી. સ્પૂન સંચળ, ૫-૬ ચમચી ખાંડ (પ્લમની ખટાશ અનુસાર લેવી)

*રીત :* એક મિક્ષીજારમાં પ્લમના ટુકડા (બીજ કાઢેલ), કલિંગડના ટુકડા, સંચળ અને ખાંડ ઉમેરી ક્રશ કરો. સરસ રીતે મિક્ષ થયા બાદ તેને એક બાઉલમાં ગાળી લો. હવે અડધાથી થોડો વધારે ગ્લાસ જ્યુસથી ભરો. તેમાં ૨-૩ આઇસ ક્યુબ ઉમેરી બાકીનો ૪૦% જેટલો ગ્લાસ સોડા વોટરથી ભરી તરત જ સર્વ કરો.

સોડા વોટર સાથેના કોમ્બિનેશનવાળા મોકટેલને સર્વ કરતી વખતે જ સોડાવોટર ઉમેરવાથી વધારે સરસ લાગે છે.

### ૨. મેલન ટેંગો :

*સામગ્રી :* ૧ કપ સક્કરટેટીના ટુકડા (આશરે ૨૦૦ થી ૨૫૦ ગ્રામ), ૩ નંગ સંતરાનો રસ, ૧ ચમચી લીંબુનો રસ, ખાંડ સ્વાદ અનુસાર, ૧/૨ ચમચી સંચળ

*રીત :* સક્કરટેટીને બાઉલમાં લઇ હેન્ડ બ્લેન્ડરથી ફેરવી એકરસ કરો. હવે તેમાં સંતરાનો રસ, લીંબુનો રસ (સંતરાની ખટાશ અનુસાર લેવું), ખાંડ, સંચળ ઉમેરી હેન્ડ બ્લેન્ડરથી મિક્ષ કરો.

હવે ગ્લાસમાં નીચે ૨-૩ આઇસ ક્યુબ નાંખી તેના પર તૈયાર કરેલ જ્યુસ રેડી લીંબુની સ્લાઇસથી સજાવી ચીલ્ડ સર્વ કરો.

### ૩. એપ્પલ પીનાકોલાડા :

*સામગ્રી :* ૪ સ્લાઇસ પાઇનેપલ, ૧/૨ એપલ છાલ કાઢીને ઝીણું સમારેલ, ૧ સ્કૂપ વેનીલા આઇસક્રીમ, ૧ ટે. સ્પૂન ખાંડ, ૧ કપ નાળિયેરનું પાણી

*રીત :* મિક્ષી જારમાં એપલ, પાઇનેપલ અને ખાંડ ઉમેરી ક્રશ કરો. હવે આ મિશ્રણને એક બાઉલમાં ગાળી લો. હવે તેમાં નાળિયેર પાણી તથા વેનીલા આઇસક્રીમ ઉમેરી હેન્ડ બ્લેન્ડરથી મિક્ષ કરી ૪-૫ આઇસક્યુબ ઉમેરી મિક્ષ કરી પાઇનેપલના પીસથી ગ્લાસને સજાવી એકદમ ચીલ્ડ સર્વ કરો.

### ૪. ચીલી મીન્ટ કુલર :

*સામગ્રી :* ૧ નંગ છીણેલી કાકડી, ૧૦-૧૫ પાન ફુદીનો, ૧ નંગ લીલું મરચું, મીઠું, ૧ નાની ચમચી ખાંડ, ૪-૫ ચમચી દહીં, ૫-૬ નંગ આઇસ ક્યુબ.

*રીત :* એક મિક્ષીજારમાં કાકડી, ફુદીનો, લીલું મરચું, મીઠું, ખાંડ તથા દહીં ઉમેરી ક્રશ કરો. હવે તેમાં આઇસક્યુબ ઉમેરી ૧-૨ વખત ચર્ન કરી ફુદીનાના પાનથી સજાવી એકદમ ચીલ્ડ સર્વ કરો.

*એ/૩, નિર્માણ ફ્લેટ, વ્રજરાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

## એન્ઝાઇટી ડિસઓર્ડર

(અનુસંધાન : પાના નં.-૬૪ ઉપરથી ચાલુ)

દસમી આવૃત્તિમાં (International Classification of Diseases 10th Ediction-ICD-10) આ બીમારીનું ઊંડાણમાં વર્ણન કર્યું છે. એ મુજબ આ બીમારીમાં શારીરિક તેમજ માનસિક લક્ષણો હોય છે.

શારીરિક લક્ષણો શરીરમાં કળતર, શરીર ભારી લાગવું, નબળાઇ લાગવી, અસ્વસ્થતા રહેવી, ઊંઘ ન આવવી કે ઓછી આવવી, ભૂખ ઓછી લાગવી હોય છે.

માનસિક લક્ષણો ચીડિયાપણું, કામમાં ધ્યાન ન રહેવું, અયોગ્ય ચિંતા કરવી, પ્રસંગોને હકીકતથી વધારે મોટું નકારાત્મક સ્વરૂપ આપવું (રાઇનો પહાડ બનાવવો) વર્ણવ્યા છે.

આ બીમારીના અન્ય લક્ષણો, મનના અવયવોમાં થતા ફેરફારો તથા આ બીમારી માટેની સારવારની પદ્ધતિઓ વિશે આવતા અંકમાં જાણકારી મેળવીશું. ■

*મિત્ર દગો દઈ શકે પરંતુ પુસ્તક કદી દગો દેતું નથી.*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંકે સામે જે ફલેટમેં ચિરાગ રેતો, તેંજી છોરી, જેડો ચિરાગ સુમે તેડો ચિરાગજો મથો જલેને જમીન તે ઘસેતી.... સે ચિરાગજી છોરી એડો કુલા કરેતી તેંજી તપાસ તા કરા... છોરી ચરઈ તા નાય થે વઈને?

બચુડો : (તપાસ કે ને ચેં) ખબર ન વઈ અતરે પોય છોકરી કે પુછેં તડેં છોરી ચેં અસાંજા શિક્ષક હકડી વાર્તા ચ્યાં વા. અનમેં છોરી 'ચિરાગ' ઘસે તડેં અનમેંજા જીન પ્રગટ થીયે ને પોય પાંકે ખપધો વે સે મડે મલે, એડો ચ્યાં વા. તડુંણો જેર ચિરાગ સૂતો વે, તેર જ મથો પકડે શકે. અતરે મથો પકડે ને ઘસેતી પણ અનાં જીન પ્રગટ નાય થ્યો. તેલાં જીન પ્રગટ થીયે તેંજી વાટ નેરેતી ને ચિરાગ સુમે તડેં અનજો મથો જમીન તે ઘસેતી.

## ખિલજા મ ભલા

શિક્ષક : 'ઓફિસ સ્ટાફને બોનસ આપતી નથી.' આનું ભવિષ્યકાળ બનાવો.

આદિત્ય : ઓફિસનો સ્ટાફ કાલથી રજા ઉપર જશે.

☺ ☺ ☺ ☺ ☺

રઘુ : (સ્ટેશનના પ્લેટફોર્મ પર ઊભા રહીને) લો, ભગુ કહે જોઇએ, આ ટ્રેન ક્યાંથી આવી રહી છે?

ભગુ : દેખાતું નથી, આ ટ્રેન પાટા પરથી આવી રહી છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : મોન્ટુ, તું હમણાં હમણાંથી બહુ આળસુ થઇ ગયો છે. તને ખબર છે આળસ એ વિદ્યાર્થીનો શત્રુ છે?

મોન્ટુ : સાહેબ, તમે ત્રણ દિવસ પહેલા જ કહ્યું હતું કે આપણે આપણા શત્રુને પ્રેમ કરવો જોઇએ.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ચંદુ, ઘડિયાળ જોઇને કહે કેટલા વાગ્યા છે?

ચંદુ : સાહેબ મને આવડતું નથી.

શિક્ષક : અચ્છા તો એ કહે કે ઘડિયાળના કાંટા ક્યાં છે?

ચંદુ : સાહેબ ઘડિયાળના કાચની પાછળ.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલો વિદ્યાર્થીઓ, નવયુવાન કોને કહેવાય?

શ્રેય : સાહેબ, દસમાંથી એક યુવાન ચાલ્યો જાય પછી જે બાકી રહે તેને નવ યુવાન કહેવાય.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : પહેલો બાજીરાવ ક્યારે થયો?

તનીષા : બીજા બાજીરાવના પહેલા.

શિક્ષક : ત્યારે બીજો બાજીરાવ ક્યારે થયો?

તનીષા : પહેલા બાજીરાવ પછી.

☺ ☺ ☺ ☺ ☺

વિકલાંગ ઉમેદવાર : (મેજરને) સાહેબ, મને લશ્કરમાં નોકરી મળશે. મારો એક પગ બીજા પગ કરતા થોડો ટૂંકો છે.

મેજર : એનો વાંધો નહીં. અમે તને પહાડી પ્રદેશમાં ડ્યૂટી સોંપીશું.

☺ ☺ ☺ ☺ ☺

છગન : મારી પાસે માથાના વાળ ઉભા કરી નાખે તેવી વાર્તા છે.

મગન : એક કામ કર.. કોઇ ટાલિયા પાસે જઇને એ સંભળાવ. તેને ફાયદો થશે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ પત્ની લડી પડ્યા..

પતિ : બસ ત્યારે હવે તો તું તારી માના ઘરે ચાલી જવાની ખરું ને?

પત્ની : ના હોં... હું એવી મૂર્ખામી નહીં કરું.. હું તો મારી માને જ અહીં બોલાવવાની છું.

☺ ☺ ☺ ☺ ☺

હસુભાઇ : (કરિયાણાની દુકાને જઇ દુકાનદારને) તમારી પાસે ખાંડ છે?

દુકાનદાર : હા જી.

હસુભાઇ : તમારી પાસે માવો છે?

દુકાનદાર : હા જી.

હસુભાઇ : તમારી પાસે બદામ છે?

દુકાનદાર : હા જી.

હસુભાઇ : તમારી પાસે પીસ્તા - ચારોળી છે?

દુકાનદાર : હા જી. પણ તમારે જોઇએ છે શું?

હસુભાઇ : મારે જોઇતું તો કાંઇ નથી પણ હું તો એ વિચારું છું કે તમારી પાસે આ બધી વસ્તુઓ છે છતાં તમે હલવો બનાવીને કેમ નથી વેચતા?

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*જો આ સંસારમાં શબ્દનો પ્રકાશ ન હોત તો ત્રણેય ભુવન ગાઢ અંધકારમાં ડૂબી જાત.*




### મહારાજ કે મહારાજા?

‘મહારાજ કે મહારાજા?’ એ શીર્ષક હેઠળ શ્રી શાંતિલાલ સંઘવીએ ઉઠાવેલ (અને અભિપ્રેત) મુદ્દાઓ અને ચર્ચા આવકાર્ય છે; પરંતુ એમના વિધાનો યથાર્થ નથી.

જૈન ભક્તો/શ્રાવકો દ્વારા જે-તે સાધુ/આચાર્ય વગેરેના નામોલ્લેખ જોડે વિશેષણોનો જે અતિરેક કરવામાં આવે છે તે, એમના પ્રત્યે પૂજ્યભાવ ધરાવતા હોવા છતાં, જરૂર પ્રશ્ન જગાડે છે કે શું જગતનાં સર્વ પવિત્રતા, સાધુતા, વિદ્વતા, ધર્મપ્રભાવક્તા, ન્યાય વિશારદતા વગેરે વગેરેનું આવું નિરૂપણ વિવેકપૂર્ણ છે? (આ લખનારે એક પચરંગી પત્રિકામાં આ રીતનાં ૧૭ વિશેષણો ગણ્યાં છે!) આવા અતિરેકભર્યા વિશેષણો પાછળ ક્વચિત સાધુગણ પોતે જ પ્રેરક હોઈ શકે છે, પરંતુ મોટાભાગના સાધુ-આચાર્યોને એ જરૂર ક્ષોભજનક જણાતાં હશે જ. સુજ્ઞ જૈન સમાજે ક્યારેક તો, હાસ્યજનક હદે વરસાવાતા આવા વિશેષણોથી અટકવું જોઈએ. શ્રી સંઘવીને આવું અભિપ્રેત હોય તો એ સર્વથા આવકાર્ય છે.

પરંતુ ‘મહારાજ’ એ ઊંચેરો શબ્દ છે અને ‘મહારાજા’ એ ઊતરતી કોટિનો શબ્દ છે એવું શ્રી સંઘવીનું કથન યથાર્થ નથી. સર્વ પ્રથમ તો આ બે શબ્દપ્રયોગોની મૂલવણીમાં ભક્તો વ્યાકરણ જાણતા હોય, ન જાણતા હોય તે સવાલ જ ઊભો થતો નથી. અહીં સવાલ છે શબ્દાર્થનો, જ્યાં ‘મહારાજ’ કે ‘મહારાજા’નો શાબ્દિક અર્થ એક જ છે : મોટો રાજા કે સમ્રાટ. આ શબ્દોના CONNOTATIONમાં ભેદ છે, પરંતુ બંને વચ્ચે અર્થભેદ નથી. બંને મૂળ સંસ્કૃત ‘રાજન’માંથી ઉદ્ભવેલ રાજ કે રાજા એવા તત્સમ શબ્દપ્રયોગો છે; અને એ રીતે સમાનાર્થી છે.

એટલે જે વાંધો ‘મહારાજા’ સામે હોય તે ‘મહારાજ’ સામે પણ હોવો જોઈએ. પરંતુ જૈન ધર્મના (કે હિન્દુ સંપ્રદાયોના) સાધુઓ માટે મહારાજ એવો રૂઢિપ્રયોગ સહજ સ્વીકાર બની ચૂક્યો છે; પછી ભલે રસોઇ કરનાર માટે કે મંત્ર ભણી પરણાવનાર માટે પણ ‘મહારાજ’ શબ્દનો એટલો જ વ્યાપક ઉપયોગ કરતા હોઈએ!

શ્રી સંઘવીનું કથન ‘કોઈનું ધ્યાન જતું નહિ હોય? કે કોઈ વાંચતા જ નહીં હોય?’ જરા સ્વ અંગે વધુ પડતું માની લે છે! જો આવા સૂરથી એમનું લખાણ મુક્ત હોત તો એમની ટિપ્પણી વધુ જ્ઞાનવાહી અને ઉપકારક બની હોત!

*સત્યપાલ સંઘવી - કાંદિવલી, મુંબઈ*

• • • • •

### રંગ, ગંધ અને સ્વાદવિહીન પ્રણવદાનું ‘એન્ટી ગુજરાત’ બજેટ

ગુજરાત સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (એસ.ઇ.ઝેડ) નું હબ ગણાય છે. આ બજેટમાં એસ.ઇ.ઝેડ. ઉપર ૧૮.૫% મેટ (મિનિમમ ઓલ્ટરનેટ ટેક્સ) જે નાંખ્યો તે ગુજરાતના વિકાસ ઉપર રોક લગાવવા પ્રયાસ કર્યો છે અને ગુજરાતને ભયંકર અન્યાય કર્યો છે. બજેટમાં આ પ્રસ્તાવથી સ્પર્ધાત્મક્તાની ધાર બુઠ્ઠી થશે અને લોકોનો સરકાર ઉપરથી વિશ્વાસ ઊઠી જશે.

ગયા વર્ષે ગોવાની ગોલ્ડન જ્યુબિલી વર્ષમાં ૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. આ વર્ષ ગુજરાતની ગોલ્ડન જ્યુબિલીનું વર્ષ છે. પરંતુ, ફરી એકવાર ગુજરાત જોડે ઓરમાયું વર્તન કરી ગુજરાતને કોઇ ફાળવણી કરાઇ નથી.

આ ઉપરાંત દિલ્હી, મુંબઇ, ચેન્નાઇ, બેંગલોર, હૈદ્રાબાદ વગેરે શહેરોમાં મેટ્રોરેલની વાત કરાઇ પરંતુ ગુજરાતની મેટ્રોરેલ પ્રોજેકટનો ઉલ્લેખ સુદ્ધાં કરવામાં આવ્યો નથી.

આ ઉપરાંત દિલ્હી-મુંબઇ કોરીડોર માટે પણ ફંડ વધારવાની જરૂર હોવા છતાં કોઇ જોગવાઇ કરવામાં આવી નથી.

આ બજેટમાં કોલકતા, અલીગઢ, તામિલનાડુ વગેરે યુનિવર્સિટી માટે ફંડની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ, ગુજરાત યુનિવર્સિટી કે આઇ.આઇ.એમ. અમદાવાદ માટે કોઇ ફંડની જોગવાઇ કરી નથી.

આમ, આ બજેટમાં મોદીના ગુજરાતને સીંગાપુર બનાવવાના સ્વપ્નનું ચીરહરણ કર્યું છે.

*જૈનીકભાઈ એન. વકીલ, સી.એ.*
*મ્યુનિસિપલ કાઉન્સિલર, અમદાવાદ*

• • • • •

### ઉંમરલાયક કન્યાઓએ અથવા વધૂઓએ આ પુસ્તકો વાંચી જવા જરૂરી છે.

‘મંગલ મંદિર’ના માર્ચ અંકમાં શ્રી દિનેશ પાંચાલે મહત્ત્વના વિષયને છેડ્યો છે. એના અનુસંધાનમાં જ થોડું ઉમેરવાનું ઠીક લાગે છે. કેટલાક વર્ષો પહેલાં ‘જન્મભૂમિ-પ્રવાસી’ના પૂર્વ તંત્રી મોહનલાલ મહેતા (સોપાન)ના પત્ની લાભુબહેન મહેતાએ ‘માતૃત્વ’ નામનું પુસ્તક લખેલું છે. જેની અત્યારે ૧૮મી કે ૧૯મી આવૃત્તિ ચાલે છે. તમામ પરિણીત અને અપેક્ષિત માતૃત્વવાળી કન્યા કે વધૂએ આ પુસ્તકનું અધ્યયન કરવું ખૂબ જરૂરી છે.

ગાંધીજીના નિષ્ઠાવાન સાથી, મહાદેવભાઇના પરમમિત્ર, ધરાસણા સત્યાગ્રહના શૂરવીર સત્યાગ્રહી શ્રી નરહરી પરીખે પોતાની ઉંમરલાયક પુત્રીને જાતિયજ્ઞાન આપતા પત્રો લખેલા જે નવજીવને ‘કન્યાને પત્રો’ એ નામે પુસ્તક રૂપે પ્રકાશિત કરેલ છે. જે તમામ ઉંમરલાયક કન્યાઓએ વાંચી જવું જરૂરી છે.

મૂર્ધન્ય વિદ્વાન સાહિત્યકાર શ્રી ઈશ્વર પેટલીકરે પણ આ વિષય પર મહત્ત્વના પુસ્તકો (૧) ‘સંવનનકાળ’ અને (૨) ‘પ્રસન્ન દાંપત્ય’ પ્રકાશિત કરેલ છે. જે તમામ ઉંમરલાયક કન્યાએ તથા વધૂએ વાંચી જવા જરૂરી છે. આ બન્ને પુસ્તકો વિશેષ કરીને માતાપિતાએ કે સાસુ-

*જ્ઞાન એ જ પ્રકાશ છે, જ્યારે અજ્ઞાન એ અંધકાર છે.*

સસરાએ વાંચી જવા વધારે જરૂરી છે. તાજેતરમાં જ પરણેલા અથવા તરતમાં જ જેના લગ્ન થવાના છે તેવા યુવાન-યુવતીઓએ ઇશ્વર પેટલીકરનું જ એક અન્ય પુસ્તક 'નવદંપતી' અવશ્ય વાંચી જવું જોઇએ.

ઉપરાંત KEM હોસ્પિટલના પૂર્વડીન એવા ડૉ. પ્રજ્ઞા પૈ એ પણ આ વિષય પર સરસ પુસ્તકો લખેલ છે.

જે યુવાન-યુવતીને ગુજરાતી ભાષા ન આવડતી હોય તેના માતાએ પોતાની દીકરીને આ પુસ્તકો વાંચી સંભળાવવા જોઇએ. કશાજ સંકોચ વગર. સાસુ પણ પોતાની નવવધૂને આ પુસ્તકો વાંચી સંભળાવી શકે. માત્ર અને માત્ર એકાદ મહિનો ટી.વી. જોવાનું મોકૂફ રાખીને ઉપર જણાવેલા બધાં પુસ્તકો વાંચી કે સંભળાવી શકાય. અઘરું નથી-ઇચ્છા હોવી જોઇએ અને માત્ર અને માત્ર એક જ વખત હોટેલમાં ભોજન લેવાનું રદ કરીને આ તમામ પુસ્તકો ખરીદી લઇ શકાય. ઇચ્છા હોવી જોઇએ. શીખવા, સમજવા અને જાણવાની ઇચ્છા હોય તો સરળ બાબત છે.

શ્રી કેશુભાઇ દેસાઇએ 'મૈં કછુ નહીં જાનૂ' લેખમાં કૃષ્ણભક્ત મુસ્લિમ કવિ રસખાનના એક મુક્તકની માત્ર એક અંતિમ પંક્તિ 'તાહિ આહીર કી છોહરિયાં...' લખેલ છે. પરંતુ માત્ર એકજ પંક્તિથી આખા મુક્તની ખૂબી બરાબર પ્રગટ થતી નથી. આખુ મુક્તક છેઃ

***સેસ, ગનેસ, મહેસ, દિનેસ, સુરેસહુ જાહિ નિરંતર ગાવૈ***
***જાહિ અનાદિ અનંત અખંડ નિરંતર નિત્ય સુબેદ બતાવૈ***
***નારદ સે સુક વ્યાસ રટૈં પચિહારે તઉ બુનિ પાર ન પાવૈ***
***તાહિ આહીર કી છોહરિયાં છછિયા ભરિ છાછ પૈ નાચ નચાવૈ.***

*અર્થાત્*

શેષનાગ, ગણેશ, મહાદેવ, સૂર્ય, ઇન્દ્ર (જેવા દેવો) જેને નિરંતર ગાય છે (છતાં જેની ઝાંખી કરી શકતા નથી) એવા અનાદિ, અનંત, અખંડ (જે) નિરંતર અને નિત્ય છે એમ વેદ બતાવે છે. અને જેને નારદથી માંડીને શુકદેવ અને વ્યાસ સુધીના (દેવો અને ઋષિઓ) સતત રટતાં રટતાં થાકીને હારે છે તો પણ જેનો પાર પામી શકતા નથી એવા (શ્રી કૃષ્ણને) આહીરની થોડીક છોડીઓ (ગોપીઓ) ટબૂડીભર છાશ થકી નાચ નચાવે છે. (જુઓ તો પ્રભુની લીલા!)

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

**મંગલ મંદિર જ્ઞાન અને મૂલ્યવર્ધક સાહિત્ય પીરસતું રહે તેવી શુભેચ્છા**

કાસ્પ (કોમ્યુનિટી એઈડ્સ અને સ્પોન્સરશિપ પ્રોગ્રામ) ગુજરાત પ્રોજેક્ટ રાપર અને ભચાઉ તાલુકાના ૨૭ ગામોમાં એકવાલીવાળા, અનાથ, શારીરિક રીતે વિકલાંગ અને જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ, આરોગ્ય અને સર્વાંગી વિકાસ માટે સ્પોન્સરશિપ પ્રોગ્રામ હેઠળ કાર્યરત છે. ત્યાં ગામડાંઓમાં ૮ ગામોમાં સેન્ટર ચલાવવામાં આવે છે અને તેની વિવિધ પ્રવૃત્તિ પૈકીની એક ચિલ્ડ્રન લાઇબ્રેરી ચાલે છે જેનું સંચાલન અને સંભાળ બાળકો જ લે છે.

'મંગલ મંદિર' આ બાળ પુસ્તકાલય માટે સરસ મેગેઝીન બની રહેશે તેવું છેલ્લા વર્ષોના વાંચન પરથી લાગ્યું. આથી એક વર્ષનું પાંચ કાસ્પ સંસ્થાના સેન્ટર માટે નવા લવાજમ અને એક રિન્યુ લવાજમ એમ છ લવાજમ માટે રૂા. ૧૫૦ લેખે રૂા. ૯૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ નં. ૯૧૦૪૭૭ HDFC બેન્કનો મોકલાવેલ છે અને તે માટે મોકલવાના સરનામા સાથે સામેલ છે.

'મંગલ મંદિર' આવી જ માહિતી, જ્ઞાન અને મૂલ્યવર્ધક સાહિત્ય પીરસતું રહે તેમજ કચ્છી જૈન સેવા સમાજ, સમાજ પ્રત્યે સેવા કરતું રહે તેવી હાર્દિક શુભેચ્છા સહ જય ભારત.

***ભરતસિંહ ડી. જાડેજા, પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર,***
***કાસ્પ ગુજરાત પ્રોજેક્ટ - રાપર***

• • • • •

**જનસેવા**

શ્રી કચ્છી જૈન સેવા સમાજનું મુખપત્ર - મંગલ મંદિર વાંચ્યું. ડો. દીપ્તિ શાહ (ગડા)નો લેખ અતિ સુંદર, સરળ અને લોકઉપયોગી છે. આ એક પ્રશંસનીય કાર્ય છે. મારા અભિનંદન.

આ સાથે હું એક બુકલેટ મોકલું છું. આપને યોગ્ય લાગે તે માહિતી બુકમાં એક સાથે નહીં પણ તબક્કાવાર અલગ માસમાં છાપવા વિનંતી કરું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ જનસેવા એ પ્રભુસેવાનું માનવધર્મનું કાર્ય કરે છે. એ પણ ધર્મનો એક પ્રકાર છે. પરોપકારથી પુણ્ય કમાઇ શકાય છે. પરભવનું ભાથું બાંધી શકાય છે.

સ્વાસ્થ્ય જાગૃતિ... Health Awareness

પહેલું સુખ તે જાતે નર્યા Health is wealth

ચેતતા નર સદા સુખી Prevention is better than cure

હું સદકાર્યની (જનસેવા તથા અન્ય) ઘણી પ્રવૃત્તિ નિઃસ્વાર્થ ભાવનાથી કરું છું તથા સ્વાસ્થ્ય કેમ સારું રાખશો તે વિશે પણ સારું નોલેજ ધરાવું છું.

આપશ્રીના સમાજને જો હું કોઇ રીતે ઉપયોગી થઇ શકીશ તો મને આનંદ થશે.

મારી પ્રવૃત્તિ સંપૂર્ણ નિઃસ્વાર્થ, વ્યક્તિ સ્વાર્થરહિત તથા પ્રતિષ્ઠા મેળવવાની ભાવના માટે નથી.

This is just for your information. All the best. Thanks

*પ્રકાશ એ. શાહ (પાટણવાળા)*

• • • • •

## નર્મદા યોજના

આપ અને આપની ટીમ 'મંગલ મંદિર'ને ઉત્તરોત્તર વધુ આકર્ષક અને ઉપયોગી બનાવી રહી છે. ફરી અભિનંદન!

ફેબ્રુઆરીના અંકમાં શ્રી મુકેશભાઈ ઝવેરી (પાનું ૧૬) જવાબદારી પૂર્વક કહે છે કે ૨૦૧૦ આખર સુધી નર્મદાનાં પાણી નહેર વાટે કચ્છમાં આવતાં થઇ જશે.

આપણે સૌ આશા રાખીએ કે એમનું આ કથન સાચું પડે.

પણ મંગલ મંદિરમાં અગાઉ કચ્છ અને નર્મદાના પાણી અંગે ઘણા વિગતવાર લેખ આવ્યા છે. તેમાં ગુજરાત સરકારનું કચ્છ પ્રત્યેનું ઓરમાયું વર્તન- (atleast આ બાબતે તો - એ અંગે કોઇ ના ન પાડી શકે) સ્પષ્ટ જ છે.

અને એ અંગે સ્પષ્ટતાથી હિંમતપૂર્વક બોલવાની નૈતિક ફરજ કચ્છના ચુંટાયલા પ્રતિનિધિઓ ચૂકતા જ આવ્યા છે.

Anyway, મુકેશભાઇની કાર્યનિષ્ઠા અંગે કોઇ શંકા નથી અને કચ્છના લાંબાગાળાના હિતને લક્ષમાં રાખીને તેઓ કચ્છમાં નર્મદા નહેરના અવતરણનું કામ સારી રીતે કરાવે તે માટે શુભ કામનાઓ.

'મંગલ મંદિર' માર્ચ અંક પાના-૫૧ ૫૨ એન્ડોસલ્ફાન વિશે શ્રી શાંતિલાલ સંઘવીની 'ભૂમિપુત્ર' આધારિત નોંધ પ્રકાશિત કરવા બદલ ધન્યવાદ.

*વિજય શાહ - રાયણ, કચ્છ*

• • • • •

## નવરાત્રીની નવ દેવીઓ

'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર મહિનાના અંકમાં શાંતિલાલભાઇ સંઘવીનો 'નવરાત્રીનું રહસ્ય' નામનું લખાણ વાંચીને નવું ઘણું જ જાણવા મળ્યું. એના અનુસંધાનમાં નીચે મુજબ માહિતી લખી મોકલું છું જે દરેક વ્યક્તિને ખૂબજ ઉપયોગી થશે. યોગ્ય લાગે તો પ્રગટ કરજો.

નવરાત્રીના નવ દિવસ નવ દેવીઓનો મહિમા. એમાં પણ ગૂઢ રહસ્યો છૂપાયેલ છે. જે આદ્યશક્તિ દેવીઓએ રાક્ષસોનો સંહાર કર્યો, એ આદ્યશક્તિરૂપી દેવીઓ આપણાં ઘર આંગણે ઊપલબ્ધ છે. એનો પરચો ઉપયોગ કરતા મળી શકે. આ આદ્યશક્તિઓ એટલે રોગરૂપી દૈત્યોનો નાશ કરનાર ઔષધીઓ. એ ઔષધીઓ એટલે નવદુર્ગા. તો જાણો પરચા.

૧. શૈલપુત્રી શિવા : દુર્ગમ નામના રાક્ષસનો સંહાર કર્યો.

શિવા એટલે હરડે. આ દેવી બુદ્ધિ અને આંખ માટે હિતકારી હૃદયરોગ, અને કમળારૂપી રાક્ષસનો નાશ કરે છે. મીઠા સાથે ખાવાથી કફ મટે. સાકર સાથે ખાવાથી પિત્તનો નાશ થાય. ઘી સાથે લેવાથી વાયુનો નાશ થાય. પરંતુ ગોળ સાથે ખાવાથી બધા રોગનો નાશ થાય છે. છેને દયાની દેવી.

૨. નીલદુર્ગા દેવી : દૂર્ધર નામના રાક્ષસનો વધ કર્યો.

નીલ દુર્ગા એટલે (બ્રાહ્મી) દૂધી. આ દેવીનો જ્યુસ લેવાથી ક્ષયરૂપી રાક્ષસને નાથી શકાય છે. મોતિયાના ઑપરેશન બાદ દૂધીનો જ્યુસ ગુણકારી છે.

૩. ચંદ્ર ઘંટાદેવી : આ દેવીએ દુર્મુખ નામના રાક્ષસનો વધ કર્યો. ચંદ્રઘંટા દેવી એટલે આંબળા.

એના સેવનથી બળ તથા આયુષ્ય વધે, આરોગ્ય પ્રાપ્ત થાય. અને પુષ્કળ વિટામિન મળે.

૪. કુષ્પાદિકા દેવી : આ દેવીએ ચીક્ષુર નામના રાક્ષસનો સંહાર કર્યો. કુષ્પાદિકા એટલે કોળું. આ દેવીનો ઉપયોગ કરવાથી પુષ્ટીદાયક, વીર્યવર્ધક, પિત્તનાશક, પ્રમેહ, પથરી અને રક્તવિકાર જેવા રાક્ષસરૂપી રોગોનો નાશ કરે છે. કમળા માટે અક્સીર છે.

૫. સ્કંદદેવી : બક નામના રાક્ષસનો સંહાર કર્યો.

સ્કંદદેવી એટલે આદુ. આના ઉપયોગથી હાડકાં મજબૂત થાય. હૃદયરોગ, સુજન, હરસ અને હાથીપગા જેવા રાક્ષસોનો નાશ થાય છે.

૬. કાત્યાયની દેવી : ચંદ અને મૂંદનો નાશ કર્યો.

કાત્યાયની દેવી એટલે કરિયાતું. એ પેટના રોગ મટાડે, સવારના નરણે કોઠે લેવાથી સ્ફૂર્તિ આવે. જે ખૂબજ ઉપયોગી ઔષધ છે.

૭. સરસ્વતી દેવી અથવા ગૌરી :

આ દેવીએ રાહુ અને કેતુનો સંહાર કર્યો. સરસ્વતી દેવી એટલે હળદર. આ દેવીનો ઉપયોગ ડગલેને પગલે રસોડામાં થાય છે. ખાંસીમાં ઉપયોગી અને કાકડારૂપી રાક્ષસને મારી હટાવે છે.

૮. મહાસરસ્વતી દેવીઃ અથવા મહાગૌરી : અરુણ નામના રાક્ષસનો વધ કર્યો :

મહા સરસ્વતી દેવી એટલે શતાવરી

આ ઔષધ મહાન ગુણકારી અને ચમત્કારી છે.

૯. વિદ્યાદેવી : મહિષાસુર નામના રાક્ષસનો વધ કર્યો. વિદ્યા દેવી

એટલે : ભાંગ. આયુર્વેદ શાસ્ત્ર કહે છે કે, યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો મહાઉપકારી ઔષધ છે.

આમ ઔષધરૂપી દેવીઓ શરીરની અંદરના રોગરૂપી રાક્ષસોનો સંહાર કરી આપણને સ્વાસ્થ્ય અર્પે છે.

*સંગ્રાહક : દેવજી એચ. સાલિયા - મુલુંડ (વેસ્ટ), મુંબઈ.*

• • • • •

## એન્ડોસલ્ફાન

એન્ડોસલ્ફાન વિશે 'ભૂમિપુત્ર'ના લેખ પર આધારિત શ્રી શાંતિલાલભાઇ દ્વારા મંગલ મંદિરના માસ માર્ચ-૨૦૧૧ના અંકમાં જે રજૂઆત થઇ છે તેનાં અનુસંધાનમાં આ લખાણ લખવાનું ઉચિત માન્યું છે.

એન્ડોસલ્ફાન એક ઝેરી રસાયણ છે અને તેનાં કારણે ભારતમાં અમુક રાજ્યો તેમજ વિદેશમાં કેટલાક દેશોએ તેના ઉપયોગ માટે કાનૂની પ્રતિબંધ મૂક્યો છે. બીજી તરફ ભારત સરકારનો લાગતાવળગતા ખાતાંઓ આ વિષયે યોગ્ય ફરજ બજાવતા નથી તેવું જણાય છે. તેવા સંજોગોમાં કચ્છનું અને પર્યાવરણનું હિત જેમના હૈયે વસેલું છે તેવા શ્રી કાંતિસેન શ્રોફ કે જેઓ જાતે એન્ડોસલ્ફાનનું પ્રોડક્શન મોટાપાયે કરે છે તેઓ આ બાબતે પોતાના મંતવ્ય રજૂ કરીને ખરી હકીકત સામે લાવવા યોગ્ય કરે તેવી અમારી વિનંતી છે.

*કિશોર કિરણભાઈ શાહ*

• • • • •

## ભ્રષ્ટાચારી રાજનેતાઓ

આજકાલ આપણાં દેશ અને દુનિયામાં કાળું નાણું અને ભ્રષ્ટાચારથી સૌ કોઇ વાકેફ છે. આ બે શબ્દોએ આપણી સંસ્કૃતિ અને સભ્યતાને ઘણું જ નુકસાન પહોંચાડ્યું છે. એમાં મોટેભાગે આપણા નવા નવા રાજનેતા અને ઉદ્યોગપતિઓ છે; રાજનેતા એની સત્તાનો દુરુપયોગ કરી બેફામ પૈસા ભેગા કરે છે. આપણાં ઉદ્યોગપતિઓ અને રાજનેતાઓની દૃષ્ટિ પોતાના પૂરતી જ સીમિત થઇ ગઇ છે. પોતાના નફાથી આગળ કાંઇ જ દેખાતું નથી. સૌને પોતાનો રોટલો જ શેકવો છે. સેવાભાવ તો કલ્પનામાંય નથી.

હવે એમાં ધર્મના આંચળો ઓઢીને ફરતા બાવા વધી ગયા છે. ધર્મના નામે લોકોને ધૂતે છે. અરબો રૂપિયાના માલિક બની ગયા છે. દવાની મોટી મોટી ફેક્ટરીઓ ખોલીને ટેક્ષ ફ્રી પૈસા ભેગા કરે છે અને આ નાણાં બાબત ચોખ્ખો જવાબ આપે છે કે અમને દાનમાં મળેલી તે રકમ છે. પરદેશમાં પણ મોટી મોટી જમીનોના માલિક થઇ બેઠા છે. ફ્રીમાં કોઇની સેવા પણ નથી કરતા કે લોકોપયોગી કોઇ કામ પણ નથી કરતા. અને પૂરેપૂરી સિક્યોરિટી આપણાં (સરકારના) ખર્ચે મેળવી રહ્યા છે. આ સ્થિતિમાં સાધુ કહેવડાવવાની લાયકાત એ લોકોમાં છે ખરી? આ ઠગારા બાવાઓને દાનમાં આટલી મોટી રકમ કોણ આપે છે અને એ નાણાં ક્યાંથી આવ્યા છે, એની તપાસ થવી જોઇએ અને પ્રજાએ અવાજ ઊઠાવવો જોઇએ.

રાજનેતાઓ પોતાના સંતાનોના લગ્નમાં પણ બેફામ ખર્ચા અને ઠઠારા કરે છે તો આટલી મોટી આવક ક્યાંથી આવી એ પણ વિચારવાનો પ્રશ્ન છે. બધાને ખુલ્લા પાડી દેશમાંથી જ આવા લોકો પાસેથી પૈસા કઢાવી લેવા અને પછી પરદેશમાંથી જે ધૂતારાઓને પાણીના ભાવે જમીનો ખેરાત કરી છે તે પાછી મેળવી લેવી જોઇએ.

આ રીતે વધારાની જમીન અને વધારાના બધાજ પૈસા પાછા મેળવીને લોકોના હિત અર્થે કામે લગાડવા જોઇએ.

*રાહુલ એ. સંઘવી - અમદાવાદ*

• • • • •

## શ્રી કનકભાઇ મહેતાને શ્રદ્ધાંજલિ

મંગલ મંદિર, માર્ચ-૨૦૧૧ના અંકમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદે, સ્વ. કનકભાઇ મહેતાને શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ છે. શ્રદ્ધાંજલિ લેખમાં સ્વ. કનકભાઇના સ્વભાવ વિશે વર્ણન કરવામાં આવેલ છે પરંતુ તેઓશ્રી આ સમાજને ભૂતકાળમાં કઇ રીતે ઉપયોગી થયા તેનો એક દૃષ્ટાંત હું અત્રે રજૂ કરું છું.

મારો પરિચય સ્વ. કનકભાઇ સાથે છેલ્લા ૬-૭ વર્ષ દરમ્યાનનો જ રહેવા પામેલ છે. પરંતુ તેઓશ્રી તથા સમાજના અન્ય કાર્યકરશ્રીઓ સાથે વાત કરતા નીચે મુજબની હકીકત જાણવા મળેલ.

લગભગ ૧૯૮૪-૧૯૮૫ દરમ્યાનની આ વાત છે. સમાજને પગ મૂકવા અમદાવાદમાં કોઇ સ્થળ જ ન હતું. સમાજની મિટિંગો શ્રી ચક્રેશ્વરી ટ્રાન્સપોર્ટમાં અથવા તો શાહ રોડલાઇન્સમાં થતી. એ સમયે શ્રી હીરજીભાઇ, ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેન્ડની સામે એક મકાન શોધી લાવ્યા કે જે અતિથિ ભવન શરૂ કરવા કામ લાગી શકે તેવું હતું. મકાનની કિંમત એ સમયે રૂા. ૭.૦૦ લાખ હતી. પરંતુ સમાજ પાસે ટોકન આપવા પૂરતા રૂા. ૫૦૦૦/- પણ ન હતા. અગર ટોકનના પૈસા કોઇ પણ રીતે અપાઇ જાય તો એ મકાન નક્કી થઇ શકે. સમાજના એ સમયના કાર્યકરો સ્વ. માવજીભાઇ, શ્રી મૂળજીભાઇ, શ્રી હીરજીભાઇ, ડો. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા વગેરેને વિશ્વાસ હતો કે તેઓ મકાનની કિંમત જેટલા પૈસા પ્રથમ લોન સ્વરૂપે એકત્રિત કરી, સમાજના નામે મકાન કરી શકશે અને ત્યારબાદ વિવિધ રૂમો વગેરેના નકરા નક્કી કરી, એ નકરા દ્વારા જરૂરી પૈસા એકત્રિત કરી લોન પરત કરી શકશે.

પરંતુ યક્ષ પ્રશ્ન રૂા. ૫૦૦૦/- ટોકન ચૂકવવાનો હતો. આ એમાઉન્ટ લાવવી ક્યાંથી? એ સમયે આ રકમ સારી એવી મોટી હતી. કાર્યકરો અંદરોઅંદર ચર્ચા કરતા રહ્યા પરંતુ ઉકેલ જડતો ન હતો. દિવસો પસાર થતા હતા.

સ્વ. કનકભાઇને આ વાતનો ખ્યાલ આવ્યો. તેઓ કાર્યકરોને રૂબરૂ મળ્યા. એ મકાન પર ગયા. કાર્યકરોને પૂછ્યું આ મકાન ગમે તો છે ને? કાર્યકરોએ હા પાડી. બીજો પ્રશ્ન આવ્યો આ મકાન ખરીદવું એ નક્કી છે? કાર્યકરોએ તેનો પણ હકારમાં જવાબ આપ્યો.

સ્વ. કનકભાઇએ તરત જ ખિસ્સામાંથી રૂા. ૫૦૦૦/- કાઢી કાર્યકરોને સુપરત કર્યા અને કહ્યું કે હાલે મકાનનું ટોકન ચૂકવી મકાન નક્કી કરી લો. યોગ્ય લાગે ત્યારે લોન પરત કરશો.

વધુમાં એ પણ કહ્યું કે તમારાથી થાય તેટલા પ્રથમ લોન સ્વરૂપે અને ત્યારબાદ નકરા સ્વરૂપે જે એમાઉન્ટ નક્કી થઇ શકે તે કરી આવશો. એમાઉન્ટ ઘટે તેની જવાબદારી મારા પર છોડી દેજો. હું એકલો એ એમાઉન્ટ એકત્રિત કરી આપીશ!

કાર્યકરોના પગમાં ખૂબ જ જોમ આવી ગયું. સહુ ઉત્સાહિત થઇ ઊઠ્યા. અને એ ઉત્સાહમાં ગાડી એવી દોડવા લાગી કે સ્વ. કનકભાઇની બાદમાં ખાસ જરૂરિયાત જ ઊભી ના થઇ!

અને ત્યારથી શ્રી કચ્છી જૈન સેવા સમાજે કદમ-કદમ આગે બઢવાની શરૂઆત કરી.

સ્વ. કનકભાઇની એ હિંમત અને દિલેરીને સમાજ આજે પણ યાદ કરે છે. સમાજ તેના પાયાના આ પથ્થરને ક્યારેય પણ વિસરી શકશે નહીં.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

• • • • •

## 'વિચાર-વિમર્શ'ના સુંદર લેખો અંગે

મંગલ મંદિરના માર્ચ-૨૦૧૧ ના 'વિચાર વિમર્શ' વિભાગનો પહેલો જ લેખ મનમાં આનંદ-ઉમંગની લાગણીઓ રેલાવી ગયો. ડો. કેશુભાઇ દેસાઇનો, 'મૈ કછુ નહીં જાનૂં' બહુ જ ગમ્યો. અઢી અક્ષરની જ, પણ છતાં મોટીમસ વાત નાના એવા આ લેખમાં સમાવી દઇને તેમણે કમાલ કરી છે. પ્રેમની વિધવિધ તાસિરો અને તસવીરોનું આ વર્ણન માણવા જેવું છે. જીવનની જડીબુટ્ટી જેવા આ સાશ્વત તત્ત્વમાં તરબોળ થઇ જઇને, તેમના જ શબ્દોમાં : LET US LOVE ALL. આપણાં જેવાં સામાન્ય માણસને ઊંચી ફિલસૂફીની જરૂર નથી, આપણે તો હક્કદાર છીએ એવા એ અમીપિયાલાના! ડૉક્ટર સાહેબને ફરી ધન્યવાદ.

ભાઇશ્રી શરદચંદ્ર શાહે સરસ વાત પૂછી છે, કે 'પ્રાથમિક ધોરણથી વિદ્યાર્થીને ટ્યૂશનની જરૂર છે?' હું તો આગળ ચાલીને એમ પૂછું છું કે કોઇપણ ધોરણમાં આ ટ્યૂશનની જરૂર છે? આ કહેવાતા ટ્યૂશનો વિદ્યાર્થીની વિચારશક્તિને ડામી દે છે. એનું મગજ કામ કરવાનું બંધ કરે છે. એ મગજ પેલા સરને ગીરવે આપી દે છે! આ ટ્યુશનો વિદ્યાર્થીને તેજસ્વી બનાવે છે? ખોટી વાત. મૂઢ બનાવે છે, અથવા ગોખી જનારો એક પ્રાણી તૈયાર કરે છે. એની વિચારશક્તિને ટૂંપી દઇને તેને માનસિક રીતે વિકલાંગ બનાવી દે છે. કારણ? કારણ કે ટ્યુશનમાં જોડાયા પછી એને પુસ્તક બહારનું કે પાઠ બહારનું કાંઇપણ વધુ ભણવાની જરૂર જ લાગતી નથી! વળી આ જમાતમાં જોડાવાની ફી? પૂછશો જ મા, મા-બાપોને તમ્મર આવી જાય છે. અરે એ આંકડા સાંભળીને હું પણ ચકરાઇ જાઉં છું. પણ છતાં ધન્ય છે, આ રવાડે ચડેલા શિક્ષણ જગતને, જેણે મા-બાપની આંખે પાટા બાંધી દેવામાં સફળતા મેળવી છે. જય હો, તેજસ્વી વિદ્યાર્થીની!!

આ જ વિચાર વિમર્શ વિભાગમાં શ્રી ભવાનજીભાઇ નાંગલપુરવાલાએ વૃદ્ધાશ્રમો વિશે અને ડો. ગિરીશભાઇ વીંછીવોરાએ આપણી 'સૃષ્ટિની ટ્રસ્ટી કુદરત' વિશે સારું એવું વિચારભાથું પૂરું પાડ્યું છે. હવે, વિચાર આપણે કરવાનો છે.

વિ.વિ.માં છેલ્લો લેખ છે, મુ. શાંતિભાઇ સંઘવીનો. પ્રતિભાવરૂપે એમના લેખમાંથી બે વાક્યો જ હું ટાંકીશ. જેમાનું બીજું સંત કન્ફ્યુશિયસનું છે. (૧) મહાપુરુષોના મૃત્યુ બાદ જે પ્રજા તેની પ્રશસ્તિ ગાય છે, તે તો પોતાની નબળાઇ-હીણપત ઢાંકવા માટે જ હોય છે અને (૨) આ દુનિયા વિશે અને તમારા પોતાના વિશેનું જ્ઞાન વધારો અને તમે આ દુનિયાને જેટલી સુંદર બનાવી શકો તેટલી બનાવો... બહુ જ ઇચ્છા થાય તો થોડી પ્રાર્થના કરી લઇને ઇશ્વરને ભૂલી જાવ, ને કામે લાગો.

મહાપુરુષોના સ્મારકો, મંદિરો, દેરાં કે દેવળ ચારેકોર બનાવીને તેનાં દર્શન/યાત્રાની દોડાદોડી કરતા આજના યુવાનો માટે આ બે વાક્યો બધું જ કહી જાય છે.

વિચાર વિમર્શના પાંચેય લેખો માટે તંત્રીશ્રીને પણ ધન્યવાદ.

બીજા નોંધનીય લેખો પણ છે જ. 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' અને રેડક્રોસ અંગેના માહિતી લેખો ખરેખર માહિતીસભર છે. વળી શ્રી દિનેશભાઇ પાંચાલનો મનન-મંથન કરાવે તેવો લેખ 'ખોટી ગાડી ના પકડાય' પણ ઉત્તમ છે.

આવી સરસ વાતોની રજૂઆત માટે તંત્રી મંડળને અને ખાસ આપને ખૂબ ધન્યવાદ ઘટે છે.

પણ મૂળ વાત IMPLEMENT, આચરણ, કેટલું થાય છે તે છે. આપણે પ્રયત્નો કરવા, જેટલું ઉપયોગી થાય તેટલું ખરું!

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનો માસિક અહેવાલ

### ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૧

- **શુક્રવાર, તા. ૨૫-૨-૨૦૧૧**

☆ દોશી આયનને કચ્છમાં ડિ-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની અથવા તો અન્ય કોઇ સ્થાપે તો તેને વેચવાની ઇચ્છા હોવાથી દોશીઆયનના કોમ્યુનિટી વોટર સપ્લાય ડિવિઝનના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી જે.વી. રાવ તથા જનરલ મેનેજર - એન્જિનિયરીંગ (બૂટ)ના શ્રી કમલાકર આજ રોજ અમદાવાદ ખાતે ફોકીઆના ચેરમેન શ્રી નિમેષ ફડકે તથા કે.ડી.સી.ના ચેરમેન શ્રી અશોક મહેતાને રૂબરૂ મળેલ હતા અને કચ્છમાં ઇન્ડસ્ટ્રીયલ વોટરની જરૂરિયાત વગેરે અંગે ચર્ચા કરી હતી.

☆ આજરોજ પ્રબુધ શક્તિ મંચ - અમદાવાદ ખાતે શ્રી સુરેશચંદ્ર મહેતાને શ્રી નિમેષ ફડકે તથા શ્રી અશોક મહેતાએ રૂબરૂ મળી કચ્છના ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ વિશેની જનરલ ચર્ચા કરેલ હતી.

☆ નર્મદા નિગમના ડાયરેક્ટર શ્રી મુકેશભાઇ ઝવેરીએ જણાવેલ કે ગુજરાત રાજ્યનું વર્ષ ૨૦૧૧-૧૨નું બજેટ ગુજરાત વિધાનસભામાં આજરોજ મૂકવામાં આવેલ છે. તેમાં કચ્છ બ્રાંચ કેનાલની નહેરો માટે રૂા. ૨૫૦૦/- કરોડ અને તેના પમ્પિંગ સ્ટેશન માટે રૂા. ૫૫૦/- કરોડની અલગથી ફાળવણી કરવામાં આવેલ છે. તેનાથી ચાલુ વર્ષમાં કેનાલોના કાર્યમાં સારો એવો વેગ આવશે.

- **શનિવાર, તા. ૨૬-૨-૨૦૧૧**

☆ આજરોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સભ્યોની અમદાવાદ ખાતે એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્ર કે.ડી. શાહ, શ્રી હંસરાજભાઇ કંસારા, શ્રી ભરતભાઇ ઓઝા, શ્રી મહેન્દ્રભાઇ મોરબિયા તથા આમંત્રિતો તરીક શ્રી કાંતિભાઇ સાવલા તથા શ્રી રજનીભાઇ પારેખ ઉપસ્થિત રહેલ હતા. ભુજમાં આર્કિટેક્ચરલ કોલેજ સ્થાપવા ભુજ - ભચાઉ રોડ ઉપર અગાઉ એન.એ. થયેલ K.D.C.ની એક એકર જેટલી જમીનની બાજુમાં જ એન.એ. થયેલ અંદાજિત ૯૦૦૦ ચો.વાર જમીન રૂા. ૧૮૦૦/- ચો.વારના હિસાબે (ટોટલ અંદાજિત રૂા. ૧.૬૨ કરોડ) ખરીદીની મંજૂરી આપવામાં આવેલ હતી. આર્કિટેક્ચરલ કૉલેજના પ્લાનિંગ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ઇતિહાસ આલેખનનું કાર્ય શક્ય ત્વરાએ પૂરું કરવા સહુને જણાવવામાં આવેલ હતું.

- **સોમવાર, તા. ૨૮-૨-૨૦૧૧**

☆ આજરોજ ભુજ ખાતે આર્કિટેક્ચરલ કૉલેજની જમીનને રીવાઇઝડ એન.એ. કરાવવા શ્રી મુકેશભાઇ ઝવેરીનું માર્ગદર્શન મેળવવા શ્રી અશોકભાઇ મહેતા તેઓશ્રીને ભુજ ખાતે રૂબરૂ મળેલ હતા અને જરૂરી માર્ગદર્શન મેળવેલ હતું.

- **ગુરુવાર, તા. ૧૦-૩-૨૦૧૧**

☆ આજરોજ લક્ષ્મણભાઇ કન્સ્ટ્રક્શન કું. ના શ્રી લક્ષ્મણભાઇ (નૈરોબી) તથા શ્રી અશોક મહેતા 'મલ્ટી નેન્ટેક કન્સલ્ટન્ટ પ્રા.લિ., એમ. સ્કવેઝ મિલેનિયમ પ્લાઝાની મુલાકાત લઇ ત્યાં શ્રી વિઠ્ઠલભાઇ બી. પટેલને રૂબરૂ મળેલ હતા અને ગુજરાત સરકારશ્રીના જળસિંચાઇ વિભાગ તરફથી કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના સર્વે અંગેનું કામ જે તેઓશ્રીને સુપરત કરવામાં આવેલ છે તે અંગે ચર્ચા કરેલ હતી. શ્રી વિઠ્ઠલભાઇના જણાવ્યા અનુસાર હજુ સુધી ૧૫-૨૦ ટકા જેટલું કામ પૂર્ણ થયેલ છે, અન્ય સર્વે કામ ચાલુ છે. તેનો અહેવાલ તૈયાર થયે તે સરકારશ્રીને સુપરત કરવામાં આવશે. નર્મદા નિગમની કચ્છ બ્રાંચ કેનાલમાંથી ૮ સ્થળે આઉટલેટ મૂકી અલગ અલગ માત્રામાં આ પાણી મેળવવાનું નક્કી છે. અમારે એ પાણીના આયોજનો અને તેની કેનાલો કઇ રીતે બનાવવી અને હયાત તળાવો તથા ડેમો કઇ રીતે આ પાણીથી ભરવા તેવું સૂચન કરીને યોજના રજૂ કરવાની છે.

- **મંગળવાર, તા. ૧૫-૩-૨૦૧૧**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલ અંગે શ્રી મુકેશભાઇ ઝવેરી સાથે શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઇ દંડે રૂબરૂમાં ચર્ચા કરેલ હતી. શ્રી મુકેશભાઇના જણાવ્યા અનુસાર આવતા એકાદ મહિનામાં રાપરથી મોખા સુધીના આ કેનાલના કાર્યો શરૂ થઇ શકશે. પમ્પિંગ સ્ટેશનના પણ કોન્ટ્રેક્ટ અપાઇ ગયેલ હોવાથી એ કાર્યો પણ શરૂ થવાની તૈયારીમાં છે. ■

*અજ્ઞાની ઊંઘમાં સપનાં ઉમેરે છે,*
*અને જ્ઞાની*
*સપનામાંથી ઊંઘની*
*બાદબાકી કરે છે...*

*પરાજયનો વિચાર જ પરાજય નોતરે છે. શ્રદ્ધા વિના સિદ્ધિ નહિ.*

## દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ



*દીપ પ્રાગટ્ય મુખ્ય મહેમાન શ્રી ચંપક ગંગર (પ્રમુખ - કચ્છ પેસેન્જર્સ એસોસિએશન - મુંબઈ)*

દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ જેનું કાર્યક્ષેત્ર અંકલેશ્વરથી દહાણુ સુધીનું છે, તેનું ૧૨મું વાર્ષિક સ્નેહ મિલન, રવિવાર, તા. ૨૦-૨-૧૧ના વલસાડ મધ્યે યોજવામાં આવ્યું હતું.

આ સ્નેહ મિલનના સમારંભ પ્રમુખ તરીકે જાણીતા સંગીતકાર પદ્મશ્રી આણંદજીભાઇ શાહ અને શ્રી ચંપકભાઇ ગંગર (પ્રમુખ, કચ્છ પેસેન્જર્સ એસોસિએશન - મુંબઇ) અતિથિ વિશેષ તરીકે બિરાજ્યા હતા.

ગત વર્ષ દરમ્યાન સમાજના જે ભાઇ/બહેનોના દુઃખદ અવસાન થયા હતા તેમના માટે ઉભા રહીને બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

સંસ્થા પ્રમુખશ્રી મનસુખભાઇ છેડાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ સુરત એકમના વરસોથી સંસ્થાના કારોબારી સભ્ય તરીકે સેવા આપનાર શ્રી મહેન્દ્ર વલ્લભજી ગાલા કચ્છ ગામ રાયધણજરવાળાના થયેલ દુઃખદ અવસાન પ્રસંગે તેમના પરિવારજનોને સ્મૃતિપત્ર અર્પણ કરવામાં આવેલ.

સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ સમા અપરીણિત યુવક-યુવતીઓની તેમના પરિવાર સહિત સ્ટેજ ઉપર ઓળખવિધિ રાખવામાં આવેલ હતી. તેમજ સમાજના તેજસ્વી તારલાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

*અમૃત ડી. ગાલા - માનદ્ મંત્રી*

## શ્રી વિદર્ભ કચ્છી વીસા ઓસવાલ સમાજ સમાજનું ગૌરવ

કચ્છ ગામ ચાંગડાઈ હાલે નાગપુરના સુપ્રસિદ્ધ ડૉ. હેમંત તકલશી જૈન (નાગડા) ખાન પશુવૈધક શલ્ય ચિકિત્સક છે. ઇંડિયન સોસાયટી ફોર એડવાન્સમેન્ટ ઑફ કેનાઈન પ્રેક્ટિસ અને ડોર એ કાશ્મીર યુનિવર્સિટી ઑફ એગ્રિકલ્ચરલ સાયંસ એન્ડ ટેકનોલોજી - જમ્મુ મુકામે ૪ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ આયોજિત કોન્ફરન્સમાં આ વર્ષનો ''સર્વોત્કૃષ્ટ ડૉગ પ્રેક્ટિશનર''થી જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ મા. શ્રી એન.એન. વોહરાના હસ્તે માનપત્ર અને સ્મૃતિચિહ્ન આપી બહુમાન થયું.

આ કોન્ફરન્સમાં સમગ્ર દેશ વિદેશથી ૪૦૦ શ્વાનના ડોક્ટરો આવેલ હતા. ગત ૨૩ વર્ષથી નાગપુરમાં ડૉ. હેમંત જૈન શ્વાન આરોગ્ય કેન્દ્ર ચલાવે છે. પહેલા પણ એમને ઘણાં ઍવૉર્ડ મળ્યા છે. આપણા સમાજ માટે ગૌરવની વાત છે. અમારી જાણમાં સમગ્ર કચ્છી સમાજમાં કદાચ એજ શ્વાન શલ્ય ચિકિત્સક છે.

*કે. વી. જૈન - કાર્યકારી મંત્રી*

## અમદાવાદમાં 'એક્ટ', 'એક્વાડમ' અને 'પ્રવાહ' સંસ્થાના સયુંક્ત પ્રયાસથી સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન અંગેના બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું.

એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ (એક્ટ) - ભુજ, એડવાન્સ સેન્ટર ફોર રિસોર્સ ડેવલોપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ (એકવાડમ) - પુના અને પ્રવાહ - અમદાવાદ સંસ્થાઓના સંયુક્ત પ્રયાસથી અમદાવાદ ખાતે તાજેતરમાં સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન (PARTICIPATORY GROUND WATER MANAGEMENT) વિષયક બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલું હતું. આ વર્કશોપનો હેતુ સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન અંગે જાગૃતિ કેળવવા ઉપરાંત પશ્ચિમ ભારતમાં સૂકા અને અર્ધ સૂકા વિસ્તારોમાં કાર્ય કરતી સંસ્થાઓ આ કાર્ય સફળતાપૂર્વક કરવા માટે એકજૂથ થવા અંગેનો હતો.

આ બે દિવસીય વર્કશોપમાં ગુજરાત-સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન વિસ્તારમાં પાણીના સંદર્ભમાં કાર્ય કરતી સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

વર્કશોપના પ્રથમ દિવસે પહેલા વિભાગમાં પીવાના પાણીના સંદર્ભમાં ભૂગર્ભ વ્યવસ્થાપન કેવી રીતે કરવું જોઇએ એ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બીજા વિભાગમાં સિંચાઇ અને ભૂગર્ભજળ વ્યવસ્થાપન અંગેની વાત રજૂ કરવામાં આવી હતી.

ત્રીજા વિભાગમાં ભૂગર્ભજળની ગુણવત્તા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

વર્કશોપના બીજા દિવસે ચોથા વિભાગમાં વ્યવસ્થાપન અને ક્ષમતાવર્ધન અંગે વિચાર-વિમર્શ કરવામાં આવેલું હતું.

પાંચમા વિભાગમાં સંસ્થાકીય માળકા અને નેતૃત્વની વાત વહેતી મૂકવામાં આવેલ હતી.

*વ્યક્તિ જન્મથી નહિ પરંતુ કર્મથી ઓળખાય છે.*

## બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજના અધ્યક્ષ શ્રી હેમરાજભાઈ શાહનું સન્માન

બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજના અધ્યક્ષ શ્રી હેમરાજભાઈ શાહના સામાજિક કારકીર્દિના ૪૪ વર્ષ અને તેમની ૭૦મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે તાજેતરમાં મુંબઈ મધ્યે જાહેર અભિવાદન સમારોહ યોજાયો હતો. વિવિધ રાજકીય હસ્તીઓ, સાહિત્ય કલા જગતના મહારથીઓની ઉપસ્થિતિએ સમારોહને ગરીમા બક્ષી હતી.

અરુણભાઈ ગુજરાતીના પ્રમુખસ્થાને આયોજિત સમારોહમાં સંબોધન કરતાં રાજ્યના ગૃહપ્રધાન આર.આર. પાટીલે મુંબઈ શહેરના સર્વાંગી વિકાસમાં ગુજરાતીઓના યોગદાનની પ્રસંશા કરી હતી.

જાહેર બાંધકામ ખાતાના પ્રધાન છગન ભુજબળે જણાવ્યું કે હેમરાજભાઈ, મરાઠી અને ગુજરાતી બંધુઓને જોડનારી મહત્ત્વની કડી સમાન છે. એમણે ૨૬ જેટલા પુસ્તકો લખ્યા છે એ નાની સૂની વાત નથી.

આ પ્રસંગે હેમરાજભાઈનું શાલ ઓઢાડીને અને સન્માનપત્ર આપીને જાહેર અભિવાદન કરાયું હતું. અને એમના પુસ્તક "સાધનાનું સાતત્ય"નું વિમોચન કરાયું હતું.

સ્વમાનના પ્રત્યુત્તરમાં હેમરાજ શાહે મહારાષ્ટ્રના ગુજરાતી સમાજોનું મહાસંઘ રચીને આગામી મે મહિનામાં સંમેલન બોલાવવાની જાહેરાત કરી હતી.

## ગ્લોબલ કચ્છ હોબી કોર્નર

ગ્લોબલ કચ્છ હોબી કોર્નર તથા કચ્છ ફિલાટેલિક એસોસિએશનના ઉપક્રમે મુંબઇના કચ્છ હોબી સર્કલના પ્રમુખ તથા રાષ્ટ્રીય કક્ષાના ટિકિટ સંગ્રાહક શ્રી જીવરાજભાઇ ઠક્કર, સિક્કા તથા બેંકનોટના સંગ્રાહક શ્રી ઝવેરીલાલભાઇ રાજગોર, ટિકિટ સંગ્રાહક શ્રી કુંવરજીભાઇ મોતા તથા શ્રી આબીદભાઇ થાનકી સાથે સ્નેહમિલનનો કાર્યક્રમ કબીર મંદિરના અધ્યક્ષ શ્રી કિશોરદાસજી સાહેબની નિશ્રામાં ગ્લોબલ કચ્છ હોબી કોર્નર મધ્યે તાજેતરમાં યોજવામાં આવેલ હતો.

પ્રારંભમાં સંસ્થાના મંત્રી શ્રી દિનેશભાઇ મહેતાએ સૌને આવકાર્યા હતા. બાદમાં શ્રી કિશોરદાસજીએ બન્ને સંસ્થાઓની પ્રવૃત્તિઓની વિગતો જણાવી હતી. પ્રમુખશ્રી ચંદ્રવદન મહેતાએ કચ્છ બહાર વસતા રાષ્ટ્રીય કક્ષાના સંગ્રાહકો કચ્છના ઉગતા સંગ્રાહકોને વિવિધ સ્વરૂપે ઉપયોગી થાય તેવી વિનંતી કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા આભારવિધિ મંત્રીશ્રી દિનેશભાઇ મહેતાએ કરેલ જ્યારે શ્રી મેહુલ મહેતા સહયોગી રહ્યા હતા.

## સરનામા વિનાના માનવીઓને મળવાનો અવસર....

ભટકતું જીવન જીવનારાં...વિચરતા અને વિમુક્ત સમુદાયને સામાજિક ઓળખ, નાગરિક અધિકારો, શિક્ષણ, રહેઠાણ તેમજ પાયાની સુવિધાઓ અપાવવાની સેવા ઝુંબેશમાં કાર્યરત, એવી સંસ્થા એટલે "વિચરતા સમુદાય સમર્થન મંચ"ના ઉપક્રમે તાજેતરના વસંતોત્સવ દરમિયાન ગામ એંદલા, તાલુકા માંડલ મધ્યે આવા સમુદાય પ્રત્યે આશ્વાસન રૂપ બની રહેવાના ઉદ્દેશથી પૂ. મોરારિબાપુના કંઠે રામકથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી રામકથા સમિતિ અને મંચ દ્વારા નિમંત્રણને માન આપીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના પ્રતિનિધિઓ તરીકે ડો. ચંદ્રકાંતભાઇ દેઢિયા, શ્રી કાંતિલાલભાઇ સાવલા, શ્રી પ્રતાપભાઇ દંડ તેમજ શ્રી મણિલાલભાઇ ગોસર ઉપરોક્ત પ્રસંગમાં હાજરી આપીને વિચરતા સમુદાય સમર્થન મંચને તેમની સામાજિક પ્રવૃત્તિઓને બિરદાવીને સર્વે શુભેચ્છા પાઠવી હતી. ■

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ ફેબ્રુઆરી-૨૦૧૧ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ. (પાના : ૩૯)
૨. મનસુખભાઈ જાગાણી, મનસુખભાઈ પટેલ, મનસુખભાઈ પ્રજાપતિ. (પાના : ૩૦)
૩. શ્રી ઠાકરશીભાઈ કંસારા (પાના : ૪૫)
૪. દિલ્હીના નેશનલ મ્યુઝિયમને ૨૦૦ જેટલાં સંગીતના દુર્લભ વાજિંત્રો ભેટ આપ્યા હતા. (પાના : ૭૦)
૫. શ્રી દીપચંદ ગાર્ડીજી. (પાના : ૪૨)
૬. શ્રી મોરારિબાપુ. કેટલાક પવિત્ર તમાચા. (પાના : ૨૫)
૭. રોમન વિઝન ફાઉન્ડેશન. (પાના : ૧૦૧)

*ફેબ્રુઆરી-૨૦૧૧ના અંકના બધા પ્રશ્નોના ખરા જવાબ આપનારની યાદી.*

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. મીનાક્ષી રજનીકાંત પારેખ - અમદાવાદ
૩. રમણિકલાલ ગોસર - અમદાવાદ
૪. મધુરીબહેન ગોસર - અમદાવાદ
૫. ઝરણા હેમાંગ પારેખ - અમદાવાદ
૬. લીલાધર ઉમરશી સાવલા - ભુજ
૭. જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૮. નયના એ. ગાલા - અમદાવાદ
૯. કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ
૧૦. દમયંતી રમણલાલ ગાલા - આદિપુર
૧૧. નેહા ભાવેશ પારેખ - અમદાવાદ
૧૨. જ્યોત્સના અરવિંદ પારેખ - અમદાવાદ
૧૩. કલ્પના ગાલા - અમદાવાદ
૧૪. લક્ષ્મીચંદ વી. ધરમશી - બીજાપુર
૧૫. નવીન શામજી લાલકા - ગદગ
૧૬. શ્રીમતી દક્ષાબહેન ધનસુખ શાહ - અમદાવાદ
૧૭. શ્રીમતી મીનાક્ષી એ. માંકડ - અમદાવાદ
૧૮. શ્રીમતી મૈત્રી કપીલ શાહ - અમદાવાદ
૧૯. શ્રીમતી ચંદ્રિકા આર. શેઠ - અમદાવાદ
૨૦. શ્રી જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ
૨૧. શ્રી અમર ઉમરશી રાંભિયા - નડિયાદ

★

માસ જાન્યુઆરી-૨૦૧૧ના પ્રશ્નોના પાછળથી આવેલ અને બધા સાચા જવાબો આપનાર

૧. શ્રીમતી વર્ષાબહેન રવિલાલ પારેખ - અમદાવાદ

★

**★ માસ માર્ચ-૨૦૧૧ના અંકના પ્રશ્નો :**

૧. ઘર આંગણે સુપર કોમ્પ્યુટર બનાવનાર ભારત દેશનો ક્રમાંક કયો છે?
૨. કયા સમાચારના અહેવાલમાં 'સાત દાયકા અગાઉ ૬૦ હજાર કોરી'નો ઉલ્લેખ છે?
૩. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણ કરવાનું ઇજન કોણે આપ્યું હતું?
૪. ભૂકંપ પછી કચ્છમાં વિકાસ કરવા અને રોજગાર વધારવા કેન્દ્ર સરકારે ઉદ્યોગોને કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા પ્રોત્સાહિત કરવા શાની જાહેરાત કરી હતી?
૫. "સરકારી બાબુઓને વળી સંગીતમાં શી સમજ પડે?" આવું કોણે કહ્યું હતું?
૬. ગ્રંથો, એ ક્યારેય નિસ્તેજ ન થાય એવા સૌંદર્યના ઉદ્યાનો છે. એનાં મોહક પુષ્પો ક્યારેય કરમાતાં નથી અને ઉત્તમ ચરિત્રોનાં પાંદડાં ક્યારેક સૂકાતાં નથી... આવું લખાણ કયા પાના પર વાંચવા મળે છે?
૭. યુદ્ધોને અટકાવી ના શકો તો ઓછામાં ઓછું એનો ભોગ બનેલાંની અસહ્ય યાતનાઓ તો ઓછી કરો! કયા લેખકે આવું લખ્યું છે?

***નોંધ : ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે. જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૪-૨૦૧૧ છે.***

***જવાબો મોકલવાનું સરનામું :***
શ્રી કચ્છી જૈન ભવન,
- **કનકલાલ સાકરચંદ દેવશી મહેતા** (ઉં.વ. ૮૨) (ભુજપુર - અમદાવાદ) બુધવાર, તા. ૯-૨-૨૦૧૧ના રોજ અમદાવાદ મધ્યે અરિહંત શરણ થયા છે.
- **રમાબહેન મોહનલાલભાઈ શાહ** (ઉં.વ. ૭૯) (ભુજ - અમદાવાદ) રવિવાર, તા. ૧૩-૩-૨૦૧૧ના રોજ અમદાવાદ મધ્યે અરિહંત શરણ થયા છે.

*સદ્ગત આત્માઓના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, રાજસ્થાન હોસ્પિટલની પાસે, શાહીબાગ, અમદાવાદ મધ્યે કચ્છથી અમદાવાદ તબીબી સારવાર અર્થે પધારતા જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમની સંભાળ અર્થે સાથે રહેનાર તેમના સગાં-સંબંધીઓને વિના મૂલ્યે નાસ્તા-ભોજન **શ્રી જલારામ અન્નક્ષેત્ર યોજના** હેઠળ આપવાનું ચાલુ છે. દર મહિને આ યોજના અંતર્ગત સારો એવો લાભ ઉઠાવવામાં આવી રહેલ છે.

૧. આ યોજનામાં નારાણપુરા - અમદાવાદ સ્થિત **એક સદ્ગૃહસ્થ** દ્વારા રૂા. ૯,૦૦૦/-નું સેવાદાન તા. ૧૬-૩-૨૦૧૧ના પ્રાપ્ત થયું છે.

૨. કચ્છ નાના ભાડિયાના હાલે મુંબઈ નિવાસી **માતુશ્રી સુશીલાબહેન ભવાનજી લાલજી રાંભિયા હા. શ્રી ધર્મેશભાઈ ભવાનજી રાંભિયા** દ્વારા રૂા. ૧,૦૮,૦૦૦/-નું અનુદાન પણ ઉપરોક્ત યોજનામાં તા. ૧૮-૩-૨૦૧૧ના મળ્યું છે.

૩. કચ્છ પુનડીના હાલે લાલબાગ - મુંબઇ નિવાસી **માતુશ્રી જવેરબહેન કાંતિલાલ લાલજી સંઘોઇ, કિરણબહેન હિતેશ સંઘોઇ** દ્વારા રૂા. ૧,૦૮,૦૦૦ નું અનુદાન ઉપરોક્ત યોજનામાં જાહેર થયું છે. (તા. ૨૫-૩-૨૦૧૧)

જેનો સમાજ સાભાર સ્વીકાર કરે છે.

દાતાશ્રીઓની સખાવત માટે ખૂબ ખૂબ અભિનંદન.

★ **શ્રી જયંતીલાલ જગજીવનદાસ સંઘવી** તરફથી તેમના પુત્ર ચિ. **મૌલિક**ના લગ્નપ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજને રૂા. ૫૦૧/-ની ભેટ મળેલ છે. જેનો સમાજે સાભાર સ્વીકાર કરેલ છે.

## નવું સાહસ

- **શ્રી ધવલ નરેશકુમાર વાડીલાલ શાહ** (દરશડી - માંડવી) ગાંધીનગર દ્વારા તા. ૧૩-૩-૨૦૧૧થી સાપ્તાહિક સમાચાર પત્ર "ગાંધીનગર ચિત્ર" શરૂ કરવામાં આવ્યું છે.

  સફળતા માટે શુભેચ્છા!

  ***સરનામુ :*** ૧૦૭, સુમનસિટી, ૧લો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર. મો. ૯૪૨૮૮ ૦૩૨૫૬

*કોણ કોનું શું સગું,*
*કોનો શો સંબંધ છે?*
*સમજણનું મોતી?*
*પુસ્તકની છીપમાં અકબંધ છે.*
*– મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'*

*પશ્ચાતાપની પવિત્ર ગંગામાં સ્નાન કરવાથી મન અને હૃદય પવિત્ર બને છે.*

# યુવા વિકાસ સમિતિ

## ચેસ વર્કશોપ

આંતરરાષ્ટ્રીય ચેસ પ્લેયર શ્રી ધીમંત પ્રકાશભાઇ શાહ ચેસ શીખવશે.

આઈ.ક્યુ. સુધારવાનું પહેલું પગથિયું એટલે ચેસની રમત. મગજની ખરી કસોટીનું માપદંડ એટલે ચેસની રમત.

તો ચાલો, શીખીએ ચેસની રમત અને કરીએ વેકેશનનો સદુપયોગ.

*યુવા વિકાસ સમિતિ યોજે છે નાના-મોટા સૌના માટે ચેસ વર્કશોપ.*

**શરૂઆતથી પાયાની ચેસની રમત**
(Beginning to Basic of Chess)

***તારીખ : તા. ૨-૫-૨૦૧૧થી તા. ૬-૫-૨૦૧૧***

***સમય : સવારે ૯ થી ૧૧.***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.***

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર રૂા. ૧૦૦/- જમા કરાવીને તા. ૨૫-૪-૨૦૧૧ સુધી આપનું નામ લખાવવું જરૂરી છે.

ખૂબજ મર્યાદિત સંખ્યામાં નામ લેવામાં આવશે.

*વધુ માહિતી માટે સંપર્ક કરો :*

શ્રી નવીન જે. લાલકા : મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧

શ્રી વિશાલ એમ. શાહ : મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

***નોંધ*** : આ વર્કશોપના અંતે તા. ૭-૫-૨૦૧૧, શનિવારના રોજ ચેસની હરીફાઈનું આયોજન પણ કરવામાં આવેલ છે. જેની વિગત આ જ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

## શ્રી પૃથ્વી નરેન્દ્રભાઇ શાહ ચેસ પ્રતિયોગિતા

તા. ૭-૫-૨૦૧૧ ને શનિવારના સવારે ૯.૩૦ કલાકે સમાજના પરીવારજનના સભ્યો માટે ચેસ (CHESS) સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના નામ અને ફોન નંબર તા. ૨-૫-૧૧ સુધી નીચે જણાવેલ કાર્યકરો પાસે લખાવવા જરૂરી છે.

*વિશાલ શાહ : ૯૪૨૮૩ ૫૦૦૩૮ (રાત્રે ૮ થી સવારે ૮)*
*નવીન લાલકા : ૯૩૭૭૭ ૪૨૪૨૧ (રાત્રે ૮ થી સવારે ૮)*

**નિયમો :**

★ આ સ્પર્ધામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના સભ્ય પરિવારના સભ્યો જ ભાગ લઇ શકશે.

★ સ્પર્ધા અંગેના જરૂરી સૂચનો-નિયમો સ્પર્ધાની શરૂઆતમાં સમજાવવામાં આવશે. જેથી સ્પર્ધકોએ સમયસર હાજર થઇ જવું.

★ દરેક સ્પર્ધકોએ પોતાની સાથે પોતાનો ચેસ-સેટ લાવવાનો રહેશે.

★ નિર્ણાયકોનો નિર્ણય સર્વે સ્પર્ધકોને બંધનકર્તા રહેશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

★ ઉપરોક્ત સ્પર્ધાની વિગતમાં જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

## શ્રીમતી છાયાબહેન વિનોદચંદ્ર ભવાનજી દેઢિયા ચિત્રકલા હરીફાઇનું પરિણામ

★ *ગ્રૂપ-એ (૮ વર્ષ સુધી) :*

પ્રથમ ઈનામ : વિશુ શાહ

દ્વિતીય ઈનામ : ખૂશ્બુ પીયૂષ શાહ

★ *ગ્રૂપ-બી (૯થી ૧૫ વર્ષ) :*

પ્રથમ ઈનામ : દેવાંગ ગિરીશ છેડા

દ્વિતીય ઈનામ : કેશવી કિરીટ નંદુ

## શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઇના પરિણામ

★ *ગ્રૂપ-એ (૧૫ વર્ષ સુધી) :*

પ્રથમ ઈનામ : રાજ અલ્પેશ ગાલા

દ્વિતીય ઈનામ : મોક્ષા નવીન લાલકા

★ *ગ્રૂપ-બી (૧૬ વર્ષથી ઉપર) :*

પ્રથમ ઈનામ : નીતિન એચ. સંઘવી

દ્વિતીય ઈનામ : હર્ષિદાબહેન નીતિન સંઘવી

શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઈમાં બંને ગ્રૂપમાં થઈને ૧ + ૪ = ૫ કૃતિઓ આવેલ. ગ્રૂપ-એ માં ફક્ત એક જ કૃતિ આવેલ હોવાથી હરીફાઈનું માધ્યમ જળવાતું નથી. ગ્રૂપ-બી માં ચાર (૪) કૃતિઓમાંથી નિર્ણાયકશ્રીઓને એક પણ કૃતિ ઈનામને લાયક (મૌલિકતાના અભાવે) લાગેલ ન હોવાથી કોઇ કૃતિને વિજેતા જાહેર કરવામાં આવતા નથી.

## બુકશેલ્ફ - બ્લડ ડોનેશન પારિતોષિક યોજના

### "જીવન પર્યંત રક્તદાન, મૃત્યુ બાદ ચક્ષુદાન"

શું આપ નિયમિત રક્તદાન કરો છો? જો આપનો જવાબ 'હા'માં છે તો આપ ખરેખર ઉમદા કાર્ય કરો છો. એક માનવી તરીકે અન્ય માનવી પ્રત્યેની આપની ફરજનિષ્ઠા બદલ આપને અમે અભિનંદન આપીએ છીએ. આપ અને આપના જેવી અન્ય રક્તદાતાઓની ભાવનાઓને પ્રોત્સાહિત કરવાના એક નાનાકડા પ્રયાસ સ્વરૂપે યુવા

*ભૂલ એ સમર્થ શિક્ષક છે અને જો વ્યક્તિ એ ભૂલમાંથી શીખવાનો પ્રયત્ન કરે તો એને ઘણો લાભ થાય છે.*

વિકાસ સમિતિ યોજે છે "બુક શેલ્ફ" રક્તદાન પારિતોષિક યોજના.

આપનું નામ, ઉંમર, ટેલિફોન નંબર (મોબાઈલ), અત્યાર સુધી આપે કરેલ કુલ રક્તદાનની સંખ્યા (જો યાદ હોય તો) અને વર્ષ દરમિયાન (તા. ૧-૪-૧૦થી ૩૧-૩-૧૧ સુધી) આપે કેટલી વખત રક્તદાન (તારીખ યાદ હોય તો તે સાથે), કોને માટે (કોઈ દર્દી માટે કે રક્તદાન કેમ્પમાં) કરેલ છે તે તમામ વિગત અમોને એક પેપર ઉપર તા. ૩૦-૪-૨૦૧૧ સુધી નીચે દર્શાવેલ સરનામે મોકલાવી આપશો.

**રાજેશ ધરમશી**
**સભ્ય, યુવા વિકાસ સમિતિ**

*નોંધ : કવર ઉપર "રક્તદાન" લખવું જરૂરી છે.*

## શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મુલજી સાવલા જનરલ નોલેજ (ક્વીઝ કોન્ટેસ્ટ) સ્પર્ધા

તા. ૨૪-૪-૨૦૧૧ને રવિવારના સવારે ૧૦.૦૦ કલાકે સમાજના સભ્ય પરિવારજનના ૧૩ વર્ષથી ઉપરની વયના સભ્યો માટે સામાન્ય જ્ઞાન સ્પર્ધાનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી મધ્યે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના નામ, ફોન નંબર, વય તા. ૨૦-૪-૨૦૧૧ સુધી નીચે જણાવેલ કાર્યકરો પાસે લખાવવા જરૂરી છે.

*વિમેશ શાહ : ૯૮૭૯૧ ૧૦૪૬૭*

*વિશાલ શાહ : ૯૪૨૮૩ ૫૦૦૩૮, ૨૬૭૬૩૬૪૮*

### શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ સ્પર્ધા

તા. ૨૪-૪-૨૦૧૧ને રવિવારના સવારે ૧૦.૦૦ કલાકે સમાજના સભ્ય પરિવારજનના સભ્યો માટે નિબંધ સ્પર્ધાનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી મધ્યે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના નામ, ફોન નંબર, વય તા. ૨૦-૪-૨૦૧૧ સુધી પાસે લખાવવા જરૂરી છે.

*(જેની વિગત મંગલ મંદિરના માસ માર્ચ-૨૦૧૧ના અંકમાં આપવામાં આવી છે.)*

## CREATIVITY WORKSHOP BY ALPA MARU

તા. ૨૧-૪-૨૦૧૧થી તા. ૩૦-૪-૨૦૧૧ (સમય : દરરોજ સવારે ૯ થી ૧૨) દસ દિવસીય એક ક્રિએટિવિટી વર્કશોપ નું ૬ થી ૧૨ વર્ષના બાળકો માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ શીખવવામાં આવશે.

A. Hand Made Paper
B. File Making,
C. Fabric Painting
D. Glass Painting
E. Pot Making - Pen Stand
F. Pot Painting
G. Mould Making
H. Waste into Best-Cover
I. Elusion Painting
J. Cargo Making - 3 types

આ વર્કશોપમા ફક્ત ૨૦ (વીસ) બાળકો લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રૂા. ૧૦૦ (વર્કશોપ પૂરી કરો તો રિફંડેબલ, અન્યથા નહિ) ભરીને બાળકનું નામ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ઉપર નોંધાવવાનું રહેશે. પ્રથમ ૨૦ ઉપરાંત બીજા ઓછામાં ઓછા ૨૦ નામ થશે તો આવી બીજી વર્કશોપનું આયોજન ૮-૫-૨૦૧૧ થી ૧૭-૫-૨૦૧૧ દરમિયાન કરવામાં આવશે.

જે બાળકોને આ વર્કશોપમાં ભાગ લેવાની ઇચ્છા હોય પરંતુ આવવા-જવામાં અગવડતા હોય તો નામ નોંધાવતી વખતે જણાવશો તો તે અંગેની વ્યવસ્થા શક્ય તે કરવામાં આવશે. નામ નોંધાવતી વખતે આપનું પૂરું સરનામું અને ફોન નંબર અવશ્ય લખાવશો.

## નોટબુક ચોપડા વિતરણ યોજના

આગામી શૈક્ષણિક વર્ષ માટે આયોજિત નોટબુક ચોપડા વિતરણ યોજનામાં આપે આપના બાળકોની જરૂરિયાતની નોટબુક-ચોપડાની વિગતો તા. ૩૦-૪-૨૦૧૧ સુધી અવશ્ય નોંધાવી દેશો. નોટબુક-ચોપડાઓનું વિતરણ જૂન માસની શરૂઆતમાં કરવામાં આવશે.

## બુક બેન્ક યોજના

આ યોજનાનો લાભ નીચે મુજબ વિવિધ રીતે લઇ શકો છે.

આપના પાલ્યના હાલના ધોરણના પાઠ્ય પુસ્તકો યોજના મુજબ જમા કરાવીને. કોઇ કારણસર તે શક્ય ના હોય, તો પણ આગામી ધોરણના પાઠ્યપુસ્તકો મેળવી શકાશે.

આગામી વર્ષ માટે તેમને જોઇતા પાઠ્ય પુસ્તકો અમારી પાસેથી મેળવીને

બાળકનું નામ, હાલનું ધોરણ, માધ્યમ (અંગ્રેજી/ગુજરાતી) સી.બી.એસ.ઇ. બોર્ડ કે ગુજરાત બોર્ડ વગેરે વિદ્યાર્થી દીઠ અલગ અલગ પાનામાં આપનાં નામ, સરનામા, ફોન નંબર સહિતની વિગત સત્વરે આપવાની છે.

**નવીન જેઠાભાઈ લાલકા**
**કન્વીનર - યુવા વિકાસ સમિતિ**

*બહુ થોડા માણસો એમની મિલકતના માલિક હશે,*
*બાકી તો મિલકત એમની માલિક હોય છે.*

*તમારી ભૂલો જ તમારા જીવનનું નિર્ણાયક બળ છે.*

# વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ દ્વારા તા. ૮-૩-૨૦૧૧ ને મંગળવારના રોજ એક રંગારંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અંધજન મંડળના કલાકારોએ જૂના ફિલ્મી ગીતોના સૂરોની સરવાણીથી સંગીતના સરોવરમાં સ્નાન કરાવી સૌને તરબોળ કર્યા હતા.

સૌ પ્રથમ વયસ્ક સમિતિના કન્વીનર શ્રી રજનીભાઇ પારેખે સૌ વડીલો અને કલાકારોને આવકાર્યા હતા.

ત્યારબાદ અંધજન મંડળના કલાકારોએ જૂના ગીતોનો રસદાયક કાર્યક્રમ રજૂ કરીને આનંદ મુગ્ધ કર્યા હતા.

આજના ભોજનના દાતા શ્રી કાંતિભાઇ વેલજી સાવલા, શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલા અને શ્રી શાંતિભાઇ સાવલાએ કલાકારોનું શાલ ઓઢાડી અને રૂા. ૫૦૦૧/- આપીને બહુમાન કર્યું હતું. આ રૂા. ૫૦૦૧/- (પાંચ હજાર એકની) સ્પોન્સરશીપ એક સદગૃહસ્થ તરફથી સાંપડી હતી આ કાર્યક્રમને માણીને અભિભૂત થયેલ નીચેની વ્યક્તિઓએ લવ ઓફ ટોકન આપીને કલાકારોની કલાની સરાહના કરી હતી.

૧. રૂા. ૧૦૦૧/- દિલીપ કુંવરજી દંડ
૨. રૂા. ૧૦૦૧/- અનિષ શશીકાંત સંઘવી
૩. રૂા. ૫૦૦/- જયાબહેન નાગડા
૪. રૂા. ૫૦૦/- દિનેશ મણિલાલ શાહ
૫. રૂા. ૫૦૦/- મહેન્દ્ર મોતીલાલ વસા
૬. રૂા. ૫૦૦/- ભોગીલાલ છગનલાલ શાહ
૭. રૂા. ૫૦૦/- હીરાલાલ સાકરચંદ દોશી
૮. રૂા. ૫૦૦/- વર્ષાબહેન રવિલાલ પારેખ
૯. રૂા. ૫૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી

આજના ભોજનના દાતા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ સાવલા અને શ્રી કાંતિભાઇ વેલજી સાવલાનું શાલ ઓઢાડીને તેમનું બહુમાન શ્રી શાંતિભાઇ સાવલા, શ્રી મણિલાલભાઇ ગોસર અને વયસ્ક સમિતિના સભ્યોએ કરેલ હતું.

ત્યારબાદ સૌ સુરુચિ ભોજનની મજા માણી છૂટા પડ્યા હતા.

### આગામી કાર્યક્રમ

વયસ્ક સમિતિ તરફથી એક રંગારંગ કાર્યક્રમ તા. ૨૦-૪-૨૦૧૧ ને બુધવારના સાંજે ૪.૩૦ વાગ્યે શ્રી કચ્છી જૈન સેવા સમાજ, પાલડી ખાતે રાખવામાં આવેલ છે. તો સર્વે વડીલોએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

# સમાજ સુરક્ષા સમિતિ

## તબીબી વીમા અંગે અગત્યની સૂચના

પ્રથમવાર તબીબી વીમો લેતી વખતે વીમાધારકોને જણાવવામાં આવે છે કે કંપનીના નિયમ અનુસાર ૨૨ જેટલા દર્દોની સારવારના દાવા, વીમો લીધાના ૨ થી ૪ વર્ષ સુધી મંજૂર કરવામાં આવતા નથી. આ દર્દોનું લિસ્ટ 'મંગલ મંદિર'ના ડિસેમ્બર અંકમાં શિડ્યુલ-૫ માં આપેલ છે, તેમજ કંપનીએ પોતાની શરતોમાં ફેરફાર કર્યો છે, એ લિસ્ટ પણ આપેલ છે.

આ બાબત ઘણા પરિવારોમાં એવી ગેરસમજ હોય છે કે ૨ કે ૪ વર્ષની મુદત પૂરી થયે ત્રીજા કે પાંચમા વરસે વીમાની રકમ વધારવામાં આવે તો ઉપરોક્ત ૨૨ દર્દોમાં છેલ્લા વરસે જેટલી રકમનો વીમો હોય એ મુજબ ક્લેઇમની રકમ મળે.

હકીકતમાં એવું નથી. ૨ કે ૪ વર્ષની મુદત, સમય ઉપરાંત વીમાની રકમને પણ લાગુ પડે છે. મતલબ અગાઉના ૨ કે ૪ વર્ષ દરમિયાન જેટલી રકમનો વીમો હોય એટલી જ રકમનો ક્લેઇમ ત્રીજા કે પાંચમા વરસે મળવાપાત્ર થાય. દા.ત. ૨૦૦૬થી ૨૦૧૦ સુધી ૧ લાખનો વીમો હોય અને ૨૦૧૧ માં ૨ લાખનો વીમો લઇ કોઇ સાંધા બદલવાની સારવારનો ૨ લાખનો દાવો કરે તો મંજૂર ન થાય. ૧ લાખ જ મળે.

આથી વીમા ધારકોએ ઊંચી કિંમતની સારવાર લેતી વખતે ઉપરની બાબત ખ્યાલમાં રાખવી જરૂરી છે.

*અશ્વિન સાવલા - કન્વીનર, સમાજ સુરક્ષા સમિતિ.*

# વૈયાવચ્ચ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વૈયાવચ્ચ સમિતિએ નીચે મુજબ દાન મેળવેલ છે.

| | |
|---|---|
| ૧,૦૦,૦૦૦/- | શ્રી સિદ્ધક્ષેત્ર વર્ધમાન તપ આયંબિલ ખાતા - પાલિતાણા |
| ૧૧,૦૦૦/- | શ્રી મૂલચંદભાઈ એન્ડ સન્સ (વીરમગામ) - અમદાવાદ |
| ૫,૦૦૦/- | રતનબાઈ વિશનજી લોડાયા (સુથરી - માધાપર) |
| ૫,૦૦૦/- | શ્રી સુપાર્શ્વનાથ સ્વામી મૂ.પૂ. જૈન સંઘ, રંગસાગર ફ્લેટ, પાલડી, અમદાવાદ. |
| ૨,૫૦૦/- | શ્રી ઑપેરા જૈન સંઘ, પાલડી, અમદાવાદ. |

સમાજ ઉપરોક્ત અનુદાનનો સાભાર સ્વીકાર કરે છે.

દાનવીરોને ધન્યવાદ સાથે ખૂબ ખૂબ આભાર.

*પદમશી ચત્રભોજ ડાઘા, કન્વીનર - વૈયાવચ્ચ સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચતુર્થ યુવા પરિચય મિલન

સમાજ હેઠળ પરિચય મિલન સમિતિ દ્વારા રવિવાર, તા. ૫-૬-૨૦૧૧ ના રોજ શ્રી કચ્છી જૈન પરિવારના સંતાનો માટે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી - અમદાવાદ મધ્યે ચતુર્થ યુવા પરિચય મિલનનું આયોજન કરવામાં આવનાર છે. આ પરિચય મિલનમાં યોગ્ય જણાશે તો ઇતર ઉમેદવારોના ફોર્મ પણ સ્વીકારવામાં આવશે.

સમાજ પરિવારજનનો યુવા વર્ગ ઉચ્ચ અભ્યાસાર્થે અથવા વિવિધ કારણોસર વતનથી દૂર હોય છે, ત્યારે પરિવારજનો માટે પોતાના સંતાનોના સગપણનો પ્રાણપ્રશ્ન મૂંઝવતો હોય છે. આ પ્રશ્નના નિરાકરણ અર્થે તથા યુવાવર્ગને પાત્ર પસંદગીમાં સરળતા રહે તે માટે આ પ્રકારના યુવા પરિચય મિલનનું પ્લેટફોર્મ એક આધારસ્તંભ બની રહે છે.

આ પરિચય મિલનમાં સામિલ થવા ઇચ્છુકોની વિગત નક્કી કર્યા મુજબના ફોર્મમાં જણાવીને (જે ફોર્મ આ જ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે) તે ફોર્મ અને ઉમેદવારના પાસપોર્ટ સાઇઝના ૩ કલર ફોટા, તા. ૧૦-૫-૨૦૧૧ સુધીમાં સમાજની ઓફિસમાં મોકલાવવાના રહેશે. ઉમેદવાર સાથે ૨ વ્યક્તિને કાર્યક્રમમાં પ્રવેશ આપવામાં આવશે. બહારગામથી આવનાર ઉમેદવાર તથા અન્યને પોતાના ખર્ચે આવવાનું રહેશે.

***ઉપરોક્ત કાર્યક્રમ માટે સમાજના સક્રિય સભ્ય ગાંધીનગર સ્થિત શ્રી હરખચંદભાઇ કે. સાવલા તરફથી રૂા. ૫૦ હજારનો આર્થિક સહયોગ આપવાની જાહેરાત થઇ છે.***

***તે માટે આ સમિતિ ખૂબ ખૂબ આભાર માને છે. આ પ્રમાણે અન્ય સૌને ઉત્સાહપૂર્વક સાથ-સહકાર આપવા અનુરોધ છે.***

અન્ય વિગત હવે પછીના અંકમાં આપવામાં આવશે. આમ છતાં, વધુ માહિતી માટે સમિતિના કન્વીનરશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

***હીરજીભાઈ પી. શાહ, કન્વીનર - પરિચય મિલન સમિતિ***

## ઇન્ટરનેટના માધ્યમથી ઘેર બેસીને કામ કરો.... અને આવકમાં વધારો કરો.

### કામગીરીની જાણકારી માટે નિઃશુલ્ક સેમિનાર

અત્યારે ઇન્ટરનેટ ટેકનોલોજીનો સમય છે અને તેનાં માધ્યમથી કોઇપણ વ્યક્તિ વધારાની આવક મેળવીને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે છે.

સાધારણ ભણેલાં, બી.એ. બી.કોમ માં અભ્યાસ કરનાર, ગૃહીણીઓ વગેરે માટે ઘેર બેસીને આપની અનુકૂળતાના સમયે ઇન્ટરનેટથી કામગીરી કરીને સારી માત્રામાં આવક મેળવવાની આ એક ઉત્તમ તક છે.

આ કાર્ય માટે અનુભવની આવશ્યક્તા નથી અને કામગીરી બાદ સારા જોબની શક્યતા છે. આ માટે માત્ર કોમ્પ્યુટરનું પ્રાથમિક કક્ષાનું જ્ઞાન જરૂરી છે. બાકીની જાણકારી સેમિનારમાં આપવામાં આવશે.

સર્ચ એન્જિન, ઓપ્ટીમાઇઝેશન, નેટવર્ક-વિડીયો માર્કેટિંગ, વેબ પૃથ્થકરણ વગેરે સંબંધિત વધુ જાણકારી મેળવવા - શીખવા માટે એક નિઃશુલ્ક સેમિનારનું ખાસ આયોજન કર્યુ છે. આપશ્રી તે સેમિનારનો લાભ અચૂક ઉઠાવશો તેવી આગ્રહભરી વિનંતી છે. વહેલા તે પહેલાના ધોરણથી માત્ર ૫૦ વ્યક્તિઓનો સેમિનારમાં સમાવેશ થશે.

***દિનાંક : રવિવાર, તા. ૧-૫-૨૦૧૧***

***સમય : સવારના ૯.૩૦ કલાકે***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.***

વધુ માહિતી માટે શ્રી હીરેનભાઇ કે. શાહ (૯૮૨૫૦ ૧૩૭૧૫) અને શ્રી પંકજભાઇ ગોગરી (૯૪૨૮૮ ૦૬૮૮૨)નો સંપર્ક કરશો.

## જગતનો પ્રથમ વજનદાર માનવી!

દુનિયાના સૌથી પ્રથમ વજનદાર માનવી આલ્બર્ટનું ૮૮૦ પાઉન્ડ વજન હતું. તે ખાસ પ્રકારની ઇંટોની બનાવેલી પથારી પર સૂતો હતો. પાંચ ફૂટ નવ ઇંચની ઉંચાઇ ધરાવતા ઓસ્ટ્રેલિયાના ગ્રાન્ટકોન ગામમાં વસતો હતો. એની સાઇઝના કપડાં મળવા મુશ્કેલ હતાં. એની માતા એને માટે એની સાઇઝના ખાસ કપડાં તૈયાર કરતી. એની કમરનો ઘેરાવો છ ફૂટ સાત ઇંચનો હતો. આલ્બર્ટના ભાઇઓએ પોતાના મોટામસ ભાઇ માટે એપાર્ટમેન્ટના બારણાં મોટાં કરાવ્યાં હતાં. એને લગભગ બેઠા બેઠા જ સૂવું પડતું કારણકે સૂતેલો આલ્બર્ટ આઠ માણસોની મદદ વગર ઊભો થઇ શકતો નહોતો. આલ્બર્ટનો ખોરાક પણ એટલો જ હતો. એનો આખો દિવસ ભોજનમાં પસાર થઇ જતો હતો. છ વરસની ઉંમરે આલ્બર્ટ ૧૫૦ પાઉન્ડનું વજન ધરાવતો હતો. એની માતા કહે છે કે આલ્બર્ટે ડાયેટિંગ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પણ એનાથી આલ્બર્ટ દુઃખી અને હતાશ થઇ જતો હતો. ***પ્રેષક : ભવાનજી શિવજી નાંગલપુરવાલા - સાંતાક્રુઝ (ઇસ્ટ), મુંબઈ***

# આધુનિક સમયમાં એક અભ્યાસક્રમ

## સમાજ પરિવારના યુવક-યુવતીઓ અને તેમના વડીલો માટે ખાસ

પશ્ચિમ દેશોનો સમાજ આજે છિન્નભિન્ન થઇ રહ્યો છે. અનેક સામાજિક પ્રશ્નો ઊભા થઇ રહ્યા છે. જે પ્રશ્નોમાં યુવાનવર્ગ પ્રાધાન્ય છે. આ દર્દભરી સમસ્યા માટે જવાબદાર છે ત્યાંની જીવનશૈલી. થોડા સમય અગાઉ સમાજશાસ્ત્રીઓના એક સેમિનારમાં એવું તારણ કાઢવામાં આવ્યું હતું કે, "કોઇપણ મજબૂત અને સુદૃઢ સમાજને સંસ્કૃતિ માટે, તે સમાજમાં પારિવારિક સંબંધોના મૂળ હોવા જરૂરી છે, જે સમાજની જડને પકડી રાખે છે."

આમ પશ્ચિમના દેશો સંબંધોના વિખરાયેલા માળાના તીનકે તીનકા ભેગા કરી, સામાજિક સંબંધો સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે ત્યારે આપણા એટલે કે ભારતીય સંસ્કૃતિના વર્ષો જૂના સંબંધોના માળા વિખરાઇ રહ્યા છે. જેમ જેમ સમાજમાં આધુનિકતા વધી રહી છે તેમ સંબંધોના વળ ઢીલા થતા જાય છે.

આપણી એટલે કે ભારતની વાત પર જઇએ તો, આજની બાળ પેઢી અને યુવાન પેઢી ટેકલોનોજીના જ્ઞાનથી સંપૂર્ણ બનવા પ્રયત્નશીલ છે. પરંતુ તેની સામે મહત્ત્વપૂર્ણ પારિવારિક સંબંધોને ધીમે ધીમે દૂર કરી રહ્યા છે, જેનો તેમને અહેસાસ પણ નથી. આજની આધુનિક પેઢી સગાંવહાલાં, રિશ્તેદારો, પરિવારજનો સાથે સંબંધ રાખવાની પરંપરાને જૂનવાણી વિચારો ગણે છે. તેમને આવા સંબંધો માનસિક બોજારૂપ લાગે છે. તેમની નૈતિકતા અને માનસિકતા બદલાઇ ચૂકી છે. આની અસર આમ સમાજ પર જબરજસ્ત પડી રહી છે.

યુવાન વર્ગનું આ પ્રકારનું વલણ એક ગેરસમજનું છે અને તેમને પરિસ્થિતિનું સચોટ ભાન કરાવવું આવશ્યક છે.

આ સ્થિતિમાં આપણા સમાજના સક્રિય સભ્ય અને સમાજની ઉત્કર્ષ પ્રવૃત્તિઓમાં હંમેશાં કાર્યરત એવા ગાંધીનગર સ્થિત શ્રી હરખચંદભાઇ સાવલાએ આપણા સમાજ સમક્ષ એક નવો અભિગમ રજૂ કર્યો છે.

તે મુજબ સમાજ પરિવારજનોની કુમારિકાઓ-યુવતીઓ પોતાના જીવનને સર્વાંગી રીતે સાર્થક કરવા, એક પુત્રી, પત્ની, પુત્રવધૂ અને એક માતા તરીકેની ભૂમિકામાં કેવી રીતે સફળતા હાંસલ કરી શકે તે માટે પૂરા સમયનો એક ડિગ્રી અભ્યાસ કોર્સ દાખલ કરીને વ્યવહારિક સમજ સાથે જ્ઞાન આપવું.

આ પૂરા સમયવાળા અભ્યાસ કોર્સની વિગત આ પ્રમાણે વિચારેલ છે. જેમાં ચર્ચા-વિચારણા અને મંતવ્ય મુજબ ફેરફાર કરી શકાય.

૧. શરૂમાં ફક્ત ૧૨ ધોરણ બાદની યુવતીઓ માટે જ આ કોર્સની શરૂઆત કરવી.
૨. પોતાના ચાલુ અભ્યાસ કોર્સની સાથે-સાથે સૂચિત અભ્યાસ કોર્સમાં જોડાવવાનું રહે.
૩. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત આ અભ્યાસક્રમ શ્રી કચ્છી જૈન ભવન મધ્યે શરૂ કરવાનું.
૪. આ સમગ્ર અભ્યાસક્રમ ૪ વર્ષની મર્યાદાવાળો હોઇ શકે, પરંતુ તે અભ્યાસ કોર્સ સપ્તાહમાં એકવાર અથવા મહિને બે વખત, તે પ્રમાણે રાખી શકાય.
૫. યુનિવર્સિટી દ્વારા પ્રદાન થતી ડિગ્રીની જેમ આ પણ એક ડિગ્રી કોર્સ રહે.
૬. કોર્સ પૂર્ણ થયા બાદ સફળતા હાંસલ કરનારને નક્કી કર્યા મુજબની ડિગ્રી એનાયત કરવી. શક્ય હોય ત્યારે કોઇ યુનિવર્સિટી સાથે આ કોર્સને સંલગ્ન કરવાની કાર્યવાહી કરવી.
૭. કેળવણી ક્ષેત્રમાં નિષ્ણાત ઉચ્ચ ડિગ્રી ધારકો પાસેથી સૂચિત કોર્સનો સિલેબસ-અભ્યાસક્રમ તૈયાર કરાવવાનો.
૮. તે પ્રમાણે અભ્યાસમાં ઉચ્ચ નિપુણતા ધરાવનાર વ્યક્તિઓ દ્વારા શીખવવાનું.
૯. આ અભ્યાસક્રમમાં માનવજાતિની ઉત્પત્તિ, તેનું જીવન, મનોવિજ્ઞાન, પારિવારિક મૂલ્યો, માતા-પિતાની સંભાળ, બાળ-ઉછેર, ખાદ્ય પદાર્થ, દાદા-દાદી, નાના-નાની વગેરે સંબંધોનું મહત્ત્વ અને પોતાની ભૂમિકા-કર્તવ્ય, લગ્નજીવન, સામાજિક સંબંધો, રાજનીતિ, ધર્મ, શ્રદ્ધા અને વિશ્વાસ, જીવનનું ધ્યેય, જોબ, સુખી-આનંદમય જીવન, સામાજિક પ્રવૃત્તિઓ, ઘરકામ-ફરજ અન્ય ઉત્કર્ષમય પ્રવૃત્તિઓ વગેરે વિષયોને આવરી શકાય.

***આ વિચારમંચ સમાજના દરેક પરિવારજનો, ખાસ કરીને યુવાનો-યુવતીઓ અને તેમના માતા-પિતા, વડીલો માટે ખુલ્લો છે. દરેક વ્યક્તિ પોતાના મંતવ્યો લેખિતમાં તાત્કાલિક જણાવે તેવી આગ્રહભરી વિનંતી છે. ચર્ચા-વિચારણા માટે દરેક પ્રકારના મંતવ્યો આવકાર્ય છે.*** ■

## ગુસ્સો એ માનવીનો દુશ્મન છે

જો જીવનમાં સફળ થવું હોય તો એક બાબત ઉપર ધ્યાન આપવાની ખૂબ જ જરૂર છે અને તે ગુસ્સાને કાબૂમાં રાખવો તે. ગુસ્સાને કારણે ન બોલાવાનું બોલાઇ જાય છે, સંબંધો બગડે છે. તેથી ગુસ્સો આવે ત્યારે આવેગશીલ બન્યા સિવાય બુદ્ધિથી કામ લેવું. મનોવિજ્ઞાન જણાવે છે કે જેમ બુદ્ધિનું પ્રમાણ વધે તેમ ગુસ્સાનું પ્રમાણ ઘટે છે. તેથી ગુસ્સો આવે એટલે મનને વિચાર કરતાં કરી મૂકવું. ધંધાની સફળતા માટે તો આ અત્યંત આવશ્યક છે. ગુસ્સાને કારણે વ્યક્તિ-વિકાસ અટકાવી દેનારા ઘણા મળી આવશે. ગુસ્સો એ આધુનિક માનવીનો નંબર વન દુશ્મન છે. તેથી હું ગુસ્સાને મનમાંથી સંપૂર્ણ રીતે કાઢી નાખીશ. નજીવી બાબતોમાં ઉશ્કેરાઇ નહિ જાઉં તેવો સંકલ્પ કરો.

*સાભાર : "પરિત્રાણ"*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*પ્રતિષ્ઠા એવો ખરતો તારો છે જે થોડીવાર ઝબૂકે છે ને પછી સદાને માટે અદૃશ્ય થઈ જાય છે.*

# "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### પિકનિકનું આયોજન

"સંકલ્પ" શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ દ્વારા એક દિવસની "પિકનિક"નું આયોજન કરવામાં આવેલ હતું.

તા. ૨૭-૨-૨૦૧૧ ના રોજ રવિવારે નિયત કરેલ સમય મુજબ બસ શ્રી કચ્છી જૈન ભવન પાલડી પરથી પ્રસ્થાન કરી સૌ પ્રથમ ધણપ જૈન તીર્થધામમાં દર્શન કર્યા. ત્યારબાદ ત્યાંથી આગળ વધી બેરણા પહોંચ્યા. જ્યાં મહાદેવજી તથા સાંઇબાબાની આશરે ૪૦ ફૂટ ઊંચી મૂર્તિ જોઇ. સુંદર મજાની સવારના તે દૃશ્યના દર્શન કર્યા. અને બેરણામાં નવકારશી કરી. ત્યારબાદ બસ શરણેશ્વર તરફ આગળ વધી.

બસમાં શ્રીમતી અમીબહેન જે "સંકલ્પ"ના સ્પોર્ટસ મંત્રી છે, તેમણે નક્કી કરેલ નવી નવી ગેમ્સ રમાડતા-રમાડતાં શરણેશ્વર પહોંચ્યા. જ્યાં આજુબાજુનાં કુદરતી દૃશ્યો, ચારે તરફ ઊંચા-ઊંચા પહાડ વચ્ચેથી વહેતી નદી અને કિનારે આવેલ જૂના પુરાતત્ત્વો કે જે આશરે ઇ.સ. ૧૫૦૦ની સાલના ખોદકામ વખતે હાલમાં મળેલ છે. જેમાં જૂના જૈન દેરાસરો પણ આવેલા છે. ત્યાં બાજુમાં જ પોલો ફોરેસ્ટમાં ફરવાની અને ટ્રેકિંગની પણ સૌએ મજા માણી. ત્યારબાદ બાજુમાં આવેલ ડેમમાં સૌએ મન મૂકીને ડૂબકીઓ મારી. નાના મોટા સૌએ મન મૂકીને મજા માણી. ત્યારબાદ બાજુમાં વીરેશ્વર મહાદેવમાં બપોરનાં ભોજનની વ્યવસ્થા રાખેલ હતી. ત્યાંથી જમીને બિલેશ્વર મહાદેવમાં ગુપ્ત ગંગાની મુલાકાત લઈ, સૌ મેમ્બરે તેની જાણકારી મેળવી. ત્યાંથી સાંજે ઇડર કમળ મંદિર પહોંચ્યા. શાંત, રમણીય અને તળાવની વચ્ચે દેરાસર અને તળાવની ચારે તરફ ઊંચા પહાડની કુદરતી સૌમ્ય સાંજ જોઇને સૌએ શાંત મને ત્યાં હળવી મજાક મસ્તી કરી. ત્યાંથી પરત રાત્રે ધણપ પાસે આવેલ અંબે માતાના મંદિરે રાત્રિ ભોજનની વ્યવસ્થા "સંકલ્પ" દ્વારા રાખેલ હતી. જેમાં સૌએ લાભ લીધેલ અને ત્યારબાદ રાત્રે ૧૧.૦૦ વાગે અમદાવાદ બસ પરત પહોંચી. સૌ આ પિકનિકમાં ખૂબ મજા માણ્યાના આનંદ સાથે પછીના પ્રોગ્રામ — ધૂળેટીમાં મળવાની વાતો કરતા છૂટા પડ્યા.

### "છ ગાઉ" પાલિતાણા યાત્રા પ્રવાસ

તા. ૧૬ અને ૧૭ બુધ-ગુરુવારના પાલિતાણા છગાઉ યાત્રાનું આયોજન "સંકલ્પ" દ્વારા સતત ચોથા વર્ષે પણ કરેલ. તા. ૧૬-૩-૧૧ના સવારે શ્રી ક.જૈ.સે.સ.થી સવારે ૭.૧૫ મિનિટે બસે તગડી તરફ પ્રયાણ કર્યું. બસ ઉપડતાંની સાથે સૌના મન દાદા આદિનાથને ભેટવા એટલા તડપાપડ થતા હતા. સૌ ધાર્મિક મૂડમાં હતા. સૌથી પહેલાં નવકાર ધૂનથી શરૂઆત કરી, મોટી શાંતિ અને ત્યારબાદ વડીલ શ્રી રમણિકભાઇ ગોસરે ૨૪ તીર્થંકરો ઉપર બનાવેલ સ્તવનની ધૂન કરાવી. ત્યારબાદ ડૉ. કેતન શાહે પણ પત્તાની કેટ ઉપરથી ધાર્મિક રમત રમતાં-રમતાં તગડી પહોંચ્યા. જ્યાં સૌએ નવકારશીનો લાભ લીધો. ત્યારબાદ દેરાસરમાં દર્શન કરી બસ સાળંગપુર હનુમાન મંદિર તરફ આગળ વધી. ત્યાં સૌએ દર્શન કર્યા અને ફરી બસ આગળ અયોધ્યાપુરમ્‌માં પહોંચી. ત્યાં દાદા આદિનાથના દર્શન કરી બપોરનાં ભોજનની મજા માણી. ત્યારબાદ બસે આગળ વલ્લભીપુરમ્ તરફ પ્રયાણ કર્યું. વલ્લભીપુરમ્ દર્શન કરી, શ્રી મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ (સોનગઢ આશ્રમ) ચૌવિહાર કરવા માટે પહોંચ્યા. આશરે દોઢ કલાક જેટલો સમય બાકી રહેતા યાત્રિકોએ આશ્રમની વિવિધ બાબતોની માહિતી જાણીને યાત્રિકો ખૂબ જ ખુશ થયા. પોતાની યથાશક્તિ ફાળો સંકલ્પને આપ્યો જે સંકલ્પે સંયુક્ત રીતે રૂા. ૪૦૦૦/- ભેગા કરી સોનગઢ સંસ્થાને દાન પેટે આપ્યા. ત્યારબાદ ભોજન લઇ પાલિતાણા રાત્રે આદિનાથના ધામમાં ૭.૨૫ વાગે પહોંચ્યા. ત્યાં પહોંચી સૌએ જય જય શ્રી આદિનાથની ધૂન મચાવી.

રાત્રે ૨.૪૦ વાગે બધાજ યાત્રિકોએ ભેગા છગાઉ યાત્રા ચાલુ કરી. 'જય આદિનાથ'ના નામ સાથે શરૂ કરેલ યાત્રામાં સૌપ્રથમ ૭.૩૦ વાગે આપણા સમાજના ટ્રસ્ટી વડીલ શ્રી રમણિકભાઇ ગોસરે પાલ પર પહોંચી જાત્રા પૂરી કરી. જ્યારે સૌથી છેલ્લા યાત્રાળુએ ૧૦.૫૦ વાગે જાત્રા પૂરી કરી. સૌ યાત્રિકો આરામ કરીને બપોરે ૩.૦૦ વાગે સોનગઢ પહોંચ્યા. જ્યાં સાંજે ચૌવિહાર કરી રાત્રે ૧૧.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી બસ પરત પહોંચી. યાત્રામાં સંઘ પૂજનનો લાભ ડો. કેતન શાહે લીધેલ હતો. જેમાં સહદાતા તરીકે સૌએ સાથે મળીને કુલ ૪૧/- નું સંઘપૂજન કરેલ. સાથે-સાથે પાલિતાણા છગાઉ જાત્રાનાં દાતાશ્રીઓના લાભ લેનારના નામ.

૧. તા. ૧૬-૩ના સવારની નવકારશી - શ્રી રમણિકભાઇ કુંવરજીભાઇ ગોસર

૨. તા. ૧૬-૩ બપોરના જમવાનું : શ્રી પંકજભાઇ કાંતિભાઇ શાહ
સાંજનું ચૌવિહાર : શ્રી ડો. કેતન આઇ. શાહ, શ્રી નિખિલ નવીનચંદ્ર શાહ

૩. તા. ૧૭-૩ નાં સાંજના ચોવિહાર - શ્રી રાજેશ ધરમશી શાહ, શ્રી કેતન લોડાયા

૫૦૦૦/- સમાજના એક સદ્‌ગૃહસ્થ તરફથી

૧૫૦૦/- સમાજના એક સદ્‌ગૃહસ્થ તરફથી

૧૦૦૦/- શ્રીમતી પ્રવીણાબહેન રાજેન્દ્રભાઇ દોશી તરફથી

૫૦૦/- શ્રી લહેરચંદભાઇ મૈશેરી

ઉપરોક્ત દાતા તરફથી 'સંકલ્પ'ને સહયોગ મળેલ છે. "સંકલ્પ" તથા યાત્રિકો, દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે. સાથોસાથ યાત્રિકો "સંકલ્પ"ના આવતા વર્ષે છગાઉ જાત્રામાં ફરી યાત્રા કરવાના કોલ સાથે છૂટા પડ્યા.

*સત્તા થોડાને ભ્રષ્ટ કરે છે. પણ નબળાઈ ઘણા બધાને ભ્રષ્ટ કરે છે.*

## ધૂળેટી

"સંકલ્પ"નો રંગબેરંગી કાર્યક્રમ એટલે હોળી અને રંગારંગ કાર્યક્રમ એટલે સ્ટેજ શો.

હંમેશની જેમ આ વર્ષે પણ સમાજનાં યુવાનોએ આ રંગબેરંગી કાર્યક્રમ ધૂળેટીની જોરદાર મજા માણી.

સૌએ માત્ર સંકલ્પે આપેલા ગુલાલ અબીલ અને પાણીથી ખૂબ મજા માણી. નાના-નાના ભૂલકાંઓ પોતાની સાથે લાવેલ પીચકારી, જ્યારે જુવાનીયાઓ ડોલથી પાણીનો વરસાદ વરસાવી રહ્યા હતા અને ત્યારબાદ બપોરે ૧.૦૦ વાગે "સંકલ્પ"તરફથી ભોજનની વ્યવસ્થા રાખેલ. તેમાં પણ સૌએ સારો સાથ અને સહકાર આપેલ.

ધૂળેટીનાં આ કાર્યક્રમનાં દાતા સમાજનાં એક સભ્ય તરફથી રૂા.૧૫૦૦/- જમણવાર પેટે મળેલ છે. જ્યારે ૫૦૦/- શ્રી હીરેનભાઇ અમૃતભાઇ શાહ તરફથી ગુલાલ પેટે મળેલ છે. આ બંને દાતાશ્રીઓનો "સંકલ્પ" ખૂબ ખૂબ આભાર માને છે.

*સંજય કીર્તિભાઈ સંઘવી, મંત્રી - "સંકલ્પ"*

## શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહને રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર અર્પણ

લોકકલાને સમર્પિત સંસ્થા ગુજરાત લોકકલા ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા પ્રતિ વર્ષે એનાયત થતો રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર ચાલુ વર્ષે મહિલાદિન – આઠમી માર્ચના, અમદાવાદના 'સ્પંદન' સાંસ્કૃતિક ટ્રસ્ટના સંસ્થાપક અને સંચાલિકા શ્રીમતી ફાલ્ગુનીબહેન શાહને અમદાવાદ મધ્યે એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ ઍવૉર્ડમાં પ્રમાણપત્ર, સ્મૃતિચિહ્ન તથા રૂપિયા અગિયાર હજાર અપાયા હતા. તેમને આ ઍવૉર્ડ કચ્છની લોકકથા 'વ્રજવાણીનો ઢોલી' આધારિત નૃત્યનાટિકા માટે અપાયો છે. આ નૃત્યનાટિકાના કાર્યક્રમનું અમદાવાદ, વડોદરા અને સુરતમાં પણ આયોજન થયું હતું.

શ્રીમતી ફાલ્ગુનીબહેન છેલ્લા બાવીસ વર્ષથી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની લોકસંસ્કૃતિ અને લોકનૃત્યની વિરાસત ફ્રાંસ, બેલ્જિયમ, જર્મની, ઇટાલી, પોલેન્ડ, કોરિયા વગેરે બારથી વધુ દેશોનાં આંતરરાષ્ટ્રીય મહોત્સવોમાં ગૌરવપૂર્ણ રજૂઆત કરીને પોતાની સંસ્થા, ગુજરાત, કચ્છ અને શ્રી કચ્છી જૈન સમાજનું નામ રોશન કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીમતી ફાલ્ગુનીબહેન દૂરદર્શનમાં ઘણાં સમયથી ન્યૂઝ રીડર તરીકે પ્રવૃત છે અને તે કારણે લીમકા રેકોર્ડ બુકમાં પણ તેમનું નામ નોંધાઇ ચૂક્યું છે.

શ્રીમતી ફાલ્ગુનીબહેન શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના ટ્રસ્ટી તેમજ પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઇ દેઢિયાના પુત્રી છે.

જ્યારે તેમના પતિશ્રી હીરેનભાઇ શાહ સમાજની કારોબારીના સભ્ય છે અને સમાજ ઉત્કર્ષની અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે.

## ગૃહ ઉદ્યોગ

આપણા સમાજની વ્યક્તિઓ દ્વારા જ બનાવવામાં આવતી શુદ્ધ અને સાત્ત્વિક વસ્તુઓ (નાસ્તાઓ) પાલડી ભવન અને શાહીબાગ ભવન પરથી ઉપલબ્ધ છે.

નવનીત આવાસ ભવનમાં આવેલ ગૃહ ઉદ્યોગમાં આપણા સમાજની બહેનો દ્વારા બનાવવામાં આવતી નીચેની વસ્તુઓ ઉપલબ્ધ હશે : (૧) ખાખરા (ડાયેટ, આયંબિલ માટે, મસાલા, મેથી.), (૨) સક્કરપારા (ગળ્યા અને તીખા), (૩) ચકરી, (૪) પકવાન, (૫) કચ્છી પેંડા, (૬) ગરમીની સીઝન માટે જુદી જુદી ફ્લેવરના દૂધ અને પાણીના શરબતો, (૭) મગની વડીઓ, (૮) કેડબરી, (૯) જુદી જુદી જાતના ગાંઠિયા, (૧૦) જુદી જુદી જાતની સેવ, (૧૧) સૂકી કચોરી, (૧૨) જુદી જુદી જાતની પૂરીઓ.

પાલડી ભવન અને નવનીત ભવનથી ૩ કિ.મી. સુધીના એરિયામાં રૂા. ૩૦૦/- કે તેથી વધુનો માલ ખરીદનારને હોમ ડિલીવરીની સગવડ પૂરી પાડીશું.

આગામી સીઝનમાં ભરવા માટે ઘઉંનું વિતરણ વાજબી ભાવે કરવામાં આવશે. જરૂરિયાતવાળાને સાફ કરીને, મોઈ પણ આપવામાં આવશે.

આપના ઓર્ડર માટે સંપર્ક સાધવા વિનંતી.

*ભાવેશ ગડા : મો. ૭૬૦૦૮ ૩૨૨૮૧*

*મિત્તલ ગડા : મો. ૯૫૭૪૦૦૮૦૭૪*

### ધોરણ-૧૨ (સાયન્સ પ્રવાહ)ના વિદ્યાર્થીઓ માટે....

એક શક્તિશાળી સર્જક તરીકે અંગ્રેજી સાહિત્યાકાશમાં તેજસ્વી નક્ષત્ર તરીકે પ્રકાશમાન છે તેવા – આજના સમયના એક અજોડ વૈજ્ઞાનિક કાર્લ સગાન દ્વારા સાયન્સ સંબંધિત અલભ્ય અને માહિતીસભર એક પુસ્તક પ્રગટ થયું છે.

એ પુસ્તકનું નામ છે – "કોઝમોસ...COSMOS નિયમો અને વ્યવસ્થાવાળું વિશ્વ"

સાયન્સ પ્રવાહવાળા તમામ અભ્યાસીઓએ અવશ્ય વાંચવાલાયક અને ઊંડેથી અભ્યાસ કરવા જેવું આ પુસ્તક છે.

ઉલ્લેખનીય છે કે આ પુસ્તકના આધારે એક ટી.વી. સીરિયલ અમેરિકા સહિત વિશ્વના ૬૦ દેશોમાં ખૂબ જ પ્રચલિત બની હતી. તેની ઉપયોગિતાના કારણે અમેરિકન ટી.વી. કાર્યક્રમમાં ઍવૉર્ડ પણ તે સીરિયલને પ્રાપ્ત થયો હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોનાં ધોરણ-૧૨ અને તેની ઉપરના વિદ્યાર્થીઓ શ્રી હરખચંદભાઈ સાવલાના સૌજન્યથી આ ૩૨૪ પાનાવાળું પુસ્તક વિનામૂલ્યે શ્રી કચ્છી જૈન ભવન પરથી પ્રાપ્ત કરી શકે છે. મર્યાદિત પ્રતના કારણે સ્ટોકમાં હશે ત્યાં સુધી જ આ પુસ્તક મળી શકશે.

*સાચા કવિએ કાવ્યને કાવ્ય બનાવવાની કોશિશ કરવી પડતી નથી. માળી ગુલાબ પર અત્તર છાંટતો હોતો નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ફેબ્રુઆરી / માર્ચ — ૨૦૧૧

- **શુક્રવાર, તા. ૨૬-૨-૨૦૧૧**

✫ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે એક મિટિંગ મળેલ હતી. ૧૫થી વધુ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે બનાવવામાં આવનાર કચ્છ મ્યુઝિયમના અંદાજિત રૂા. ૨૦.૦૦ લાખના ખર્ચ સુધી મંજૂરી આપવામાં આવેલ હતી.

✫ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલને તેના ભુજ ખાતેના આર્કિટેક્ચરલ કૉલેજના પ્રોજેક્ટ માટે રૂા. ૧૫.૦૦ લાખનું દાન આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

✫ ઇતર ડેવલપમેન્ટ સમિતિ તરફથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ-શાહીબાગ ખાતે GATEની એન્ટ્રન્સ એક્ઝામ માટે ટ્યુશન વર્ગ ચલાવવા આવેલ દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ હતી.

✫ પરિચય મિલન સમિતિ તરફથી યુવા વિકાસ મેળો યોજવા આવેલ દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ હતી. તેના રૂા. ૧,૭૫,૦૦૦/-ના ખર્ચને પણ મંજૂરી આપવામાં આવેલ હતી.

✫ મેડિકલ સેન્ટરમાં સ્થાનિક સભ્યોને જે લાભ આપવામાં આવે છે તેવા લાભો બહારગામના સભ્યોને પણ આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

✫ શ્રી કચ્છી જૈન ભવન પરની રિપેર કરાવેલ લિફ્ટ, ગીતામંદિર ખાતે નવો બનાવેલ બોર તથા મેડિકલ સેન્ટરમાં ખરીદ કરેલ સાધનોના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતી. મુંબઇ ખાતેના સૂચિત અતિથિ ભવનના અહેવાલ પર ચર્ચા કરવામાં આવેલ હતી. રજૂ થયેલ નવા ૧૭ સભ્યોની અરજી મંજૂર કરવામાં આવેલ હતી. યુવા વિકાસ સમિતિની નોટબુક યોજનાના ખર્ચને મંજૂરી તથા તે અંગે આવેલ ડોનેશનનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ હતો. ચાલુ વર્ષથી યુવા વિકાસ સમિતિના નેજા હેઠળ એક નવી સ્પર્ધા 'સંભારણા સ્પર્ધા'ને મંજૂરી આપવામાં આવેલ હતી. તે સામે પ્રથમ વર્ષના આવેલ ડોનેશન રૂા. ૧૧,૦૦૦/- નો સાભાર સ્વીકાર કરવામાં આવેલ હતો. આવાસ યોજના પર જે ૩ કુટુંબો નિયમિત વસવાટ કરતા નથી તેના આવેલ અહેવાલ અંગે આવાસ યોજના સમિતિને યોગ્ય કાર્યવાહી કરવાનું જણાવવામાં આવેલ હતું.

✫ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ પર ચાલતા અન્નક્ષેત્ર માટે શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ આજરોજ રૂા. ૧,૦૮,૦૦૦/- ના દાનનો ચેક આપેલ હતો, કે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ હતો. શ્રી બંસીભાઇને અભિનંદન આપવામાં આવેલ હતા.

- **સોમવાર, તા. ૨૮-૨-૨૦૧૧**

✫ આજરોજ સભ્યપદ સમિતિની એક મિટિંગ મળી હતી. તેમાં શ્રી સૂરજલાલ મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ ઉપસ્થિત રહ્યા હતા અને નવા મેમ્બર થવા ઈચ્છતા સભ્યો અંગે ચર્ચા કરી હતી.

- **મંગળવાર, તા. ૧-૩-૨૦૧૧**

✫ આજરોજ ભવન કમિટીના સભ્યો શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ હાજર હતા. પ્રતાપભાઈના માર્ગદર્શન હેઠળ બહારનું એલિવેશન ખરાબ ન થાય તે રીતે લીકેજનો પ્રોબ્લેમ સોલ્વ કરવા અનિલભાઈ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

- **ગુરુવાર, તા. ૩-૩-૨૦૧૧**

✫ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સૌરાષ્ટ્રના પ્રમુખ શ્રી જિતુભાઇ શાહને તેમના રાજકોટ ખાતેના નિવાસ સ્થાને શ્રી અશોક મહેતા રૂબરૂ મળેલ હતા અને સમાજની પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરેલ હતી. સમાજના રાજકોટ ખાતેના સભ્યોનું લિસ્ટ શ્રી જિતુભાઇ શાહે સુપરત કરેલ હતું.

✫ આજરોજ સભ્યપદ સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી સૂરજલાલ મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી પોપટલાલ ધરોડ હાજર રહ્યા હતા અને નવા સભ્યપદ અંગે ચર્ચા વિચારણા કરી હતી.

- **શુક્રવાર, તા. ૪-૩-૨૦૧૧**

✫ આજરોજ શ્રી કુશલ ભણસાલી શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા અને તેઓશ્રીએ પૂજ્ય આચાર્યા શ્રી ચંદનાશ્રીજીના તા. ૧૦-૩-૨૦૧૧ના અમદાવાદ ખાતેના કાર્યક્રમ અંગે ચર્ચા કરેલ હતી.

- **શનિવાર, તા. ૫-૩-૨૦૧૧**

✫ આજરોજ વયસ્ક સમિતિની એક મિટિંગ મળી હતી. તેમાં શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી ભોગીલાલ શાહ, શ્રી બાબુભાઈ મહેતા, શ્રી કે.ડી. શાહ ઉપસ્થિત રહ્યા હતા અને તા. ૮-૩-૨૦૧૧ના કાર્યક્રમને આખરી ઑપ આપ્યો હતો.

- **રવિવાર, તા. ૬-૩-૨૦૧૧**

✫ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર કારોબારી સમિતિની મિટિંગ મળેલ હતી કે જેમાં ૨૧ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. વિવિધ સમિતિઓના ખર્ચ માટે

*જેઓ માને છે કે અમે આ કરી શકીશું તેઓ તે કરી જ શકે છે.*

આવેલ દરખાસ્તને મંજૂર કરવામાં આવેલ હતી. કચ્છ મ્યુઝિયમ, મુંબઈ અતિથિ ભવન, યુવામેળા, સંભારણા સ્પર્ધા, આવાસ યોજના વગેરે બાબતે રજૂ થયેલ અહેવાલ પર ચર્ચા કરવામાં આવેલ હતી. યુવા વિકાસ સમિતિ તરફથી વેકેશનમાં યોજવામાં આવનાર વર્કશોપની દરખાસ્તના રૂા. ૨૬૦૦૦/ - ના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતી. શ્રી જલારામ અન્નક્ષેત્ર અંગેના રજૂ થયેલ અહેવાલ પર ચર્ચા કરી તેને ગ્રાહ્ય રાખવામાં આવેલ હતો.

☆ શ્રી કચ્છી જૈન ભવન પર એક અનૌપચારિક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી હરખચંદ કુંવરજી સાવલા, શ્રી હીરેન કે. શાહ, શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ, શ્રી રોહિત ગાંધી, શ્રીમતી હંસાબહેન, શ્રી રમેશ સાવલા, શ્રી દિનેશ આર. મહેતા, શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા તથા શ્રી નવીનભાઈ પોલડિયા ઉપસ્થિત રહેલ હતા. અત્યારના શિક્ષણમાં જ્ઞાન છે પરંતુ જૂની ભારતીય સંસ્કૃતિનું કદાચ સ્થાન ન હોવાના કારણે ભારતીય કુટુંબોમાં સંયુક્તના બદલે જે વિભાજનની પ્રક્રિયા ચાલે છે તેના અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. આ અંગે જરૂરી અભ્યાસક્રમ બનાવી, પ્રથમ યુવતીઓને અને પછીના સ્ટેજે યુવાનોને પણ ૪ વર્ષ કે તેવા પ્રકારના અભ્યાસક્રમમાં દાખલ કરાવી, પદવી આપવા અંગેની ચર્ચા કરવામાં આવેલ હતી. આ અંગે દરેક વિચાર-મંથન કરી, ફરી મિટિંગમાં મળવાનું નક્કી કરવામાં આવેલ હતું.

• **સોમવાર, તા. ૭-૩-૨૦૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ અને શ્રી રમણિકભાઈ ગોસરે એસ.ટી. ભવન ઉપર દીવાલ બનાવવાના કામના ભાવ અંગે શ્રી અનિલભાઈ સથવારા અને શ્રી નાસીરભાઈ સાથે ચર્ચા કરી હતી શ્રી નાસીરભાઈને કામ સોંપવામાં આવ્યું હતું.

• **મંગળવાર, તા. ૮-૩-૨૦૧૧**

☆ આજરોજ વયસ્ક સમિતિ તરફથી રંગારંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં ૯૦ જેટલા વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને અંધજન મંડળ દ્વારા પીરસવામાં આવેલ જૂના ગીતોના રસલ્હાણ માણી હતી.

• **ગુરુવાર, તા. ૧૦-૩-૨૦૧૧**

☆ આજરોજ સવારમાં આશ્રમરોડ ખાતેની 'જીતો'ની ઓફિસમાં આચાર્યાશ્રી ચંદનાશ્રીજી સાથેની મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી નરેન્દ્ર છ. શાહ ઉપસ્થિત રહેલ હતા અને શિક્ષણ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં 'સેવા'ના ઈલાબહેન ભટ્ટ, જીતોના શ્રી ઉત્કર્ષ શાહ તથા શ્રી કુશલજી ભણસાલી, મુંબઈના શ્રી પ્રકાશ સી. કાનુગો વગેરે ઉપસ્થિત રહેલ હતા.

☆ આજરોજ સાંજના ઠાકોરભાઈ હોલ ખાતે આચાર્યા શ્રી ચંદનાશ્રીજીના અમૃત મહોત્સવે અભિવાદન કરવામાં આવેલ હતું કે જેમાં સમાજના શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી મણિલાલ કું. ગોસર, શ્રી રમણિકલાલ કું. ગોસર, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી નવીનભાઈ પોલડિયા, શ્રી ચંદ્રકાંતભાઈ ગડા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી આર. આર. મહેતા, શ્રી દિનેશ આર. મહેતા, શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. મુંબઈથી શ્રી સુંદરજીભાઈ પણ આ સમારંભમાં ખાસ પધારેલ હતા. કાર્યક્રમનું સંચાલન ફાલ્ગુની હીરેને કરેલ હતું.

☆ આજરોજ ગૃહ ઉદ્યોગના વિકાસ માટે શ્રી રજનીભાઈ પારેખ અને શ્રી કિરણભાઈ શાહ મળ્યા હતા. તેમણે કેળાંની વેફર બનાવવા માટે પ્રયત્નો કરવા સૂચવ્યું હતું.

☆ આજરોજ સામાજિક સુરક્ષા સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી મગનભાઈ સંઘવી, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી સૂરજલાલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. મ્યુચ્યુઅલ ફંડના બદલે હાલનો એફ.ડી.ના બેંકનું વ્યાજ જોતાં સારું એવું રિટર્ન મળે છે તો તેમાં રોકાણ કરવું તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

☆ આજરોજ સભ્યપદ સમિતિની મિટિંગમાં શ્રી સૂરજલાલ મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી પોપટલાલભાઈ ધરોડ, શ્રી રજનીભાઈ પારેખ અને શ્રી આણંદજીભાઈ વીરા ઉપસ્થિત રહ્યા હતા અને સભ્યપદના ફોર્મની ચકાસણી કરી હતી.

• **શુક્રવાર, તા. ૧૧-૩-૨૦૧૧**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મિટિંગ મળેલ હતી. ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી અશ્વિન સાવલા તથા શ્રીમતી દક્ષાબહેન રામાવત ઉપસ્થિત રહેલ હતા. મેડિકલ સેન્ટરમાં અપાતી સારવારના રિવાઈઝડ રેઈટસ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. ડૉક્ટરોને અપાતા સ્ટાઈપન્ડના રેઈટ તથા અન્ય રેઈટ રિવાઈઝડ કરવા ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી. મેડિકલ સેન્ટરના પ્લાનિંગનું રિસફલિંગ કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. મેડિકલ માહિતીવાળી પોકેટ બુક કે ટેબલ ડાયરી વિશે ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ ભવન કમિટીના સભ્યો શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ અને શ્રી રજનીભાઈ પારેખ ટી.વી.

*આપણા અનુભવમાંથી આપણને ડહાપણ મળે છે અને આપણી મૂર્ખાઈઓમાંથી આપણને અનુભવ મળે છે.*

કેબલના અજયભાઈને મળ્યા હતા અને રૂમોમાં આવતા ડિસ્ટર્બન્સ અંગે નવા વાયરિંગ સહિત રિપેરિંગ અને આવતા વર્ષના લવાજમના ખર્ચા અંગે ચર્ચા વિચારણા કરી હતી.

• **શનિવાર, તા. ૧૨-૩-૨૦૧૧**

☆ આજરોજ શ્રી મનુભાઈ શાહ અને શ્રી અશોક મહેતા રૂબરૂ મળેલ હતા. લાઈબ્રેરી સમિતિની વિગતો અંગે ચર્ચા કરેલ હતી. ઘેર ઘેર વાંચવાની બુકો આપવાની સર્વિસ અંગે ચર્ચા કરવામા આવેલ હતી.

• **રવિવાર, તા. ૧૩-૩-૨૦૧૧**

☆ આજરોજ શ્રી દિનેશભાઈ શાહે શાહીબાગ ભવનની મુલાકાત લીધી હતી અને ત્રીજા માળના બધા જ ટી.વી.નું ચેકિંગ કરીને રિપેરિંગ લાયક ટી.વી. અંગે માર્ગદર્શન આપ્યું હતું.

• **સોમવાર, તા. ૧૪-૩-૨૦૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ અને શ્રી પરાશર વ્યાસે એસ.ટી. ભવન ખાતે બનાવેલ બૉરની કુંડી અને આઈ.પી.એસ. કરવા અંગે શ્રી ચીમનભાઈ સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.

• **મંગળવાર, તા. ૧૫-૩-૨૦૧૧**

☆ આજરોજ મેડિકલના રૂમ નં.-૩૧૭ના પાણીના લીકેજ તેમજ ત્રીજા માળ અને બીજા માળના લીકેજ અંગે રિપેરિંગ માટે શ્રી અનિલભાઈ સાથે ચર્ચા કરી હતી.

☆ આજરોજ શ્રી ભાવેશભાઈ ગડાએ જણાવેલ કે નવનીત ભવનમાં રહેતા પરિવારોમાંથી ૫ પરિવારોએ ગૃહઉદ્યોગમાં વિવિધ ૧૧ જેટલી આઈટમો બનાવવાનું શરૂ કરી દીધેલ છે અને તેનું વિતરણ કાર્ય પણ શરૂ કરી દેવામાં આવેલ છે.

• **ગુરુવાર, તા. ૧૭-૩-૨૦૧૧**

☆ આજરોજ શ્રી પ્રદીપભાઈ પટેલ સાથે શ્રી કે.આર. શાહ, શ્રી અશોક મહેતા તથા શ્રી મણિલાલ કું. ગોસરે શ્રી કચ્છી જૈન ભવન પર રૂબરૂ ચર્ચા કરેલ હતી. તેઓ માટી વગેરે કામમાંથી અલગ અલગ સાઇઝના પૂતળા વગેરે બનાવે છે કે જે શાહીબાગ ખાતેના કચ્છ મ્યુઝિયમમાં મૂકવાના છે. શ્રી પ્રદીપભાઈ પ્રથમ ભુજ જઇ ત્યાંના મ્યુઝિયમની મુલાકાત લઇ, આ ટાઇપના પૂતળાનું નિરીક્ષણ કરી આવશે અને ત્યારબાદ પોતાના ક્વોટેશન્સ આપશે, તેવો નિર્ણય લેવામાં આવેલ હતો.

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ, શ્રી સૂરજલાલ મહેતા અને શ્રી દિનેશભાઈ આર. મહેતાએ વિવિધ તબક્કે ચર્ચા કરી, ઓગસ્ટ-૨૦૧૧માં મંગલ મંદિરનો જે ૪૦૦મો અંક બહાર પાડવાનો છે તેને વિશેષાંક સ્વરૂપે બહાર પાડવાનું અને તેનો વિષય "કચ્છ-ગઈકાલ, આજ અને આવતીકાલ" એવું રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. 'ગાઈકાલ' એટલે ૨૦૦૧ના ધરતીકંપ અગાઉનો સમય, 'આજ' એટલે ધરતીકંપથી આજ સુધીનો સમય અને 'આવતીકાલ' એટલે હવે પછી આવનાર સમય. આ અંકનું સંપાદન કાર્ય શ્રી હંસરાજભાઈ કંસારા સાથે ચર્ચા કરી, તેમને સુપરત કરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ શ્રી સૂરજલાલભાઈ મહેતા, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ અને શ્રી પોપટભાઈ ધરોડ, શ્રી આણંદજીભાઈ વીરા મળ્યા હતા અને આવતા વર્ષની જનરલ મિટિંગ અંગે સભ્યપદના સભ્યની યાદી તૈયાર કરવામાં આવી હતી.

• **તા. ૧૮-૩-૨૦૧૧**

☆ આજરોજ વયસ્ક સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી ભોગીલાલ શાહ, શ્રી બાબુભાઈ મહેતા, શ્રી રમણિકભાઈ ગોસર હાજર હતા અને તા. ૨૦-૪-૨૦૧૧ના રોજના કાર્યક્રમ અંગે ચર્ચા કરી હતી.

• **શનિવાર, તા. ૧૯-૩-૨૦૧૧**

☆ આજરોજ ભુજથી કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી સતીષ સદાશિવન તથા શ્રી સમીરભાઈ ભટ્ટ, અમદાવાદ પધારેલ હતા. તેઓ સાથે શાહીબાગ ખાતેના કચ્છ મ્યુઝિયમ વિશે ચર્ચા કરવામાં આવી. એ સમયે આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ તથા પાર્થ પણ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજના શ્રી કે.આર. શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી મણિલાલ કું. ગોસર વગેરે ઉપસ્થિત રહેલ હતા. કચ્છ મ્યુઝિયમ માટે બનાવવામાં આવેલ સેમ્પલ પેનલ બોર્ડ અને કાઉન્ટરનું નિરીક્ષણ કરી તે પ્રમાણે આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. મ્યુઝિયમમાં મૂકવાના ફોટોગ્રાફ્સ, લખાણ, અન્ય કલેક્શન્સ વગેરે અંગે વિભાગવાર ચર્ચા કરવામાં આવેલ હતી. અલગ અલગ પેનલ પર અલગ અલગ વિષયના વિભાગો પણ નક્કી કરવામાં આવેલ હતા.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પરના રિવાઇઝડ પ્લાનિંગ અંગે શ્રી કે.કે. ગજ્જર સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી મણિલાલ કુંવરજી ગોસર ઉપસ્થિત રહેલ હતા. ચર્ચા દરમ્યાન વિવિધ ગણતરી કરતાં એવું તારણ નીકળેલ કે ભવનના રિવાઇઝડ પ્લાનિંગ અથવા રિસફલિંગ કરવું શક્ય નથી. તેના બદલે કદાચ સંપૂર્ણ મકાન જમીનદોસ્ત કરી, ત્યાં નવા પ્લાનિંગ મુજબ નવું મકાન ઊભું કરવું તે યોગ્ય રહેશે. પરિણામ સ્વરૂપે હાલ પૂરતી આ બાબતે કોઇ કાર્યવાહી હાથ પર ન લેવી તેવું તારણ નીકળેલ હતું. ભવન પર બીજી લિફ્ટ મૂકવાના પ્લાનિંગ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

*હકારાત્મક વિચારોથી સૌનું ભલું થાય છે.*

● **રવિવાર, તા. ૨૦-૩-૨૦૧૧**

✫ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર સમાજની બંધારણ સમિતિની એક બેઠક મળી હતી. જેમાં શ્રી મગનલાલ સંઘવી, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તેમજ શ્રી આણંદજીભાઈ વીરા હાજર રહ્યા હતા. આ બેઠકમાં વર્તમાન બંધારણમાં જરૂરી સુધારા બાબત વિચારણા કરવામાં આવી હતી.

● **તા. ૨૧-૩-૨૦૧૧**

✫ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી બાબુભાઈ મહેતાએ એસ.ટી. ભવનની મુલાકાત લીધી હતી અને ત્યાં ચાલતા દીવાલના કામકાજનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ કેન્ટીનના ઉપરના ભાગમાં વરસાદ દરમ્યાન પડતા પાણીના નિકાલ કરવા માટે આઈ.પી.એસ. ઢાળ કરી ટાઈલ્સ લગાડવાનો નિર્ણય કર્યો હતો અને તે અંગે નાસીરભાઈ સાથે ખર્ચ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ શાહીબાગ ભવનની મુલાકાત લીધી હતી અને ત્યાં રસોડાના ટાઈલ્સના કામ અંગે નિર્ણય લીધો હતો.

● **તા. ૨૨-૩-૨૦૧૧**

✫ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ અને શ્રી કે.ડી. શાહે વયસ્કના કાર્યક્રમ માટે શ્રી શૈલેષભાઈ મ્યુઝિશિયન જોડે ચર્ચા કરી હતી.

✫ આજરોજ એકાઉન્ટ સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી મગનભાઈ સંઘવી, શ્રી કે.ડી. શાહ, શ્રી હસમુખભાઈ શાહ તેમજ શ્રી રમણિકભાઈ ગોસર હાજર હતા. તેમણે વર્ષ ૨૦૧૦-૧૧ના ફાઈનલ એકાઉન્ટની ચર્ચા કરી હતી અને નવા રોકાણ અંગે વિચાર વિમર્શ કરેલ હતું.

● **તા. ૨૩-૩-૨૦૧૧**

✫ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ અને શ્રીમતી મીનાક્ષીબહેને નવનીત આવાસ યોજનામાં ગૃહ ઉદ્યોગના લાભાર્થીઓ શ્રી ભાવેશ ગડા, શ્રીમતી મિત્તલ ગડા, શ્રી યામિની મહેતા, શ્રીમતી કાંતાબહેન, શ્રીમતી શીલાબહેન દંડ, શ્રીમતી સુનીતાબહેન, શ્રી ધીરજભાઈ ચંદુરા અને શ્રીમતી ઉષાબહેન ચંદુરા સાથે તરતના ભવિષ્યમાં ગૃહ ઉદ્યોગ શરૂ કરવા અંગે ચર્ચા કરી હતી.

✫ આજરોજ સામાજિક સુરક્ષા સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી રજનીભાઈ પારેખ, શ્રી અશ્વિનભાઈ સાવલા અને શ્રી મગનભાઈ સંઘવી હાજર હતા અને મેડિક્લેઈમ માટે આવેલ ૧૩ ફાઈલનો નિકાલ કર્યો હતો. આ ઉપરાંત વિવિધ રોગોના ખર્ચ માટે ડૉક્ટરશ્રીનું મંતવ્ય લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ■

## શ્રીમંતો, શ્રીમંતાઈ અને ધર્મ

હમણાં લગ્નની સીઝનમાં એક ઉદ્યોગપતિની સુપુત્રીના લગ્ન હતા. તેમાં સોમવારે પંચતારક હોટેલમાં પાર્ટી, અંદર અતિ ઘોંઘાટભર્યા સંગીત, મંગળવારે અન્ય હોટેલમાં ગઝલ શાયરીની પાર્ટી, બુધવારે એક જગ્યાએ સિનેમાના કલાકારો દ્વારા ડાન્સ તથા ફેશન શો, ગુરુવારે મહેંદી રસમ, દાંડિયા રાસ, શુક્રવારે સિદ્ધચક્ર પૂજન, શનિવારે એક રિસોર્ટમાં લગ્નવિધિ, રવિવારે અતિ ભવ્ય સત્કાર સમારંભ.

આ પ્રકારના લગ્નોમાં ભાગ લેનારનો કેટલો સમય ખર્ચાય અને કેટલો ખર્ચ થાય? મોટા માણસે આપણને યાદ કર્યા એટલે જવું જોઈએ એવી માનસિકતા સાથે જનારના ખિસ્સાની શી હાલત થતી હશે? અને હવે તો પોતાના કુટુંબમાં તેમજ દૂરના સંબંધીઓને ત્યાં થતા લગ્નો માટે નવાં કપડાંનો આગ્રહ રાખનાર યુવક-યુવતી પાસે મા-બાપનું ક્યાં કશું ચાલે છે!

આવો વ્યર્થ ખર્ચ કરનાર સાથે દલીલ કરીએ તો એક જ જવાબ મળે કે ભગવાને આપ્યું છે તો વાપરીએ છીએ. આ રીતે ધનનું વિકેન્દ્રીકરણ થાય છે, ઘણાને રોજીરોટી મળે છે વગેરે આવી આંખે પાટો બાંધેલ વ્યક્તિને અરીસો દેખાડીને શું કરવાનું? નવા વિચાર ન જ અપનાવવાની જેણે ભીંત ઊભી કરી દીધી હોય એવી વ્યક્તિ સાથે ચર્ચા કરવી નકામી. આવી વ્યક્તિને અનુભવ કે કુદરતની ઠોકર કે ધર્મ જ સાચી સમજ આપી શકે. તેમણે કરેલ ખર્ચ શિક્ષણ કે મધ્યમવર્ગ માટે રાહતના કાર્યો માટે થાય તો સમાજ કેટલો ઉજળો બને?

જૈન સમાજમાં અમુક સંપ્રદાયોમાં ભવ્યાતિભવ્ય ઉત્સવો, રાજાશાહી વરઘોડા અને ખર્ચાળ પૂજનોએ પોતાનું સ્થાન હવે સ્થિર કરી દીધું છે. જાણે આને જ ધર્માચરણ કહેવાય! મારી પાસે જેટલી માહિતી છે તે અનુસાર જૈન શાસ્ત્રોમાં માત્ર બે જ પૂજન સિદ્ધચક્ર પૂજન તથા શાંતિ સ્નાત્ર. અન્ય પૂજનો શાસ્ત્રોમાં નથી. વિધિ કરાવનારાઓ ઘણા પૂજનોનું સર્જન કરે છે. જેટલા 'ભય' વધારે અને જેટલી 'અસલામતી' વધારે એટલી ક્રિયાઓ વધવાની. વૈદિક ધર્મોમાં એક પ્રકારના ક્રિયાકાંડોથી આપણે પરીચિત છીએ. વિધિ કરાવનાર ઝડપથી વિધિ કરાવે, પૂજામાં બેસનારને પોતાનો વારો ક્યારે અને ક્યારે 'લહાવો' મળે એની ચિંતા હોય. કોઈ કુટુંબીજનને સ્થાન ન મળ્યું હોય તો તેનું મનદુઃખ પણ થાય.

સંગીતકાર સિનેમાના ગીતોની ધૂન પર ભક્તિસંગીત રજૂ કરે, સંગીતના વાજિંત્રોનો ઘોંઘાટ ત્રાસ આપે, ક્યાંક વળી ચામર નૃત્ય તથા અન્ય પ્રકારના નૃત્યો પણ હોય. આ બધામાં શુદ્ધ ભક્તિ ક્યાં? આ પૂજનનો જ્યાં ઉદ્ભવ થયો તે શ્રીપાલ-મયણાની કથા - એનું મૂળ - એ ભક્તિમાં પ્રગટ થતું સમ્યક્ જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપ વગેરેનું મહત્ત્વ આ બધું કાંઈ જ સાંભળવાનું નહીં. વિધિકારને વિધિ માટેની દક્ષિણાનો આંકડો પણ હજારોનો, વળી સંગીતકારોને પણ મોટી રકમ. શ્રીમંતોને ધન 'ખર્ચતાં' આવડે પણ 'વાપરતા' ન આવડે. અત્રે આત્મમંથન કરવાની જરૂર નથી લાગતી? આ કાર્ય આપણા સાધુ ભગવંતો કરાવી શકે. જ્ઞાન અને વિવેક વગરની ક્રિયાનો શો અર્થ? રાગરાગિણીઓમાં ભાવપૂર્વક પૂજનનું ગાન કરનારા તો હવે ઇતિહાસ બની ગયા છે.''

*ડૉ. ધનવંત શાહ*

*તંત્રી : 'પ્રબુદ્ધ જીવન' ફેબ્રુઆરી-૨૦૧૧ના તંત્રી લેખમાંથી*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*સસ્તી વસ્તુનો લોભ રાખીએ તો છેતરાવાનો વારો આવે.*